ધુપનીરંગ અને આફરીનગાનમાં યાદ કરવામાં આવતાં

નામીચા નર નારીઓનાં નામો

તથા

તેમનાં ભલાં કામોની નોધ,

વિષે ઈનામનો નિબંધ.

લખનાર,

બહમનજી બેહરાંમજી પટેલ

તે "પારસી પ્રકાશ" ના રચનાર.

રાહનુમાએ માજદીઅસનાન સભાની મારફતે

ડાકટર હોરમજજી લીમજીભાઈ બાટલીવાલાએ આપેલા

રૂ૧૦૦) નાં ઈનામનો નીબંધ.

એ સભાની પરવાનગીથી છપાવી પ્રગટ કીધોછે.

મુંબઈ,

દફતર આશકારા ઑઈલ ઈનજીન પ્રેસમાં

એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યોછે.

યજદજરદી ૧૨૬૭.

ઈ૦ સ૦ ૧૮૯૭.

આ રેસાલા વિષે,

રાહનુમાએ માજદીઅસનાન સભાની કારોબાર મંડલી તરફનો ખોલાસો.

રાહનુમાએ માજદીઅસનાન સભાની કારોબાર મંડળી હસ્તક ડાકટર હોરમજજી લીમજીભાઇ બાટલીવાલાએ "ધુપનીરંગ અને આફ્રીનગાનમાં યાદ કરવામાં આવતાં નામીચાં નર નારીઓનાં નામો તથા તેમનાં ભલાં કામોની નોધ" એ બાબદ વિષે રૂ૧૦૦) નાં ઇનામનો એક રેસાલો લખાવવા માટે ઇ૦ સ૦ ૧૮૯૫ ના આગસ્ટ માસમાં માગણી કીધી હતી. એ માગણી એ સભાની કારોબાર મંડલીએ ઉપકાર સાથે બાહલ રાખી એ રેસાલો લખાવવા માટે નીચલી જાહેર ખબર અતરેનાં ગુજરાતી વર્તમાનપત્રોમાં છપાવી હતી.

રાહનુમાએ માજદયસનાન સભા.

શેઠ હોરમજજી લીમજીભાઈ બાટલીવાલા તરફનું રૂ૧૦૦) નું ઈનામ.

ધુપનીરંગ અને આફ્રીનગાનમાં યાદ કરવામાં આવતાં નામીચાં નર નારીઓનાં ભલાં કામોની નોધ બાબે રેસાલો.

જરતોશ્તીઓની આફ્રીનગાન, ધુપનીરંગ વગેરે ક્રિયા વેળા ભણવામાં આવતાં નામ ધરણમાં જે જે અસલી તેમજ હાલ જમાનેનાં નર નારીઓનાં નામો યાદ કરવામાં આવેછે તેઓમાંથી જે નામીચાં નર નારીઓ પોતાનાં ભલાં કામો માટે અસલી ઇરાનમાં તેમજ હિંદુસ્તાનમાં વખાણાઇ ગયાંછે તેઓ કોણ હતાં અને તેઓએ કેવાં કેવાં ભલાં કામો કીધાં હતાં તેમની ટુક નોધો આપનારો એક રેસાલો લખી માંગવામાં આવેછે.

આ રેસાલામાં પ્રથમ નામધરણવાળાં જે જે લાયક નામો પવિત્ર અવસ્તાથી તેમજ તવારીખ વગેરેમાંથી મલી આવતાં હોય તેમને ઉતારી લઇ, તેમાંથી તેઓનાં રૂડાં કામોની જે જે જાણવાજોગ નોધ મલતી હોય તે આપવી, અને એ નામોના સંબંધમાં કંઇ જાણવા જોગ ખોલાસો કરવાની જરૂર જણાય તો તે જુદી નોટમાં આપવો.

ઉપલાં સઘળાં નામો જાહેર નામધરણમાં ભણાતાં અને યાદ કરવામાં આવતાં હોય તેઓમાંથીજ પસંદ કરવાં. દરેક નામની નોધ ખામખા લંબાણ કરવાની જરૂર નથી.

રસાલાનું કદ રૉયલ ઑકટેવોના ૫૦ સફાથી વધારે નહી કરવું, અને આવતા માસ નવેમબર ૧૮૯૫ ની આખરી સુધીની મુદતમાં નીચે સહી કરનાર ઉપર તે મોકલી આપવો.

આવેલા રસાલાઓ તપાસવા માટે એક કમિટી મુકરર થશે, અને જે રસાલો ઉપલી શરતો મુજબ લખેલો હશે તેનાજ લખનારને ઉપલું ઇનામ આપવામાં આવશે.

લખનારાઓએ પોતાનું નામ એક પરબીડાંમાં બંધ કરી મોકલવું, અને જે motto વાળો રસાલો ઈનામને લાયક જણાશે તેનેજ લગતું પરબીડું ઉઘેડવામાં આવશે.

મુંબઇ, તા૦ ૨૧ મી આગસ્ટ ૧૮૯૫.

પાહલનજી બરજોરજી દેસાઈ,

આનરરી સેક્રેટરી.

પછવાડેથી ઉપલી મુદતમાં બે માસનો વધારો કરી તે તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૯૬ સુધીની કીધી હતી. એ મુદતમાં કારોબાર મંડળીને ત્રણ રેસાલા મળ્યા હતા, જે તપાસી તે ઉપર રીપોર્ટ કરવા માટે કારોબાર મંડળીએ એ૦ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચા તથા એ૦ કાવશજી એદલજી કાંગાને એલતેમાસ કીધી હતી. તે મુજબ એ બંને કાબેલ ગ્રહસ્થોએ મેહરબાનીની રાહે એ રેસાલા તપાસી તે ઉપર તા૦ ૬ થી અકટોબર ૧૮૯૬ ને દીને પોતાનો રીપોર્ટ લખી મોકલ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે :—

"એદરયાદબાદ અનોશેહરવાન રવાની" એવી નીશાનવાળો રેસાલો અમોને સઘળી બાબતમાં મનમાનતો જણાયોછે તેથી તેને અમે ઇનામને લાયક ઠેરવ્યોછે.

તોપણ "મઝદયસ્નો અહમી" એવી નીશાનવાળો રેસાલો તદન છોડી દેવા જેવો જણાયો નથી. તેથી અમો ભલામણ કરીએ છઇયે કે તેને ઉપલાથી બીજે દરજેનાં ઇનામને લાયકનો ગણીને કોઇબી રીતે તેની પીછાણ થાય તો સારૂં.

બાકી રહેલા ત્રીજા રેસાલામાં લખનારે જોકે ઘણી મેહેનત કરી બીજી બાહેરની બાબતો તેમાં ઘણી સમાવેલીછે, તોપણ તે રેસાલો જાહેર ખબરમાં માગેલી શરતો મુજબનો નથી તેથી તેને ઇનામ આપવાની અમો ભલામણ કરી શકતા નથી."

મજકુર રીપોર્ટમાં પસંદ કરેલા "એદરયાદબાદ અનોશેહરવાંન રવાંની" ની નીશાંનવાળા રેસાલા સાથે આવેલું પરબીડું કારોબાર મંડળીની તા૦ ૯ મી અક્ટોબર ૧૮૯૬ ને દીને મળેલી બેઠકમાં ઉખેડવાથી તેના લખનાર તરીકે પારસી પ્રકાશના બનાવનાર શેઠ બહમનજી બેહરાંમજી પટેલનું નામ જાહેર થયું હતું. એ ગ્રહસ્થ આજ ૨૧) વર્ષ થયાં આ સભાની કારોબાર મંડળીના એક અધિકારી છે, તથા પારસી કોમને લગતી સર્વે બાબદોથી માહીતગાર અને અનુભવી છે. એવા લાયક ગ્રહસ્થને આ ઇનામ સભા હસ્તક મળવાથી કારોબાર મંડળીને ઘણો સંતોષ ઉપજયો હતો.

એ રેસાલો પોતાને હીસાબે છપાવી પ્રગટ કરવાની શેઠ બહમનજી બેહરાંમજી પટેલે માગણી કરવાથી કારોબાર મંડળીએ તે મોટી ખુશી સાથે સ્વીકારી એ શેઠને તે બાબેની પરવાનગી આપી હતી.

આએ રેસાલામાં શેઠ બહમનજીએ આપણા લોકોમાં મુંબઇ તથા બધાં દેશાવરો તથા પંથકોમાં દેવાતાં સઘળાં નામોનો સંગ્રહ આપેલોછે, પણ કારોબાર મંડળીને એ નામોની ટીપ ગાલી કાઢી તેમજ કેટલાંક ખરેખરાં અગત્યનાં અને આગળા વખતમાં થઇ ગયલા જાણીતા નેક નર નારીઓનાં નામો જે જાહેર જશનો અને ધુપનીરંગ વેળા નથી યાદ કરવામાં આવતાં તેમને દાખલ કરી એક નવી સુધારેલી ટીપ જરથોસ્તી આલમ હજુર રજુ કરવાની જરૂર જણાઇ. આ ઉપરથી ધુપનીરંગમાં લેવાતાં કેટલાંક નામો કમી કીધાંછે, તેમજ ઇરાંનનાં આગલા નામીચા દસ્તુરો તથા કાબેલ પુરૂષો જેઓએ આપણા પાક મજહબને માટે કાંઇબી સારાં કામો કરેલાં તેઓનાં નામની એક ટીપ કારોબાર

મંડળીએ પોતાના એક અધિકારી એ૦ તેહમુરશ દીનશાહ અંકલેસરીઆ પાસે તથા એજ મુજબ હિંદુસ્થાનમાં આગલા વખતમાં થઇ ગયલાં નામીચાં નર નારીઓનાં નામની એક ટીપ આએ રેસાલો લખનાર શેઠ બહમનજી બેહરાંમજી પટેલ પાસે તૈયાર કરાવી તે મધેથી બરાબર નામો તાલવી કાઢી આ દીબાચાની પાછલ આપીછે. ધુપ નીરંગમાં નામો લેવાનો રેવાજ કોઇ વખતે સુસ્ત હોવાથી તેને લીધે લાયક ગ્રહસ્થોનાં નામો બાજે વખતે રહી ગયાંછે તે કારોબાર મંડલીએ આએ સુધારેલી ટીપમાં દાખલ કીધાંછે.

એ સુધારેલી ટીપમાં જેઓનાં નામો જાલવી રાખ્યાંછે તેઓનાં કામો આજના જરથોસ્તીઓનાં દીલમાં પોતાના મજહબ, દેશહિતકારીપણું અને બીજા ભલા ગુણો તરફ જુસ્સો અને માન પેદા કરે એવાં છે, અને કારોબાર મંડળી આશા રાખેછે કે આપણા જરથોસ્તીઓ જાહેર ક્રિઆઓમાં એ નામો યાદ કરાવવાને ખુશી બતાવશે.

ખ. રૂ. કામા,

રાહનુમાએ માજદયસ્નાન સભાની કારોબાર મંડળીના સરનશીન.

દીબાચો.

નેકી અને ભલાઈનાં કામો કરી જનાર કોઈબી જરથોસ્તીને આપણી કોમ તરફથી તેનાં ગુજરવા બાદ મોટામાં મોટું માન આપણ આપી શકયે તે જરથોસ્તી મજહબને લગતી જાહેર ક્રિઆઓમાં બીજા બુજર્ગોનાં નામ સાથે અંજુમનમાં તેનું નામ દેવાથી છે. હું તો એ માન સર્વેથી મોતેબર સમજુંછું. આગલા વખતના બુજર્ગો, પહરેજગારો, પાદશાહો, પેહલવાંનો, તથા નામીચા શખસોનાં નામ જાહેર ક્રિઆઓમાં દેવાથી આપણને તેઓનાં નામો તથા તેમનાં કામો અને તોખમ યાદ રહી જાયછે.

જાહેર ક્રિઆઓમાં હાલમાં જે નામો દેવામાં આવેછે તેમાં પ્રથમ આપણા પાક પેગાંમબર સાહેબનું, તેમનાં ફરજંદો તથા મોહરદાર, અને તેમના વડીલોનાં, તેમની દીનનો ફેલાવો કરવામાં મદદ કરનારાઓનાં, તથા આગલા પેશદાદીઆંન, કેઆંનીઆંન, અને સાસાંનીઆંન પાદશાહોનાં, તેમના વખતમાં થાઇ ગયલા પેહલવાંનો, દાનાવો, અશો નરો, અને બે ત્રણ દસ્તુરોનાં, તથા તેમની પછી હિંદુસ્થાંનમાં આવેલા આપણા મોબેદોના ત્રણ વડીલોનાં નામ દેવાયછે. અવસ્તામાં આવેલા બીજા ઇરાનના આગલા ઘણાક નામાંકિત પુરૂષો અને સ્રીઓનાં નામો દેવાતાં આપણ સાંભલતા નથી. ઇરાનનાં હખામનીઆંન રાજ્યના તો કોઇબી પાદશાહ પેહલવાંનનું નામ દેવાતું નથી, તો જોકે એ વંશના પાદશાહોએ તો ઇરાનનાં રાજ્યની ધજા દુર દેશોમાં પુર દબદબાથી ઉડારી હતી, તેને બદલે શાહનામું તથા બીજાં પાછલા વખતમાં લખાયલાં નામાંઓમાં આવેલા પાદશાહ પેહલવાંનોનાં નામ વધારે દેવાયછે. એનો સબબ એમ લાગેછે કે પાછલા વખતમાં મોબેદ સાહેબોએ નામાં વાંચી તેમાંની બીનાઓથી વાકેફ થઇ એ બધાં નામો ભણતરમાં દાખલ કીધાંછે.

વળી ઘણીક સદીઓ તદન ખાલી ગયલી લાગેછે કે જ્યારે એ રીતે જાહેર ક્રિઆઓમાં પોતાના વખતના નામીચા પુરૂષોનાં નામ દેવાનો રવૈયો હશેજ નહિં. સંજાણમાં હિંદુ રાજાની મદદે લડાઇ જીતેલા બાહદૂર પારસીઓ તથા તેઓનો સરદાર અરદેશર, નવસારીના તવંગર બેહદીન ચાંગા આશા તથા ત્યાંની પાંચ પોલના સ્થાપનારાઓ, ગુજરાતથી ઇરાન જઇ રેવાયત લાવનારા બાહદુર પારસીઓ, ખંબાતમાં જાહોજલાલી ભોગવનાર ચોગલાઓ, ભરૂચ તથા બીજે ઠેકાણેના પઢેલા દસ્તુરો, અને સુરતના નામીચા વ્યાપારીઓનાં નામો દેવાનો ચાલ હશેજ નહિં. એ ચાલ આજથી આસરે ૩૦૦) વર્ષ થયાં પડેલો લાગેછે, અને તેબી નવસારીથી શરૂ થયલો દીશેછે, કેમકે ત્યાંના પેહલાં દસ્તુર મેહરજીરાણાં કે જેઓ ઇ૦ સ૦ ૧૫૯૧ માં ગુજરી ગયાછે તેમનું અને તેમની પછી થયલા તેમના ગાદી વારસો, તથા બીજા ત્યાંના દસ્તુરો, દેસાઇઓ, વગેરેનાં નામો જાહેર ક્રિઆઓમાં દેવાયછે. સુરત તથા ભરૂચમાં તો એ ચાલ છેક પછવાડેથી પડેલો લાગેછે, કાંએકે ભરૂચમાં તો દસ્તુર

કામદીનના વડવાઓનું કુટુંબ આજ ૪૦૦) વર્ષ થયાં દસ્તુરી કરતુંછે, પણ ત્યાં જાહેર ક્રિઆમાં નામતો ફક્ત દસ્તુર કામદીનજી ફરકુનજીથી ઇવાને ૧૧૫) વર્ષ થયાં દેવાયછે. ગોદાવરાં પંથકમાં તો એ ચાલ હતોજ નહિં, ફક્ત હવડાં હવડાં તેઓ પોતાના ચાર વડીએલ મોબેદોનાં નામ દીએછે. મનોચેહર હોમજીના સાથવાલા મોબેદો પણ પોતાના પાંચ સાથના વડીલોનાં નામ હવડાં હવડાં દીએછે. તેઓનાં પંથને પેહલવેહલી જુદા પડતી વખતે મદદ કરનાર શેઠ મનાજી કુકાજી તલાટી વઠીકનું નામ પણ દેવામાં આવતું નથી. મુંબઇમાંબી એ ચાલ અગાઉ જાએજ હોય એમ લાગતું નથી, કાંએકે અતરે થાઇ ગયલા પરમાર્થી ગ્રહસ્થો મોદી હીરજી વાછા, શોરાબજી રેડીમની, લવજી વાડીઆ, પેશતનજી વાડીઆ, વગેરેનાં નામ કોઇ દેતું નથી, અને તેમનાં ઉઠમણાં વખતે એવી દરખાસ્તો પણ થાઇતી નહિં.

આ નીબંધમાં મેં જે આપણા લોકોમાં જાહેર ક્રિઆઓમાં દેવાતાં નામોની વીગત આપીછે તે બધાં નામો કાંઇ બધાં પંથકોમાં એકસરખી રીતે દેવાતાં નથી. નવસારી તેમજ ઉદવાડાનાં પંથકવાલાઓ તે ઘણાંખરાં દીએછે. બીજાં પંથકવાલાઓ ઘણાં મુકી દીએછે. મુંબઇમાંબી ઘણાં નામો મુકી દેવામાં આવેછે. વળી આ નીબંધમાં મેં જે નામોની ટીપ તથા વીગત આપીછે તે બધાં નામો જેમ હાલે સર્વે પંથકોમાં દેવાયછે તે મુજબ આપીછે. એ બધાં નામો દેવાની હું ભલામણ કરૂંછું એમ કોઇએ સમજવું નહિં. અલબતાં કેટલાંક નામો એવાં છે કે જેમાં કાંઇ માલ નહિં. તે ધણીઓએ પોતાની આખી જીંદગીમાં કોમને લગતું એકબી રૂડું કામ કર્યું નહિં હોય, પણ કોઇ આગેવાન કુટુંબના બેટા અથવા નબીરા અથવા વારસ હોય એટલે તેનું નામ કોમને લગતાં જાહેર ભણતરમાં આવી ગયું. એ એક મોટી ગેરઇનસાફી છે. નવસારી જેવું આગલ વધેલું પંથક કે જ્યાં કેળવણીએ જબજા પોતાનાં સોનેરી કીરણો ફેંક્યાંછે, અને જે પંથકના નબીરાઓએ છેલ્લી પા સદીમાં કેળવણી લઇ પોતાનાં કુટુંબ, કોમ, તથા દેશને જેબ આપી ઉજરડાં કરી મેલયાંછે, તેજ આગેવાનમાં ગણાતાં પંથકમાં એ કેળવણીની તેઓમાં શરૂઆત કરનાર, હીમતથી હાંમ બીડી મદરેસા સ્થાપનાર મરહુમ શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજી, સર કાવશજી જાંગીરજી રેડીમની નાઇટ, તથા એ૦ કાવશજી નશરવાંનજી કાંગાનાં નામો દેવાના બીલકુલ અખાડા કરવામાં આવ્યાછે. વાસ્તે એ ઉપરથી કોઇએ એમ નહિં સમજવું કે આ નીબંધમાં મેં જે નામો દેવાતાં આપ્યાંછે તે બધાજ આપણી કોમનું ભલું કરનાર નેક આગેવાનો છે, અને તેઓ સિવાય બીજા કોઇ થયા હશે નહિં. અલબતાં, ઘણા નેક કામો કરનારા થઇ ગયાછે, પણ જ્યાં ધોરણજ બરાબર નહિં, એવી જાહેર ક્રિયાઓમાંબી સ્વાર્થ આવી સમાઇ, અને દરેકની મન ખુશીની વાત થઇ, ત્યાં ઘણું બોલવું તથા લખવું ફોકટ છે.

જાહેર ક્રિયાઓમાં નામ દેવાનો ઠેડાવ પસાર કરવાની રૂઢી પણ ઘણી વાંધા ભરેલી છે. કોઇ દસ્તુરની મરજી કોઇનું નામ દેવડાવવાની થઇ તો તે તેનાં ઉઠમણાંની મીજલસમાં ઉઠીને નામ દેવાની દરખાસ્ત કરેછે. ઉઠમણાંનો એટલે તાજી ગમગીનીનો ગંભીર દીવસ, અને વળી તે ધણીને ત્યાંનીજ મીજલસ એટલે

કોઇથી ના તો પડાય નહિં. હું તો ધારૂંછું કે એ માન આખી અંજુમનની સમતીથી ઇપાને અંજુમન બોલાવી લાયક તથા કોમનું ભલું કરનાર આસામીનેજ આપવું જોઇએ. એખલા દસ્તુર મોબેદોની મરજીપર એ માન આપવાની બાબદ રાખવી જોઇએ નહિં. એવો ઠેડાવ ઉઠમણાંને દાહડેજ કરવાની ઉતાવલ શું છે? પાંચ પચીસ દાહડા રહીને તે થાય તો અડચણ શું છે? જેમ હાલ મુંબઇમાં આપણે નેક તથા સખી માણસોનાં મરણની દલગીરી બતાવવા અંજુમન ભેગી કરી દલગીરીની નોધ લઇજીએ છીયે તેવીજ રીતે અંજુમન ભેગી થાઇ એવા નામ દેવાના ઠેડાવો પસાર કરેતો તે વધુ માન તથા શોભાભરેલું ગણાય, અને એથી દસ્તુરોની મરજી મુજબનાં જેનાં તેનાં નામ દેવાયછે તે પણ બંધ પડે, અને એ યાદગારીની મોતેબર મતલબ છે તે પુરેપુરી બર આવે.

આ નીબંધમાં મેં જે નામોની નોધ આપીછે તે બધાં પંથકોમાં દેવાતાં નામો સાંભલીને આપીછે. પેહલાં પ્રકરણમાં આપેલાં નામોની ટીપમાંનાં ઘણાંખરાં બધાં નામો દરેક પંથકમાં દેવાયછે. બીજાં પ્રકરણમાંનાં કેટલાંક નામો બધાં પંથકોમાં એકસરખી રીતે દેવાયછે. જેમ કે નવસારીના પેહલા દસ્તુર મેહરજી-રાણા, ભરૂચવાલા દસ્તુર અસપંદયારજી કામદીનજી તથા કબીશાની મારામારીવાલા બેહદીન હોમાજી જમશેદજી, મુંબઇવાલા નેકનાંમ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ તથા તેમના સાહેબજાદાઓ, મરહુમ શેઠો નશરવાંનજી, જમશેદજી અને ફરાંમજી પીટીટ વગેરેનાં નામો બધાં પંથકવાલાઓ દીએછે. એ પછી દરેક પંથક-વાલાઓ પોતપોતાનાં પંથકોના લાગતાવલગતાઓનાં નામો દરેમેહરોમાં અથવા ખાંનગી ઘરોમાં ધુપનીરંગ તથા જશનની ક્રિયાઓમાં દેછે, તે પ્રમાણે આએ નીબંધમાં મેં જુદાં જુદાં પ્રકરણોમાં આપ્યાંછે. એ ઉપરાંત દરેક શેહર અથવા ગામમાં જે દરેમેહરમાં ક્રિયા થાયછે, તે દરેમેહર બંધાવનાર અથવા તેના મુતવલી-ઓનાં નામો તે મકાનમાં અથવા તે ગામમાં દેવાયછે, જેની ટીપ અતરે આપતાં ઘણું લંબાણ થઇ જાયછે તેથી તે મોકુફ રાખવી પડીછે.

જાહેર ક્રિઆઓમાં દેવાતાં નામીચા નર નારીઓનાં ભલાં કામોની નોધ જે મેં આ નીબંધમાં લીધીછે તેનાં પેહલાં પ્રકરણમાં આવેલાં નામોના મોટા ભાગની વીગતને માટે હું આપણા કાબેલ શમશુલ ઓલમા એ૦ જીવણજી જમશેદજી મોદી, બી. એ. ની "અવસ્તાનાં વિશેષ નામોની ફરહંગ" વાલી ચોપડીને આભારી છું. બાકીનાં પાછલા વખતનાં દેવાતાં નામોવાલા ધણીઓની વીગત મારાં "પારસી પ્રકાશ" નાં પુસ્તકમાંથી લીધીછે. એ બંધે પુસ્તકો જો હાજર ન હોત તો આટલાં બધાં ૪૧૨) નામોની વીગત તથા અહેવાલ પાંચ મહીનાની ટુક મુદતમાં લખાઇ શકાતે નહિં.

સેવટે મારે જણાવવું જોઇએ કે આ નીબંધમાં મેં બધાં નામો જેમ દેવાયછે તેમ સંપુરણ રીતે આપવાની કોશેશ કીધીછે. બધે ઠેકાંણે હું પોતે જાતે ફરીને ટીપ લાવ્યોછું. તોપણ કદાચ કોઇ નામ રહી ગયું હોય, અને મને ખબર મલવામાં કાંઇ ચુક અથવા ગફલતી થાઇ હોય, તો તે વિષે મને માહીતગાર કીધાથી ઉપકાર થશે. હું મારી લખેલી બીનાઓ અને નોધો પુરણપુર સંપુરણ છે એવો કોઇ દાહડે દાવો કરતોજ નથી, પણ મેં હીયાં તથા બીજે ઠેકાણે જે નોધો લીધીછે તેમાં મારો પોતાનો હેતુ સદા પવિત્ર અને પ્રમાણિક છે એમ તો વગર દેહશતે કહી શકું. ખોદા મને એવીજ તોફીઅત આપે.

લા૦ બહમનજી બેહરાંમજી પટેલ.

રાહનુમાએ માઝદીઅસનાન સભાના તરફથી તૈયાર કરેલી
નામધરણની સુધારેલી ટીપ.

જરથુશ્ત્ર સ્પિતમાંન અશો પ્રોહર—જુવો આ પુસ્તકને સફે ૧.
ઈસત વાસ્તર જરથુશ્ત્ર—જુવો આ પુસ્તકને સફે ૧.
હ્વોવી જરથુશ્ત્ર—જુવો આ પુસ્તકને સફે ૧.
ઊર્વતતનર જરથુશ્ત્ર—જુવો આ પુસ્તકને સફે ૨.
ખોરશેદચેહર જરથુશ્ત્ર—જુવો આ પુસ્તકને સફે ૨.
દોગદો પોઊરૂશસ્પ—જુવો આ પુસ્તકને સફે ૨.
પોઊરૂશસ્પ પેતેરસ્પ—જુવો આ પુસ્તકને સફે ૨.
મેદીઓમાહ આરાસ્તિ—જુવો આ પુસ્તકને સફે ૨.
ગયોમર્દ નર અશો—જુવો આ પુસ્તકને સફે ૧૦.
સ્યામક ગયોમર્દ—જુવો આ પુસ્તકને સફે ૧૦.
હોશંગ સ્યામક—જુવો આ પુસ્તકને સફે ૧૦.
તેહમુરશ હોશંગ—જુવો આ પુસ્તકને સફે ૧૦.
વીવંઘાંન તેહમુરશ—જુવો આ પુસ્તકને સફે ૧૦.
જમશેદ વીવંઘાંન—જુવો આ પુસ્તકને સફે ૧૦.
ગાવે આહેંગર—જુવો આ પુસ્તકને સફે ૧૨.
ફ્રેદુન આથવ્યન—જુવો આ પુસ્તકને સફે ૩.
એરચ ફ્રેદુન—જુવો આ પુસ્તકને સફે ૩.
મીનોચેહર એરચ—જુવો આ પુસ્તકને સફે ૩.
નોદર મીનોચેહર—જુવો આ પુસ્તકને સફે ૩.
તુસ નોદર—જુવો આ પુસ્તકને સફે ૩.
ગહસ્તમ નોદર—જુવો આ પુસ્તકને સફે ૩.
સામ તુરક—જુવો આ પુસ્તકને સફે ૯.
અસરત સામ—જુવો આ પુસ્તકને સફે ૯.
કેરેસાસ્પ અસરત—જુવો આ પુસ્તકને સફે ૯.
નરીમાંન કેરેસાસ્પ—જુવો આ પુસ્તકને સફે ૯.
સાંમ નરીમાંન—જુવો આ પુસ્તકને સફે ૯.
જાલ સાંમ—જુવો આ પુસ્તકને સફે ૯.
રોદાબે જાલ—જુવો આ પુસ્તકને સફે ૯.
કકોબાદ કૈઆરેશ—જુવો આ પુસ્તકને સફે ૬.
કએપરીન કૈકોબાદ—જુવો આ પુસ્તકને સફે ૬.
કૈકાઊશ કૈકોબાદ—જુવો આ પુસ્તકને સફે ૬.
શીયાવક્ષ કૈકાઊશ—જુવો આ પુસ્તકને સફે ૬.

દસ્તુર પ્રીરોઝ દસ્તુર કાઊશ—જુવો આ પુસ્તકને સફે ૪૬.
દસ્તુર પુરાંમ એરવદ રૂસ્તમ—જુવો આ પુસ્તકને સફે ૫૪.
દસ્તુર જામાસ્પ એરવદ રૂસ્તમ—જુવો આ પુસ્તકને સફે ૨૧.
દસ્તુર એદલ એરવદ શોરાબ—જુવો આ પુસ્તકને સફે ૨૨.
દસ્તુર જમશેદ એરવદ શોરાબ—જુવો આ પુસ્તકને સફે ૨૧.
દસ્તુર જમશેદ દસ્તુર બરજોર—જુવો આ પુસ્તકને સફે ૬૯.
દસ્તુર એદલ દસ્તુર દારાબ—જુવો આ પુસ્તકને સફે ૨૦.
દસ્તુર મીનોચેહર એરવદ માણેક—જુવો આ પુસ્તકને સફે ૨૦.
દસ્તુર નોશરવાંન દસ્તુર જામાસ્પ—જુવો આ પુસ્તકને સફે ૨૧.
એરવદ કામદીન એરવદ જરથોશ્ત—જુવો દીબાચાને સફે ૧૯.
એરવદ બહમન એરવદ કેકોબાદ—જુવો દીબાચાને સફે ૧૯.
મોબેદ પુરજાંને બેહરાંમ—જુવો દીબાચાને સફે ૧૯.
એરવદ રૂસ્તમ એરવદ પેશોતન—જુવો દીબાચાને સફે ૧૯.
એરવદ મીનોચેહર એરવદ હોમજી—જુવો આ પુસ્તકને સફે ૫૨.
એરવદ રૂસ્તમ એરવદ માણેક—જુવો દીબાચાને સફે ૧૯.
એરવદ તેહમુલ આસ્તા રૂસ્તમ—જુવો આ પુસ્તકને સફે ૨૪.
આસ્તા નવરોજ એરવદ રૂસ્તમ—જુવો આ પુસ્તકને સફે ૨૫.
એરવદ માણેક આસ્તા નવરોજ—જુવો આ પુસ્તકને સફે ૨૫.
એરવદ ખુરશેદ એરવદ તેહમુલ—જુવો આ પુસ્તકને સફે ૨૩.
એરવદ મીનોચેહર એરવદ ખુરશેદ—જુવો આ પુસ્તકને સફે ૬૯.
એરવદ બેહરાંમ એરવદ જીજી—જુવો દીબાચાને સફે ૧૯.
એરવદ મીનોચેહર આસ્તા નવરોજ—જુવો આ પુસ્તકને સફે ૨૪.
એરવદ પુરેદુન એરવદ મરજબાંન—જુવો દીબાચાને સફે ૨૦.
એરવદ દોશા એરવદ શોરાબ—જુવો આ પુસ્તકને સફે ૨૮.
બેહદીન અરદેશર સંજાણી—જુવો દીબાચાને સફે ૨૦.
બેહદીન ચાંગા બેહદીન આશા—જુવો આ પુસ્તકને સફે ૬૩.
બેહદીન માલન બેહદીન બેહરાંમ—જુવો આ પુસ્તકને સફે ૨૯.
બેહદીન નરીમાંન બેહદીન હોશંગ—જુવો દીબાચાને સફે ૨૦.
બેહદીન કામા બેહદીન આશા—જુવો દીબાચાને સફે ૨૦.
બેહદીન માણેક બેહદીન ચાંગા—જુવો દીબાચાને સફે ૨૦.
બેહદીન અસપંદીયાર બેહદીન યજદીયાર—જુવો દીબાચાને સફે ૨૦.
બેહદીન રૂસ્તમ બેહદીન યજદીયાર—જુવો દીબાચાને સફે ૨૦.
બેહદીન કામદીન બેહદીન શાહપુર—જુવો દીબાચાને સફે૨૦.
બેહદીન કામા વોહરા—જુવો દીબાચાને સફે ૨૧.
બેહદીન કાઊશ બેહદીન કામા—જુવો દીબાચાને સફે ૨૧.
બેહદીન અસપંદયાર બેહદીન શોરાબ—જુવો દીબાચાને સફે ૨૧.

એહદીન કાઊશ એહદીન માહીયાર—જુવો દીબાચાને સફે ૨૧.
એહદીન બહમન એહદીન અસપંદયાર—જુવો દીબાચાને સફે ૨૧.
એહદીન દોરાબ એહદીન નાહના—જુવો દીબાચાને સફે ૨૧.
એહદીન નાહના એહદીન પુંજીઆ—જુવો આ પુસ્તકને સફે ૭૧.
એહદીન બહમન એહદીન પુંજીઆ—જુવો દીબાચાને સફે ૨૧.
એહદીન કામા વોહરા—જુવો દીબાચાને સફે ૨૧.
એહદીન હીરજી એહદીન વાછા—જુવો દીબાચાને સફે ૨૧.
ગરોથમાંની કામા એહદીન હોમા—જુવો આ પુસ્તકને સફે ૮૨.
એહદીન માણેક એહદીન એદલ—જુવો દીબાચાને સફે ૨૨.
એહદીન બનાજી એહદીન લીમજી—જુવો આ પુસ્તકને સફે ૩૭.
એહદીન રૂસ્તમ એહદીન દોરાબ—જુવો દીબાચાને સફે ૨૨.
એહદીન નાહના એહદીન ભીમજી—જુવો દીબાચાને સફે ૨૨.
એહદીન શોરાબ એહદીન નાહના—જુવો દીબાચાને સફે ૨૨.
એહદીન નવરોજ એહદીન નોશરવાન—જુવો દીબાચાને સફે ૨૩.
એહદીન રૂસ્તમ એહદીન કેરશાસ્પ—જુવો દીબાચાને સફે ૨૩.
એહદીન ધનજીશાહ એહદીન મનજીશાહ—જુવો આ પુસ્તકને સફે ૭૭.
એહદીન હીરજી એહદીન જીવણ—જુવો દીબાચાને સફે ૨૩.
એહદીન નોશરવાંન એહદીન કોહા—જુવો દીબાચાને સફે ૨૩.
એહદીન દાદી એહદીન નોશરવાંન—જુવો આ પુસ્તકને સફે ૩૭.
એહદીન શોરાબ એહદીન મીનોચેહર—જુવો દીબાચાને સફે ૨૪.
એહદીન ધનજીશાહ એહદીન બરજોર—જુવો આ પુસ્તકને સફે ૭૮.
એહદીન અરદેશર એહદીન દાદી—જુવો આ પુસ્તકને સફે ૪૮.
એહદીન દાદા એહદીન નોશરવાંન—જુવો આ પુસ્તકને સફે ૭૧.
એહદીન નોશરવાંન એહદીન માણેક—જુવો આ પુસ્તકને સફે ૫૯.
એહદીન ખુરશેદ એહદીન જમશેદ—જુવો દીબાચાને સફે ૨૪.
એહદીન પેશોતન એહદીન બહમન—જુવો આ પુસ્તકને સફે ૬૫.
એહદીન જાઈ એહદીન દાદા—જુવો આ પુસ્તકને સફે ૭૧.
એહદીન નવરોજ એહદીન કાઊશ—જુવો દીબાચાને સફે ૨૪.
એહદીન હોરમજ એહદીન ખુરશેદ—જુવો આ પુસ્તકને સફે ૩૨.
એહદીન હોરમજ એહદીન એદલ—જુવો આ પુસ્તકને સફે ૫૯.
એહદીન લીમજી એહદીન કાઊશ—જુવો દીબાચાને સફે ૨૪.
એહદીન પેશોતન એહદીન મેહરવાંન—જુવો આ પુસ્તકને સફે ૭૭.
એહદીન દીન એહદીન પુંજીઆ—જુવો દીબાચાને સફે ૨૫.
એહદીન બચુ એહદીન પેશોતન—જુવો દીબાચાને સફે ૨૫.
એહદીન ફ્રીરોજશાહ એહદીન ધનજીશાહ—જુવો આ પુસ્તકને સફે ૭૨.
એહદીન ખુરશેદ એહદીન માણેક—જુવો આ પુસ્તકને સફે ૩૪.

બેહદીન ખુરશેદ બેહદીન કાઊશ—જુવો આ પુસ્તકને સફે ૪૯.

બેહદીન જીજી બેહદીન મેહરવાંન—જુવો આ પુસ્તકને સફે ૩૪.

બેહદીન પેશોતન બેહદીન ખુરશેદ—જુવો આ પુસ્તકને સફે ૬૫.

બેહદીન ફ્રરાંમ બેહદીન કાઊશ—જુવો આ પુસ્તકને સફે ૩૮.

બેહદીન રૂસ્તમ બેહદીન કાઊશ—જુવો આ પુસ્તકને સફે ૪૯.

બેહદીન પેશોતન બેહદીન મેહરજી—જુવો આ પુસ્તકને સફે ૬૭.

બેહદીન વીકા બેહદીન મેહરજી—જુવો આ પુસ્તકને સફે ૬૬.

બેહદીન અરશદેર બેહદીન ફીરોજશાહ—જુવો આ પુસ્તકને સફે ૭૩.

બેહદીન કાઊશ બેહદીન એદલ—જુવો આ પુસ્તકને સફે ૩૮.

બેહદીન જમશેદ બેહદીન રૂસ્તમ—જુવો આ પુસ્તકને સફે ૩૦.

બેહદીન માણેક બેહદીન નોશરવાંન—જુવો આ પુસ્તકને સફે ૩૫.

બેહદીન નવરોજ બેહદીન જમશેદ—જુવો આ પુસ્તકને સફે ૪૨.

બેહદીન બહમન બેહદીન હોરમજ—જુવો આ પુસ્તકને સફે ૩૩.

બેહદીન એદલ બેહદીન ફ્રરાંમ—જુવો આ પુસ્તકને સફે ૩૯.

બેહદીન આવાં બેહદીન જમશેદ—જુવો દીબાચાને સફે ૨૫.

બેહદીન રૂસ્તમ બેહદીન જમશેદ—જુવો આ પુસ્તકને સફે ૩૨.

બેહદીન મેહરવાંન બેહદીન બેહરાંમ—જુવો આ પુસ્તકને સફે ૩૯.

બેહદીન ખુરશેદ બેહદીન જમશેદ—જુવો આ પુસ્તકને સફે ૩૧.

બેહદીન કાઊશ બેહદીન જાંહગીર—જુવો આ પુસ્તકને સફે ૪૨.

બેહદીન અરદેશર બેહદીન હોરમજ—જુવો આ પુસ્તકને સફે ૩૨.

બેહદીન શોરાબ બેહદીન જમશેદ—જુવો આ પુસ્તકનેસફે ૪૧.

બેહદીન ખુરશેદ બેહદીન નોશરવાંન—જુવો આ પુસ્તકને સફે ૫૦.

બેહદીન દાદા બેહદીન પેશોનન—જુવો આ પુસ્તકને સફે ૬૪.

બેહદીન નવરોજ બેહદીન કેખશરૂ—જુવો આ પુસ્તકને સફે ૪૩.

બેહદીન માણેક બેહદીન જાંહગીર—જુવો આ પુસ્તકને સફે ૪૨.

બેહદીન શોરાબ બેહદીન પેશોતન—જુવો આ પુસ્તકને સફે ૫૨.

બેહદીન ટાકર બેહદીન દીનશાહ—જુવો આ પુસ્તકને સફે ૬૭.

બેહદીન દાદા બેહદીન રૂસ્તમ—જુવો આ પુસ્તકને સફે ૫૧.

બેહદીન બેહરાંમ બેહદીન જીજી—જુવો આ પુસ્તકને સફે ૩૫.

બેહદીન નોશરવાંન બેહદીન માણેક—જુવો આ પુસ્તકને સફે ૩૬.

બેહદીન માણેક બેહદીન રૂસ્તમ—જુવો આ પુસ્તકને સફે ૫૨.

બેહદીન ફ્રરાંમ બેહદીન નોશરવાંન—જુવો આ પુસ્તકને સફે ૫૦.

બેહદીન શોરાબ બેહદીન શાપુર—જુવો આ પુસ્તકને સફે ૪૪.

બેહદીન ખુરશેદ બેહદીન ફ્રરેદુન—જુવો દીબાચાને સફે ૨૫.

બેહદીન મોટી બેહદીન માણેક—જુવો દીબાચાને સફે ૨૬.

ઊપલી સુધારેલી ટીપમાં આવેલાં નવાં નામોનો ખોલાસો.

અષમો ખનવત—એવણ પેગાંમબર જરથોસ્તના કોઇ પ્રખ્યાત શાગેર દોમાંના એક હોવા જોઇએ. હોરમજદ યષ્ટની પછવાડે "અહેનરશ અશોનો ફ્રવષીમ યજમઇદે" એ નામના ફકરામાંથી એવણનાં નામની યાદ આવેલીછે. એવણ જરથોસ્તી દીનનાં ૮૦ મે વર્ષે ગુજર્યા હતા.

વોહુનેમંઘો અવારોશત્રોઈશ—એવણ જરથોસ્તી દીનનાં ૪૦ માં વર્ષમાં જનમ્યા, અને ૧૦૦ માં વર્ષમાં ગુજર્યા હતા. ફરવરદીન યષ્ટ પ્રમાણે એવણ આલસાઇ, ખરાબ શિખામણો, ખરાબ કામો, અને પરીઓની સામે થયા હતા.

ગોસ્તેફ્રીઆંન—અવસ્તામાં એવણને "યોઇસ્તહે ફ્રીઆન નાંમ" કરી લખેલાછે. એવણ તે વખતના એક અશો તથા કાબેલ નર હતા. અખ્તજાદુ નામના એક ઉખીઆંણા બોલનાર શખસે આવાં યષ્ટમાં જણાવ્યા મુજબ એવણને ૯૯) સખ્ત સવાલો પુછયા હતા, એવી સરતે કે તેમાંના એકનોબી જો જવાબ નહિં આપે તો તેને મારી નાખે. એ સવાલોના એવણે સંધા જવાબો આપ્યા હતા, પણ આપણી પાસે તો "કીસ્સે ગોસ્તેફ્રીઆંન વ અખ્ત જાદુ" નામની પેહલવી કેતાબમાં ૩૩) પ્રશ્નો તથા ઉત્તરો સચવાઇ રહેલાછે. પેહલવી જરથોશતનામાં મુજબ એ અખ્તજાદુ પેગાંમબર જરથોસ્તની દીનનાં ૮૦ માં વર્ષમાં થઇ ગયોછે.

બાનુ હુફ્રીશ—ઉપલા ગોસ્તેફ્રીઆંનની બેહન અને અખ્તજાદુની બાયડી. એ એક સાચ્ચી જબાનની બાનુ હતી, અને સાચ્ચું બોલવાથી પોતાનો જીવબી ખોહયો હતો. તે એમકે એણીના ખાવંદ અખ્તજાદુએ ગોસ્તેફ્રીઆંનને પુછેલા સવાલો મધેના એકનો જવાબ અખ્તજાદુને મનપતીજ નહિ લાગવાથી તેણે એ સવાલનો ચુકાદો કરવાનું એ બાઇપર સોંપ્યું, અને તેમ કરતાં બોલયો કે "હુફ્રીશ તારી બેહન છે અને મારી ધણીઆંની છે. તે કદી જુઠું બોલી નથી, અને હવે પછીબી બોલે એમ હું માનતો નથી, માટે તેણી એ સવાલનો જે ચુકાદો આપે તે આપણે કબુલ રાખવો." આ ઉપરથી તે બંધે જણાં એ બાઇ પાસે ગયા, અને એણીએ પોતાના ભાઇ ઇયા ખાવંદની બીહક વગર ખરેખરો ચુકાદો આપ્યો, પણ તે અખ્તજાદુની મરજી મુજબ નહિ ઉતરવાથી તેણે તેણીને મારી નાખી હતી.

સૈન અહુમે સ્તુદાન—એવણ જરથોસ્તી દીનનાં ૧૦૦ મે વર્ષે જનમ્યા, અને ૨૦૦ મે વર્ષે મરણ પામ્યા હતા. એવણ એક કાબેલ ધર્મગુરૂ હતા, અને એવણના હાથ તલે ૧૦૦) એરવદ ચેલાઓ ધર્મનું ગ્નાન શિખ્યા હતા. પેહલવી દીનકર્દમાં એવણની કેટલીક નશિહતોનું લખાંણ આવેલુંછે. ત્યાં એવણને "દાદ આરાસ્તાર અશો સૈન" કરી લખેલાછે.

માથ્રેવાકહે સીમેઝોઈશ—એવણ અવસ્તા જમાનાના એક અએથ્રપઇતી (એટલે એલમ શિખેલા એરવદ) હતા. એવણે અક્કલને ખરાબ કરનાર અને ગાથાને બીગાડનાર આશમોગો જેઓ અહુ (દુનયાંનો સરદાર) અને રતુ (દીનનો સરદાર)

ને નહિ માનનારા, અને પોતાનાં ફરોહરોની સુચનાં પ્રમાણે નહિ ચાલનારા હતા તેઓને મારી હટાડયા હતા.

કરસ્ન ઝમ ઊવ્ર્ઇથન—ફરવરદીન યષ્ટમાં જણાવ્યા મુજબ એવણ અવસ્તા જમાનાના કોઇ મોટા માણસ અથવા પેહલવાંન થઇ ગયાછે. એવણનાં ઘરમાં અશીશ (અશોઇ ભરેલી લક્ષ્મી) ગઇ હતી. એવણ ઘણા બાહદુર, મજબુત હથિયારવાળા, તથા માંથ્રવાની અને હોરમજદી તરીકા પ્રમાણે ચાલનારા હતા.

ઊશમાનરહે પઐશતનહે—ફરવરદીન યષ્ટ પ્રમાણે એવણ કોઇ "નાફીએ" નામના શખ્સે વાવેલાં દુખ દરદોની સામે થયા હતા.

દાદાર બીન દાદોખત—એવણ સાસાન્યાન વંશના બીજા પાદશાહ શાપુર અરદેશરના "મગોપતાંન મગોપત" એટલે મોબેદાંન મોબેદ હતા. એવણે રૂમ દેશના હકીમો સાથે કેટલાક સવાલ જવાબો કીધા હતા તે સઘળાંનો "આરાસ્તેહ" નામનો એક રેસાલો પેહલવી જુબાનમાં લખ્યો હતો. એ રેસાલાના નામીચા યુનાની ફીલસુફો સોક્રેટીસ તથા આરીસ્ટાટલે યુનાની ભાષામાં તરજુમા કીધા હતા.

મોબેદ મેહરનારશી—એવણે જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં કેટલીક પેહલવીમાં શરેહો કીધી હતી. એવણ શાહ બેહરાંમગોર તથા તેના બેટા શાહ યજદજર્દ બીજાના "મગોપતાંન મગોપત" અથવા "વજોર્ગ ફરમાદાર" એટલે વડા વજીર હતા. એવણને પેહલવીમાં "મતુન નોસાએ" કરી લખેલાછે.

બુજર્ર-ચે-મેહરે બુખ્તે—એવણ પાદશાહ નોશરવાંન આદેલના ઘણાજ ડાહપણ તથા હુશીયારીવાળા વડા વજીર હતા. એવણે કેટલીક નશિહતો તથા માણસજાતે આએ દુનયાંમાં કેમ ચાલવું તેનું બ્યાંન તથા યજદાંપરસ્તી, રવાંન, આત્મા વગેરેની ફીલસુફીની એક કેતાબ લખેલીછે કે જે "ગંજે શાયગાંન" નાં નામથી ઓળખાએછે. હિંદુસ્થાંનના દેવસારમ નામના રાજાએ ઇરાનની દરબારના દાનાવોની મનશક્તિની અજમાએશ કરવા સારૂં મોકલેલી સેતરંજની બાજીનો એવણે ખોલાસો કીધો હતો, તથા "વીને અરથ શદર" નામની બીજી રમત ઉપજાવીકાઢી તે હિંદુસ્થાંનના રાજાની દરબારના વિદ્વાંનો પાસે ખોલાસો મેલવવા મોકલી હતી, પણ તેનો ખોલાસો કોઇ કરી શકયું ન હતું, જેથી એઓની વાખ્ખવાખી બધે થાઇ હતી.

મોબેદ વખશાપુર—એવણે જરથોસ્તી ધર્મપુસ્તકોના પેહલવી તરજુમાઓમાં કેટલીક શરેહો કીધી હતી. પાદશાહ નોશરવાંન આદેલનાં અંજુમનના એવણને "મગોપતાંન મગોપત" એટલે મોબેદાંન મોબેદ અથવા બુજર્ગ વજીર કરી લખેલાછે.

અપ્રરગ—
મેદીઓમાહ—
શોશીયોસ—

} આપણાં ધર્મ પુસ્તક વંદીદાદ તથા ઇજશનેના અવસ્તાના પેહલવી તરજુમાઓ જે થયલા તેમાં એઓને નામે જગેજગ શરેહો આવેલીછે.

ગોગોશસ્પ—ઉપલાઓની માફકજ શરેહ કરનાર. એઓની કરેલી કેટલીક શરેહોમાં ઘણાક જુદા વિચારો આપેલાછે.

પીશકસીર—ઉપલાની માફકજ શરેહ કરનાર. નીરંગસ્તાન કેતાબ એવણે લખેલી જણાયછે.

મોબેદ મર્દબુદ—ઉપલાની માફકજ શરેહ કરનાર. એવણ પાદશાહ ફીરોઝના "મગોપતાંન મગોપત" હતા.

બાનુ દાદહુશ ફ્રરરોખ—એવણ કોઇ "આતરોપાત" નામના શખ્સનાં માએ હતાં, અને એવણના બાપનું નામ "ફરરોખ" કરી હતું. સાસાન્યાંન વખતનાં ઇરાનનાં કોઇ આતશબેહરાંમનાં એ બાઇ મુતવલી હતાં.

મરદાંન ફ્રરરોખ બીન હોરમેજ્દાદ—શેકંન ગુમાની વજાર નામની પેહલવી કેતાબના બનાવનાર. ડાકટર વેસ્ટ એવણ મારે કેહછે કે એવણે ક્રિસ્ટીઆંનીટી વગેરે સામે જે તકરાર ઉપલી કેતાબમાં કીધીછે તેથી વધારે સરસ આજે કોઇ કરી શકે નહિં.

મોબેદ આદરપાદીઆવંદાન—એવણનાં નામની આગમજ પેહલવી માં "હુપરવરદેહ" (કોરતીવાન) શબ્દ માન અર્થે વાપડેલોછે કે જે થોડાઓનાંજ નામ સાથે વપડાયછે. એવણનાં ઘણાંક પેહલવી લખાણો હતાં, કે જે આપણ ઉપલા મરદાંન ફરરોખનાં પુસ્તક ઉપરથી જાણ્યે છૈયે, કાંએકે તે લખેછે કે "આજે જે આપણી પાસે ઉમદા લખાણો છે તે એ નેકબખ્તનાં વાવેલાં બીજોનાં ફલો છે."

મોબેદ આદર ફ્રરોબગ ફ્રરખોઝાદ—એવણનાં નામની આગમજબી પેહલવીમાં "હુપરવરદેહ" બોલ લખેલો છે, અને ત્યાં લખેછે કે એવણ "હુદીનાન પેશવા" એટલે નેક દીનદારોના પેશવા હતા. પેહલવી દીનકર્દ કેતાબને નવેસરથી ભેગી કરનારા એવણ હતા, તથા એ કેતાબનું નામબી એવણે આપ્યું હતું. શેકનગુમાની વજારમાં જણાવ્યા મુજબ એવણે જયારે દીનકર્દ કેતાબ લખી ત્યારે તેના ૧૦૦૦) બાબ હતા. એવણનાં લખાણોનો ઉપયોગ કરવા મારે શેકનગુમાનીનો લખનાર એવણનો ઉપકાર માનેછે, અને એવણ મારે લખેછે કે "એજ દીનના પેશવાનાં લખાણોથી હું પોતે ઘણાં શકમંદ અને ફરેબભરેલાં લખાણોથી—તેમાં ખાસ કરી માની*નાં ફરેબભરેલાં અને બુરી શિખામણોનાં લખાણોથી, ફસતો બચી ગયો હતો." ગજસ્તેહ અબાલીસની પેહલવી કેતાબમાં અબાલીસના સવાલોના જે જવાબો છે તે એવણના આપેલાછે. એવણે "આઇનીન" નામે એક પેહલવી કેતાબ રચી હતી, જે હાલ આપણી પાસે નથી, પણ તેને મારે દાદેસ્તાંન અને દીનકર્દમાં ઇસારા આવેલાછે.

મોબેદ રોશન આદરફ્રરોબગ—ઉપલા મોબેદ સાહેબના દીકરા. એવણનાં નામની આગમજબી પેહલવીમાં "હુપરવરદેહ" બોલ લખેલો છે. એવણે "રોશન નપીક" નામે એક પેહલવી કેતાબ લખી હતી.

દસ્તુર માનુશચેહરે ગોશનેજમ—એવણ યજદજરદી ૨૫૦ (ઇ૦ સ૦ ૮૮૧) માં ફારસ તથા કેરમાંનના દસ્તુરાંન દસ્તુર હતા. એવણનાં નામ સાથે

---

* એ સાસાનયાન વંશના ૨ જા પાદશાહ શહપુર અરદેશરના વખતમાં એક ચીતારો હતો, અને પેગાંમબરી દાવો ઉઠાવી માનીકિયન નામનો ધર્મ સ્થાપ્યો હતો. એને તથા એના ચેલાઓને પાદશાહ બેહરાંમ હોરમજદના વખતમાં મારી નાખવામાં આવ્યા હતા.

"૨૬" (ધર્મનો સરદાર) નામનો ખેતાબ જોડવામાં આવેલોછે. એવણે દાદેસ્તાંને દીની નામે એક ઘણી ભરોસાદાર પેહલવી કેતાબ લખેલીછે, તથા તે સિવાય એવણનાં કેટલાંક છુટાં પેહલવી લખાંણોબી છે.

દસ્તુર આદેરબાદ ગોશનેજમ—ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણનાં પણ કેટલાંક પેહલવી લખાંણો તથા પુસ્તકો છે.

દસ્તુર અરદેશર દસ્તુર નોશરવાંન—(દસ્તુર અરદેશર નોશરવાંન કેરમાંની) એવણ પાદશાહ અકબરને જરથોસ્તી ધર્મને લગતી સમજણો આપવાને તેના બોલાવ્યાથી ઇરાંનથી દીલ્લી આવ્યા હતા, અને શાહનશાહ અકબરે બનાવવા માંડેલી ફરહંગ કે જેને શાહ જેહાંગીરે "ફરહંગે જેહાંગીરી" નામ આપ્યું હતું તેમાંના સઘળા પેહલવી તથા પાજંદ લોગતો એવણે લખ્યા હતા.

દસ્તુર આઝર કેવાંન બેન આઝર ગોશસ્પ—ઇરાનના એક જાણીતા તથા ખબરદાર દસ્તુર. એવણનો એતેકાદ ફીલસુફી ધર્મ ઉપર હતો. એઓ હિંદુસ્થાંનમાં પટના મધે આવી વસ્યા હતા, અને પોતાની સાથે ઘણાક શાગેરદો લાવ્યા હતા. એવણે "મુકાશેફાતે આઝર કેવાંની" નામની કેતાબ ફીલસુફી ધર્મની સાબેતીમાં લખી હતી, અને યજદજરદી ૯૮૩ (ઇ. સ. ૧૬૧૪) માં પટના મધેજ મરણ પામ્યા હતા.

દસ્તુર હોરમજદયાર એરવદ ફ્રરાંમરોજ—(દસ્તુર હોરમજદયાર ફરાંમરોજ સંજાણા) એઓ વલસાડના એક જાણીતા મોબેદ હતા, અને ઇરાંનથી આવેલા દીન મજહબના જવાબ સવાલોની રેવાયતોનો સંગ્રહ યજદજરદી ૧૦૧૩ (ઇ૦ સ૦ ૧૬૪૪) માં એઓએ એક પુસ્તકમાં કીધો હતો. એ સંગ્રહ એમના બેટા દસ્તુર દારાબ હોરમજદયારની રેવાયતનાં નામથી ઓળખાયછે.

દસ્તુર દારાબ દસ્તુર હોરમજદયાર—(દસ્તુર દારાબ હોરમજદયાર સંજાણા) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણે યજદજરદી ૧૦૫૪ (ઇ૦ સ૦ ૧૬૮૫) માં ઉપલા પોતાના બાપે કરેલા રેવાયતોના સંગ્રહમાં પોતે પણ બીજી કેટલીક રેવાયતો ઉમેરી હતી. એ બધો સંગ્રહ એમનાં નામથી ઓળખાએછે.

દસ્તુર કાઉશ એરવદ ફ્રરેદુન—(દસ્તુર કાઉશ ફરેદુન મુનજમ) સુરતનાં કદમી પંથના એક પેહલા દસ્તુર. એવણે ઇ૦ સ૦ ૧૭૩૬ માં ઇરાનથી સુરત ખાતે આવેલા જમશેદ નામના દસ્તુર પાસે નજુમ તથા ફારસીનો એલમ શિખી ગણત્રિઓ કરી લોકોને ઇરાનમાં ચાલતા રોજ માહની તરફેણમાં મત આપ્યું હતું. સુરતમાં ઇ૦ સ૦ ૧૭૪૫ માં જે પેહલવેહલા પારસીઓ કદમી થયા તેઓને ત્યાંની દીનઆઇનની ક્રિઆઓ કરવાનું કામ એવણે તથા દસ્તુર દારાબજી શોરાબજી કુમાનાએ માથે લીધું હતું, જેથી હિંદુસ્થાંનમાં કદમી ટોળાની પેહલી મોબેદી કરનાર એઓ બે સાહેબો ગણાયછે. એવણનું મરણ રોજ ૩૦ માહ ૧ કદમી ૧૧૪૮ યજદજરદી (તા૦ ૧૩ મી અકટોબર ૧૭૭૯) ને દીને ૬૨ વર્ષની ઉમરે નીપજયું હતું.

એરવદ કામદીન એરવદ જરથોશ્ત—સંજાણથી ઇ૦ સ૦ ૧૧૪૨ માં નવસારી ખાતે આવનાર પેહલવેહલો મોબેદ. એવણની પછી ૭૩) વર્ષે એટલે ઇ૦ સ૦ ૧૨૧૫ માં હોમ બહમનયાર નામનો બીજો મોબેદ સંજાણથી નવસારી આવ્યો હતો, અને નવસારીના તમાંમ મોબેદોનાં કુટુંબો એ બંધેના વંશમાંથી નીપજેલાંછે.

એરવદ બહમન એરવદ કેકોબાદ—એવણ સંજાણાં પંથકને લગતા નવસારીમાં રેહનાર એક મોબેદ હતા, અને પારસીઓ ઇરાંનથી હિંદુસ્થાંન આવ્યા, તથા સંજાણ અને ગુજરાતનાં બીજા મુલકોમાં વસ્યા તેના હેવાલની ફારસી બેતોમાં “કીસ્સે સંજાણ” નામની ચોપડી ઇ૦ સ૦ ૧૬૦૦ માં એવણે લખી હતી.

મોબેદ પૂરજાંને બેહરાંમ—એવણ દસ્તુર આઝર કેવાંનના એક શાગેરદ હતા, અને સારેશતાંને ચેહાર ચમનની કેતાબ એવણે લખી હતી.

એરવદ રૂસ્તમ એરવદ પેશોતન—સુરતના એક જાણીતા મોબેદ કવિ. એવણે ઇ૦ સ૦ ૧૬૬૦ થી તે ૧૬૭૦ સુધીમાં ગુજરાતી કવેતામાં સયાવક્ષ, જરથોસ્ત, વીરાફ, તથા અસપંદયારનામાં બનાવ્યાં હતાં. અને જેમાંનું પેહલું નામું ઇ૦ સ૦ ૧૮૭૩ માં મુંબઇ મધે એ૦ તેહમુરશ દીનશાહ અકલેસરીઆએ છપાવી પ્રગટ કીધું હતું.

એરવદ રૂસ્તમ એરવદ માણેક—(શેઠ રૂસ્તમ માણેક શેઠ) એવણ સુરતની ઇંગ્રેજી કોઠીના દલાલ હતા. સુરતના નવાબ તથા ઇંગ્રેજી કોઠીવાલાઓ વચે ઉઠેલા વાંધાને માટે એવણ છેલ્લાઓની તરફથી ઇ. સ. ૧૬૬૦ માં દીલ્લી શાનશાહ ઔરંગઝીબની હજુરમાં પણ જઇ આવ્યા હતા. સુરતના જરથોસ્તીઓપરના ઘણાક જુલમો એવણે પોતાના મોગલાઇ અમલદારો સાથના લાગવગથી તાલ્યા હતા, તથા ઘણાક પૂલો, કુવા તલાવો, ધર્મશાલા વગેરે સુરત તથા તેની આસપાસનાં ગામડાંઓમાં બંધાવ્યાં હતા. સુરતમાં પારસીઓને વસવાનો “રૂસ્તમપરા” નો લટો ત્યાં એમની મોટી મીલકત હોવાથી આજ સુધી એવણનાં નામથી ઓળખાએછે. એવણનો સુરતની ઇંગ્રેજી કોઠીપર મોટી રકમનો દાવો હતો તે સબળાંને પેટે એવણનાં મરણ પછી એવણના વારેસોને ઇ૦ સ૦ ૧૭૨૪ માં લંડનથી “કોરટ ઑફ ડાએરેકટરસે” રૂ૫૪૬૩૯૦) અપાવ્યા હતા. એવણ રોજ ૧૭ માહ ૧૦ શેહનશાહી ૧૦૯૦ યજદજરદી (તા૦ ૩૦ મી જુલાઇ ૧૭૨૧) ને દીને સુરત મધે ૮૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ બેહરાંમ એરવદ જીજી—(શેઠ બેહરાંમજી જીજીભાઇ છાપગર) એવણ અતરેનું “બોમ્બે કુરીઅર” પત્ર કે જે મી૦ લુક આશબરનરની માલેકીમાં હતું તેમાં કંપાઝીટર તરીકે રહયા હતા. મી૦ આશબરનરે એવણ પાસે ઇ૦ સ૦ ૧૭૯૫ માં ગુજરાતી બીબાં મુંબઇમાં ઓટાવ્યાં હતાં. આથી પારસીઓમાં પેહલ-વેહલા ગુજરાતી બીબાં ઓટનાર તરીકે એવણ જણાયલાછે. એવણ રોજ ૨૯ માહ ૬ કદમી ૧૧૭૩ યજદજરદી (તા૦ ૫ મી માર્ચ ૧૮૦૪) ને દીને ૫૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ ફ્રેદુન એરવદ મરઝબાંન—(મોબેદ ફરદુનજી મરઝબાંનજી) એવણે ઇ૦ સ૦ ૧૮૧૨ માં મુંબઇ મધે પેહલવેહલું ગુજરાતી છાપાખાનું ઉઘાડયું હતું, અને તે મધેથી ૧૮૧૪ માં પેહલવેહલું ગુજરાતી પંચાંગ રૂ૨) ની કીમતે બાહેર પાડયું હતું. ૧૮૨૨ ની તા૦ ૧ લી જુલાઇથી એવણે તે છાપાખાનાંમાંથી "મુંબઇનાં સમાચાર" નામનું દર અઠવાડીઆંનું ગુજરાતી વર્ત્તમાનપત્ર પોતાનાં અધીપતીપણાં હેઠલ કાઢવા માડયું હતું. મુંબઇ ઇલાકામાં ગુજરાતી ભાષામાં પેહલવેહલું આ એ વર્ત્તમાનપત્ર નીકલ્યું હતું, અને હિંદુસ્થાંનના દેશીઓમાં પેહલવેહલો વર્ત્તમાનપત્રનો પાયો નાખનાર એવણ હતા. ઉપલાં પંચાંગ તથા વર્ત્તમાંનપત્ર ઉપરાંત એવણે પોતે ૧૪) જુદાં જુદાં પુસ્તકો રચી પ્રગટ કીધાં હતાં, તથા કેટલાંક પુસ્તકો પોતાની તપાસ હેઠલ સુધારીને છપાવ્યાં હતાં. એવણનું મરણ રોજ ૨૭ માહ ૭ કદમી ૧૨૧૬ યજદજરદી (તા૦ ૨૩ મી મારચ ૧૮૪૭) ને દીને ૬૦ વર્ષની ઉમરે દમણ મધે નીપજ્યું હતું.

એહદીન અરદેશર સંજાણી—સંજાણ મધે હિંદુ રાજાની તરફથી મુસલમાંનો સામે ૧૪૦૦) જરથોસ્તીઓની ફોજ લઇ લડવા બાહેર પડેલો બાહદુર પારસી સરદાર. એ લડાઇનો સને બરાબર માલમ પડતો નથી, પણ તે ઇ૦ સ૦ ની ૯ મી સદીની આખરીએ હશે એમ અટકલી શકાયછે.

એહદીન નરીમાંન એહદીન હોશંગ—ભરૂચના એક ખબરદાર તથા હીમતવાંન જરથોસ્તી. એવણ પેહલવેહલા ઇ૦ સ૦ ૧૪૭૮ માં તથા તે પછી બીજી વાર ૧૪૮૬ માં નવસારી, સુરત, ભરૂચ ખંબાત, અકલેસર, વગેરેના જરથોસ્તીઓની તરફથી ઇરાન મધે ત્યાંના દસ્તુર મોબેદો તથા કાબેલોને પુછવાને કેટલાક જરથોસ્તી ધર્મ તથા ક્રિઆઓને લગતા સવાલો લઇ ઇરાંન ગયા હતા, અને તે સવાલોના જવાબો પાછા ત્યાંથી લખાવી લાવ્યા હતા, જે જવાબોને આપણ રેવાયતો કરી કહીજીએ છૈયે.

એહદીન કામા એહદીન આશા—એવણ ઇ૦ સ૦ ૧૫૨૭ માં ખંબાતથી ઇરાંન જઇ જરથોસ્તી મજહબને લગતા જવાબોની એક રેવાયત લાવ્યા હતા.

એહદીન માણેક એહદીન ચાંગા—નવસારીના પ્રખ્યાત બેહદીન ચાંગા આશાના દીકરા. એવણે ઇ૦ સ૦ ૧૫૩૧ માં નવસારી મધે પથરનું એક દોખમું બંધાવ્યું હતું, તથા ઇરાંનથી આવેલા કાઉશ ફરીબોરજ નામના એક બેહદીન પાસે અરદાવીરાફ નામું ફારસી બેતોમાં લખાવ્યું હતું.

એહદીન અસપંદયાર એહદીન યજદીયાર— } એવો ઇ૦ સ૦
એહદીન રૂસ્તમ એહદીન યજદીયાર— } ૧૫૩૫ માં ખંબાતથી
ઇરાંન જઇ જરથોસ્તી મજહબને લગતા જવાબોની એક રેવાયત લાવ્યા હતા.

એહદીન કામદીન એહદીન શાહપુર—એવણ ઇ૦ સ૦ ૧૫૫૯ માં ભરૂચથી ઇરાંન જઇ જરથોસ્તી મજહબને લગતા જવાબોની એક રેવાયત તથા વરશના બાલ અને દીનઆઇનને લગતી કેટલીક કેતાબો ભરૂચના દસ્તુર પદમ રામીયાર ઉપર લાવ્યા હતા.

એહદીન કામા વોહરા—એવણ સુરતથી ઇ૦ સ૦ ૧૫૬૨ માં તથા તે પછી એક બીજી વાર ઇરાંન જઇ જરથોસ્તી મજહબને લગતા જવાબોની બે રેવાયતો લાવ્યા હતા.

એહદીન કાઊશ એહદીન કાંમા—એવણ ખંબાતથી ઇ૦ સ૦ ૧૫૭૫ માં ઇરાંન જઇ જરથોસ્તી મજહબને લગતા જવાબોની એક રેવાયત લાવ્યા હતા.

એહદીન અસપંદયાર એહદીન શોરાબ—એવણ સુરતથી ઇ૦ સ૦ ૧૫૮૦ માં ઇરાંન જઇ જરથોસ્તી મજહબને લગતા જવાબોની એક રેવાયત લાવ્યા હતા. એ રેવાયતમાં ઇરાંનવાલાઓ લખેછે કે આએ અસપંદયાર બીન શોરાબથી તમારી તરફ ચાલતી ક્રિઆ માર્ગોનું બયાંન સાંભલી હમો ખુશી થયા છીએ.

એહદીન કાઊશ એહદીન માહીયાર—એવણને ભરૂચથી ઇ૦ સ૦ ૧૫૯૭ માં ત્યાંના દસ્તુર કામદીન પદમે પાદશાહ અકબરને જરથોસ્તી ધર્મને લગતી સમજણો આપવાને ઇરાંનથી આવેલા દસ્તુર અરદેશર નોશરવાંન કેરમાંનીપર કેટલાક સવાલો આપી દીલ્લી મોકલ્યા હતા, પણ તેવણ દીલ્લીથી નીકલી ગયલા હોવાથી એઓ ઇરાંન જઇ તેવણ પાસેથી તે સવાલોના જવાબો—જેમાં મુખ્ય બાબદ આતશબેહરાંમ બનાવવાની ક્રિઆને લગતી હતી, તે લાવ્યા હતા.

એહદીન બહમન એહદીન અસપંદયાર—એવણ સુરતથી ઇ૦ સ૦ ૧૬૨૬ મા ઇરાંન જઇ જરથોસ્તી મજહબને લગતા જવાબોની તુરકાબાદ, યઝદ. અને કેરમાંનથી એકકી રેવાયત લાવ્યા હતા.

એહદીન દોરાબ એહદીન નાહના—(શેઠ દોરાબજી નાનાભાઇ) અતરેનાં પટેલ ખાનદાનના વડવા. એવણ ઇ૦ સ૦ ૧૬૪૦ માં પેહલવેહલા પારસી તરીકે સુરતથી મુંબઇ આવ્યા હતા, અને પોરટુગીજ સરકારના એક કારભારી તરીકે રહયા હતા. તે બાદ ઇ૦ સ૦ ૧૬૬૨ માં જ્યારે મુંબઇનો ટાપુ ઇંગ્રેજોને હસ્તક થયો ત્યારે ઇંગ્રેજી સત્તાવાલાઓએ પણ એવણને તેજ ઓદ્ધા ઉપર કાયમ રાખ્યા હતા.

એહદીન બહમન એહદીન પુંજીઆ—સુરતવાલા મોદી નાનાભાઇ પુંજીઆના ભાઇ. એવણ પણ સુરતમાં એક દીનદાર જરથોસ્તી થઇ ગયાછે. એવણે ઇરાંનથી આવેલા દીનઆઇનને લગતા અતરેથી પુછાવેલા સવાલોના જવાબો સઘલા એકઠા કરી તેનો સંગ્રહ એક કેતાબમાં કીધો હતો, કે જે કેતાબ "બહમન પુંજીઆની રેવાયત" ને નામે ઓળખાએછે.

એહદીન કામા વોહરા—એવણ ખંબાતથી ઇ૦ સ૦ ૧૬૭૩ માં વ્યાપારને માટે ઇરાંન ગયા હતા, અને ત્યાંથી પાછા ફરતી વેળાએ યઝદથી દીનઆઇનને લગતી કેટલીક બીનાઓના જવાબોની એક રેવાયત લાવ્યા હતા.

એહદીન હીરજી એહદીન વાછા—(મોદી હીરજી વાછા) એવણે મુંબઇમાં ઇ૦ સ૦ ૧૬૭૦ માં ચોપાતીના ડુંગર ઉપર પેહલવેહલું દોખમું તથા શગડી બંધાવ્યાં હતાં, તેમજ એજ શાલમાં કોટ મધે મોદીખાંને એક દરેમેહર બંધાવી પરઠાવી હતી. (એ દરેમેહર ઇ૦ સ૦ ૧૮૦૩ ની મુંબઇની કોટની મોટી આગમાં સદાબરી બળી ગઇ હતી.)

બેહદીન માણેક બેહદીન એદલ—(શેઠ માણેકજી એદલજી અરમાંનીના દલાલ) એવણે ઇ૦ સ૦ ૧૭૨૧ માં સુરત મધે ઇરાંનથી આવેલા જામાસ્પ નામના ઇરાંની મોબેદના સમજાવ્યાથી પોતાની ખાતરી કરી ઇરાંનમાં ચાલતો કદમી રોજ માહ પઢવા માંડયો, અને ગુજરેલાંની ક્રિઆમાં છોકરીનું નામ બાપ સાથે દેવાડવા માંડયું. હિંદુસ્થાંનમાં પેહલવેહલો ઇરાંની તરીકા પ્રમાણે રોજ માહ પઢનાર એવણુ ગણાયછે.

બેહદીન રૂસ્તમ બેહદીન દોરાબ—(શેઠ રૂસ્તમ દોરાબ પટેલ) મુંબઇમાં પેહલવેહલા આવનાર પારસી દોરાબજી નાનાભાઇના દીકરા. એવણુ પોતાના બાપનાં મરણ બાદ તેમની જગોએ ઇંગ્રેજી સરકારના કારભારી થયા હતા. ઇ૦ સ૦ ૧૬૯૨ માં મુંબઇમાં એક સખ્ત મરકી ફેલાવાથી સઘળા ઇંગ્રેજો અને ગેરીસનનાં માણસો મરતતોલ હાલતમાં આવી પડયાં, તે તકનો લાભ લઇ જંજીરાનો સીદી યાકુતખાંને એક મોટી ફોજ લઇ મુંબઇ ઉપર ચઢી આવી ડુંગરીનો કીલ્લો પોતે લઇ લીધો. આથી એવણે કોલીઓ તથા માછીમારૂઓનું એક શીબંદી લશ્કર ઉભું કરી તેની સરદારી પોતે લઇ દુશમનોની સાંમે બાહદુરીથી લડી તેમને ટાપુની બાહેર હાંકી કાઢયા અને સુરતથી ઇંગલીશ ફેકટરીના વડાને તેડી રાજ્યની લગાંમ તેને સોંપી. આ દેશહીતકારી નોકરીને માટે એવણને મુંબઇના પટેલ નેમ્યા હતા. એવણનું મરણ રોજ ૨૭ માહ ૬ શેહનશાહી ૧૧૩૨ યજદજરદી (તા૦ ૧૨ મી આપરેલ ૧૭૬૩) ને દીને ૯૬ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન નાહના બેહદીન ભીમજી—(મોદી નાનાભાઇ ભીમજી) એવણ સુરતના પારસીઓના વડા અકાબર હતા, તથા ત્યાંના નવાબી અમલદારો તરફથી પારસીઓપર પડતો કેટલોક જુલમ પોતાના વગથી દુર કરાવ્યો હતો. સુરત મધે મોજે ઉમરવાડા અથવા કાંકરાખાડી આગલ ઇ૦ સ૦ ૧૭૩૪ માં અંજુમનના ઉધરાતથી એક દોખમું બંધાવવામાં એવણે મુખ્ય આગેવાની લીધી હતી. એવણનું મરણ રોજ ૨૯ માહ ૧ શેહનશાહી ૧૧૩૬ યજદજરદી (તા૦ ૧૪ મી નવેમબર ૧૭૬૬) ને દીને નીપજ્યું હતું.

બેહદીન શોરાબ બેહદીન નાહના—(શેઠ શોરાબજી કાવશજી નેકસાઅત ખાંન) એવણ પોતાના કોઇ ખેશી શેઠ નાનાભાઇના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૭૪૪ માં એવણ સુરતથી દીલ્લી ખાતે ત્યાંના શાહની દરબારમાં એક ઘડીઆલી તરીકે ગયા હતા, અને રૂમના શાહનશાહે ભેટ આપેલું એક મોટું ઘડીઆલ બંધ પડી જવાથી તે એવણે ફતેહમંદી ભરી રીતે સમારી ચાલતું કરી આપ્યું હતું. એ કામ તે શાહનશાહે તથા તેની દરબારે એક તાજુબી ભર્યું જાણીને એવણને "નેકસાઅતખાંન" (ભાયગશાલી ઘડીનો સાહેબ) નો એલકાબ આપ્યો, તથા થોડીક મુદત સુધી દીલ્લીમાંજ રેહવાને ફરમાવ્યું. ત્યાં રહી એવણે કેટલાક કારીગરોને ઘડીઆલીનો હુનર મુફત શિખવ્યો, જેથી શાહનશાહની મેહરબાંની એવણપર વધતી ગઇ. તેણે એવણના બે છોકરાઓને "બેહરેમંદખાંન" અને "તાલેયારખાંન" એવા એલકાબો આપ્યા, તથા પોતાની દરબારના ૩૦૦૦ પાયદલ

અને ૫૦૦ ઘોડાના સરદારનું માન આપ્યું. એવણે પછવાડેથી દીલ્લીમાં ઇસ્ટ ઇંડીઆ કંપનીની તરફથી સુરતને લગતી રાજખટપટમાં કેટલોક ભાગ લીધો હતા, તથા ઇંગ્રેજી કોઠીને માટે સુરતની કીલેદારી તથા દરીયાઇ સરદારીને માટેનાં ફરમાંનો લઇ ઇ૦ સ૦ ૧૭૬૦ ની શરૂઆતમાં દીલ્લીથી પાછા સુરત આવ્યા હતા. તે પછી તા૦ ૨ જી મેએ ૧૭૬૦ ને દીને સુરતના ઇસ્ટ ઇંડીઆ કંપનીના વડાએ એવણને રૂ૬૦૦) ની કીમતનો એક સરપાવ જાહેર દરબાર ભરી ભેટ આપ્યો હતો. એવણે સુરતનાં દોખમાંને માટે ૬૦ વીંઘા જમીન તેમજ સુરતનાં ચોરાશી પરગણાંનાં તથા ગોટીનાં આદરાંનોને માટે કેટલીક જમીનો ભેટ આપી હતી. એવણ રોજ ૨૭ માહ ૮ કદમી ૧૧૪૧ યજદજરદી (તા૦ ૯ મી આપરેલ ૧૭૭૨) ને દીને ૭૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન નવરોજ બેહદીન નોશરવાંન—(શેઠ લવજી નશરવાંનજી વાડીઆ) એવણે ઇ૦ સ૦ ૧૭૩૫ માં સુરતથી મુંબઇ આવી પોતાનાં ઉપરીપણાં હેઠલ અતરેની સરકારી ગોદી હાલની તેની જગોએ બાંધી હતી. તે પછી એવણને એ ગોદીના પેહલવેહલા "માસટર બીલડર" ઠેડવ્યા હતા. પોતાનાં ઉપરીપણાં હેઠલ એવણે ૨૦) મનવારો તથા ૧૪) વાહણો બાંધ્યાં હતાં, તથા બેસુમાર જુનાં વાહણોની મરામત કીધી હતી. આ હુનરમાં એમની પૂર્વીણતાને માટે એમને વારંવાર શાબાશી તથા ઇનામો મલ્યાં હતાં. એવણનું મરણ રોજ ૨૨ માહ ૯ શેહનશાહી ૧૧૪૩ યજદજરદી (તા૦ ૩ જી જુલાઇ ૧૭૭૪) ને દીને ૬૪ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન રૂસ્તમ બેહદીન કેરશાસ્પ—એવણે મુંબઇમાં પેહલવેહલી ઇ૦ સ૦ ૧૭૮૦ માં ઇંગ્રેજી "કાલેનડર" છાપી પ્રગટ કીધી હતી.

બેહદીન હીરજી બેહદીન જીવણ—(શેઠ હીરજી જીવણજી રેડીમની) એવણ ઇ૦ સ૦ ૧૭૫૬ માં પેહલવેહલા પારસી તરીકે ચીન ગયા હતા, અને ત્યાંના વ્યાપારનું મેદાંન પારસીઓને માટે ઉંઘાડવાનું પેહલું માન એવણને ઘટેછે. આ એકજ સફરમાં કેહછે કે એવણે મોટી દોલત મેલવી હતી. એવણનું મરણ રોજ ૧૮ માહ ૫ શેહનશાહી ૧૧૬૩ યજદજરદી (તા૦ ૨૪ મી ફેબરવારી ૧૭૯૪) ને દીને ૮૧ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન નોશરવાંન બેહદીન કોહા—(શેઠ નશરવાંનજી કોહાજી) એવણ સુરતના એક જાણીતા વ્યાપારી તથા શેઠીયા હતા. આરબી તથા ફારસી ભાષામાં એવો માહેર તેમજ જરથોસ્તી ધર્મ ઉપર ઘણા ચુસ્ત હતા, અને બેવાર પોતાનાં વ્યાપારસર ઇરાંનની સફર પણ કરી આવ્યા હતા. સુરત ખાતેનું પ્રખ્યાત ગોટીનું આદરાંન એવણે બંધાવેલું કેહવાયછે. સુરતમાં આવતા ઇરાંની જરથોસ્તીઓની મદારત તથા તેમને ઉતારો એવણને ત્યાં મલતો હતો. જમશેદી નોરોજનો મહીમા દર વર્ષ સુરતમાં એઓને ત્યાં ધામધુમથી થતો હતો. (તેની આગમજ આપણા લોકો બીન માહીતગારીને લીધે એને કોઇ મુસલમાંની તેહવાર સમજતા હતા.) એવણ કબીરી પંથની સારી માહીતગારી ધરાવતા હતા. એવણનું મરણ રોજ ૨૯

માહ ૧૦ કદમી ૧૧૬૬ યજદજરદી (તા૦ ૪ થી જુલાઇ ૧૭૯૭) ને દીને ૮૦ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એહદીન શેરાબ એહદીન મીનોચેહર—(શેઠ શેરાબજી મનચેરજી રેડીમની) એવણ પોતાના વખતમાં એક મોટા વ્યાપારી, વાહણવતી તથા જાગીરદાર હતા. ઈ૦ સ૦ ૧૭૯૦ ના ગુજરાતના સડતાલાના ભયંકાર દુકાલ વખતે જે હજારો માણસો ભુખમરાના માર્યા અતરે નાશી આવતા હતા તેઓમાંથી દરરોજ લગભગ બે બે હજાર માણસોને એવણે દશ મહિના લગણ પોતાને ખરચે દાહડામાં બે વાર ખોરાક પુરો પાડયો હતો. એ સિવાય એવણે બીજી ઘણીક સખાવતો, તથા દરેક સારાં કામોમાં તે વેળાએ આગેવાની લીધી હતી. એવણનું મરણ ગાથા ૫ મો શેહનશાહી ૧૧૭૪ યજદજરદી (તા૦ ૭ મી અકટોબર ૧૮૦૫) ને દીને ૫૦ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એહદીન ખુરશેદ એહદીન જમશેદ—(મોદી ખુરશેદજી જમશેદજી પુણાંવાલા) એવણ ઈ૦ સ૦ ૧૮૦૯ માં પુણાંના રેસીડંટના નેટીવ એજંટ તથા બાજીરાવ પેશવા તરફથી કરનાટીકના સર સુબેદાર હતા. પેશવાઇ રાજ્યકારોબારનાં કામમાં એવણ ઘણા માહીતગાર હતા. બાજીરાવ પેશવાનું એવણ માટે ઘણું ઉચ્ચું મત હતું, અને તે દરેક રાજદ્વારી કામો એઓની મસલત લઇનેજ કરતો હતો. એવણે પોતાના ચાલતા વખતમાં પુણાં તથા દખણ ભણી ઘણાક પારસીઓનો પગપેસારો કીધો હતો. પાછલથી મરાઠાઓની ખટપટને લીધે એવણે પુણું છોડવાનો ઠેરાવ કીધો, અને એમની લાંબી નોકરી ધ્યાંનમાં લઇ પેશવાઇ સરકારે એઓનાં વતન ખંબાત ભણી આવેલું "શલેજ" નું ગામ એમને વંશપરંપરા ઇનામ તરીકે બખશયું. એ પછી જે દીને એવણ પુણું છોડી મુંબઇ આવવાને નીકલવાના હતા તેની એક દિવસ આગમજ કોઇએ એમનાં ખાંણાંમાં જેહર ભેલવાથી તુરત એક કલાકમાં એવણનું મરણ નીપજ્યું હતું. એમનાં અચબુચ મરણને માટે ઘણીબી તપાસ ઈંગ્રેજી સત્તાવાલાઓએ કીધી, પણ એ કામ કોણુની ઉશ્કેરણીથી બન્યું તેનો કસ્સો પરો હાથ લાગો નહિ. એવણનું મરણ રોજ ૨૫ માહ ૫ શેહનશાહી ૧૧૮૪ યજદજરદી (તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૧૫) ને દીને ૬૦ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એહદીન નવરોજ એહદીન કાઉશ—(શેઠ નવરોજજી કાવશજી નાળીએર-વાલા) એવણ ગઇ સદીમાં મલબાર કોસ્તા ભણીનો મોટો વ્યાપાર ચલાવતા હતા, અને તે તરફ ઘણાક પારસીઓને રોજગારે લગાડયા હતા. ત્યાંનાં આલપાઇનાં બંદરમાં એવણે એક દોખમું તથા દરેમેહર બંધાવ્યાં હતાં, તથા મુંબઇમાં પણ મોથના રસ્તાપર એક દરેમેહર ઈ૦ સ૦ ૧૮૨૨ માં પરઠાવી હતી. એવણનું મરણ રોજ ૩ માહ ૧૦ શેહનશાહી ૧૧૯૪ યજદજરદી (તા૦ ૨ જી જુલાઇ ૧૮૨૫) ને દીને ૭૫ વર્ષની ઉમરે મુંબઇ મધે નીપજ્યું હતું.

એહદીન લીમજી એહદીન કાઉશ—(શેઠ લીમજી કાવશજી બનાજી) એવણ આગલા વખતમાં અતરેના એક જાણીતા વ્યાપારી તથા ઈંગ્રેજી પેહડીઓના દલાલ હતા, અને અતરેનાં વ્યાપારી મંડલમાં મોટું માન ધરાવતા હતા. પોતાના

લાગવગથી ઘણાક પારસીઓને એવણે ઈંગ્રેજ બજારમાં દુકાંનો કઢાવી આપી હતી. એવણનું મરણ રોજ ૯ માહ ૧૦ કદમી ૧૧૯૭ યજદજરદી (તા૦ ૭ મી જુન ૧૮૨૮) ને દીને ૪૫ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન દીન બેહદીન પુંજીઆ—(બાઇ દીનબાઇ તે મરહુમ પુંજીઆજી મનાજી કરંજવાલાનાં વીધવા) એ બાઇએ પોતાના ખાવંદની નઇયતે તેવણના પૈસાથી ઇ૦ સ૦ ૧૮૨૮ માં કરંજ ગામમાં એક દોખમું, શગડી, નશાખાંનું તથા કુવો બંધાવી ત્યાંના જરથોસ્તીઓના વપડાસને માટે ખોલ્લાં મુકયાં હતાં.

બેહદીન બચુ બેહદીન પેશોતન—(બાઇ બચુબાઇ તે મરહુમ શેઠ અરદેશર દાદીભાઇનાં વીધવા તથા મરહુમ શેઠ પેશતનજી બેહરાંમજી હોમજીનાં બેટી) એ બાઇ ઘણાં ધર્મી અને મુંબઇ મધે પારસીઓની વસ્તી વચ્ચે એક પુરાતમ માણસ હતાં. ચોપાતીમાં પારસીઓનાં દોખમાંઓની પડોસમાં આવેલા એવણના ડુંગરની જમીનમાંથી મરહુમ શેઠ ફરાંમજી કાવશજી બનાજીવાલું દોખમું તથા મરહુમ શેઠ દાદાભાઇ કાવશજી શાએરવાલી શગડી બાંધવા માટે એવણે મુફત જગો આપી હતી. એવણ રોજ ૧ માહ ૭ કદમી ૧૨૧૦ યજદજરદી (તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૪૧) ને દીને ૮૦ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યાં હતાં.

બેહદીન આવાં બેહદીન જમશેદ—(ડાવેજર લેડી આવાંબાઇ જમશેદજી જીજીભાઇ) એવણ પોતાના સખીવજુદ ખાવંદની સાથે બાળપણથીજ જોડાઇ સઘળાં રૂડાં કામોમાં પોતાની સલાહ આપતાં હતાં. એવણનું દીલ પણ સખાવત કરવામાં પોતાના નેક ખાવંદના જેવુંજ હતું. એવણે માહીમ અને વાંદરા વચ્ચેની ખારીપરનો પુલ, મરહુમ સર જમશેદજીનાં નામની જંદ પેહલવી મદરેસા, ઉદવાડામાં ધર્મશાલા, કેટલાક રસ્તાઓ, કુવા તલાવો, વગેરે પોતાને ખરચે બંધાવ્યાં હતાં, તથા ઘણાંક ધર્મનાં કામોમાં નાણાંની મદદ આપી હતી, જેની એકંદર રકમ રૂ૪૫૦૦૦૦) ની થવા જાયછે. એવણનું મરણ રોજ ૫ માહ ૫ શેહનશાહી ૧૨૩૯ યજદજરદી (તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૭૦) ને દીને ૭૮ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન ખુરશેદ બેહદીન ફરેદુન—(શેઠ ખરશેદજી ફરદુનજી પારખ) એવણ આગલા વખતમાં એક મોટા વ્યાપારી, તથા વાહણવતી હતા, અને એકવાર મોટી દોલતના ધણી થયા હતા, તથા તે દોલતનો સારો ભાગ પુન તથા સખાવતનાં કામોમાં રોકયો હતો. ચોપાતીની મુંબઇનાં આંધલાપાંગલા જરથોસ્તીઓને રાખવાની ધર્મશાલા એવણે ૧૮૪૫ માં પોતાના ભાઇની સાથે બંધાવી હતી, તથા ૧૮૬૪ માં તેમાં પોતાને ખરચે ઉપર માલ બંધાવી આપ્યો હતો. ૧૮૬૨ માં વલસાડનાં દોખમાંની સાંમે એક શગડી તથા તેના કંપાઉંડને ફરતી દેવાલ બંધાવી આપી હતી. ૧૮૬૩ માં સુરત મધે પોતાના બાપનાં નામથી "ફરદુનજી શોરાબજી પારખ સ્કુલ ઑફ આરટ એંડ ઇંડસ્ત્રી" નામની હુનર તથા ઉદ્યોગશાળા રૂ૫૦૦૦૦) ને ખરચે તેમજ ૧૮૬૫ માં "પારખ ચારીટેબલ ડીસ્પેનસરી" નામનું ધર્મનું દવાખાનું ચાલુ કીધું હતું. ૧૮૬૬ માં સુરતનાં રેલવે સ્ટેશનની સાંમે

રૂ૨૫૦૦૦) ને ખરચે એક મોટી ધર્મશાલા તેમજ દઇસર અને સાયનનાં સ્ટેશનોની સાંમે પણ ધર્મશાલાઓ બંધાવી હતી. સુરત તથા ગુજરાતનાં બીજાં ગામોમાં એવણે ૧૮૬૩—૬૪ માં લોકોને પુષ્કળ અનાજ તથા વસ્ત્રો વેંહચ્યાં હતાં. મરહુમ સર જમશેદજીનાં નામથી અતરેની જંદ પેહલવી મદરેસામાં એવણે એકી રકમે રૂ૫૫૦૦૦) આપ્યા હતા, તથા એ ઉપરાંત ઘણાંક ધર્મખાતાંઓમાં, તથા રેલ, દુકાલ વગેરેનાં ફંડોમાં એવણે હજારો રૂપીઆ ભેટ આપ્યા હતા, જેનો જુમલો રૂ૧૦૧૬૮૭૫) નો, તથા ખાંનદાંની અને લાચાર કુટુંબોને નબળા વખતમાં ગુપ્ત મદદ તરીકે ચારથી પાંચ લાખ રૂપીઆ આપ્યા હતા. મુંબઇની પારસી પંચાતનાં ફંડના એવણ ૧૮૫૯ થી એક તરસ્ટી હતા. નામદાર સરકારે એવણને ૧૮૭૭ નાં શાલમાં મુંબઇના શેરીફ નેમી માન આપ્યું હતું. એવણ રોજ ૨૮ માહ ૧૧ શેહનશાહી ૧૨૬૫ યઝદજરદી (તા૦ ૮ મી આગશટ ૧૮૯૬) ને દીને ૮૫ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન મોટી બેહદીન માણેક—(બાઇ મોટલાંબાઇ તે મરહુમ શેઠ માણેકજી નવરોજજી વાડીઆનાં વીધવા તથા મરહુમ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં બેટી) એવણ મુંબઇના પારસીઓમાં એક ધર્મોતુ બાઇ હતાં. નવસારીની વડી દરેમેહરની ઇમારત એવણે ૧૮૫૧ માં રૂ૨૦૦૦૦) ખરચી ફરી બંધાવી હતી, તથા મુંબઇના કોટમાં પીઠાંવાલા મોહલામાં એક દરેમેહર પોતાના બાવા મરહુમ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆની નઇયતે ૧૮૬૩ માં બંધાવી હતી. ૧૮૭૧ માં પોતાના વડીલ મરહુમ લવજી વાડીઆનાં નામની તીર મહીનાના ઘાહંબારની જાથુક નેઆત મુંબઇમાં કરવાને રૂ૨૫૦૦૦) એલાહેદા કાઢ્યા હતા. મુંબઇ મધે સુવાવડની એક મોટી હાસ્પીટલ બાંધવાને એવણે પોતાની મજગાંમ તરફ આવેલી પારસનેજ નામની જમીન તથા રૂ૧૫૦૦૦૦) ની રકમ સરકારમાં આપ્યાથી સરકારે ત્યાં એક મોટી હાસ્પીટલ "બાઇ મોટલાંબાઇ હાસ્પીટલ" નાં નામથી બંધાવી ૧૮૯૨ માં ખોલ્લી મુકી હતી. ઉદવાડાનાં પુરાતમ આતશ-બેહરાંમનું મકાન એવણે નવેસરથી મોટા ખરચે બંધાવી તે તા૦ ૩૧ મી અકટોબર ૧૮૯૪ ને દીને પરઠાવ્યું હતું, તથા ઉદવાડાનાં રેલવે સ્ટેશનથી તે આતશબેહરાંમ સુધી જવાનો પાક્કો રસ્તો ૧૮૯૬ માં સરકાર મારફતે મોટા ખરચે બંધાવી આપ્યો હતો. એ સિવાય એ બાઇએ ઘણાંક ધર્મનાં કામોમાં નાણું આપ્યાં હતાં. એવણનું મરણ રોજ ૧૨ માહ ૯ શેહનશાહી ૧૨૬૬ યઝદજરદી (તા૦ ૨૪ મી મેએ ૧૮૯૭) ને દીને ૮૬ વર્ષની ઉમરે નીપજયું હતું.

સાંકળીઉં.

ધુપનીરંગ અને આફરીનગાંનમાં યાદ કરવામાં આવતાં નામીચાં નર નારીઓનાં નામો તથા તેમનાં ભલાં કામોની નોંધ.

હિંદુસ્થાનનાં સર્વે પંથકોમાં દેવાતાં સાધારણ નામો.

જરથુશ્ત્ર સ્પિતમાંન અશો પુરોહર—પારસીઓનો પેગાંમબર હજરત જરથોસ્ત. એ નામદારે માજદયશની જરથોસ્તી દીનનો પાયો નાખ્યો હતો. એ સ્પિતમનાં ખાંનદાંનનો હોવાથી એને સ્પિતમ જરથુસ્ત્ર અથવા જરથુસ્ત્રે સ્પિતમાંન કરીને પણ કેહછે. એના બાપનું નામ પોઉરૂશસ્પ તથા માનું નામ દોગદો કરી હતું. એ નામદારની જન્મભુમિ ઇરાન દેશમાં "જબાર" નામના પાહડમાંથી "દરજી" નામની વેહેતી નદીને કીનારે "રએ" નામનાં શેહરમાં હતી. કેહછે કે એ નામદારનાં માએ રએ શેહરનાં તથા બાપ પશ્ચિમ મીડીઆ પ્રાંતનાં આજર બાઇજાંન પ્રગણાંના રેહવાસી હતા. એ નામદારે ઇરાનના કેઆની વંશના પાદશાહ ગોસ્તાસ્પના વખતમાં બલ્ખ શેહરમાં પોતાની દીન ફેલાવી હતી. એવણના જન્મ પછી કેટલાક બદરાહ પર ચાલનારા લોકોએ એવણના નાશ કરવાને ઘણી કોશેશો કીધી હતી, પણ તે સઘળી ફોકટ ગઇ. શાહ ગોસ્તાસ્પે એવણ સાથે તકરાર કરવાને દેશેદેશથી દાનાવ તથા કાબેલ શખસોને બોલાવ્યા હતા. તેઓ સાથે તકરાર કરી એવણે પોતાની બરહક દીન વિષે તેઓની ખાતરી કરી આપી હતી. એ નામદારની મતલબ બદીનો તથા બુરા લોકોના નાશ કરવાની, તથા લોકોને નેક માર્ગ ઉપર ચલાવવાની હતી. એવણને જે જે ગ્નાન ખોદાતાલા તરફથી મલ્યું હતું તે લોકોમાં ફેલાવ્યું. એવણની સાંમે દુશમનો ઘણા ઉભા થયા હતા, પણ તે સઘળાઓ પોતાની મતલબમાં ફાવ્યા નહિં. જરથોસ્તની નવી દીન ઉપર અમલ કીધાથી દુન્યાંમાંથી હર તરેહની બદી ગુમ થાઇ ગઇ હતી. જરથોસ્ત સાહેબનો સને આજ સુધી ચોકસ થાયો નથી. પૂર્વ તરફના તવારીખ લખનારાઓ તેને આજથી ૨૫૦૦ વર્ષ આગમજ અને પશ્ચિમ તરફના કેટલાએક લખનારાઓ તેને આજથી ૩૩૦૦ વર્ષથી આગમજ ગણેછે. એ નામદારનું મરણ ૭૮ વર્ષની ઉમરે દેહ મહીનો અને ખોરશેદ રોજે નિપજયું હતું. બલ્ખનાં આતશકદેહમાં કેટલાક તુરાંનીઓએ લડાઇ કરી દાખલ થાઇ ઘણાક મોબેદોને કતલ કીધા, અને તુર બરાતુર નામના એક તુરાની સરદારે ત્યાં એ નામદારને મારી નાખ્યા હતા.

ઈસતવાસ્તર જરથુશ્ત્ર—પેગામબર જરથોસ્તના ત્રણ દીકરાઓમાંનો એક દીકરો. એ અથોરનાંનોનો સરદાર ઇયાને મોબેદાંન મોબેદ થયા હતો, અને જરથોસ્તી દીન ફેલાયા પછી ૧૦૦ વર્ષે ગુજરી ગયો હતો.

હવોવી જરથુશ્ત્ર—પેગામબર જરથોસ્તની મોહરદાર. અવસ્તામાં એણીને "હોવિ" કરી લખેલી છે. એણીએ સારા વિચાર, વચન અને કામની થવાની

મોરાદ ચાહી હતી. એ "હોવ" નાં ખાંનદાંનની હતી, કે જે ખાંનદાંનના જરથોસ્તના શાગેરદો ફ્રશઓસ્તર તથા જામાસ્પ પણ હતા.

ઊર્વતતનર જરથુશ્ત્ર—પેગામબર જરથોસ્તના ત્રણ દીકરાઓમાંનો એક દીકરો. એ વાસ્ત્રયોશોનો સરદાર ઇયાને ખેડુતોનો વડો થયો હતો.

ખોરશેદચેહર જરથુશ્ત્ર—પેગામબર જરથોસ્તના ત્રણ દીકરાઓમાંનો એક દીકરો. એ પેહલવાંન હોવાથી શાહ વિસ્તાસ્પ (ગોસ્તાસ્પ) ના દીકરા પેશોતનનો સપેહબુદ હતો, અને કંગદેઝમાં રેહતો હતો.

દોગદો પોઊરૂશસ્પ—પેગામબર જરથોસ્તનાં માએ. એવણ "ઝાવીશ" નામનાં ઇરાની ખાનદાનનાં હતાં. એવણના બાપનું નામ "ફ્રહેમરવા" કરી હતું.

પોઊરૂશસ્પ પેતેરસ્પ—પેગામબર જરથોસ્તનાં બાવા. એવણ પોતાનાં ગામમાં ઘણા ઘોડાના માલેક હતા. એવણનું ખાંનદાંન "હએચદસ્પ" નું અથવા "સ્પિતમાંન" નું પણ કેહવાતું હતું. કારણ એ નામના એવણના વડવા હતા.

મેદીઓમાહ આરાસ્તિ—પેગામબર જરથોસ્તનો પેહલવેહલો શાગેરદ તથા કાકાનો દીકરો. એને જરથોસ્તી દીન ઇરાનવેજમાં પેહલવેહલી કબુલ કીધી. એના એક "કાદ" નામના છોકરાથી મોબેદોની એક પેહડી ઉતરી આવીછે, જેથી એ મોબેદાંન મોબેદનાં એક કુટુંબનો વડવો ગણાયછે.

આરાસ્તિ પેતેરસ્પ—પેગામબર જરથોસ્તના કાકા, તથા ઉપલા મેદીઓ માહના બાપ.

પેતેરસ્પ ઊર્વદસ્પ—પેગામબર જરથોસ્તના બપાવા.

ઊર્વદસ્પ હએચદસ્પ—પેગામબર જરથોસ્તના બાપના બપાવા.

હએચદસ્પ ચેખ્શનુશ—પેગામબર જરથોસ્તના બપાવાના બપાવો. એવણનાં નામ ઉપરથી એવણનાં ખાંનદાંનના નબીરાઓ જણાયલા હતા. એ ખાંનદાંનવાલાઓ જરથોસ્તી દીન સાંભલવામાં સર્વેથી પેહલા હતા, અને તેઓને તેટલા માટે જરથોસ્ત સાહેબ ખરૂંખોટું સમજનારા ગણેછે.

ચેખ્શનુશ પેતેરસ્પ—પેગામબર જરથોસ્તનો પાંચમો વડવો.

પેતેરસ્પ હરદરશ્ન—પેગામબર જરથોસ્તનો છઠો વડવો.

હરદરશ્ન હરદાર—પેગામબર જરથોસ્તનો સાતમો વડવો.

હરદાર સ્પિતમાંન—પેગામબર જરથોસ્તનો આઠમો વડવો.

સ્પિતમાંન વીદસ્ત—પેગામબર જરથોસ્તનો નવમો વડવો. એને અવસ્તામાં "સ્પિતમ" કરી લખેલો છે. એનાં નામ ઉપરથી જરથોસ્ત સાહેબને સ્પિતમ જરથુસ્ત્ર કરી કેહછે. એનાં ખાંનદાંનવાલાઓ પણ જરથોસ્તી દીન સાંભલવામાં સર્વેથી પેહલા હતા, અને તેઓને તેટલામાટે જરથોસ્ત સાહેબ ખરૂંખોટું સમજનારા ગણેછે.

વીદસ્ત અઝીમ—પેગામબર જરથોસ્તનો દશમો વડવો.

અઝીમ રજશ્ને—પેગામબર જરથોસ્તનો અગીઆરમો વડવો.

રજશ્ને દુરાશરૂન—પેગામબર જરથોસ્તનો બારમો વડવો.

કુરાશરૂન મીનોચેહર—પેગામબર જરથોસ્તનો તેરમો વડવો, તથા ઈરાનનાં પેશદાદ વંશના પાદશાહ મીનોચેહરનો બેટો. એનાથી એક પેગામબર જરથોસ્તની અને બીજી એક મોબેદાંન મોબેદની પેહડી ઉતરી હતી.

નોદર મીનોચેહર—ઈરાનનાં પેશદાદ વંશનો ૭ મો પાદશાહ. અવસ્તામાં એનું ખાંનદાંન "નઓતઈર્ય" ને નામે મશહુર રીતે જણાયલુંછે. પાદશાહ ગોસ્તાસ્પની બાયડી કેતાયુન (હુતોશી) પણ એ ખાંનદાંનની હતી. એના વખતમાં ઈરાનનાં રાજ્યપર અફ્રાસીઆબે ત્રણવાર ચઢાઈ કરી એને હરાવ્યો હતો.

તુસ નોદર—ઉપલા પાદશાહ નોદરનો બેટો. એ એક નામીચો પેહલવાંન હતો, તથા એને કેટલીક લડાઈઓ મારી હતી. અવસ્તામાં એને "તુસ" કરી-નેજ લખેલોછે.

ગહસ્તમ નોદર—ઉપલા તુસનો ભાઈ. એ પણ એક નામીચો પેહલવાંન હતો. અવસ્તામાં એને "વિસ્તઉરૂ" કરી લખેલોછે.

મીનોચેહર એરચ—પેગામબર જરથોસ્તનો ચઉદમો વડવો, તથા ઈરાનનાં પેશદાદ વંશનો ૬ ઠો પાદશાહ. એ પાદશાહ ફ્રેદુનના બેટા એરચની એક દીકરી કે જે પોતાના કાકાના દીકરા પશંગ સાથે પરણેલી હતી તેનો બેટો હતો. એનો જન્મ "માનુશ" નામના પાહડ ઉપર થયો હતો, જેથી એને અવસ્તામાં "માનુશ ચિથ્ર" કરી લખેલોછે. પોતાના બાવા એરચનાં વેરમાં એને તેના વડા ભાઈઓ સેલમ તથા તુર સાથે લડી તેઓને મારી નાખ્યા હતા. એને ઈરાનનું રાજ્ય ઈનસાફ તથા દાનાઈથી ચલાવ્યું હતું, તથા ફ્રાત (યુફ્રેટીસ) નદીનાં પાણીને નેહ-રોની મારફતે માણસ અને ખેતીના ઉપયોગમાં લાવ્યો હતો.

એરચ ફ્રેદુન—ઈરાનનાં પેશદાદ વંશના પાંચમાં પાદશાહ ફ્રેદુનનો નાહનો દીકરો. અવસ્તામાં એને "અઈર્યવ" કરી લખેલોછે, એના સેલમ અને તુર નામના બે વડા ભાઈઓ હતા. ફ્રેદુને એ ત્રણે ભાઈઓને પોતાની હૈયાતીમાંજ પોતાનાં રાજ્યના ત્રણ ભાગ કરી વેંહચી આપ્યા હતા. તેમાં સેલમને માહચીન તથા પૂર્વ તરફના બીજા મુલકો, તુરને તુરાંનનો મુલક, અને એરચને પોતાનું ઈરાનનું રાજ્ય આપ્યું હતું. આથી પેલા બંને ભાઈઓને અદેખાઈ લાગી, અને તેઓએ એને મારી નાખ્યો. ઈરાન અને તુરાન વચ્ચેની લાંબી લડાઈઓની શરૂઆત એ એરચનાં ખુનના વખતથી થાઈ હતી.

ફ્રેદુન આથવ્યન—ઈરાનના પેશદાદ વંશનો પાંચમો પાદશાહ. અવસ્તામાં એને "થ્રએતઓન" કરી લખેલોછે. એ આથવ્યન નામના એક ભલા પહરેજગાર શખ્સનો દીકરો હતો, કે જેને ત્યાં ઘણાં ગાય ઢોરો હતાં. એને ઈરાનનાં રાજ્ય પર બેઠેલો જુહાક (અજીદહાક) નામનો એક બુરો પાદશાહ જે ઈરાનના હકદાર પાદશાહના હાથમાંથી રાજ્ય લઈ ગાદી ઉપર બેઠો હતો તેને ઈરાનમાંથી હાંકી કાઢી દેમાવંદના પાહડ ઉપર બાંધ્યો, અને પોતે ઈરાનનાં રાજ્ય ઉપર બેઠો, તથા જુહાકના વખતની સઘળી બદીઓ ઈરાનમાંથી દુર કરી લોકોને અદલ ઈનસાફ આપવા લાગયો હતો. એને દવાદારૂ માટે ઘણાક ઝાડપાલાઓ શોધી કાઢ્યા હતા.

દારાંએ દારાબ—ઇરાનનાં કેઆંની વંશના આઠમા પાદશાહ દારાબનો બેટો. એ કેઆની વંશનો છેલ્લો પાદશાહ હતો.

દારાબ બેહમન—ઇરાનનાં કેઆની વંશનો આઠમો પાદશાહ. એને માટે કેહછે કે એની માએ હોમાએ એને એક સંદુકમાં બંધ કરી વેહદાતી નદીમાં નાખ્યો હતો, જ્યાંથી એક ધોબીએ ઉંચકી એને પાલ્યો, અને એ ઉમરે પોંહચતાં હોમાએ એને ઇરાનનું રાજ્ય સોંપ્યું હતું. એની કારકીરદીનું દારાબનામું નામે એક પુસ્તક લખાયલું છે.

હોમાએ બેહમન—ઇરાનનાં કેઆંની વંશના છઠા પાદશાહ બેહમનની રાણી. એ મીસરના રાજાની બેટી હતી. શાહનામાં પ્રમાણે એણીએ ઇરાનમાં બેહમનનાં પછી ૩૨) વર્ષ રાજ્ય ચલાવ્યું હતું.

બેહમન અસપંદયાર—ઇરાનનાં કેઆંની વંશનો છઠો પાદશાહ, અને શાહ ગોસ્તાસ્પના બેટા અસપંદયારનો દીકરો. અસપંદયાર પોતાના બાપની હૈયાતીમાં મરણ પામવાથી શાહ ગોસ્તાસ્પે ઇરાનનું રાજ્ય એને આપ્યું હતું. એને જાલેજરનાં પેહલવાંની ખાંનદાંનનો નાશ કરી તેના કેટલાક નબીરાઓને દાગાથી મારી નાખ્યા હતા. એની કારકીરદીનું પણ બેહમન નામું નામે એક પુસ્તક લખાયલું છે.

મેહરનોશ અસપંદયાર—શાહ ગોસ્તાસ્પના બેટા અસપંદયારનો દીકરો. ગુનદેહશમાં એનું નામ "મીઓતરશ" કરી લખેલુંછે. એને માજદયશની દીન કબુલ કરી તેના ફેલાવામાં પેગામબર જરથોસ્તને મદદ કીધી હતી.

નોશાઝર અસપંદયાર—શાહ ગોસ્તાસ્પના બેટા અસપંદયારનો દીકરો. એને પણ જરથોસ્તી દીન માન્ય કરી તેના ફેલાવામાં પેગામબર જરથોસ્તને ઘણી મદદ કરી હતી, તથા "નોશાઝર" નામનું આતશકદેહ સ્થાપ્યું હતું.

આદરફ્રરોઝ અસપંદયાર—શાહ ગોસ્તાસ્પના બેટા અસપંદયારનો દીકરો. એને પણ "આદરફરોઝ" નામનું આતશકદેહ સ્થાપ્યું હતું, તથા જરથોસ્તી દીન ફેલાવવામાં ઘણી મદદ કીધી હતી.

અસપંદયાર ગોશતાસ્પ શાહ—કેઆની વંશના શાહ ગોસ્તાસ્પનો બેટો. અવસ્તામાં એને "સ્પેન્તો-દાત" કરી લખેલો છે. એને પોતાના દેશને માટે અને પોતાના વખતમાં સ્થાપેલી જરથોસ્તી દીન માટે ઘણી જેહમતો ખેંચી લડાઇઓ કીધી હતી, તથા એ દીનની સાંમે થવા તુરાનના પાદશાહ દીનદુશમન અરજાસ્પને મારી નાખ્યો હતો. માજદયશની દીન ફેલાવવામાં પેગામબર સાહેબ જરથોસ્તને એની ઘણી મદદ હતી. ઇરાનમાં એને ઘણાં આતશકદેહો સ્થાપ્યા હતા, તથા જુદા જુદા મુલકોમાં જઇ ત્યાં લોકોને નવી દીન સમજાવી અને કબુલ કરાવી હતી.

ફરશીવર્દ ગોશતાસ્પશાહ—શાહ ગોસ્તાસ્પનો બેટો અને અસપંદયારનો માનીતો ભાઇ. અવસ્તામાં એને "ફ્રશહાંમવરેત" કરી લખેલોછે. એ બોરા-

સાનનો હાકમ હતો. જરથોસ્તી દીન ફેલાવવા માટે તુરાનના પાદશાહ દીન દુશમન અરજાસ્પ સાથની એક ખુનખાર લડાઇમાં **એ જખમી થઇ** માર્યો ગયો હતો. **શાહનામામાં એ** લડાઇમાં પાદશાહ ગોસ્તાસ્પના ૩૮ છોકરાઓ માર્યા ગયા **હતા એમ લખેછે,** તેમજ યાદગારે ઝરીરાન નામની કેતાબમાં ગોસ્તાસ્પના ભાઇઓ તથા છોકરાઓ મલી ૨૩) શાહજાદાઓ એ લડાઇમાં માર્યા ગયા હતા એમ જણાવેછે તેઓમાંનો એક એ હતો.

કેતાયુન ગોશતાસ્પશાહ—શાહ ગોસ્તાસ્પની રાણી. અવસ્તામાં એણીનું નામ "હુતઓસ" કરી લખેલુંછે. એ પોતાના ખાવીંદ ઉપર ઘણો વગ ધરાવતી હતી, તેથી પેગામબર સાહેબ જરથોસ્તે પોતાની દીન પેહલી એણીને શીખવી હતી. એ નવી દીનપર એણી મજબુત યકીન લાવી હતી, અને પોતાના ખાવંદ તથા બેટાઓને એ દીન ફેલાવવામાં એણીએ ઘણી ઉશકેરણી કીધી હતી.

ગોશ્તાસ્પશાહ લોહરાસ્પશાહ—ઇરાનનાં કેઆની વંશનો પાંચમો પાદશાહ. અવસ્તામાં એને "વીસ્તાસ્પ" તથા "નઓતઇર્ય" એટલે નોદરનાં ખાંનદાંનનો લખેલોછે. એનાં રાજ્યનાં ત્રિસમાં વર્ષમાં પેગામબર જરથોસ્તે એની કુમક તથા મદદથી પોતાની દીન ફેલાવી હતી. જરથોસ્તી દીન ફેલાવવામાં એ નામવર શાહે ઘણી કાલજી તથા ચોંપ રાખી હતી. ઘણીએક લડાઇઓ કીધી હતી, જેમાં એના ઘણાક ભાઇઓ તથા શાહજાદાઓ માર્યા ગયા હતા. એ પ્રમાણેની એ નામદારે દીનની સેવા તથા મદદ કરેલી અને જરથોસ્તના એક મિત્ર તરીકે ખાસ પ્રશનતા મેલવેલી તેટલા માટે એક માજ્દયશનાન પોતાની દીનનો એકરાર કરતાં વીસ્તાસ્પના તરીકાવાળો થવાની કબુલાત આપેછે.

નસ્તુર ઝરીર—શાહ ગોસ્તાસ્પના ભાઇ ઝરીરનો બેટો. અવસ્તામાં એને "બસ્તવઇરિ" કરી લખેલોછે. એનો બાપ દીનદુશમન અરજાસ્પની લડાઇમાં તેના એક પેહલવાંન "બીદરફ્શ" ને હાથે માર્યો ગયો તેનો કીનો લઇ તે પેહલવાંનને એને અસપંદયારની મદદથી મારી નાખ્યો હતો. જરથોસ્તી દીનનો ફેલાવો કરવામાં એ પણ પોતાના બાપની સાથે એક આગેવાંન હતો.

ઝરીર લોહરાસ્પશાહ—શાહ ગોસ્તાસ્પનો ભાઇ. અવસ્તામાં એને "ઝઇરિવઇરિ" કરી લખેલોછે તથા એને "અસ્પાયઓધ" નો એલકાબ આપેલોછે કે જેનો અર્થ ઘોડાની પીઠ ઉપર બેસી લડનાર કરી થાએછે. એ ઘણા અજબ જાતના ઘોડાઓનો માલેક હતો. એના ઘોડાનો અવાજ સીંહના અવાજ જેવો હતો. જરથોસ્તી દીનનો ફેલાવો કરવામાં એ પણ એક આગેવાંન હતો, અને દીનદુશમન અરજાસ્પ સાથની લડાઇમાં તેના એક પેહલવાંન બીદરફ્શને હાથે માર્યો ગયો હતો. એની કારકીરદીનું "યાદગારાંને ઝરીરાંન" નામનું એક પેહલવી પુસ્તક લખાયલુંછે.

લોહરાસ્પશાહ અરવંદ—ઇરાનનાં કેઆની વંશનો ચોથો પાદશાહ, તથા શાહ ગોસ્તાસ્પનો બાપ. અવસ્તામાં એને "અઉર્વંત અસ્પ" કરી લખેલોછે. **એ પાદશાહ કૈકાઉશનો જમાઇ હતો, તથા એક પઢેલો અને પહરેજગાર પાદશાહ**

થઇ ગયોછે. એનાં રાજ્યની શરૂઆતમાં ઉઠેલા કેટલાક બળવા એણે ડાહપણ ભરી રીતે બેસાડી દીધા હતા, તથા ચીન અને તાતાર દેશો ઉપર પોતાનો અમલ બેસાડી પોતાનાં રાજ્યની સત્તા ઘણી વધારી હતી. એણે બલ્ખમાં આદર બુરઝીન નામના આતશ રાખવા માટે એક આતશખાનું સ્થાપ્યું હતું. જઇફ વયે પોતાનું રાજપાત પોતાના બેટા ગોસ્તાસ્પને સોંપી પોતે બલ્ખમાં એકાંત જીંદગી ગુજારતા હતા, અને ઉપલાંજ આતશકદેહમાં કેટલાક તુરાંનીઓએ લડાઇ કરી દાખલ થાઇ ઘણાક મોબેદોને કતલ કીધા, તથા જરથોસ્ત પેગામબરને મારી નાખ્યા, તેજ વખતે ત્યાંજ એમને પણ મારી નાખ્યા હતા.

અરવંદ કએપસીન—શાહ લોહરાસ્પનો બાપ. બુનદેહશ પ્રમાણે એ નામ "અઉઝવ" હોવું જોઇએ.

કએપસીન કૈકોબાદ—શાહ લોહરાસ્પનો બપાવો. શાહનામાં પ્રમાણે એ કેઆની વંશના પેહલા પાદશાહ કૈકોબાદનો એક દીકરો હતો, પણ બુનદેહશમાં એને કૈકોબાદનો નબીરો લખેલોછે. એ કૈકોબાદની હૈયાતીમાંજ મરણ પામ્યો હતો. અવસ્તામાં એને "કવિપિસનંઘ" કરી લખેલોછે.

શીયાવક્ષ કૈકાઊશ—ઇરાનનાં કેઆની વંશના બીજા પાદશાહ કૈકાઉશનો દીકરો. અવસ્તામાં એને "સ્યાવર્ષાન" કરી લખેલોછે, તથા આફરીનગાંનમાં કેટલાકો એનું નામ "શીયાવક્ષ નર અશો" કરીને પણ દીએછે. એ ઘણો ખુબસુરત તથા નીદોંષ અને બેગુનાહ હતો. એણે કંગદેઝનો નામીચો કીલ્લો બાંધ્યો હતો. એ તુરાનના પાદશાહ અફ્રાસીઆબની ફીરંગીઝ નામની બેટી સાથે પરણ્યો હતો, અને તેણીને પેટે પાદશાહ કૈખુશરૂ જેવો રૂડો બેટો અવતર્યો હતો. અફ્રાસીઆબે પોતાના ભાઇ ગરસીવઝના જુઠું સમજાવ્યાથી એને જબે કરાવ્યો હતો, અને એ ખુનનાં વેરમાં ઇરાન તથા તુરાન વચ્ચે લાંબી લડાઇ થાઇ હતી, અને અંતે પાદશાહ કૈખુશરૂએ પોતાના બાપનાં વેરમાં અફ્રાસીઆબને મારી નાખવાથી એ લડાઇનો અંત આવ્યો હતો.

ફરેબુર્જ કૈકાઊશ—પાદશાહ કૈકાઉશનો બીજો દીકરો. એ એક જાણીતો શાહજાદો તથા પેહલવાંન હતો.

કૈકાઊશ કૈકોબાદ—ઇરાનનાં કેઆંની વંશનો બીજો પાદશાહ. અવસ્તામાં એને "કવી ઉસધન" અથવા "કવી ઉસન" ને નામે લખેલોછે. એણે એરેજીરૂપ પાહાડ ઉપર હુરમજદની અને આવાં ઇજદની સ્તુતી કરી તેની બરકતથી જાદુગર, પરી, કીક, અને કરપ જેવાં બુરાં માણસોનો દોર તોડયો. એણે આકાશમાં ઉંચે ઉડવાંની કાંઇ યુક્તિ કરી હતી. એને ખુદરતી ખોરેહ હતું. એને ત્યાં શીયાવક્ષ જેવો ભલો બેટો પેદા થયો હતો.

કૈકોબાદ કેઅરશ—ઇરાનનાં કેઆની વંશનો પેહલો પાદશાહ. અવસ્તામાં એને "કવીકવાત" કરી લખેલોછે. એ પાદશાહ ફ્રેદુનનાં તોખમનો હતો. એ પ્રથમમાં અલબુર્જ પાહાડનાં કોઇ એકાંતવાસમાં રેહતો હતો, ત્યાંથી પેહલવાંન

જાલે પોતાના બેટા જેહાંપેહલવાંન રૂસ્તમ પાસે એને તેડાવી મંગાવી પેશદાદીઆંન પાદશાહ કેરેશાસ્પનાં મરણથી ઇરાનનાં ખાલી પડેલાં તખ્ત ઉપર બેસાડયો હતો.

કેઅરશ કેપશીન—ઉપલા પાદશાહ કેકોબાદનો બાપ.

જામાસ્પ હબુબ—એને કેટલાકો ભણતરમાં "જામાસ્પ હકીમ" કરીને પણ બોલેછે. એ અને એના ભાઇ ફરશોશતરને અવસ્તામાં હવોવનાં ખાંનદાંનના કહયાછે. એઓ જરથોશ્તના પેહલા શાગેરદોમાંના હતા. એઓએ જરથોશ્તી દીન ઘણી સરશ રીતે કબુલ રાખી હતી, અને તેના ફેલાવામાં ઘણો ભાગ લીધો હતો, તેટલામાટે એક માજદીઅશનાંન પોતાની દીનનો એકરાર કરતાં "જે તરીકાના ફરશોસ્ત્ર અને જામાસ્પ હતા" તે તરીકાના થવાની કબુલાત આપેછે. શાહ ગોશ્તાસ્પે નવી જરથોશ્તી દીન પોતે કબુલ રાખ્યા પછી જે ચાર મોટા માણસોને તેનો ફેલાવો કરવા નેમ્યા હતા તેમાં જામાસ્પ, અસ્પંદીયાર, ઝરીર અને ફરશોસ્ત્ર હતા.

ફરશોસ્ત્ર હબુબ—એને કેટલાકો ભણતરમાં "ફરશોસ્ત્ર ખુબનર અશો" કરીને પણ બોલેછે. એ અને એના ભાઇ ઉપલા જામાસ્પને અવસ્તામાં હવોવનાં ખાંનદાનના કહયાછે. એઓ જરથોશ્તના પેહલા શાગેરદોમાંના હતા. એઓએ જરથોશ્તી દીન ઘણી સરશ રીતે કબુલ રાખી હતી, અને તેના ફેલાવામાં ઘણો ભાગ લીધો હતો, તેટલામાટે એક માજદીઅશનાંન પોતાની દીનનો એકરાર કરતાં "જે તરીકાના ફરશોસ્ત્ર અને જામાસ્પ હતા" તે તરીકાના થવાની કબુલાત આપેછે; શાહ ગોશ્તાસ્પે નવી જરથોશ્તી દીન પોતે કબુલ રાખ્યા પછી જે ચાર મોટા માણસોને તેનો ફેલાવો કરવા નેમ્યા હતા તેમાં જામાસ્પ, અસપંદયાર, ઝરીર અને ફરશોસ્ત્ર હતા.

આદરબુરઝીન ફરામર્ઝ—જેહાં પેહલવાંન રૂસ્તમના બેટા ફરામર્ઝનો બેટો. એની માએ હિંદુસ્થાંનના એક રાજા કોહોલાશાહની બેટી હતી. ઇરાનનાં રાજ્યમાં એ એક પ્રખ્યાત પેહલવાંન થાઇ ગયોછે. પાદશાહ બહમન કે જેને જુલમી રાજ્ય ચલાવી જાલેજરનાં પેહલવાંની ખાંનદાંનનો નાશ કીધો હતો તેને એને મારી નાખ્યો હતો.

સાંમ ફરામર્ઝ—જેહાં પેહલવાંન રૂસ્તમના બેટા ફરામર્ઝનો બેટો. એની માએ કેહછે કે કોહેકાફના પરીઓના પાદશાહ ફરતોરતુશની બેટી આરજોય પરી હતી. એ પોતાના બાપના બપાવા જાલેજરનો બંચાવ કરતાં પાદશાહ બહમનના ઠાગાથી માર્યો ગયો હતો.

તુખારે ફરામર્ઝ—જેહાં પેહલવાંન રૂસ્તમના બેટા ફરામર્ઝનો બેટો. એ ઇરાનનાં રાજયમાં એક પ્રખ્યાત પેહલવાંન થાઇ ગયોછે.

જેહાંબક્ષ ફરામર્ઝ—જેહાં પેહલવાંન રૂસ્તમના બેટા ફરામર્ઝનો બેટો. એની માએ પણ કેહછે કે જેપોરના રાજાની બેટી હતી. એ પણ ઇરાનનાં રાજ્યમાં એક પ્રખ્યાત પેહલવાંન થાઇ ગયોછે.

ફ્રામર્ઝ રૂસ્તમ—જેહાં પેહલવાંન રૂસ્તમનો બેટો. એ પણ પોતાના બાપની માફક મોટો પેહલવાંન હતો. એને ઘણીક લડાઇઓ મારી હતી, તથા એ હિંદુસ્થાંન પણ આવી ગયલો કેહવાયછે. એની કારકીરદીનું પણ "ફ્રામર્ઝ નામું" નામે એક પુસ્તક લખાયલુંછે.

જાંહગીર રૂસ્તમ—એ પણ જેહાં પેહલવાંન રૂસ્તમનો બેટો અને એક નામીચો પેહલવાંન હતો. એની કારકીરદીનું પણ "જાંહગીર નામું" નામે એક પુસ્તક લખાયલુંછે.

તૈમુર બરજોર—જેહાં પેહલવાંન રૂસ્તમના નબીરા બરજોરનો બેટો. એ એક જોરેમંદ તથા દલેર પેહલવાંન હતો. એને ઇરાનનાં રાજની સેવામાં ઘણીક લડાઇઓ મારી હતી, તથા રૂસ્તમના રખશની શોધમાં આખું હફ્તખાંન તોડયું હતું.

કરીમાંન બરજોર—ઉપલા પેહલવાંનનો ભાઇ. એને પણ ઇરાનનાં રાજ્યની સેવામાં ઘણીક લડાઇઓ મારી હતી, તથા કેટલાક પરાયા રાજાઓ પાસેથી ઇરાનનાં રાજને ઓધાઇ અપાવી હતી. મરાન શેહરનાં જંગલમાં એણે એક ભારે અજદાહ માર્યો હતો. અફ્રાસીઆબનો ભારે ઝુંડો છીનવી લઇ એણે કાપી નાખવાથી બંધે રાજો વચ્ચે એક મોટી લડાઇ ઉઠી હતી.

જેહાંનસુઝ બરજોર—ઉપલા પેહલવાંનનો ભાઇ. એ બાર વર્ષની ઉમરે પેહલવાંનગીરી કરવા બાહેર પડયો હતો, તથા ઘણીક લડાઇઓ કીધી હતી, તેમજ હબસાંનનો મુલક ફતેહ કીધો હતો.

ખોરશેદ માહપેકર બરજોર—ઉપલા પેહલવાંનનો ભાઇ. એ પણ ઇરાનનાં રાજ્યનો એક નામીચો પેહલવાંન હતો, તથા કેટલીક લડાઇઓમાં બાપ અને ભાઇઓની સાથે ઇરાનનાં રાજ્યની સેવામાં લડયો હતો.

બરજોર શોરાબ—જેહાંપેહલવાંન રૂસ્તમના બેટા શોરાબનો બેટો. એ પણ પોતાના બાપની માફક એક મોટો દલેર પેહલવાંન હતો. આખી જીંદગી એને ઇરાનનાં રાજ્યની સેવામાં લડાઇઓ તથા પ્રાક્રમો કરવામાં કાઢી હતી. એની પેહલવાંની, દલેરી, તથા જંગોની કારકીરદીનું "બરજોર નામું" નામનું એક મોટું દફતર "અતાઇ" નામના શાએરે ફારસી બેતોમાં રચેલુંછે, અને તેના ગુજરાતી તરજુમાનાં ૧૮ દફતરો છપાયલાંછે.

શોરાબ રૂસ્તમ—જેહાં પેહલવાંન રૂસ્તમનો બેટો. એની મા તેહમીના સમનગાંનના રાજાની બેટી હતી. એના જન્મ અગાઉ રૂસ્તમ લડાઇપર ગયાથી એને જોયલો ન હતો. એ પણ એક નામીચો પેહલવાંન હતો, અને અફ્રાસીઆબ સાથની એક લડાઇમાં એ તેનાં લશ્કરના સપેહસાલાર તરીકે રૂસ્તમની સરદારી હેઠલનાં ઇરાની લશ્કર સાથે લડાઇ કરતાં રૂસ્તમને હાથે બેખબરીથી માર્યો ગયો હતો. રૂસ્તમે પાછલથી એને પોતાના બેટા દાખલ જાણવાથી ઘણો ગમગીન થયો હતો.

રૂસ્તમ જાલ—સાંમ નરીમાંનના બેટા પેહલવાંન જાલેજરનો બેટો. એ ઘણોજ કઉવતમંદ તથા લડાયક હોવાથી શાહનામાંમાં એને જગેજગ જેહાં પેહલવાંન

તથા તેહમતનનો એલકાબ આપ્યોછે. એને પોતાની આખી ઉમર ઇરાનનાં કેઆંની વંશનાં રાજ્યની ખીદમતમાં કાઢી હતી, તથા ઘણી મોટી મોટી લડાઇઓ એની સરદારી હેઠલ જીતવામાં આવી હતી.

ઝવારે જાલ—જેહાં પેહલવાંન રૂસ્તમનો ભાઇ. એ પણ ઇરાનનાં રાજ્યમાં એક મોટો પેહલવાંન હતો.

રોદાબે જાલ—જેહાં પેહલવાંન રૂસ્તમની માદર તથા જાલેજરની મોહરદાર. એ કાબુલના પાદશાહની બેટી હતી, અને ઘણીજ પાકીજગે એતેકાદની તથા બુદ્ધિવાંન બાનુ હતી.

જાલ સાંમ—સાંમ નરીમાંનનો બેટો. એ એક નામીચો પેહલવાંન તથા કાબેલ અને દાનાવ મર્દ થઇ ગયોછે. એને પોતાની આખી જીંદગી ઇરાનનાં રાજ્યની સેવામાં રોકી હતી.

સાંમ નરીમાંન—પેહેલવાંન કેરેસાસ્પનો નબીરો. એ એક નામીચો પેહલવાંન હતો, અને એને તથા એનાં વંશે પોતાની આખી જીંદગી ઇરાનનાં રાજ્યની સેવામાં અર્પણ કીધી હતી.

નરીમાંન કેરેસાસ્પ—પેહેલવાંન કેરેસાસ્પનો બેટો. એ એક નામીચો સપેહસાલાર હતો. એને પણ પેસદાદીઆંન રાજ્યના વખતમાં કેટલીક લડાઇઓ મારી હતી.

કેરેસાસ્પ અસરત—અવસ્તામાં આવેલા માહાન પુરૂષોમાંનો એ એક માહાન પુરૂષ હતો, ત્યાં પણ એનું નામ "કેરેસાસ્પ" કરી લખેલું છે. એ સામનાં ખાંનદાંનનો હતો, એને ઇરાનમાં ઘણાંક પ્રાક્રમો કીધાં હતાં. ઘણાક મોટા અઝદાહો, સાંપો, દેવો, રાક્ષસો, વાતપાડા, વગેરે માણસોને દુખ દેનારાંઓને માર્યા હતા. એની કારકીરદીનું "કેરશાસ્પનામું" નામે એક પુસ્તક લખાયલું છે.

અસરત સામ—અવસ્તામાં એને "થ્રિત" કરી લખેલો છે. એ ઉપલા કેરેસાસ્પ પેહલવાંન અને ઉર્વાક્ષ નામના એક ભલા અને ઇનસાફી પુરૂષનો બાપ હતો.

સામ તુરક—ઉપલા પેહલવાંન કેરેસાસ્પનો બપાવો. એનાં નામથી એનું ખાંનદાન મશહુર છે. કેરેસાસ્પને પણ જગે જગ એનાં નામ ઉપરથી સામનો કેરેસાસ્પ કરી લખેલો છે.

તુરક શેદસ્પ—કેરશાસ્પનામાંમાં એને "તરવર" કરી લખેલો છે. એ પાદશાહ જમશેદના નબીરા શેદસ્પનો બેટો હતો. એને જાબુલસ્તાંનના મુલક ઉપર પાદશાહી કીધી હતી.

શેદસ્પ તુર—પાદશાહ જમશેદનો નબીરો. એ પોતાના બાપનાં જાબુલસ્તાંનનાં તખ્તનો માલેક થયો હતો.

તુર જમશેદ—કેરશાસ્પનામાં પ્રમાણે પાદશાહ જમશેદનો જાબુલસ્તાંનની શાહજાદી માહરોયને પેટનો બેટો. એ ઘણો અક્કલમંદ તથા જોરાવર હતો, અને પોતાના મમાવાનાં જાબુલસ્તાંનનાં તખ્તનો વારસ થયો હતો.

જમશેદ વીવંધાંન—પેશદાદીઆંન વંશનો ચોથો પાદશાહ. અવસ્તામાં એને "યિમ" કરી લખેલોછે. દાદાર હોરમજદે જરથોસ્ત પેગાંમબરની આગમજ એને અહુરમજદી દીન શિખવી હતી. એને પોતાના મુલકનો કારોબાર એક રાજ્યકર્ત્તા તરીકે ઘણો સરશ ચલાવ્યો હતો. એણે તમાંમ હફ્તકેશવર જમીનપરનાં બુરાંઓ ઉપર ફતેહ મેલવી હતી. એણે "વર" અથવા અઈર્યનવેજને નામે જાણીતું સંસ્થાંન સ્થાપ્યું હતું, તથા ત્યાં બાંધકામો વગેરે બાંધી મનુષ્યની વસ્તીનો વધારો કીધો હતો. એણે પોતાની રૈયતને ચાર ટોળામાં વેંહચી નાખી હતી. તેમાં પેહેલો "અથોરનાન" ટોળો કે જેમાં દાનાવો તથા દીનદારો હતા; બીજો "રથએસ્તાર" કે જેમાં પેહેલવાંનો તથા સિપાહો હતા; ત્રિજો "વાસ્ત્રિયોસ" કે જેમાં ખેડુતો હતા; અને ચોથો "હુતોખ્શ" કે જેમાં કારીગરો હતા. એણે બીજા ઘણાએક સુધારા કર્યા હતા, તથા એની રૈયતે ઘણું સુખ ભોગવ્યું હતું, પણ મગરૂબીએ એનો નાશ કીધો, એને રાજ્ય છોડી નાહસી જવાની ફરજ પડી, અને એનાં તખ્ત ઉપર જુહાક નામનો પારકાં મુલકનો પાદશાહ બેઠો જેને હાથ એ માર્યો ગયો હતો.

વીવંઘાંન તેહમુરશ—પાદશાહ જમશેદનો બાપ. એને અવસ્તામાં "વીવંઘન" કરી લખેલો છે. કાયદાસર હોમની ક્રિઆ કરનાર એ પેહલો મહાન પુરૂષ હતો. એની પછી ફ્રેદુનના બાપ આથ્વ્યને, કેરેસાસ્પના બાપ અસરતે, અને જરથોસ્તના બાપ પોઉરૂશસ્પે હોમની ક્રિઆ કરવાથી તેઓને ત્યાં આવા નામાંકિત પુત્રો જનમ્યા હતા.

તેહમુરશ હોશંગ—ઇરાનનાં પેશદાદીઆંન વંશનો ત્રિજો પાદશાહ. અવસ્તામાં એનું નામ "તખ્મઉરૂપ" કરી આવેલું છે, તથા શાહનામાંમાં એને "તેહમુરશ દેવબંદ" કરી લખેલો છે, કારણ એણે ઘણા દેવોને બાંધ્યા તથા મારી નાખ્યા હતા. એ પણ એક સરશ રાજકર્ત્તા થઇ ગયોછે.

હોશંગ સ્યામક—ઇરાનનાં પેશદાદીઆંન વંશનો બીજો પાદશાહ. એ પેહલા પાદશાહ ગઇયોમર્દનો નબીરો હતો. અવસ્તામાં એને "હઓશ્યંઘ" કરી લખેલો છે. એ ઘણો બુધ્ધિવાંન પાદશાહ હતો. એના વખતમાં લોઢું, આતશ, વગેરેની શોધ થઇ હતી. એને પણ ઘણા દેવો, બુરા માણસો, જાદુગરો, પરીઓ, જુલમગારો, વગેરેને મારી જેર કીધા હતા. કેહછે કે એને "જાવેદાંને ખેરદ" નામનું એક પુસ્તક લખ્યું હતું.

સ્યામક ગયોમર્દ—ઇરાનનાં પેશદાદીઆંન વંશના પેહલા પાદશાહ ગયોમર્દનો બેટો તથા પાદશાહ હોશંગનો બાપ. એ ઘણો સોહામણો તથા લડાયક હતો, અને પોતાના બાપના વખતમાંજ દેવો સાથે લડાઇ કરતાં માર્યો ગયો હતો.

ગયોમર્દ નરઅશો—ઇરાનનાં પેશદાદીઆંન વંશનો પેહલો પાદશાહ. એને અવસ્તામાં "ગય—મરતેન" કરી લખેલોછે. એ પેહલવેહલો ભલો ઇરાંની હતો કે જેણે અહુરમજદની શિખાંમણો પેહેલાં સાંભળી, અને જેનાથી ઇરાન દેશનાં ભલાં લોકોની નસલ ઉતરીછે. એ લોકોને આસ્તે આસ્તે સુધારાપર લાવ્યો હતો.

અગ્રેરસ નરઅશો—એ તુરાંની પાદશાહ અફ્રાસીઆબ તથા તેના ભાઇ કર્સીવઝનો બીજો ભાઇ હતો. અવસ્તામાં એને "અઘ્રએરથ" કરી લખેલોછે. એણે ઇનસાફને ખાતર ઇરાનીઓની ઘણી વાર પક્ષ ખેંચી હતી, તથા એના વચે પડવાથી ઘણી વાર ઇરાનીઓનો બંચાવ થયો હતો. ઇરાનીઓની સેવા કરતાં તથા તેમને બંચાવતાંજ એને અફ્રાસીઆબે મારી પણ નાખ્યો હતો, અને એની આવી ભલી દીલસોજીને લીધે એને આપણાં ભણતરોમાં એક તુરાંની છતાં અશો નર તરીકે યાદ કરવામાં આવેછે.

શીયાવક્ષ નરઅશો—જુવો **શીયાવક્ષ કૈકાઊશ** સફે ૬.

ગોબરૂ નરઅશો—બુનદેહશ પ્રમાણે ગયોમર્દને પેટે મશી અને મશ્યાક નામનું જે જોડું પેદા થયું તેમાંના મરદને કદાચ હીયાં યાદ કરવામાં આવતો હોય, અને સેમેટીક "ગબરા" એટલે મરદ ઉપરથી આએ એનું નામ ગોબરૂ કરી દેવાતું હોય.

યેમીન નરઅશો—ઉપલાંજ જોડાંમાંની ઓરતને કદાચ હીયાં યાદ કરવામાં આવતી હોય, અને સેમેટીક "નીશમન" એટલે ઓરત ઉપરથી તેનું અપભ્રંશ નામ યેમીન કરી દેવાતું હોય, તથા નાઇરીઅશોને બદલે અંજાણપણામાં એબી નર અશોજ બોલાતું હોય. કદાચને અવસ્તાના "યિમ" એટલે જમશેદ પાદશાહનુંબી એ નામ હોય.

પુરશોસ્ત્ર બુબ નરઅશો—જુવો **પુરશોસ્ત્ર હબુબ** સફે ૭.

ચંગરઘાચ નરઅશો—જરથોસ્તનામાં મુજબ એ હિંદુસ્થાનનો એક ઓલમા બ્રાહ્મણ હતો, અને જરથોસ્ત પેગામબર સાથે તકરાર કરવા બલ્ખ શાહ ગોશ્તાસ્પની દરબારમાં આવ્યો હતો, અને ત્યાં જરથોસ્તે તેની તકરારના સઘળા જવાબો આપ્યાથી, તે ભલી દીનમાં આયો, અને હિંદુસ્થાંન પાછો જઇને એ મજહબ ઉપર ઓસ્તવાર રહ્યો.

રાગરસ નરઅશો—
યામેજસ નરઅશો—
એવાંનજસ નરઅશો—
ખોમીસ નરઅશો—
હરદાર નરઅશો—
વેપૂ નરઅશો—

એઓ કોણ હતા તે માલમ પડતું નથી. નવસારીનાં પંથકના મોબેદોજ એમનાં નામ દીએછે. બરજોર કામદીનની રેવાયતમાં ચોકસ આફત તથા દુખ દરદો વખતે એઓની નઇઅતે ઇજશની તથા બીજી ક્રિઆઓની માનતા કરવા લખેલુંછે. કેટલાકો એમને અગ્રેરસની સાથના નેકજાદ તુરાંનીઓ હોય એમ ધારેછે.

બાનુ ગોસસ્પ ગેવ—જેહાં પેહલવાંન રૂસ્તમની બેટી. એ ઘણી ખુબસુરત અને લડાયક તથા શેકારની શોખીલી હતી. એણીની સાથે પરણવાને ઘણાઓ ઉમેદવાર થયા હતા, પણ તે સંધા હારી ગયા અને એ ગુદર્ઝના બેટા ગેવ સાથે પરણી હતી.

બેજન ગેવ—ઇરાનનાં કેઆંનીઆંન રાજ્યના વડા વજીર ગુદર્ઝનો નબીરો. એ પાદશાહ કૈખુશરૂના વખતમાં એક નામીચો પેહલવાંન હતો.

ગેવ ગુદર્ઝ—ઉપલા ગુદર્ઝનો બેટો. એ પણ કેઆંનીઆંન રાજ્યમાં એક નામીઓ પેહલવાંન હતો, અને તુરાંન સાથની લડાઇ બે વાર જીત્યો હતો.

ગુરગીન મીલ્લાદ—ઉપલા ગુદર્ઝનો નબીરો. એ પણ કેઆંનીઆંન રાજ્યમાં એક જાણીતો પેહલવાંન હતો. અફ્રાસીઆબના ૧૧) પેહલવાંનો સાથે ઇરાનના ૧૧) પેહલવાંનોની જાણીતી લડાઇમાં એણે અનદરીમાન નામના પેહલવાંન સાથે હમનબરદી કરી તેને હરાવી મારી નાખ્યો હતો.

મીલ્લાદ ગુદર્ઝ—ઉપલા ગુદર્ઝનો બેટો. એ પણ કેઆંનીઆંન રાજ્યમાં પાદશાહ કૈકાઉશના અમલમાં એક નામીઓ પેહલવાંન હતો. કૈકાઉશ માજીંદ્રાન પર લડાઇ કરવા જતી વખતે ઇરાનનું રાજ્ય એને સોંપી ગયો હતો.

બેહરાંમ ગુદર્ઝ—ઉપલાનો ભાઇ. એ પણ કેઆંનીઆંન રાજ્યમાં એક નામીઓ પેહલવાંન થઇ ગયોછે.

રેહાંમ ગુદર્ઝ—ઉપલાનો ભાઇ. એ શાહ લોહરાસ્પના વખતમાં ઇરાકનો હાકમ હતો, અને એને સાધારણ રીતે બખ્તુલનસરનાં નામથી ઓળખતા હતા, એ પણ એક નામીઓ પેહલવાંન હતો, અને જેરૂસલમ જીતી લીધું હતું.

ગુદર્ઝ ગેશવાદ—ઇરાનનાં કેઆંની વંશના પાદશાહોનો વડો વજીર, એ એક નામીઓ પેહલવાંન, દેશાભિમાની, તથા ઘણો દાનાવ અને અકલમંદ હતો. એની ઓલાદમાં છોકરા અને છોકરાના છોકરા મલીને ૭૮ જવાનો હતા, અને તેમાંના ૭૦ જવાંનો પોતાના દેશની સંભાળ તથા પાદશાહ તરફની વફાદારીમાં માર્યા ગયા હતા.

ગેશવાદ કારન—ઉપલાનો બાપ. એ પેશદાદીઆન વંશમાં પાદશાહ મીનોચેહરના વખતમાં એક નામીઓ પેહલવાંન હતો. એનું ખાંનદાંન ઇરાનમાં નામીચું હતું.

કારન ગાવે—નામીચા ઇરાની દેશાભિમાની ગાવે આહંગરનો બેટો. એ પાદશાહ મીનોચેહર તથા તે પછી કૈકોબાદના વખતમાં એક મોટો પેહલવાંન હતો. એ બંધે પાદશાહોના વખતમાં એણે તુરાંન સાંમેની લડાઇમાં ઇરાની લશ્કરની સરદારી લઇ તેને જીતાવ્યું હતું.

કોબાદ ગાવે—ઉપલા પેહલવાંનનો ભાઇ. એ પણ શાહ મીનોચેહરના વખતમાં એક પેહલવાંન હતો, તથા પોતાના ઉપલા ભાઇ સાથે તુરાંન સાંમેની લડાઇમાં ભાગ લીધો હતો. અફ્રાસીઆબના બારમાન નામના એક સરદાર સાથની હાથોહાથની લડાઇમાં એ માર્યો ગયો હતો.

ગાવે આહંગર—એ પેશદાદીઆંન વખતમાં ઇરાનમાં એક બાહદુર તથા દેશાભિમાની લોહાર હતો. એને ત્યાં કેહછે કે ૧૭ છોકરાઓ હતા. પાદશાહ જોહાક કે જેના અમલથી રૈયત કંટાલી ગઇ હતી તેણે ફેરેદુન પાદશાહ થશે એવો ખ્વાબ જોવાથી ધાસ્તીને લીધે એક મેહજર બનાવી તેપર પોતાને કબુલ રાખવા સારૂં લોકો પાસે શહી કરાવવા માંડી, પણ એને તેપર શહી નહિ કરી તે ફાડી નાખ્યો, અને પોતાના લોહારનાં પેહરણનો એક ઝુંડો બનાવી તે સઘળે ઢેકાંણે

ફેદુનનાં નામની પોકાર મારી ઘણાઓને પોતાની તરફેણમાં લઇ ફેદુનને શોધી લાવ્યો, જેણે તેઓની સાથે મલી જઇ જુહાકને તખ્ત ઉપરથી ઉઠાડી પોતે રાજ્ય લીધું. ઉપલો ઝુંડો " ગાવીઆની ઝુંડા " ને નામે ઇરાનનાં રાજ્યની આખરી સુધી વપડાયો હતો.

યઝદેજરદ શેહરીયાર—ઇરાનનાં સાસાની વંશનો છેલ્લો પાદશાહ તથા શાહ ખુસરૂ પરવીઝનો નબીરો. એના વખતમાં ઇરાનનું રાજ્ય સદાબરૂં આરબોએ ઇરાનીઓના હાથમાંથી લીધું હતું, અને ઇ. સ. ૬૪૧ માં નાહવંદની લડાઇમાં ખલીફ ઓમરે જીત મેલવી એને હરાવ્યો હતો. ઇરાનનો એ છેલ્લો જરથોસ્તી પાદશાહ હતો.

શીરોએ ખુસરૂ—ઇરાનનાં સાસાની વંશનો ૨૩ મો પાદશાહ. એને પોતાની પ્રજાના કેટલાક લોકોના ઉશકેરવાથી પોતાના બાપને ઇ૦ સ૦ ૬૨૮ માં મારી નાખી પોતે ઇરાનનાં તખ્તપર આવ્યો હતો, અને ફક્ત સાત માસ રાજ ચલાવી મરણ પામ્યો હતો.

અરદેશીર શીરોએ—ઇરાનનાં સાસાની વંશનો ૨૪ મો પાદશાહ. એને પણ થોડાજ દીવસ રાજ્ય ચલાવ્યું હતું.

ખુસરૂ પરવીઝ હોરમજદ—ઇરાનનાં સાસાની વંશનો ૨૨ મો પાદશાહ. એ એક લડાયક પાદશાહ થાઇ ગયોછે. એણે જેરૂસલમનું શેહેર જીતી લઇ જે કુરૂસ ઉપર ખ્રિસ્ટીઓના પેગાંબર ક્રાઇસ્ટને ફાંસી દીધો હતો તે કુરૂસ ઇરાન તરફ મોકલ્યો, તથા ૯૦૦૦૦) ખ્રિસ્ટીઓને બંદીવાંન કીધા હતા. એણે મીસર તથા આફ્રીકામાં જીહત મેલવી હતી. વળી મુસલમાંનોના પેગાંમબર હજરત મહમદે પોતાનો ધર્મ કબુલ રાખવા માટે એક નામું એનીપર મોકલ્યું હતું તે એણે કારાસુ નદીમાં ફાડીને નાખી દીધું હતું. આથી મુસલમાંનો તેમજ ખ્રિસ્ટીઓ એની ઉપર ઘણા ખફા થયલા હતા. એણે ઇ. સ. ૫૮૮ થી તે ૬૨૮ સુધી રાજ્ય કીધું હતું, અને એની પછી ઇરાનનું રાજ્ય ઘણી ખરાબ હાલતમાં આવી પડયું હતું.

હોરમજદ નોશીરવાંન—ઇરાનનાં સાસાની વંશનો ૨૧ મો પાદશાહ. એના રાજ્યમાં દેશમાં વારે ઘડીએ ફીતુરો ઉઠયા કીધાં હતાં. એને ઇ. સ. ૫૭૯ થી તે ૫૮૮ સુધી રાજ્ય કીધું હતું.

નોશીરવાંન કોબાદ—ઇરાનનાં સાસાની વંશનો ૨૦ મો પાદશાહ. એનું અસલ નામ ખુસરૂ કરી હતું, પણ એ ઘણો નેક તથા અદલ હોવાથી આજ સુધી તવારીખમાં " નોશરવાંન આદેલ " ને નામે મશહુર છે. એણે પોતાના બાપ કોબાદના વખતમાં જાહેર થયલા ઠગારા મજદક તથા તેનો ધર્મ પાળનારાઓનો નાશ કર્યો, તથા દેશમાં ઘણાક સુધારા કર્યા, તથા કેટલાક કિલ્લાઓ, પૂલો અને નવી ઇમારતો બંધાવી, તથા નિશાલો અને મદરેસાઓ સ્થાપી હતી. એનો બુજરચે મેહેર નામે એક ઘણોજ ડાહપણ તથા હુશીયારીવાળો વજીર હતો. એણે ઘણીક લડાઇઓ જીતી હતી, તથા ઇરાનની તવારીખને લગતી કેટલીક નોધો એકઠી કીધી હતી. એણે ઇ. સ. ૫૩૧ થી તે ૫૭૯ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

કોબાદ ફીરૂઝ—ઇરાનનાં સાસાની વંશનો ૧૯ મો પાદશાહ. એનાં રાજ્યનાં દશમાં વર્ષમાં મજદક નામનો એક ઠગારો નવો ધર્મ ઉઠાવવાને માટે પેગાંમબરી દાવો લઇ બેઠો હતો કે "ખોદાતાલાએ જે આ દુનિયાંમાં સઘલી ચીજો, નિર્જીવ કે જીવજંત પેદા કીધેલીછે, તે સર્વના ઉપ્યોગ માટે છે, વાસ્તે કોઇ શખ્સથી કાંઇ પણ ચીજ એકલી વપરાઇ શકે નહિ." કોબાદે પ્રથમમાં એને મદદ કરી, જેથી દેશમાં ઘણી ખરાબી થાઇ, પણ પછી પોતાના બેટા નોશેરવાંનના સમજાવ્યાથી તે છોડી દીધું. એણે ઇ. સ. ૪૯૦ થી તે ૫૩૧ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

પાલાશ ફીરૂઝ—ઇરાનનાં સાસાની વંશનો ૧૮ મો પાદશાહ. એ ઘણો દયાલુ તથા અદલ હતો, અને ઇ. સ. ૪૮૬ થી તે ૪૯૦ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

ફીરૂઝ યઝદજર્દ—ઇરાનનાં સાસાની વંશનો ૧૭ મો પાદશાહ. એનાં રાજ્યની શરૂઆતમાં ઇરાનમાં ૭ વર્ષ લગણ પાણીની સખ્ત ટીપણી તથા દુકાલ પડયો હતો, પણ રૈયત ભુખે મરી નહિ જાય તેની એને સંભાલ લીધી હતી. એણે ઇ૦ સ૦ ૪૬૦ થી તે ૪૮૬ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

હોરમજદ યઝદજર્દ—ઇરાનનાં સાસાની વંશનો ૧૬ મો પાદશાહ. એને ફકત એક વર્ષ રાજ્ય ચલાવ્યું હતું.

યઝદજર્દ બેહરાંમગોર—ઇરાનનાં સાસાની વંશનો ૧૫ મો પાદશાહ. એણે ઇ૦ સ૦ ૪૪૧ થી તે ૪૫૯ સુધી ૧૮ વર્ષ વેર ઘણું ડાહપણ તથા સમાધાંનીથી ઇરાનનું રાજ્ય ચલાવ્યું હતું.

બેહરાંમગોર યઝદજર્દ—ઇરાનનાં સાસાની વંશનો ૧૪ મો પાદશાહ. એ શીકાર તથા ગાયણનો શોખીન હતો. તાતારનાં ખાંન તથા રૂમના શાહનશાહ સાથની લડાઇમાં એ જીતયો હતો. એણે ઇ૦ સ૦ ૪૨૦ થી તે ૪૪૧ સુધી રાજ્ય કીધું હતું.

યઝદજર્દ બેહરાંમ—ઇરાનનાં સાસાની વંશનો ૧૩ મો પાદશાહ. એને "યઝદજર્દ ઉલાથીમ" કરીને પણ કેહતા હતા. એ ઘણો નેક તથા દાનાત્ર હતો. રોમના શાહનશાહ આરકેદિયસે પોતાના નાના દીકરાનો એને રખેવાલ નેમ્યો હતો. એણે લોકોને પોતાની મરજીમાં આવે તે ધર્મ પાલવાની છુટ આપી હતી. એણે ઇ૦ સ૦ ૩૯૯ થી તે ૪૨૦ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

બેહરાંમ શાહપુર—ઇરાનનાં સાસાની વંશનો ૧૨ મો પાદશાહ. એ તખ્ત પર આવ્યા આગમજ કેરમાંનનો હાકમ હતો, તેથી એને "બેહરાંમ કેરમાંન-શાહ" કરી પણ કેહતા હતા. એણે ઇ. સ. ૩૮૮ થી તે ૩૯૯ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

શાહપુર અરદેશીર—ઇરાનનાં સાસાની વંશનો ૧૧ મો પાદશાહ. એ ઘણો નેક તથા અદલ હતો, અને ઇ. સ. ૩૮૩ થી તે ૩૮૮ સુધી ફકત પાંચ વર્ષ રાજ્ય ચલાવ્યું હતું.

અરદેશીર શાહપુર—ઇરાનનાં સાસાની વંશનો ૧૦ મો પાદશાહ. એને ફકત ચાર વર્ષ રાજ્ય કર્યું, અને ઇ. સ. ૩૮૩ માં મરણ પામ્યો હતો.

શાહપુર હોરમજદ—ઇરાનનાં સાસાની વંશનો ૯ મો પાદશાહ. એને "શાહપુર જુલકતાફ" કરીને પણ કેહછે. એણે આરબોમાં પોતા વિષે ભય બેસાડયો હતો, તથા રોમના નામીચા શાહનશાહોને હરાવ્યા હતા. એણે ઇ. સ. ૩૦૮ થી તે ૩૭૯ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

હોરમજદ નારશી—ઇરાનનાં સાસાની વંશનો ૮ મો પાદશાહ. એણે પોતાનાં રાજ્યમાં ઘણો સુધારો કરી લોકોને સારી રીતે ઇનસાફ આપ્યો હતો. એણે ઇ. સ. ૩૦૧ થી તે ૩૦૮ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

નારશી બેહરાંમ—ઇરાનનાં સાસાની વંશનો છઠો પાદશાહ બેહરાંમ ત્રિજો કે જેણે ફકત ૪ માસ રાજ્ય ચલાવ્યું હતું, તેનો બેટો તથા એ વંશનો ૭ મો પાદશાહ. એણે મિસોપોટેમ્યા તથા આર્મિનિયાના મુલકો જીત્યા હતા અને ઇ. સ. ૨૯૨ થી તે ૩૦૧ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

બેહરાંમ બેહરાંમીઆંન—ઇરાનનાં સાસાની વંશનો ૫ મો પાદશાહ. એણે પ્રથમ બેદાદ રાજ્ય ચલાવ્યું હતું, પણ પછી એનાં રાજ્યના મુખ્ય દસ્તુરોએ એને ઘણી અસરકારક નશિહતો દીધાથી એનાં દીલમાં ઘણી અસર થાઇ, અને પોતાની ચાલચલણમાં તદન ફેરફાર કરી નાખી એક સરસ પાદશાહ નિવડયો. એણે ઇ. સ. ૨૭૫ થી તે ૨૯૨ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

બેહરાંમ હોરમજદ—ઇરાનનાં સાસાની વંશનો ૪ થો પાદશાહ. એના વખતમાં માની નામનો એક ચીતારો કે જેને પાદશાહ શાહપુરના વખતમાં પેગાંમબરી દાવો ઉઠાવી માનીકિયન નામનો ધર્મ સ્થાપ્યો હતો તેને તથા તેના ચેલાઓને મારી નાખવામાં આવ્યા હતા. એણે ઇ. સ. ૨૭૨ થી તે ૨૭૫ સુધી ફકત ત્રણ વર્ષ રાજ્ય ચલાવ્યું હતું.

હોરમજદ શાહપુર—ઇરાનનાં સાસાની વંશનો ત્રિજો પાદશાહ. એ ગાદીપર આવ્યો તેની આગમજ ખોરાસાનનો હાકમ હતો. એણે ફકત એકજ વર્ષ રાજ્ય ચલાવી ઇ. સ. ૨૭૨ માં મરણ પામ્યો હતો. એણે "રામ હોરમજદ" નામનું શેહર વસાવ્યું હતું.

શાહપુર અરદેશીર—ઇરાનનાં સાસાની વંશનો બીજો પાદશાહ તથા અરદેશીર બાબેગાંનનો બેટો. એ પણ પોતાના બાપના જેવોજ નામાંકિત થાઇ ગયોછે. એણે રૂમીઓ સાથે કેટલીક લડાઇઓ કરી જીત મેલવી હતી, અને ઇ. સ. ૨૪૦ થી તે ૨૭૧ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

અરદેશીર બાબેગાંન—ઇરાનનાં સાસાની વંશનો પેહલો પાદશાહ. એ પોતાના મમાવા "બાબક" નાં નામ ઉપરથી બાબેકાંન કરી ઓળખાયછે. એણે તખ્ત ઉપર આવતાંને વાર ઇરાનીઓની હાલતમાં ઘણાએક સુધારા કીધા હતા. એનાં રાજયની હદ છેક યુફ્રેતિસથી તે સિંધુ નદી લગણની હતી. રોમને લગતાં ઘણાંએક શેહેરો એણે પોતાને તાબે કર્યાં હતાં. જરથોસ્તી ધર્મ જે એનાં રાજયની આગમજ પડતી દશામાં આવેલો હતો, તે એણે પાછો તાજો કીધો, તથા દેશમાંથી જુદદીનની રસમો તરક કીધી હતી. એ ઘણો બાહદુર તથા પ્રમાણીક હતો, અને ઇ. સ. ૨૨૬ થી તે ૨૪૦ સુધી રાજય ચલાવ્યું હતું.

જામાસ્પ હકીમ—જુવો **જામાસ્પ હણુખ** સફે ૭.

અરદાવીરાફ અરદાફ્રૂઅશ—ઇરાનનાં સાસાની વંશના પેહલા પાદશાહ અરદેશીર બાબેગાંનના વખતનો એક દાનાવ તથા પહરેજગાર દસ્તુર. એ પાદશાહે જ્યારે માજદયશની દીન તાજી કીધી ત્યારે પોતાના મુલકમાંથી ૪૦૦૦૦) દસ્તુર મોબેદો એકઠા કીધા, અને તે મધેથી ૪૦૦૦) ઘણા દાનાવ તથા પાક પહરેજગાર દસ્તુર મોબેદો ચુંટી કાઢયા. વળી તેમાંથી બીજી મરતબે ઘણા દાનાવ તથા પાકીજે ૪૦૦) દસ્તુર મોબેદો ચુંટી કાઢયા, અને તેમાંથી પણ હુનર તથા દાનાઇમાં ઘણા પુરવીન ૪૦) દસ્તુર મોબેદો ચુંટી કાઢયા, અને તે ૪૦) મધેથી પણ ફરીથી બીજા ૭) દાનાવો ચુંટી કાઢયા કે જેઓએ પોતાની આખી ઉમરમાં કાંઇબી ગોનાહ કીધો નહિ હોય, અને એ ૭) દાનાવોએ પણ પોતામાંથી આ નામવર દસ્તુરને ચુંટી કાઢયા હતા કે તેવણ માજદયશની દીન તથા બેહશત દોજખને લગતી હકીકત લોકોમાં તાજી કરે.

આદરબાદ મેહરેસ્પંદ—સાસાની વંશના ત્રિજા પાદશાહ હોરમજદના વખતમાં થાઇ ગયલા એક કાબેલ દસ્તુર. એવણે પોતાના વખતમાં ઇરાનમાં જે લોકો જુદા જુદા એતેકાદવાલા હતા, તેઓને માજદયશની દીનને લગતી સમજ આપીને તથા મોજેજા બતલાવીને એ દીન ઉપર એતેકાદ રાખતાં શિખવ્યા હતા. એ ઉપરાંત એવણે કેટલાંક પેહલવીમાં લખાંણો કર્યાં હતાં, તથા તે વખતની ચાલુ પેહલવી તથા પાજંદ બાષામાં બંદગીઓ જોડી હતી. જેમાં પતેત પશેમાની, દોઆ નામ સેતાએશને, વગેરે છે. પોતાના બેટાને એવણે જે નશિહતો કીધી હતી તેનું પંદનામે આદરબાદ મેહરેસપંદ નામનું એક પેહલવી પુસ્તક પણ લખાયલું છે.

મોબેદ શાહપુર મોબેદ શેહરીયાર—ઇરાનથી જરથોસ્તીઓ સાથે હિંદુસ્થાંનમાં આવેલા પેહલવેહલા મોબેદ નેરીયોશંગ ધવલના બપાવા. આપણા હિંદુસ્થાંનના ઘણાખરા સઘળા મોબેદોની નસલ એવણથી ગણાતી આવીછે.

મોબેદ હોરમજદયાર એરવદ રાંમીયાર—ઉપલા મોબેદ શાહપુર શેહરીયારનો નબીરો તથા નેરીયોશંગ ધવલના વડા કાકાનો દીકરો. એવણ પણ ઇરાનથી જે પેહલવેહલા જરથોસ્તીઓ હિંદુસ્થાનમાં આવ્યા તેઓની સાથે મોબેદ તરીકે આવ્યા હતા.

મોબેદ નેરીયોશંગ ધવલ—ઇરાનથી જે પેહલવેહલા જરથોસ્તીઓ હિંદુસ્થાનમાં આવ્યા તેઓની સાથે આવેલા દસ્તુર સાહેબ. એવણે સંસકૃતનો અભીઆસ કીધો હતો, તથા સંજાણના રાજાને આપણા લોકોનું અતરે નાશી આવવાનું કારણ, આપણો ધર્મ, રીતભાંત, વગેરેની સંસકૃતમાં સઘળી માહીતી આપી હતી. સંજાણમાં પેહલવેહલા આતશબેહરાંમ ખોરાસાંનથી લાવેલા આલાતોથી તૈયાર કરી એવણે પરઠયા હતા, તથા આપણાં કેટલાક અવસ્તા અને પેહલવીમાં લખાયલાં ધર્મપુસ્તકોનો સંસકૃતમાં તરજુમો કીધો હતો, જેમાં ઇજશનેના ૫૬ હા, વંદીદાદનો થોડોક ભાગ, થોડીક યશ્ટો, મીનોખેરદ, શેકંદ-ગુમાનીવજાર, ઓગમદેચા, વગેરે છે.

નવસારીનાં પંથકને લગતા મોબેદો મુંબઈ તથા બીજે ઠેકાંણે દીએછે તે વધારે નામો.

દસ્તુર મેહરજી એરવદ વાછા—(દસ્તુર મેહરજીરાંણા) એવણ પોતાના કાકા એરવદ વાછા જેશંગના પાલક થવાથી એ નામથી ધર્મ ક્રિઆમાં બોલાયછે. એવણ દીલ્લી શાહ અકબરની હજુરમાં ધર્મ સમજાવવાને ગયા હતા, અને ત્યાંથી પાછા ફરવા બાદ નવસારીનાં અંજુમને ઈ૦ સ૦ ૧૫૭૯ માં એવણને પેહલવેહલા પોતાના વડા દસ્તુર નેમ્યા હતા. ૧૨) વર્ષ દસ્તુરી ભોગવી એવણ રોજ ૮ મો માહ ૧૨ મો શેહનશાહી ૯૬૦ યજદજરદી (તા૦ ૧ લી નવેમબર ૧૫૯૧) ને દીને મરણ પામ્યા હતા.

દસ્તુર કેકોબાદ દસ્તુર માહીયાર—ઉપલા દસ્તુર મેહરજીરાંણાના વડા દીકરા. એવણ પોતાના બાપની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા, તથા દસ્તુરી ઉપરાંત, કહેછે કે નવસારીમાં કેટલીક મુદત સુધી દેસાઇગરું પણ ચલાવ્યું હતું. ૨૮) વર્ષ દસ્તુરી ભોગવી એવણ રોજ ૧૨ માહા ૧૨ શેહનશાહી ૯૮૮ યજદજરદી (તા૦ ૨૯ મીં અકટોબર ૧૬૧૯) ને દીને મરણ પામ્યા હતા.

દસ્તુર મેહરનોશ દસ્તુર કેકોબાદ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બાપની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા, અને ૪૫) વર્ષ દસ્તુરી ભોગવી રોજ ૧ માહ ૧૦ શેહનશાહી ૧૦૩૩ યજદજરદી (તા૦ ૨૭ મી જુલાઇ ૧૬૬૪) ને દીને મરણ પામ્યા હતા.

દસ્તુર માણેક દસ્તુર મેહરનોશ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બાપની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા, અને ૬૦) વર્ષ દસ્તુરી ચલાવી રોજ ૧૬ માહ ૯ શેહનશાહી ૧૦૯૨ યજદજરદી (તા૦ ૨૯ મી જુન ૧૭૨૩) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર રૂસ્તમ દસ્તુર માણેક—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણે નવસારીમાં પોતાના મજકુર બાપની હૈયાતીમાં તેમના એકાંત જીંદગી ગુજારવાથી પોતાનાં મરણના છેલ્લાં બે વર્ષ આગમજ દસ્તુરીનો વહીવટ કીધો હતો, અને બાપની ચાર માસ આગમજ રોજ ૧૫ માહ ૫ શેહનશાહી ૧૦૯૨ યજદજરદી (તા૦ ૨૮ મી ફેબરવારી ૧૭૨૩) ને દીને ૩૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર જમશેદ દસ્તુર રૂસ્તમ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બપાવાની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા, અને ૩૮ વર્ષ દસ્તુરી ચલાવી રોજ ૧ માહ ૧૦ શેહનશાહી ૧૧૩૦ યજદજરદી (તા૦ ૧૫ મી જુલાઇ ૧૭૬૧) ને દીને ૬૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર શોરાબ દસ્તુર રૂસ્તમ—ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના મજકુર ભાઇની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા. એવણના વખતમાં નવસારીમાં આતશબેહરાંમ સાહેબ પરઠાયા તેની સઘળી ક્રિઆ એવણનાં ઉપરીપણાં

હેઠલ થાઇ હતી, તથા તેની પેહલી બાએ પણ એવણે દીધી હતી. ૧૮) વર્ષ દસ્તુરી ચલાવી એવણ રોજ ૩૦ માહ ૬ શેહનશાહી ૧૧૪૮ યજદજરદી (તા૦ ૧૧ મી આપરેલ ૧૭૭૯) ને દીને ૬૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર કાઊસ એરવદ રૂસ્તમ—(દસ્તુર કાઉશજી શોરાબજી મેહરજીરાંણાના) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના ભાઇ એરવદ રૂસતમજી શોરાબજી મેહરજીરાંણાના પાલક થયા હતા. એવણે પોતાના બાપની પછી નવસારીની દસ્તુરી ૧૪) વર્ષ સુધી ચલાવી રોજ ૧૮ માહ ૧ શેહનશાહી ૧૧૬૩ યજદજરદી (તા૦ ૨૭ મી અકટોબર ૧૭૯૩) ને દીને ૫૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર ફ્રરાંમરોજ એરવદ કેરશાસ્પ—(દસ્તુર ફરાંમજી શોરાબજી મેહરજી રાંણાના) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના ભાઇ એ૦ કેરશાસ્પજી શોરાબજી મેહરજીરાંણાના પાલક થયા હતા. મજકુર દસ્તુર કાઉશજીની પછી એવણ નવસારીના વડા દસ્તુર નેમાયા હતા. એવણ ઘણા કાબેલ હતા, અને પેહલવેહલો ખોરદેહ અવસ્તાનો ગુજરાતીમાં તરજુમો એવણે કીધો હતો, તથા શાહનામું અને બરજોર નામાંના પણ એવણે ગુજરાતીમાં તરજુમા કીધા હતા. ૧૩) વર્ષ દસ્તુરી ભોગવી એવણ રોજ ૬ માહ ૧૦ શેહનશાહી ૧૧૭૫ યજદજરદી (તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૦૬) ને દીને ૪૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર નોશરવાંન દસ્તુર શોરાબ—ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના મજકુર ભાઇની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા, અને ૧૬ વર્ષ દસ્તુરી ચલાવી, રોજ ૨૭ માહ ૧ શેહનશાહી ૧૧૯૨ યજદજરદી (તા૦ ૩૦ મી અકટોબર ૧૮૨૨) ને દીને ૬૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર રૂસ્તમ દસ્તુર નોશરવાંન—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બાપની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા, અને ૧૫ વર્ષ દસ્તુરી ચલાવી રોજ ૨૯ માહ ૪ શેહનશાહી ૧૨૦૬ યજદજરદી (તા૦ ૨૬ મી જાનેવારી ૧૮૩૭) ને દીને ૫૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર કેકોબાદ દસ્તુર રૂસ્તમ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બાપની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા, અને ૩૪ વર્ષ દસ્તુરી ચલાવી રોજ ૧૯ માહ ૪ શેહનશાહી ૧૨૪૦ યજદજરદી (તા૦ ૮ મી જાનેવારી ૧૮૭૧) ને દીને ૬૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર માહીયાર દસ્તુર કેકોબાદ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બાપની પછી નવસારીના વડા દસ્તુર નેમાયા હતા, અને ફકત ત્રણ વર્ષ દસ્તુરી ભોગવી રોજ ૧૯ માહ ૨ શેહનશાહી ૧૨૪૩ યજદજરદી (તા૦ ૮ મી નવેમબર ૧૮૭૩) ને દીને ૪૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર દારાબ દસ્તુર પાહલણ—એવણ નવસારીમાં પોતાના વખતમાં ખબરદાર તથા શિખેલા હોવાથી ત્યાંની અંજુમને ઇ૦ સ૦ ૧૭૨૬ માં એવણને પોતાના વડા દસ્તુરથી બીજી બેઠક આપી હતી, કે જે દરજ્જો આજ લગણ ત્યાં એમના વારેસો ભોગવેછે. એવણે ઇ૦ સ૦ ૧૬૯૦ માં "ખોલાસે દીન" તથા

તે પછી થોડીક મુદ્દતે "ફરજીઆત નામું" નામની બે ચોપડીઓ ફારસી બેતોમાં બનાવી હતી. એવણ રોજ ૨૩ માહ ૧૧ શેહનશાહી ૧૧૦૩ યજદજરદી (તા૦ ૧ લી સપટેમબર ૧૭૩૪) ને દીને ૬૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર પાહલણ એરવદ પૂરેદુન—ઉપલા દસ્તુર દારાબ પાહલણના બાવા. એવણ પણ નવસારીમાં એક કાબેલ તથા પઢેલા દસ્તુર હતા. એવણના હાથ હેઠલ ઘણાક શાગેરદોએ તાલીમ લીધી હતી.

દસ્તુર બરજોર એરવદ કાઊશ—(દસ્તુર બરજોરજી દારાબજી પાહલણજી) દસ્તુર દારાબ પાહલણના દીકરા. એવણ પોતાના ભાઈ એ૦ કાવશજી દારાબજી પાલણજીના પાલક થયા હતા. પોતાના બાપની પછી એવણને નવસારીની અંજુમને બીજા દસ્તુર તરીકેની બેઠક આપી હતી. ઈ૦ સ૦ ૧૭૬૫ માં નવસારીનાં આતશબેહરાંમ પરઠવાને લગતી ક્રિઆ કરાવવામાં એવણે ઘણી મદદ કીધી હતી. એવણ રોજ ૭ માહ ૧ શેહનશાહી ૧૧૪૦ યજદજરદી (તા૦ ૨૨ મી અકટોબર ૧૭૭૦) ને દીને ૭૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર ખોરશેદ એરવદ પૂરાંમ—(દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ પાહલણના) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના પિત્રાઈ એ૦ ફરાંમજી રૂસતમજી કુતારના પાલક થયા હતા. પોતાના બાપની પછી એવણને નવસારીની અંજુમને બીજા દસ્તુર તરીકેની બેઠક આપી હતી. ઈ૦ સ૦ ૧૭૭૬ માં નવસારીમાં મોટી લૂટ તથા ગીરદી પડી તે વેળાએ એવણ સુરત ખાતે નીકલી જઈ ત્યાંના રૂસ્તમપરામાં વસ્યા હતા, અને ત્યાં પણ દસ્તુરીનું માન મેલવ્યું હતું. એવણ સુરત મધે રોજ ૨૭ માહ ૧ શેહનશાહી ૧૧૭૨ યજદજરદી (તા૦ ૪ થી નવેમબર ૧૮૦૨) ને દીને ૫૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર બરજોર દસ્તુર ખુરશેદ—(દસ્તુર બરજોરજી ખુરશેદજી દારાબ પાહલણના) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બાપની પછી સુરત ખાતે રૂસ્તમપરાના દસ્તુરનો ઓહદો ચલાવતા હતા, અને ૪૭ વર્ષની ઉમરે રોજ ૧૩ માહ ૪ શેહનશાહી ૧૧૮૮ યજદજરદી (તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૧૯) ને દીને મરણ પામ્યા હતા.

દસ્તુર જામાસ્પ એરવદ આશા—નવસારીના એક જાણીતા દસ્તુર તથા મુંબઈ અને પુણાં ખાતેનાં જામાસ્પઆશાનાં ખાંનદાંનના વડવા. એવણે ભરૂચ જઈ ફારસી તથા આરબીનો અભીઆસ કીધો હતો, તથા ઈ૦ સ૦ ૧૭૨૧ માં કેરમાનથી આવેલા જામાસ્પ ઈરાંની (વીલાયતી) પાસે એવણ સુરત જઈ જંદ પેહલવી શિખ્યા હતા. નવસારી ખાતે ત્રિજા દસ્તુરની જગો એવણને મલેલી હતી. એવણ રોજ ૧૪ માહ ૧૦ શેહનશાહી ૧૧૨૨ યજદજરદી (તા૦ ૧૯ મી જુલાઈ ૧૭૫૩) ને દીને ૫૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર જમશેદ દસ્તુર જામાસ્પ—ઉપલા દસ્તુરજીના દીકરા. પોતાના બાપની પછી એવણને નવસારીની અંજુમને ત્રિજા દસ્તુર તરીકેની બેઠક આપી હતી. એવણ પણ જંદ, પેહલવી તથા ફારસીમાં માહીતગાર હતા. ઈ૦ સ૦

૧૭૬૦ ના ડીસેમબર માસમાં મો૦ આકવીટલ ડુ પેરાં નવસારી ખાતે નીરંગસ્તાંન કેતાબને માટે એવણુની મોલાકાતે ગયા હતા, અને એવણુ જોડે કેટલાક કલાક સુધી પેહલવી તથા ફારસીમાં વાતો કીધી હતી. એવણુ રોજ ૨૦ માહા ૪ શેહનશાહી ૧૧૫૬ યજદજરદી (તા૦ ૨૯ મી જાનેવારી ૧૭૮૭) ને દીને ૫૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર બાહમન દસ્તુર જમશેદ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણુને પોતાના બાપની પછી નવાસારીની અંજુમને ત્રિજા દસ્તુર તરીકેની બેઠક આપી હતી. એવણુ પણ પોતાના વખતમાં નવસારી મધે એક ખબરદાર દસ્તુર ગણાતા હતા. એવણુ રોજ ૬ માહ ૫ શેહનશાહી ૧૧૯૫ યજદજરદી (તા૦ ૫ મી ફેબરવારી ૧૮૨૬) ને દીને ૮૧ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર ખુરશેદ દસ્તુર જમશેદ—ઉપલા દસ્તુરજીના બીજા ભાઇ. એવણુ ઈ૦ સ૦ ૧૮૦૧ માં નવસારીથી મુંબઇ આવ્યા હતા, અને દસ્તુરી ખાંનદાંનના હોવાથી અતરેના શેહનશાહી પારસીઓ એવણુને વડા દસ્તુર તરીકે માંન આપતા હતા, તથા સદર અદાલતમાંથી એવણુને પારસીઓના ધર્મગુરૂ તરીકે રૂ ૩૦) નો દરમાયો મલતો હતો. એવણુ રોજ ૨૫ માહ ૮ શેહનશાહી ૧૧૯૮ યજદજરદી (તા૦ ૨૪ મી મેએ ૧૮૨૯) ને દીને ૮૩ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર દારાબ એરવદ નવરોજ—(દસ્તુર દારાબજી જમશેદજી જામાસ્પ આશાના) ઉપલા દસ્તુરજીના નાઘલા ભાઇ. એવણુ પોતાના ભાઇ એ૦ નવરોજજી જમશેદજી જામાસ્પઆશાના પાલક થયા હતા. એવણુ પણ પોતાના મજકુર ભાઇની સાથેજ નવસારીથી મુંબઇ આવેલા હતા, તથા રોજ ૨૯ માહ ૧ શેહનશાહી ૧૨૦૯ યજદજરદી (તા૦ ૨૮ મી અકટોબર ૧૮૩૯) ને દીને ૭૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર એદલ દસ્તુર દારાબ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણુ મુંબઇ મધે શેહનશાહી જરથોસ્તીઓના એક દસ્તુર તરીકે ગણાતા હતા, તથા ઈ૦ સ૦ ૧૮૧૯ થી કેટલીક દીન મજહબની ચોપડીઓના ગુજરાતીમાં તરજુમા કરી છપાવ્યા હતા. ઈ૦ સ૦ ૧૮૨૬—૨૭ ની કબીશાની તકરારોમાં એવણે શેહનશાહીઓ તરફથી મોટો ભાગ લીધો હતો. એવણુ રોજ ૩૦ માહ ૫ શેહનશાહી ૧૨૩૦ યજદજરદી (તા૦ ૨૦ મી ફેબરવારી ૧૮૬૧) ને દીને ૭૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર મીનોચેહર એરવદ માણેક—(દસ્તુર મીનોચેહરજી એદલજી જામાસ્પઆશાના) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણુ પોતાના કાકા એરવદ માણેકજી દારાબજી જામાસ્પઆશાના પાલક થયા હતા. એવણુ જંદ, પેહલવી, ફારસી, વગેરે ભાષાઓમાં ખબરદાર હતા, તથા આપણા મજહબને લગતી ઘણીક ચોપડીઓ ગુજરાતીમાં રચી એઓએ પ્રગટ કીધી હતી. એવણુને પોતાના બાપનાં ઉઠમણાંમાં અતરેની મોબેદોની અંજુમન તથા બીજા જરથોસ્તીઓએ મલી

દસ્તુરીનાં માન તરીકે ૧૪) શેઆલો હોરાડી હતી, પણ તે પછી ફક્ત આઠ માસમાં એવણ રોજ ૨૭ માહ ૧ શેહનશાહી ૧૨૩૧ યજદજરદી (તા૦ ૨૦ મી અકટોબર ૧૮૬૧) ને દીને ૫૩ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર ફીરોજ દસ્તુર જામાસ્પ—ઉપલા દસ્તુરજીના નબીરા. એવણ એક શિખેલા તથા ઘણીજ નરમાસ અને લાયકીવાલા તથા ભવિષમાં સારી આશા આપનારા દસ્તુરજાદા હતા, અને દસ્તુરી ભોગવ્યા વગર બાપની હૈયાતીમાંજ મરણ પામ્યા હતા, તોપણ તેવણનું નામ દસ્તુર તરીકે પઢવાને તેમનાં ઉઠમણાંમાં ઠેડાવ થયો હતો. એવણ રોજ ૨૨ માહ ૯ શેહનશાહી ૧૨૫૮ યજદજરદી (તા૦ ૫ મી જુન ૧૮૮૯) ને દીને ૩૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર જમશેદ એરવદ શોરાબ—(દસ્તુર જમશેદજી એદલજી જામાસ્પ આશાના) એવણ પોતાના કાકા એરવદ શોરાબજી બહમનજી જામાસ્પ આશાના પાલક થયા હતા. એવણ મુંબઈની મરહુમ બનાજી લીમજીની પુરાંણી દરેમેહરના પંથકી હતા, તથા જરથોસ્તી દીનઆઇનની બાબદોમાં ઘણા ખબરદાર ગણાતા હતા. ઇ૦ સ૦ ૧૮૪૦ માં એવણે પેહલવી આદરબાદ મેહરેસ્પંદનું પંદનામું તથા મીનોખેરદ કેતાબનો ગુજરાતીમાં તરજુમો કરી જાહેર પાડયો હતો. ૧૮૪૫ માં મુંબઇ મધે મરહુમ કાવશજી બેહરાંમજી બનાજીવાલાં કદમી આતશબેહરાંમ પરઠવાને લગતી સઘળી ક્રિઆ એવણનાં ઉપરીપણાં હેઠલ થાઇ હતી. એવણ રોજ ૩ માહ ૨ શેહનશાહી ૧૨૧૭ યજદજરદી (તા૦ ૩૦ મી અકટોબર ૧૮૪૭) ને દીને ૫૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર જામાસ્પ એરવદ રૂસ્તમ—(દસ્તુર જામાસપજી એદલજી જામાસ્પ આશાના) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના એક ભાઇ એરવદ રૂસતમજી એદલજી જામાસ્પઆશાના પાલક થયા હતા. એવણને ઇ૦ સ૦ ૧૮૨૪ માં મરહુમ શેઠ શોરાબજી રતનજી પટેલે પુણે લઇ જઇ ત્યાં દરેમેહર, દોખમું, વગેરે એવણ પાસે ઇજાવી એવણને ત્યાંના દસ્તુર ઠેડવ્યા હતા. દખણ મધે એવણની આગેવાની હેઠલ કેટલાંક ધર્મનાં મકાનો પરઠાયાં હતાં, તથા તે તરફના જરથોસ્તીઓમાં એઓ દસ્તુર તરીકે સારો મરતબો ધરાવતા હતા. એવણ રોજ ૨૪ માહ ૭ શેહનશાહી ૧૨૧૫ યજદજરદી (તા૦ ૧૯ મી આપરેલ ૧૮૪૬) ને દીને ૫૦ વર્ષની ઉમરે પુણાં મધે મરણ પામ્યા હતા.

દસ્તુર નોશરવાંન દસ્તુર જામાસ્પ—(સરદાર ખાંનબાહદુર દસ્તુર નોશરવાંનજી જામાસપજી જામાસ્પઆશાના) ઉપલા દસ્તુરજીના વડા દીકરા. એવણ પોતાના બાપનાં મરણ પછી પુણાં મધે દસ્તુરી ચલાવતા હતા, અને દખણની સર્વે દરેમેહરો તથા જરથોસ્તીઓ એવણને વડા દસ્તુર તરીકે ગણતા હતા. ૧૮૫૭ ના બળવા વખતે એવણે ઇંગ્રેજ સરકારને ઘણીક મદદો કરવાના બદલામાં ૧૮૬૮ માં એવણને "ખાંનબાહદુર" નો ખેતાબ તથા ૧૮૭૩ માં એક સોનાંનો ચાંદ એનાયત કીધો હતો, તથા દખણના પેહલા વર્ગના સરદારનું માન આપ્યું હતું. એવણનો દેખાવ ઘણો દબદબાભરેલો હતો. એવણ રોજ ૧૦ માહ

૨ શેહનશાહી ૧૨૫૪ યજદજરદી (તા૦ ૨૭ મી અકટોબર ૧૮૮૪) ને દીને પુણાં મધે ૬૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર એદલ એરવદ શોરાબ—(દસ્તુર એદલજી દારાબજી સંજાણા) એવણ પોતાના ભાઇ એ૦ શોરાબજી દારાબજી સંજાણાના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૮૦૩ માં એવણ સુરતથી મુંબઇ આવ્યા હતા. જરથોસ્તી ધર્મને લગતી પુરાતમ ભાષાઓ તથા દીનઆઇનનાં કામમાં ઘણા ખબરદાર હતા. ઇ૦ સ૦ ૧૮૨૩ માં સુરતનાં શેહનશાહી આતશબેહરાંમ તથા ૧૮૩૦ માં મુંબઇનાં શેહનશાહી આતશબેહરાંમ પરઠવાને લગતી સઘળી ક્રિયા એવણનાં ઉપરીપણાં હેઠલ થઇ હતી, તથા મુંબઇનાં આતશબેહરાંમની પેહેલી બોએ એવણે દીધી હતી. તા૦ ૧૭ મી નવેમબર ૧૮૩૦ ને દીને એ આતશબેહરાંમ પરઠાયા તે વેળાએ મુંબઇની પારસી પંચાત તરફથી એવણને એક શેઆલ હોરાડી અતરેના શેહનશાહી જરથોસ્તીઓના વડા દસ્તુર ઠેડવવામાં આવ્યા હતા. ઇ. સ. ૧૮૨૬-૨૭ ની કબીશાની તકરારોમાં એવણે શેહનશાહીઓ તરફથી મોટો ભાગ લીધો હતો. જરથોસ્તી ધર્મની સામે ખ્રિસ્તી મીશનરીઓએ કરેલી મુજાહેમતો તથા હુમલાઓના એવણે ૧૮૪૨ થી "રેહેનુમાએ જરતોશતી" નામે માસીક ચોપાનયું શેઠ નવરોજજી ફરદુનજીની સાથે મલી પરવરતાવી જવાબો આપ્યા હતા, તથા આપણા ધર્મને લગતાં કેટલાંક પુસ્તકો અને તરજુમાઓ એવણે છપાવી પ્રગટ કીધા હતા. એવણ રોજ ૫ માહ ૧૨ શેહનશાહી ૧૨૧૬ યજદજરદી (તા૦ ૨૮ મી આગશટ ૧૮૪૭) ને દીને ૭૧ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર બેહરાંમ દસ્તુર એદલ—(દસ્તુર બેહરાંમજી દારાબજી સંજાણા) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના એજ ભાઇ દસ્તુર એદલજી દારાબજી સંજાણાના પાલક થયા હતા, તથા ઇ૦ સ૦ ૧૮૪૭ માં તેમનાં મરણ બાદ મુંબઇનાં મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆવાલાં શેહનશાહી આતશબેહરાંમના દસ્તુર નેમાયા હતા. એવણ રોજ ૨૪ માહ ૫ શેહનશાહી ૧૨૨૬ યજદજરદી (તા૦ ૧૫ મી ફેબરવારી ૧૮૫૭) ને દીને ૭૩ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર અસ્પંદયાર દસ્તુર કામદીન—ભરૂચવાલા જાણીતા દસ્તુર કામદીનજી ફરદુનજીના દીકરા. એવણ ઇ૦ સ૦ ૧૭૮૧ માં પોતાના બાપનાં મરણથી ભરૂચના વડા દસ્તુર ઠડયા હતા. એવો જરથોસ્તી મજહબને લગતી બાબદો તથા ફારસી ભાષામાં ઘણા ખબરદાર હતા. ભરૂચમાં ઇંગ્રેજ સરકારનો અમલ ઇ૦ સ૦ ૧૮૦૩ થી શરૂ થયો, ત્યારથી તે પોતાનાં મરણ સુધી એવણે મુનસફ તથા સદર અમીનના ઓહ્દા ચલાવ્યા હતા. પોતાનાં મરણની એક માસ આગમજ એવણે કબીશો જરથોસ્તી દીનમાં જાએજ છે તે માટેની "કદીમ તારીખ પારશીઓની કશર" ઇયાને કબીશાની હકીકત એવે નામની એક ચોપડી સુરત મધે છપાવી હતી. તે ચોપડી બાહેર પડયા પછી મુંબઇમાં પાછી કદમી શેહનશાહીઓ

વચ્ચે રોજ માહના તફાવત બાબેની તકરાર ખુબ જોશમાં ઉઠી, અને તેમાં એ કેતાબ શેહનશાહીઓ તરફની એક મુખ્ય શાહદત ગણવામાં આવી, તથા એને લીધે એઓનું નામ શેહનશાહીઓમાં યાદગાર રહી ગયું. એવણ રોજ ૧૮ માહ ૧૧ શેહનશાહી ૧૧૯૫ યજદજરદી (તા૦ ૧૬ મી આગશટ ૧૮૨૬) ને દીને ૭૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર આશદીન એરવદ કાકા—નવસારીના એક ખબરદાર તથા પઢેલા દસ્તુર. એવણે જરથોસ્તી દીનઆઇનને લગતી ઘણીક કેતાબો તથા તવારીખોની નકલો કીધેલી હતી; તેમજ નવસારીના પાંચે પોલના કુટુંબીઓની ફેહરેશત જુના લેખો ઉપરથી તેહકીક કરી બનાવી હતી. એવણ રોજ ૧૦ માહ ૪ શેહનશાહી ૧૦૦૭ યજદજરદી (તા૦ ૧૩ મી ફેબરવારી ૧૬૩૮) ને દીને મરણ પામ્યા હતા.

દસ્તુર તેહમુલ એરવદ મીનોચેહર—(દસ્તુર તેહમુલજી મીનોચેહરજી હોનદાર) પુણાંની મરહુમ સર જમશેદજી જીજીભાઇવાલી દરેમેહરના પંથકી. એવણ ઇ૦ સ૦ ૧૮૩૩ માં પુણે ગયા હતા, અને ત્યાંનું અંજુમનનું દોખમું તથા મરહુમ સર જમશેદજીવાલી દરેમેહર એવણનાં ઉપરીપણાં હેઠલ પરઠાઇ હતી. એવણ જુની પુરાંણી બાબદોથી સારા વાકેફગાર હતા, અને નવસારીના ભગર સાથના મોબેદોને તેઓના વાંધા વીસ્તી વેળાએ ઘણા કામ લાગતા હતા. એવણ ૯૦) વર્ષની બુજર્ગ વયે રોજ ૩૦ માહ ૧૦ શેહનશાહી ૧૨૬૦ યજદજરદી (તા૦ ૧૩ મી જુલાઇ ૧૮૯૧) ને દીને પુણાં મધે મરણ પામ્યા હતા.

એરવદ ખુરશેદ એરવદ તેહમુલ—(દેસાઇ ખુરશેદજી તેહમુલજી નવસારીવાલા) એવણ ઇ. સ. ૧૭૨૮ માં પોતાના બાપનાં મરણ પછી ગાયકવાડ સરકાર તરફથી નવસારીના દેસાઇ થયા હતા. નવસારી તથા તેને લગતા માહાલોનાં મેહશુલમાં એવણની મદદથી ઘણો વધારો થયો હતો, અને તે ઉપરથી ગાયકવાડ સરકારનો એવણ ઉપર મોરો ઇતબાર બેઠો હતો. નવસારીની ગરીબ રૈયતને એવણે ગાયકવાડી સરકારમાં વગ લગાડી ઘણાક અણઘટતા વેરાઓમાંથી છોડવી હતી તથા કેટલીક વખત ગરીબોની તરફના વેરાવો પોતાની ગીરોથી આપ્યા હતા. એવણે તા૦ ૨ જી ડીસેમબર ૧૭૬૫ ને દીને નવસારીમાં આતશબેહરાંમ પરઠાવ્યા હતા, તથા ત્યાંના પારસીઓને સર અવસરે વાપડવાને એક ઓટલો બંધાવી આપ્યો હતો કે જે આજ સુધી ખુરશેદ વાડીને નામે ઓળખાએછે. નવસારીની જરથોસ્તી અંજુમનના એવણ એક મુખ્ય અકાબર હતા, અને પોતાની કોમમાં ઘણાક સુધારાઓ કરવાની એવણે આગેવાંની લીધી હતી. એવણ રોજ ૧૨ માહ ૫ શેહનશાહી ૧૧૪૮ યજદજરદી (તા૦ ૨૨ મી ફેબરવારી ૧૭૭૯) ને દીને ૮૧ વર્ષની ઉમરે નવસારી મધે મરણ પામ્યા હતા.

એરવદ જમશેદ એરવદ તેહમુલ—(દેસાઇ જમશેદજી તેહમુલજી નવસારીવાલા) ઉપલા દેસાઇ ખુરશેદજી તેહમુલજીના નાધલા ભાઇ. એવણ ઇ૦ સ૦ ૧૭૨૮ થી વરોડરાના ગાયકવાડ સરકારની નોકરીમાં હતા, તથા નવસારી તરફ કેટલીક જાગીરો ધરાવતા હતા. નવસારી મધે પોતાના વખતમાં એવણ પણ એક આગેવાંન

અકાબર હતા, તથા સરકાર સાથના લાગવગને લીધે આપણા લોકોને કેટલાક ફાયદા કીધા હતા. એવણુ રોજ ૩ માહ ૧ શેહનશાહી ૧૧૨૪ યજદજરદી (તા૦ ૨૨ મી અક્ટોબર ૧૭૫૪) ને દીને ૪૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ તેહમુલ ઓસ્તા રૂસ્તમ—(દેસાઇ તેહમુલજી રૂસતમજી નવસારીવાલા) ઉપલા દેસાઇ ખુરશેદજી તેહમુલજીના બાવા, અને નવસારીનાં મોટા દેસાઇનાં ખાનદાનના વડવા. એવણને દીલ્લીના શાહનશાહ તરફથી ઇ૦ સ૦ ૧૭૦૦ માં એક ફરમાંન આપી નવસારી કશબો તથા પારચોલનું પરગણું જે સુરતના અમલમાં અને અમદાવાદની સુબાગીરીમાં હતું તેની ચોધરાઇ આપી હતી. ઇ૦ સ૦ ૧૭૧૪ માં એવણે નવસારીના પોલીઆ દેસાઇના વંશના શેઠ દારાબજી રૂસતમજી દેસાઇ પાસેથી તેમનાં દેસાઇગરાંનાં વતનનો ભાગ વેચાતો લઇ મોટા જમીનદાર તથા દેસાઇગરાંમાં ભાગયા થયા હતા. પીલાજીરાવ ગાયકવાડે એમને પોતાના હાથ તલે સરકારી કામકાજોને માટે રાખ્યા હતા, અને પોતાના બોહલા લાગવગને લીધે રૈયતને ઘણા ફાયદા કીધા હતા. નવસારીની જરથોસ્તી અંજુમનના એવણુ એક આગેવાંન અકાબર હતા, અને રોજ ૭ માહ ૮ શેહનશાહી ૧૦૯૭ યજદજરદી (તા૦ ૧૯ મી મેએ ૧૭૨૮) ને દીને મરણ પામ્યા હતા.

એરવદ મીનોચેહર ઓસ્તા નવરોજ—(દેસાઇ મીનોચેરજી ખુરશેદજી નવસારીવાલા) એવણુ પોતાના ભાઇ શેઠ નવરોજજી ખુરશેદજી દેસાઇના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૭૭૯ માં પોતાના બાપનાં મરણથી તેમનો દેસાઇગરાંનો વહીવટ એવણુ ચલાવતા હતા. ગાયકવાડ તથા ઇંગ્રેજ સરકાર વચ્ચેનાં કેટલાંક રાજદરબારી કામોમાં એવણે વચ્ચે પડી ઘણી મદદ આપી હતી. ઇ૦ સ૦ ૧૭૯૩ માં એવણને આનંદરાવ ગાયકવાડે ઇંગ્રેજ સરકારની જામીનગીરી હેઠલ દેસાઇગરાંનો એક મજબુત પરવાનો કરી આપ્યો હતો. ઇ૦ સ૦ ૧૮૦૦ માં ઇંગ્રેજ સરકારની વતી મુંબઇના ગવરનર જોનાથન ડંકન તથા આનંદરાવ ગાયકવાડ અને તેના પ્રધાન રાઓજી આપાજી વચ્ચે ગાયકવાડના મુલકમાં ૨૦૦૦ માણસોનું ઇંગ્રેજી ખિરાજી લશકર રાખવા વિષે જે છુપા કોલકરારો થયા હતા, તેમાં એવણની ઘણી મદદ હતી. આથી આનંદરાવ ગાયકવાડે એમને કેટલાંક ગામો જાગીર તરીકે બખ્શયાં, તથા ઇંગ્રેજ સરકારે રૂ૨૪૦૦) નું શાલીયાંણું બાંધી આપ્યું. ગાયકવાડે એમને નવસારી તથા ગંદેવી ઉપરાંત સુપા, પારચોલ, ચોરાસી, ચીકલી, કોશ, વગેરેનાં પરગણાંઓની હકુમત ઇજારે આપી હતી. એવણુ નવસારીની જરથોસ્તી અંજુમનના એક આગેવાન અકાબર હતા, તથા ત્યાં ઘણાંક ધર્મનાં કામો કીધાં હતાં. નવસારીની વડી દરેમેહરની ઇમારત ઘણી જુની થવાથી તે એવણે નવેસરથી સમરાવી તા૦ ૭ મી ફેબરવારી ૧૭૯૫ ને દીને પરઠાવી હતી, તથા નવસારીમાં ઇ૦ સ૦ ૧૭૬૫ માં એવણના બાપે પરઠાવેલાં આતશબેહરાંમની ઇમારત પણુ જુની થવાથી તે એવણે પાછી મુંબઇવાલા શેઠ નશરવાંનજી માણેકજી વાડીઆની સાથે મલી બંધાવી હતી,

અને રોજ ૨૪ માહ ૨ શેહનશાહી ૧૧૮૦ યજદજરદી (તા૦ ૨૯ મી નવેમબર ૧૮૧૦) ને દીને તે ખોલ્લી મુકવાનું જશન થવા બાદ એવણ તરતજ ૮૮ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ કુકા એરવદ મેહરજી—(દેસાઇ કુકાજી મેહરજી નવસારીવાલા) એવણ પોતાના વખતમાં નવસારીના પોલીઆ દેસાઇનાં કુટુંબના વડીલ હતા. એવણ પ્રથમમાં મોંગલાઇ તથા પછવાડેથી ગાયકવાડી અમલદારો સાથે ઘણો વગ ધરાવતા હતા, તથા છેલ્લાઓ તો એવણની બુજર્ગીને લીધે નવસારી કસબાને લગતાં ઘણાંક કામોમાં એવણની મસલહત લેતા હતા. એવણ ત્યાંની પારસી અંજુમનના પણ એક વડા અકાબર, તથા તેઓમાં મોટું માન ધરાવતા હતા. ૯૦) વર્ષની બુજર્ગ ઉમરે એવણ રોજ ૧૯ માહ ૯ શેહનશાહી ૧૧૧૧ યજદજરદી (તા૦ ૮ મી ફેબરવારી ૧૭૪૨) ને દીને મરણ પામ્યા હતા.

એરવદ જીવણ ઓસ્તા મેહરજી—(દેસાઇ જીવણજી માણેકજી નવસારીવાલા) એવણ પોતાના કાકા શેઠ મેહરજીભાઇ હોમજીભાઇ દેસાઇના પાલક થયા હતા, તથા પોતાના વખતમાં નવસારીનાં પોલીઆ દેસાઇનાં કુટુંબના વડીલ હતા. ગાયકવાડ સરકારમાં એવણ સારો દરજ્જો તેમજ નવસારીની પારસી કોમમાં મોટું માન ધરાવતા હતા, તથા ત્યાંની અંજુમનના એક મુખ્ય અકાબર હતા. એવણ રોજ ૨૧ માહ ૧ શેહનશાહી ૧૧૪૩ યજદજરદી (તા૦ ૪ થી નવેમબર ૧૭૭૩) ને દીને ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ માણેક ઓસ્તા નવરોજ—(શેઠ માણેકજી નવરોજજી શેઠના) એવણ મુંબઇના એક આગલા જાણીતા વ્યાપારી, જાગીરદાર, તથા મોબેદોના વડા ગણાતા હતા. ઇ૦ સ૦ ૧૭૩૦ માં એવણ સુરતથી મુંબઇ આવ્યા હતા, અને કોટમાંની બજારગેટ સ્ત્રીટમાંની જાણીતી આદરાંનની દરેમેહર બંધાવી તે તા૦ ૧૯ મી જુન ૧૭૩૩ ને દીને પરઠાવી હતી. તેમજ પારસીઓને સર અવસરે વાપડવાની કોટની "માણેકજી શેઠની વાડી" પણ એવણે બંધાવી હતી. નવસારીમાં પથરનું એક દોખમું એવણે બંધાવી તે તા૦ ૩૦ મી જાનેવારી ૧૭૪૭ ને દીને પરઠાવ્યું હતું. મુંબઇમાં સર્વે પંચાતે મલી એક દોખમું બંધાવવાને ઉઘરાંણું કીધું હતું, તેમાં એવણે રૂ૨૦૦૦) ભર્યાં હતા, પણ પાછલથી તે ઉઘરાંણાંની રકમ પુરતી નહી જણાયાથી એવણના વારેસોએ એવણની નઇયતે તેમાં બાકીનું નાણું પુરૂં કરી આપી એ દોખમું એવણને નામે ઇ૦ સ૦ ૧૭૫૬ માં બંધાવી પરઠાવ્યું હતું. એવણ કેટલીક જાગીરો પોતાની પાછલ પેદરપે વડા વારેસોનેજ મલે એવો બંદોબસ્ત કરી એલાહેદી કાઢી તેમાંથી ચોકસ ધર્મનાં કામો કરવાનો બંદોબસ્ત કરી ગયાછે. એવણ રોજ ૧૨ માહ ૭ શેહનશાહી ૧૧૧૭ યજદજરદી (તા૦ ૧૯ મી આપરેલ ૧૭૪૮) ને દીને ૬૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

ઓસ્તા નવરોજ એરવદ રૂસ્તમ—(શેઠ નવરોજજી રૂસતમજી શેઠના) સુરતવાલા આ૦ રૂસ્તમ માણેક શેઠના નાહલા દીકરા. એવણને પોતાના મરનાર બાપ

કે જે સુરતની ઈંગ્રેજી કોઠીના દલાલ હતા, તેમના હીસાબ કેતાબ તથા જાગીર સંબંધી ત્યાંના સત્તાવાલાઓ સાથે મોટા વાંધા ઉઠવાથી તેનો ફડચો કરાવવા માટે ઈ૦ સ૦ ૧૭૨૪ માં "સાલસબરી" નામની મનવારમાં પોતાને ઈંગલાંડ જવું પડયું હતું. ઈંગલાંડ તરફ પારસીઓમાં એવણ પેહલવેહલા ગયલા જણાયલા છે. એવણે ત્યાં પોતાની સઘળી હકીકત રજુ કર્યાથી એમને ઇનસાફ, તથા મોટા મોટા અમીર ઉમરાવો અને અધિકારીઓ તરફથી ઘણું માન અને સરપાવ મલ્યા હતા. ઈંગલાંડથી પાછા આવી એવણે મુંબઈમાં જાયુક વાસો કીધો હતો. "નવરોજજી હીલ" ને નામે મુંબઇમાં મજગાંમના રસ્તા પર જે મોટો ડુંગર છે તે એ શેઠની યાદગારી દેખાડેછે. એવણ તે વેળા મુંબઇમાં પેહલવેહલી સ્થાપેલી પારસીની પંચાએતના એક મુખ્ય અકાબર હતા, અને રોજ ૨ માહ ૭ શેહનશાહી ૧૧૦૧ યજદજરદી (તા૦ ૧૩ મી આપરેલ ૧૭૩૨) ને દીને મરણ પામ્યા હતા.

એરવદ શોરાબ એરવદ માણેક—(શેઠ શોરાબજી મનચેરજી બહમનજી શેઠના) એવણ પોતાના સસરા તથા બાપના કાકાના દીકરા શેઠ માણેકજી નવરોજજી શેઠના પાલક થયા હતા, તથા તેવણનાં પેદરપે ઉતરતાં ધર્મખાતાંના પેહલા મુતવલી હતા. ઈ૦ સ૦ ૧૭૯૦ ના સડતાલાના દુકાલની વખતે ગુજરાતથી વાખાના માર્યા અતરે આવેલા જરથોસ્તીઓને એવણે પોતાને હસ્તકની મરહુમ માણેકજી શેઠ વાલી વાડીમાં ઉતારો આપ્યો હતો. એવણે પોતાના બાપ શેઠ મનચેરજી બહમનજી શેઠનાને નામે મુંબઇના બાહેરકોટ ખાતે એક દરેમેહર બંધાવી તે તા૦ ૨૪ મી નવેમબર ૧૭૯૬ ને દીને પરઠાવી હતી. એવણ રોજ ૬ માહ ૭ શેહનશાહી ૧૧૬૭ યજદજરદી (તા૦ ૧૨ મી આપરેલ ૧૭૯૮) ને દીને ૬૧ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ નવરોજ એરવદ શોરાબ—(શેઠ નવરોજજી શોરાબજી શેઠના) એવણ ઉપલા શેઠ શોરાબજીના વડા દીકરા હોવાથી મરહુમ માણેકજી શેઠનાં ધર્મખાતાંનાં મુતવલીપણાંનો અખત્યાર એવણને મલ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૦૩ ની મુંબઇની મોટી આગની વેળાએ એવણે કેટલીક સરકારી ઇમારતો બળી જવાથી સરકારના અમલદારોને રેહવાને માટે પોતાનું ઘેર ખાલી કરી આપ્યું હતું, અને તેનું કસ્સું ભાડું સરકાર પાસેથી લીધું નહિં. આથી સરકારે એવણનો ઉપકાર માની આગમાં બળી ગયલી કેટલીક ખાલી જમીન તેના બદલામાં એવણને ભેટ આપી હતી. એવણ રોજ ૨૯ માહ ૨ શેહનશાહી ૧૧૮૩ યજદજરદી (તા૦ ૩ જી ડીસેમબર ૧૮૧૩) ને દીને ૫૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ મેહરવાંન ઓસ્તા મીનોચેહર—(શેઠ મેહરવાંનજી નવરોજજી શેઠના) એવણ પોતાના બાપના બપાવા શેઠ મનચેરજી બહમનજી શેઠનાના પાલક થયા હતા, તથા ઉપલા શેઠ નવરોજજીના વડા દીકરા હોવાથી એવણને મરહુમ માણેકજી શેઠનાં ધર્મખાતાંના મુતવલીપણાંનો વહીવટ મલ્યો હતો, જે

પાંચ વર્ષ ચલાવી રોજ ૭ માહ ૩ શેહનશાહી ૧૧૮૮ યજદજરદી (તા૦ ૧૦ મી ડીસેમબર ૧૮૧૮) ને દીને ૪૩ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ માણેક એરવદ મેહરવાંન—(શેઠ માણેકજી મેહરવાંનજી શેઠના) એવણ ઉપલા શેઠ મેહરવાંનજીના વડા દીકરા હોવાથી એવણને મરહુમ માણેકજી શેઠનાં ધર્મખાતાંના મુતવલીપણાંનો વહીવટ મલ્યો હતો, જે બધા મુતવલીઓથી લાંબી મુદ્દત એટલે ૫૧) વર્ષ એવણે ભોગવ્યો હતો. કોટમાંની મરહુમ માણેકજી શેઠવાલી વાડીના બે જુના ઓટલા તે ધર્મખાતાંના હીસાબમાંથી એવણે ઈ૦ સ૦ ૧૮૪૩ માં ઉખેડાવી નવેસરથી બંધાવ્યા હતા. મુંબઇ મધે નવસારીની વડી દરેમેહરને તાબેના ભગર સાથના મોબેદોનાં ધર્મખાતાંનું ફંડ એવણે આગેવાંની લઈ ઈ૦ સ૦ ૧૮૪૨ માં ઉભું કીધું, તથા તેનાં સેવટ સુધી તરસ્ટી હતા. એવણ રોજ ૧૨ માહા ૯ શેહનશાહી ૧૨૩૮ યજદજરદી (તા૦ ૩૧ મી મેએ ૧૮૬૯) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ મેહરવાંન એરવદ માણેક—(શેઠ મેહરવાંનજી માણેકજી શેઠના) એવણ ઉપલા શેઠ માણેકજીના વડા દીકરા હોવાથી એવણને મરહુમ માણેકજી શેઠનાં ધર્મખાતાંના મુતવલીપણાંનો વહીવટ મલયો હતો, જે એવણે ફક્ત ૩ા વર્ષ ભોગવ્યો હતો. એવણે ઈ૦ સ૦ ૧૮૫૮ માં ઈંગ્રેજી ભાષામાં વ્યાજ ગણવાના કોઠાનું એક પુસ્તક બનાવ્યું હતું, તથા ૧૮૭૧ માં ભીડીબજારના કાંદાવાળા મોહલામાં પારસીઓની છોડીઓની એક નિશાલ પોતાને ખરચે સ્થાપી હતી, તથા નવસારીમાં એક નશાખાનું બંધાવ્યું હતું, અને એ ઉપરાંત બીજી કેટલીક સખાવતો કીધી હતી. સુરત મધે રૂસ્તમપરામાં વસનારા નવસારીની વડી દરેમેહરને તાબેનાં ભગર સાથના મોબેદો તથા તેઓને લગતા બેહદીનોનાં રવાંનોને અવલમંજલ પોંહચાડવા વગેરેનું એક ધર્મખાતાંનું ફંડ ઈ૦ સ૦ ૧૮૬૨ માં ઉભું કરવામાં એવણે અતરે આગેવાની લીધી હતી, અને તેના સેવટ સુધી તરસ્ટી હતા. આપણા મોબેદોની હાલત સુધારવા તથા તેઓમાં ચાલતા ભણવા ગણવાના ફેર બાબે નીવેડો લાવવાનું એવણે માથે લીધું હતું, પણ ટુક અરસામાં મરણ નીપજવાથી તે સંધું રહી ગયું. એવણ રોજ ૧૦ માહા ૬ શેહનશાહી ૧૨૪૨ યજદજરદી (તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૭૩) ને દીને ૫૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ અરદેશર એરવદ મેહરવાંન—(શેઠ અરદેશર મેહરવાંનજી શેઠના) એવણ ઉપલા શેઠ મેહરવાંનજીના વડા દીકરા હોવાથી એવણને મરહુમ માણેકજી શેઠનાં ધર્મખાતાંના મુતવલીપણાંનો વહીવટ મલયો હતો, જે એવણે પણ ફક્ત ૫ા વર્ષ ભોગવ્યો હતો. મુંબઇનાં નવાં મ્યુનીસીપાલ કારપોરેશનના એવણ એક મેમબર હતા, અને જાહેરમાં વધવાની ઘણી ઉલટ રાખતા હતા. કોટમાંની મરહુમ માણેકજી શેઠવાલી વાડીના એવણના બપાવાએ ઈ૦ સ૦ ૧૮૪૩ માં બંધાવેલા બે ઓટલા ઉખેડાવી એવણે એ જગો પર વખતને અનુસરતા બે મોટા કુશાદે ઓટલા તથા બે બંગલા એજ ધર્મખાતાંના હીસાબમાંથી બંધાવવા માડયા હતા,

અને તે પુરા થાય તેટલામાં એવણ રોજ ૨૭ માહ ૧ શેહનશાહી ૧૨૪૮ યજદ-જરદી (તા૦ ૧૬ મી અકટોબર ૧૮૭૮) ને દીને ૩૫ વર્ષની ઉમરે ઘોડા પરથી પડી એકાએક મરણ પામ્યા હતા.

એરવદ ખુરશેદ એરવદ માણેક—(શેઠ ખરશેદજી માણેકજી શેઠના) એવણે ઉપલાં પોતાના બાપ તથા ભાઇઓએ કરેલાં ધર્મખાતાંનાં ફંડોનો વહીવટ પોતાની હૈયાતી સુધી ચલાવ્યો હતો. મુંબઇનાં પારસીઓને લગતાં ઘણાંક ધર્મખાતાંઓના એવણ તરસ્ટી, ખજાનચી, વગેરે હતા. ભગર સાથના મોબેદોની એવણે બધી વેળાએ ઘણી કુમક કીધી હતી. એવણ રોજ ૨૬ માહ ૫ શેહનશાહી ૧૨૫૯ યજદજરદી (તા૦ ૯ મી ફેબરવારી ૧૮૯૦) ને દીને ૬૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ દાદા એરવદ માણેક—(શેઠ દાદાભાઇ માણેકજી મેહરવાંનજી શેઠના) એવણે પોતાના ભત્રિજાઓની ગેરહાજરીમાં મરહુમ માણેકજી શેઠનાં ધર્મખાતાંના મુતવલીનું કામ કેટલીકવાર ચલાવ્યું હતું, અને તેથી ભગરીઆ મોબેદોના સંબંધમાં વારંવાર આવ્યા હતા. એવણ રોજ ૧૯ માહ ૬ શેહન-શાહી ૧૨૬૧ યજદજરદી (તા૦ ૩ જી મારચ ૧૮૯૨) ને દીને ૫૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ દોશા એરવદ શોરાબ—(શેઠ દોશાભાઇ શોરાબજી મુનશી) એવણ ભરૂચથી ઇ૦ સ૦ ૧૭૯૮ માં મુંબઇ આવ્યા હતા, અને ફારસી તથા આરબી ભાષાની પુખ્ત તાલીમ લઇ અતરેના ઇંગ્રેજ અમલદારોને એ ભાષાઓ શિખવનાર મુનશી થયા હતા. એવણના હાથ તલે શેંકડો ઇંગ્રેજો, અરમાનીઓ, તથા પારસીઓએ ફારસીની તાલીમ લીધી હતી. એવણે એક ડજનથી વધુ ઉપયોગી પુસ્તકો છપાવી બાહેર પાડયાં હતાં. ઇ૦ સ૦ ૧૮૨૬—૨૭ ની કબીશાની તકરારોમાં એવણે શેહનશાહીઓ તરફથી મોટો ભાગ લીધો હતો, તથા ૧૮૩૯—૪૦ માં ખ્રિસ્તી મીશનરીઓએ જરથોસ્તી મજહબની સાંમે કરેલા હુમલાઓનો બચાવ કીધો હતો. મુંબઇની આગલી પારસી પંચાતના એવણ એક સફેદ પાઘડીવાલા અકાબર હતા. પારસી કોમમાં એક બુજર્ગ અથોરનાંન તરીકે એવણને ઘણું માન મલતું હતું. એવણ ૮૬) વર્ષની પાકી ઉમરે રોજ ૫ માહ ૧૨ શેહનશાહી ૧૨૩૯ યજદજરદી (તા૦ ૨૨ મી આગશટ ૧૮૭૦) ને દીને મરણ પામ્યા હતા.

એરવદ નોશરવાંન એરવદ રતન—(શેઠ નશરવાંનજી રતનજી તાતા) એવણ પ્રથમમાં એક કંત્રાકટર, તે પછી વ્યાપારી અને મીલના એજંટ હતા. નવસારીમાં એવણે ઇ૦ સ૦ ૧૮૭૮ માં એક મોટું દોખમું બંધાવ્યું હતું, તથા ત્યાં એક છોડીઓની નિશાલ અને જંદ મદરેસા ઉઘાડી હતી, તથા પોતાના હમવતનીઓના લાભ કીજે ઘણાંક ધર્મનાં કામો કર્યાં હતાં. ભગર સાથના મોબેદોની એવણ હમેશાં કુમક કરનારા હતા. એવણ રોજ ૧૪ માહ ૫ શેહનશાહી ૧૨૫૫ યજદજરદી (તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૮૬) ને દીને ૬૫ વર્ષની ઉમરે નવસારી મધે મરણ પામ્યા હતા.

એરવદ કાઊશ એરવદ શેરાબ—(એ૦ કાવશજી શેરાબજી બેદવાર) એવણ રેલવે, મ્યુનીસીપાલીટી વગેરેના એક કંત્રાકટર હતા. નવસારીમાં એવણે જરથોસ્તી મુસાફરોના ઉતારાને મારે "શેરાબ બાગ" નામનું એક મકાન ઇ૦ સ૦ ૧૮૬૮ માં બંધાવ્યું હતું. ભગર સાથના મોબેદોને મારે મુંબઇમાં નવું આતશબેહરાંમ બંધાવી આપવાને એવણે ઘણી આગેવાની લીધી હતી, તથા તેઓની કુમક કરવા હમેશાં તૈયાર હતા. એવણ રોજ ૭ માહ ૬ શેહનશાહી ૧૨૫૫ યજદજરદી (તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૮૬) ને દીને ૪૫ વર્ષની ઉમરે મુંબઇમાં મરણ પામ્યા હતા.

બેહદીન બહમન બેહદીન માણેક—નવસારીના આગલા પંદરમી સદીના વડા અકાબર ચાંગા આશાના નબીરા. એવણ પોતાના વખતમાં નવસારીના વડા અકાબર હતા, તથા ઇરાનથી અતરે ફરવા આવેલા કાઉશ ફરીબોરજ નામના એક બેહદીન પાસે ઇ૦ સ૦ ૧૫૩૩ માં એવણ તથા એવણના બાવા માણેક ચાંગાએ અરદાવીરાફનામું ફારસી બેતોમાં લખાવ્યું હતું, જેની નકલ મુલ્લાં ફીરોજ કેતાબખાનાંમાં "વીરાફે કાઉશી" નાં નામથી મોજુદ છે.

બેહદીન મીનોચેહર બેહદીન બહમન—ઉપલા અકાબરના દીકરા. એવણ મોગલાઇ સરકાર તરફથી આગલા વખતમાં નવસારીમાં દેસાઇગરૂં ચલાવતા હતા. અને પછવાડેથી તે વહીવટ દસ્તુર કેકોબાદ મેહરજીરાંણાને સોંપ્યો હતો.

બેહદીન દાદા બેહદીન નાહના— } એ નામો વિષે એમ કેહછે કે
બેહદીન નાહના બેહદીન દાદા— } એઓ સુરતના મોદી હતા, અને નવસારીમાં ઇ૦ સ૦ ૧૬૮૬ ની બેહદીન મોબેદો વચ્ચેની મોટી મારામારીમાં પકડાયલા મોબેદોને સુરત લઇ ગયા તેઓને પોતાના વગવસીલાથી છોડવ્યા હતા. પણ બનેલો બનાવ એથી તદન જુદોજ છે, શબબ જુનાં લખાંણો પરથી માલમ પડેછે કે ઉપલી મોટી મારામારીમાં પકડાયલા મોબેદોને સુરતમાં મોદી કુવરજી નાનાભાઇએ છોડવ્યા હતા, અને મોદી કુવરજીનો એ અયાંમબી હતો એ ખરૂં છે. (પારસી પ્રકાશ સફે ૪૫—૮૪૬) મોદી દાદાભાઇ નાનાભાઇ તો ઇ૦ સ૦ ૧૭૭૮ માં એટલે એ મારામારી પછી ૯૨) વર્ષે મરણ પામ્યાછે, અને તેવણના બાપનું નામ મોદી નાનાભાઇ ભીમજી છે, જેવણબી ઇ૦ સ૦ ૧૭૬૬ માં એટલે એ મારામારી પછી ૮૦) વર્ષે ગુજરી ગયાછે. કોઇ કેહછે કે એ વખતે સુરતમાં ઉમરાના પટેલ નાનાભાઇ નરશંગજીએબી એ મોબેદોને છોડવવામાં મદદ કીધી હતી, અને તેથી એ નામ કદાચ તેવણનું હોય. એ નાનાભાઇ નરશંગજી એ મારામારી વખતે હૈયાત હતા એટલું તો ચોકસ છે, પણ એ નાહના બેહદીન દાદા નામ તેવણનુંજ છે કે નહિ તેનો કોઇ ખોલાસો કરી શકતું નથી.

બેહદીન માલન બેહદીન બેહરાંમ—નવસારીની આગલા વખતની એક ધર્મી ઓરત. એ બાઇએ કેહછે કે નવસારીનું પેહલવેહલું ઇટનું દોખમું બંધાવી આપ્યું હતું, તથા ત્યાંની હાલની વડી દરેમેહરની પાસે પોતાનાં ઘરની થોડીક જગા હતી તે "હિંધોલા" ને મારે ભેટ આપી હતી, જેમાં આજસુધી બે હિંધોલા

મુકેલા મોજુદ છે. આ બાઇની પોતાના ધર્મ ઉપરની આવી દીલસોજી તથા સખાવતને માટે નવસારીના મોબેદો જાહેર જશનો વગેરેની ક્રિઆમાં એ બાઇનું તથા તેણીના ખાવંદ "બેહરાંમ જીથરા" નું નામ દીએછે.

બેહદીન બેહરાંમ બેહદીન જમશેદ—ઉપલી માલનબાઇના ખાવંદ. એવણનું નામ બેહરાંમ જીથરા કરી હતું, પણ કોઇના પાલક હોય તેથી બેહરાંમ જમશેદ કરી નામ દેવાયછે.

બેહદીન પૂરાંમ બેહદીન નોશરવાંન—(શેઠ ફરાંમજી નશરવાંનજી બાટલીવાલા) સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટના માસા તથા સસરા. એવણ પ્રથમ નવસારીના વતની હતા, અને ઇ૦ સ૦ ૧૭૯૦ માં ત્યાંથી મુંબઇ આવી ખાલી બાટલીઓ વેચવાની એક દુકાંન કાઢી હતી. તે પછી પોતાના જમાઇ (સર) જમશેદજી સાથે ઇ૦ સ૦ ૧૮૦૧ થી ચીનનો વ્યાપાર કરવા માંડયો, અને થોડીક પુંજી એકઠી કીધી. નવસારીના જરથોસ્તીઓ પર ગાયકવાડી સરકાર તરફથી દર વર્ષે નખાતો વેરો ગરીબીથી નહિં ભરાયાને લીધે તેઓની તરફથી તે સરકારમાં ભરવાને એવણે પોતાના વખતમાં રૂ૨૦૦૦૦) ની રકમ એલાહેદી કાઢી હતી. એવણ રોજ ૧૮ માહ ૧૨ શેહનશાહી ૧૧૮૭ યજદજરદી (તા૦ ૧૭ મી સપટેમબર ૧૮૧૮) ને દીને ૪૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન જમશેદ બેહદીન રૂસ્તમ—(સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટ) એવણ પોતાના એક ભાઇ શેઠ રૂસતમજી જીજીભાઇ વાછાના પાલક થયા હતા. તેથી ધર્મ ક્રિઆમાં જમશેદ બેહદીન રૂસ્તમ કરી બોલાયછે.* એવણ ગરીબ માબાપને પેટે અવતરી પોતાની જાતી બુદ્ધિ તથા સખી દીલગુરદાથી આખી પારસી કોમના વડા અકાબરને દરજ્જે પોંહચ્યા હતા, તથા એવણની જાહોજલાલી અને સખાવતને લીધે પારસી ટોળાનું નામ પૃથ્વિ ઉપર પાછું તાજું થયું હતું. એવણે વ્યાપારમાં એક મોટી દોલત મેલવી હતી, અને તે દોલત પોતાને એખલાને માટે નથી એવા મજબુત હેડાવથી તેનો મોટો ભાગ એવણે સખાવતનાં કામોમાં—અને તે પણ નાતજાતનો તફાવત રાખ્યા વગર સર્વે ઇનશાંનોના ફાયદા માટે, આપ્યો હતો. પ્રજાઉપ્યોગી કામો જેવાં કે કુવા તલાવો, રસ્તાઓ, પુલો, ધર્મશાલાઓ વગેરેને માટે રૂ૬૭૮૦૦૦), પોતાની હમજાતના ફાયદાને માટે રૂ૯૦૫૦૦૦), હાસ્પીટલ તથા દવાખાંનાંઓ માટે રૂ૨૭૫૦૦૦), વિદ્યા હુનર તથા કેળવણી ખાતાંઓમાં રૂ૫૬૦૦૦૦), પશુદ્વારોનાં

---

* એવણનાં ઉઠમણાંની મીજલસમાં દસ્તુર મીનોચેહરજી એદલજી જમાસપઆશાનાએ ઉઠી તમાંમ અથોરનાંનોને સુચનાં કીધી કે મરહુમ સર જમશેદજીનાં નામની આગમજ આએ મીજલસમાં અને હવે પછીની હરેક ક્રિઆ થતી મીજલસોમો "સર" નો ખેતાબ વાપડી "સર જમશેદજી બેહદીન રૂસતમજી" કરી લેવું, કેમકે આપણા આગલા ઇરાંની પાદશાહો તથા તેમના વજીરોનાં નામો પણ તેમના ખેતાબો સાથે દીનઆઇનની ક્રિઆઓમાં લીધામાં આવેછે, જેમકે લોહરાસ્પશાહ, ગોસ્તાસ્પશાહ, જમાસ્પ હકીમ, વગેરે. આ સુચનાં અથોરનાંનોએ બાહલ રાખી એજ રીતે ઉઠમણાંની ક્રિઆમાં નામ લીધું હતું, પણ તે પછી એ સુચનાં ઉપર અમલ થતો અટકયોછે કાંએ કે નવસારીવાલાઓએ ફતવો આપ્યો કે દીનઆઇનની ક્રિઆઓમાં પારકા ખેતાબો વાપડવા મુનાસેબ નથી.

રક્ષણને માટે રૂ૧૦૬૦૦૦), તથા બીજા પરચુટણ રૂ૧૭૫૦૦૦) મલી એવણુની જાહેરમાં કીધેલી સખાવત લગભગ રૂ૨૭૦૦૦૦૦) સતાવીશ લાખની તથા ખાનગી આશામીઓ અને કુટુંબોને આપેલી મદદ લગભગ રૂ૧૪૦૦૦૦૦) ચઉદ લાખની થવા જાયછે. ઈ૦ સ૦ ૧૮૪૨ માં એવણુની બોહલી સખાવત તથા પરોપકારીપણાંને માટે ઈંગલાંડથી માહરાંણી વિકટોરીયાએ એવણુને "નાઇટહુડ" નો ખેતાબ બખશશો હતો. હિદુસ્થાંનના દેશીઓમાં પેહલવેહલો આ માન ભરેલો ખેતાબ એવણુનેજ મલ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૫૫ માં એવણુને "ફ્રીડમ ઑફ ધી સીટી ઑફ લંડન" નું માન મલ્યું હતું, કે જે માન ઘણા થોડાઓનેજ મલેછે. વળી એ સંધાંથી ચઢતો અને મોતેબર "બારોનેટ" નો વંશ પરંપરા ચાલતો માનભરેલો ખેતાબ એવણુને નામદાર માહરાંણીએ ૧૮૫૭ માં આપ્યો હતો. આ ખેતાબનું માન પેહડી દર પેહડી પોતાના વડા વારેસો સાચવી રાખે તે માટે એવણે રૂ૨૫૦૦૦૦૦) પચીસ લાખની રકમ તથા "મજગાંમ કાસ્ટલ" નો બંગલો સરકારને તરસ્ટમાં સ્વાધીન કીધો હતો. ખરેખરૂં જોતાં હિંદુસ્થાંન આવ્યા પછી પારસી કોમમાં સર્વેથી મોટી જાહોજલાલી તથા મોભો એવણે ભોગવ્યો છે. એવણ રોજ ૨૨ માહ ૭ શેહનશાહી ૧૨૨૮ યજદજરદી (તા૦ ૧૪ મી આપરેલ ૧૮૫૯) ને દીને ૭૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન ખુરશેદ બેહદીન જમશેદ—(સર જમશેદજી જીજીભાઇ (બીજા) બારોનેટ, સી. એસ. આઇ.) ઉપલા નામદાર અકાબરના વડા દીકરા, તથા ખેતાબના વારસ. એવણનું અસલ નામ ખરશેદજી જમશેદજી જીજીભાઇ કરી હતું, પણ બાપના "બારોનેટસી" ના ખેતાબના ખાસ કાએદાની રૂહે એવણે ૧૮૬૦ ના નવેમબર માસથી પોતાના વહીવટમાં બાપનું નામ રાખ્યું હતું. એવણ પણ પોતાના બાપની માફક પોતાની તેમજ પરકોમમાં મશહુર હતા, અને પોતાની સરશ રીતભાંત તથા તરીકાથી એક અમીરના જેવો મોભો તથા ટેક ધરાવતા હતા. બાપથી ઉતરતા આવેલા "બારોનેટ" ના ખેતાબ ઉપરાંત એવણને પોતાને ઈ૦ સ૦ ૧૮૭૧ માં નામદાર માહરાંણી તરફથી "કમપાન્યન ઑફ ધી સ્ટાર ઑફ ઈંડીઆ" (સી. એસ. આઇ.) નો ખેતાબ મલ્યો હતો. તથા ૧૮૭૧ થી ૧૮૭૪ સુધી મુંબઇના નામદાર ગવરનરની લેજીસલેટીવ કૌનસીલના અધિકારી નેમાયા હતા. એવણે પણ ઘણીક સખાવતો કીધી હતી, તથા રૂ૧૦૦૦૦૦) એક લાખ આપી પારસીના છોકરાઓને માટે એક બોરડીંગ સ્કુલ સરકારની મારફતે ઉંઘાડવાનો એવણનો વિચાર હતો, પણ સરકારે એખલી એકજ કોમની કેળવણીમાં મદદ કરવા ના પાડવાથી એવણે ૧૮૬૩ માં તે રકમ પુણાં મધે દખણ કાલેજને માટે ઇમારત બાંધવા સારૂં આપી હતી. મુંબઇની જરથોસ્તી અંજુમનનાં ફંડના એવણ પોતાનાં મરણ સુધી વડા તરસ્ટી હતા, તથા પારસીની કોમ હમેશાં પોતાના વડા અકાબર લેખે એવણને ગણતી હતી. એવણ રોજ ૨૫ માહ ૧૦ શેહનશાહી ૧૨૪૬ યજદજરદી (તા૦ ૧૧ મી જુલાઇ ૧૮૭૭) ને દીને પુણાં મધે ૬૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન રૂસ્તમ બેહદીન જમશેદ—(શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ) નામદાર પેહલા બારોનેટ સાહેબના બીજા દીકરા. એવણે પોતાના બાપનાં મરણ પછી સખાવત કરવામાં આબાદ તેવણનેજ પગલે ચાલવા માડયું હતું, અને છ વર્ષના ટુક અરસામાં પાદશાહી સખાવતો કીધી હતી. પ્રજા ઉપ્યોગી કામો જેવાં કે કુવા તલાવો, રસ્તાઓ, ધર્મશાલાઓ વગેરેને માટે રૂ૧૭૫૦૦૦), પોતાની હમજાતના ફાયદાને માટે રૂ૫૦૦૦૦૦), હાસ્પીટલ તથા દવાખાંનાંઓ માટે રૂ૨૧૯૦૦૦), વિદ્યાહુનર તથા કેળવણીખાતાંઓમાં રૂ૪૧૫૦૦૦), આફતની વેળાએ ગરીબોને આસરો આપવાને રૂ૩૩૭૨૫૦), મલી એવણની જાહેરમાં કીધેલી સખાવત રૂ૧૬૪૬૨૫૦) ની થાયછે, તથા ખાંનગી રીતે લોકોને આપલે કરવામાં એવણના દીલગુરદાને આજ સુધી લોકો યાદ કરેછે, તેની કસ્સી ગણત્રિ કીધીજ નથી. દમણ તથા ગોવા મધે એઓએ કરેલી સખાવતને માટે પોરટુગલના પાદશાહ તરફથી ઈ૦ સ૦ ૧૮૬૪ માં એવણને "નાઈટ ઑફ ધી આરડર ઑફ ટારીસ એન્ડ એસપાડા" ઈયાને "જવાંમરદી, વફાદારી, અને નેકી" નો ખેતાબ આપવામાં આયો હતો, તથા એજ શાલમાં "ફ્રીડમ ઑફ ધી સીટી ઑફ લંડન" નું માન એવણને મલ્યું હતું. ૧૮૬૨ થી તે ૧૮૬૬ સુધી એવણ મુંબઈના નામદાર ગવરનરની લેજીસલેટીવ કૌનસીલના અધિકારી નેમાયા હતા. મુંબઈની જરથોસ્તી અંજુમનનાં ફંડના એવણ એક તરસ્ટી હતા, તથા અતરે જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનું ફંડ તથા મરહુમ સર જમશેદજીવાલી જંદ પેહલવી મદરેસા એવણની આગેવાંની તથા આસરા હેઠલ ઉભી થાઈ હતી. એવણ રોજ ૨૫ માહ ૭ શેહનશાહી ૧૨૪૧ યજદજરદી (તા૦ ૧૩ મી આપરેલ ૧૮૭૨) ને દીને ૪૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન શોરાબ બેહદીન જમશેદ—(શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઈ) નામદાર પેહલા બારોનેટ સાહેબના નાધલા દીકરા. એવણે પણ પોતાના મશહુર બાપ તથા ભાઈઓની માફક ઘણીક સખાવતો કીધી હતી, તથા દુકાલ, આગ, વગેરેથી પીડાતા લોકોને મોટો આસરો આપ્યો હતો, તેમજ કેટલીક વાર દીવાની તુરંગમાંના બંદીવાંનોનું દેવું આપી તેમને છોડવ્યા હતા. ૧૮૬૪ માં એવણ ગુજરાતની મુસાફરીએ ગયા તે વેળાએ અમદાવાદ મધે પોતાનાં નામની ધર્મશાલા, ભરૂચ મધે હાસ્પીટલ, અને સુરત મધે હાઈ સ્કુલ બંધાવી હતી. ફારસી ભાષાનો એવણે સારો અભીઆસ કીધો હતો, તથા મુંબઈ મધે તવંગર પારસીઓના સાહેબજાદાઓમાં એક ગ્રંથકાર તરીકે એવણ પેહલવેહલા હતા, અને જરથોસ્તીઓને લગતી જુદી જુદી બાબદો ઉપર એવણે પાંચ પુસ્તકો રચી પ્રગટ કીધાં હતાં. એવણ રોજ ૧૦ માહ ૮ શેહનશાહી ૧૨૫૧ યજદજરદી (તા૦ ૨૬ મી મેએ ૧૮૮૨) ને દીને ૫૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન હોરમજ બેહદીન ખુરશેદ—(શેઠ હોરમજજી બહમનજી લવજી વાડીઆ) એવણ પોતાના ભાઈ શેઠ ખરશેદજી બહમનજી લવજી વાડીઆના પાલક થયા હતા. મુંબઈ મધે એવણ પોતાના વખતમાં એક સાહસીક વ્યાપારી, હીમતવાંન

શેહેરી તથા ઉદાર ગ્રહસ્થ થાઇ ગયાછે. ઇ૦ સ૦ ૧૮૦૮ માં એવણે છાસટી તરફ કુરલા વગેરે આઠ ગામો સરકાર પાસેથી થોકે લીધાં હતાં. મુંબાદેવીનાં દેહડાંની સાંમે "એલાહીબાગ" નામે તે વખતે જરથોસ્તીઓને સરઅવસરે કામે લાગતું એક મકાન એવણે બંધાવેલું હતું, જે પાછલથી વેચાઇ ગયુંછે. ૧૮૦૫માં ચંદનવાડી તરફ પારસીઓની વસ્તી વધવાથી એવણે તે તરફ આદરાંનની એક દરેમેહર બંધાવી પરઠાવી હતી. ૧૮૨૩ માં સુરતનાં શેહનશાહી આતશબેહરાંમ એવણનાં બેહન બાઇ જાઇજીએ પરઠાવ્યાં તેનાં સઘળી આગેવાંની એવણે કીધી હતી, તથા મુંબઇ મધે પણ શેહનશાહી આતશબેહરાંમ પોતાને ખરચે પરઠાવવાનો એવણે કસદ કીધો હતો, જે પાર પડે તેવામાં એવણનું મરણ નીપજવાથી એઓનાં વીધવા તથા બેટાઓએ તે ૧૮૩૦ માં એવણનાં નામે પરઠાવ્યાં હતાં, જેથી એવણનું નામ પારસીઓમાં યાદગાર રહી ગયુંછે. મુંબઇની પારસી પંચાતના એવણ એક મુખ્ય અકાબર હતા, તથા પંચાતનાં ધર્મખાતાંની પુંજી જે તે વખતે રૂ૧૭૮૬૩આ૬૬ રેસની એવણને હસ્તક હતી તે એવણે દુરઅંદેશો કરી તા૦ ૧ લી ડીસેમબર ૧૮૨૩ થી પોતાની સાથે બીજા ત્રણ જણાને તરસ્ટીઓ કરી ચાર જણાનાં નામે વ્યાજે મુકી હતી, જેથી મુંબઇની પારસી પંચાતનું ફંડ કાયદાસર સાચવવાનું માન એમને ઘરેછે. એવણે પોતાનાં વશીહતનામામાં ફરમાવ્યું હતું કે એવણનાં મરણ પછી આપણા લોકોના સરેશતા પ્રમાણે એમની બાજને દીને મીથાઇ તથા ભાણાં વગેરે વેંહચવાં નહિં, તથા વરસીને તાંકણે બીજાં સગાં-વાહલાંઓએ એવણની બાજ કરવી નહિં. એવણ રોજ ૬ માહ ૬ શેહનશાહી ૧૧૯૫ યજદજરદી (તા૦ ૭ મી મારચ ૧૮૨૬) ને દીને ૬૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન બહમન એહદીન હોરમજ—(શેઠ બહમનજી હોરમજજી વાડીઆ) ઉપલા શેઠીયાના વડા બેટા. એવણ પોતાના બાપનાં મરણ પછી મુંબઇમાં એક આગેવાંન શેહરી હતા. દરેક પ્રજા ઉપયોગી કામમાં એવણની તે વેળાએ આગેવાંની હતી. પારસી પંચાતનાં ફંડના પોતાના બાવાની જગોપર એવણ એક તરસ્ટી હતા, તથા બાપની નઇયતે ઇ૦ સ૦ ૧૮૩૦ માં ચંદનવાડી મધે શેહનશાહી આતશબેહરાંમ પરઠાવવામાં એવણની મુખ્ય આગેવાંની હતી. આગલા વખતમાં મુંબઇ મધે નાધલા દીવાંની મુકદમાઓ ચુકવવાની "કોરટ ઓફ રીકવેસ્ટસ" ના એવણ ૧૮૩૯ થી તે ૧૮૫૨ સુધી એક સ્ટીપેનડરી કમીશનર હતા, તથા અતરેની "બોરડ ઓફ એડયુકેશન" ના ૧૮૫૦ થી એક અધિકારી હતા. ૧૮૪૫ માં મુંબઇ મધે પેહલવેહલી જી. આઇ. પી. રેલવે કુંપની સ્થાપવામાં તેમજ ૧૮૬૧ માં કુરલા મધે કાપડ સુતર વણવાનું "કુરલા સ્પીનીંગ એંડ વીવીંગ કું૦" નું કારખાનું ઉભું કરવામાં એવણે આગેવાંની લીધી હતી. નામદાર સરકારે એવણને ઇ૦ સ૦ ૧૮૫૯ નાં શાલના મુંબઇના શેરીફ નેમી મોટું માન આપ્યું હતું. એવણ રોજ ૧૩ માહ ૧૦ શેહનશાહી ૧૨૩૧ યજદજરદી (તા૦ ૩ જી જુલાઇ ૧૮૬૨) ને દીને ૫૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન જાંહગીર એહદીન નોશરવાંન—(શેઠ જાંહગીરજી નશરવાંનજી વાડીઆ) એવણ આગલા વખતમાં મુંબઇના એક શ્રીમંત વ્યાપારી તથા ફ્રેંચ સરકારના આડતીઆ હતા. દીવ ગામમાં એવણે ૧૮૩૦ માં એક દરેમેહર તથા ૧૮૩૩ માં એક દોખમું બંધાવ્યું હતું. સુરત મધે ગોપીપરામાં એવણે એક દરેમેહર તથા ધર્મશાલા ૧૮૪૧ માં બંધાવી આપી હતી. મુંબઇની પારસી પંચાતના એવણ એક મુખ્ય અકાબર હતા, તથા પોતાની હૈયાતીમાં લગભગ બે લાખ રૂપીઆનો ધર્મ કીધો હતો. એવણ રોજ ૨૩ માહ ૮ શેહનશાહી ૧૨૧૨ યજદજરદી (તા૦ ૧૯ મી મેએ ૧૮૪૩) ને દીને ૫૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન ખુરશેદ એહદીન માણેક—(શેઠ ખરશેદજી માણેકજી સરાફ) એવણ એક મોટા કંત્રાકટર તથા વ્યાપારી હતા. આગલા વખતની મુંબઇની પારસી પંચાતના એક મુખ્ય તથા આગેવાંન અકાબર તેમજ તેની પુંજીના એક તરસ્ટી હતા. જાતે ઘણા ખબરદાર તથા પઢેલ કઢેલ હોવાથી પંચાતનો વહીવટ મુખ્ય એવણ ચલાવતા હતા. મુંબઇ મધે ચોપાતીનાં દોખમાંઓની સાંમે એવણે ઇ૦ સ૦ ૧૭૯૫ માં એક મોટી પથરની શગડી પોતાના ભાઇઓની સાથે મલી બંધાવી હતી, તથા કોટ મધે પોતાનાં રેહવાનાં ઘરની પછવાડે એક એલાહેદું મકાંન બંધાવી તેમાં ચોપાતી મધે પોતાના બાપે પરઠાવેલાં આદરાંનને તખ્તનશીન કીધા હતા. પોતાના વખતમાં પારસીઓને લગતાં દરેક જાહેર કામોમાં એવણની આગેવાંની હતી, તથા ૧૮૨૬—૨૭ ની કબીશાની તકરારો વેળાએ શેહનશાહીઓ તરફથી એઓએ મોટો ભાગ લીધો હતો. એવણ રોજ ૧૨ માહ ૮ શેહનશાહી ૧૨૧૪ યજદજરદી (તા૦ ૭ મી મેએ ૧૮૪૫) ને દીને ૮૧ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન જીજી એહદીન મેહરવાંન—(શેઠ જીજીભાઇ દાદાભાઇ) એવણ પોતાના બપાવા શેઠ મેહરવાંનજી જીજીભાઇ મુગાના પાલક થયા હતા. એવણ મુંબઇના એક જાણીતા તથા સાહસીક વ્યાપારી અને પારસીની પંચાતના એક આગેવાંન અકાબર હતા. મુંબઇમાં મોટે કોલાબે એવણે આદરાંનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૫ મી માર્ચ ૧૮૩૬ ને દીને પરઠાવી હતી, તથા તેની સાથે જરથોસ્તીઓને સરઅવસરે વાપડવાનો એક બંગલો પણ બંધાવ્યોછે. એવણે પોતાનાં વશીહતનામામાં રૂ૨૦૦૦૦૦) બે લાખની રકમ એલાહેદી કાઢી, તેનું પારસીઓના લાભનું એક ધર્મખાતું સ્થાપ્યું હતું, જે હાલ વધી બેવડી રકમનું થયુંછે, તથા તેમાંથી જરથોસ્તીઓનાં બચ્ચાંઓને માટે મુંબઇ ઉપરાંત દેશાવરો ખાતે કેટલીક નિશાલો તથા તંગદસ્તીમાં આવેલા લાચાર પારસીઓને મદદ તથા બીજાં કેટલાંક ધર્મનાં કામો કરવામાં આવેછે. એવણ રોજ ૧૮ માહ ૮ શેહનશાહી ૧૨૧૮ યજદજરદી (તા૦ ૧૨ મી મેએ ૧૮૪૯) ને દીને ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન બહમન એહદીન જીજી—(શેઠ બહમનજી જીજીભાઇ) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પણ મુંબઇના એક જાણીતા વ્યાપારી તથા પારસી

પંચાતનાં ફંડના કેટલુંક સુધી એક તરસ્ટી હતા. પરેલથી તે માહીમ જવાના રસ્તા ઉપર ગરીબોને પીવાને માટે કેટલીક પાણીની ટાંકીઓ એવણે પોતાને ખરચે બંધાવી હતી. એવણ શુધ્ધ તથા સ્વતંત્રપણે બોલનાર હતા. મુંબઇમાં જામાસ્પ આશાનાં દસ્તુરી ખાંનદાંન સાંમે કેટલીક હીલચાલ થવાથી તેની સાંમે એવણ હીમતથી થયા હતા. એવણ રોજ ૧૪ માહ ૧ શેહનશાહી ૧૨૪૧ યજદજરદી (તા૦ ૫ મી અકટોબર ૧૮૭૧) ને દીને ૫૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન બેહરાંમ બેહદીન જીજી—(શેઠ બેહરાંમજી જીજીભાઇ, સી. એસ. આઇ.) ઉપલા શેઠીયાના નાધલા ભાઇ. એવણ પણ મુંબઇમાં એક મોટા વ્યાપારી તથા જાગીરદાર હતા. ૧૮૬૮ માં એવણે છાસટીમાં આવેલાં ગોરગાંમ વગેરે ગામોની જાગીર ખરીદી હતી. ૧૮૭૨ માં એવણે પોતાની પુંજીમાંથી રૂ૨૫૦૦૦૦૦) પચીસ લાખનું એક તરસ્ટ કરી તેની આવક પોતાની પાછલ પેદરપે વડા વારસને મળે અને તે એવણનું નામ ધારણ કરે એવો બંદોબસ્ત કીધો હતો, તથા તે મધે બીજા રૂ૨૧૨૫૦૦) તેનાં વ્યાજમાંથી દર વર્ષે ધર્મ કરવા એલાહેદા કાઢયા હતા, જે મધેથી આજ સુધી ઘણાંક ધર્મખાતાંઓમાં મોટી મદદ કરી તેમને એવણનાં નામ આપવામાં આવ્યાંછે. ૧૮૬૮ થી ૧૮૭૨ સુધી એવણ મુંબઇના નામદાર ગવરનરની લેજીસલેટીવ કૌનસીલના એક અધિકારી નેમાયા હતા, તથા ૧૮૭૭ માં નામદાર માહરાણી તરફથી એવણને "કમપાન્યન ઑફ ધી સ્ટાર ઑફ ઇંડીઆ" (સી. એસ. આઇ.) નો ખેતાબ મલ્યો હતો. મરણની થોડાજ દીવસ આગમજ એવણે મુંબઇ મધે પારસીઓના છોકરાઓને ધર્મખાતે શિખવવાને એક મોટી સ્કુલ ઉંઘાડવા રૂ૩૫૦૦૦૦) એલાહેદા કાઢયા હતા, અને જે મધેથી મરીન લાઇનસ તરફ "બેહરાંમજી જીજીભાઇ પારસી ચેરીટેબલ ઇનસ્ટીટયુશન" ને નામે એક મોટી હાઇ સ્કુલ ઉંઘાડવામાં આવીછે. એવણ ગાથા ૧ લો શેહનશાહી ૧૨૫૯ યજદજરદી (તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૯૦) ને દીને ૬૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન માણેક બેહદીન નોશરવાંન—(શેઠ માણેકજી નશરવાંનજી પીટીટ) એવણ મુંબઇના એક જાણીતા તથા સાહસીક વ્યાપારી, કારખાનાંવાળા, તથા મીલકતદાર હતા. પારસીની પંચાતના એક મુખ્ય અકાબર તથા તેનાં ફંડના મરણ સુધી એક તરસ્ટી હતા. દેશાવરો ખાતે પારસીઓને માટે ઘણીક દરેમેહરો તથા દોખમાંઓ બંધાવવા માટે એવણે વારંવાર પૈસાની તેમજ પોતાના લાગવગની ઘણી મદદ આપી આગેવાંની લીધી હતી. ૧૮૫૬ માં મુંબઇનાં મેદાનમાં બે મોટા કુવા એવણે બંધાવ્યા હતા. પારસીઓને માટે લગન તલાક તથા વારસા હીસ્સાને લગતા ધારાઓ બંધાવી મંગાવવા સારૂ મુકરર કરેલી મંડલીના તેમજ ઇરાન દેશના રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનારી મંડલીના એવણ તેમની શરૂઆતથી તે પોતાનાં મરણ સુધી સરનશીન હતા. એ ઉપરાંત પારસીઓનાં ઘણાંક ધર્મખાતાંઓના તરસ્ટી હતા. એવણ તથા

એવણનાં ધણીઆંની બેહશતનશીન બાઇ હમાંબાઇનાં નામનું પારસીઓના કાયદાનું રૂ૫૬૦૦૦) નું એક ધર્મખાતું એવણની પુંજીમાંથી સ્થાપેલું છે. એવણ રોજ ૨૯ માહ ૮ શેહનશાહી ૧૨૨૮ યજદજરદી (તા૦ ૨૧ મી મેએ ૧૮૫૯) ને દીને ૫૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન નોશરવાંન બેહદીન માણેક—(શેઠ નશરવાંનજી માણેકજી પીટીટ) ઉપલા શેઠીયાના નાધલા દીકરા. એવણ પણ એક મોટા વ્યાપારી તથા મીલોના માલેક હતા. એવણે મુંબઇ, ખેરગાંમ, અને વાડામાં ધર્મનાં દવાખાનાં કાહડયાં હતાં, તથા પારસીની પંચાતનાં ફંડમાં બે વાર મળી રૂ૫૦૦૦૦) ની રકમ આપી હતી, તથા બાપનાં નામથી રૂ૨૫૦૦૦) નું એક જુદું ધર્મ ખાતું કીધું હતું. ઇ૦ સ૦ ૧૮૮૮ માં એવણના એકપુરા દીકરા શેઠ જમશેદજીનાં મરણથી એવણને જબરો કારી ઘા લાગો હતો, અને તેમનાં ઉઠમણાંમાં એવણે એકી રકમે રૂ૯૭૫૦૦૦) ની પાદશાહી રકમ ધર્મ ખાતે આપી હતી, જે મધેના રૂ૬૪૦૦૦૦) ની રકમ—મીલકત તથા રોકડ મલીને—નાવારેસ પારસી છોકરાઓની પરવરસી કરવાનું "ધી જમશેદજી નશરવાંનજી પીટીટ પારસી આરફનેજ" નું ખાતું સ્થાપવાને માટે હતી. એ ખાતું એવણે પોતાની જાતી મેહનત અને દેખરેખ હેઠલ તા૦ ૧૯ મી અકટોબર ૧૮૮૮ થી ચાલુ કીધું હતું. વળી ૧૮૮૯ માં મુંબઇના ગરીબ દીવાના જરથોસ્તીઓને મેડ હાઉસમાં રાખી તેમની દવાદારૂ તથા સારવાર કરવા માટે મદદ કરવાને રૂ૨૦૦૦૦) પોતે આપી એક ફંડ ઉભું કીધું હતું. પછવાડેથી એ બંધે ફંડોમાં એઓએ મોટો વધારો કીધો હતો. એવણનાં મરણ પછી એવણનાં વીધવા બાઇસાહેબ દીનબાઇએ એવણની પુંજીમાંથી ઘણી મોટી રકમના ધર્મો કીધા છે. એવણ રોજ ૬ માહ ૩ શેહનશાહી ૧૨૬૧ યજદજરદી (તા૦ ૨૧ મી નવેમબર ૧૮૯૧) ને દીને ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન જમશેદ બેહદીન નોશરવાંન—(શેઠ જમશેદજી નશરવાંનજી પીટીટ) ઉપલા શેઠીયાના એકપુરા દીકરા. એવણ પણ પોતાના બાપની સાથે એક મોટા વ્યાપારી તથા મીલ એજંટ હતા. વિદ્યા અભ્યાસ તથા વાંચન અને કવિતાનો મોટો શોખ ધરાવતા હતા. એવણે ગુજરાતી કવિતા, તથા કેહવતોનો એક મોટો સંગ્રહ તેમજ વંદીદાદની કેટલીક પરગદોના પોતે કરેલા ગુજરાતી તરજુમા છપાવેલા છે. પોતાની ટુક કારકીરદીમાં એવણે ઘણીક નિશાલો, પુસ્તકખાનાં, તથા શિખનારા જવાંનોને પૈસા સંબંધી મદદો આપી હતી, તથા પારસીઓને લગતાં ઘણાંક ધર્મખાતાંઓના કારોબારમાં પોતે શામેલ થયા હતા. એવણનાં નામથી એવણના પીતાએ ઉપર જણાવેલું "જમશેદજી નશરવાંનજી પીટીટ પારસી ઓરફનેજ" નું ખાતું તથા ઘણાંક પુસ્તકખાંનાં, વગેરે સ્થાપ્યાંછે. એવણ રોજ ૩ માહ ૭ શેહનશાહી ૧૨૫૭ યજદજરદી (તા૦ ૧૮ મી મારચ ૧૮૮૮) ને દીને ૩૩ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન ફ્રરાંમ બેહદીન દીનશાહ—(શેઠ ફરાંમજી દીનશાહજી પીટીટ) સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટના બીજા દીકરા. એવણ પણ પોતાના

બાપની સાથે એક મોટા વ્યાપારી તથા સાત મીલોના એજંટ હતા. જવાંનીથીજ ઉદ્યોગ તથા ધસડબોરામાં પડેલા હોવાથી ગરીબોની દાઝ હઈડે ધરનારા હતા. પોતાની પંદર વર્ષની જાહેર કારકીરદીમાં એવણ પ્રજાના લોકો સાથે પુષ્કળ ભેલાઇ ગયા હતા, તથા પારસીઓને લગતાં ઘણાખરાં સર્વે ખાતાંઓમાં એઓ અધિકારી તથા તરસ્ટી તરીકે શામેલ હતા. એવણે યુરોપ તથા અમેરીકા, ચીન, જાપાન, વગેરેની મુસાફરીઓ કરેલી તેનાં બે પુસ્તકો પ્રગટ કર્યાં હતાં. અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજની નજદીકમાં વૈદકશાસ્ત્રને લગતી શોધખોલ ચલાવવાને એક ખાસ લેબોરેટરી બાંધવા તથા તેમાં ઓજારો પુરાં પાડવા માટે ઇ૦ સ૦ ૧૮૮૯ માં એવણે સરકારમાં રૂ૭૫૦૦૦) આપ્યા હતા. એ સિવાય એવણે બીજી ઘણીક સખાવતો પોતાની હૈયાતીમાં કીધી હતી, તથા મરણ પછી પોતાનાં વશીહતનામામાં પોતાની દોલતનો ¼ ભાગ ધર્મખાતે આપવા જણાવી ગયાછે. એઓના બાપને મલેલો "બારોનેટસી"નો ખેતાબ તથા તેને લગતાં તરસ્ટ ફંડની ઉપજ તેમની પછી પેદરપે એવણને તથા એવણના વડા વારસને મળવાનો બંદોબસ્ત હતો. એવણ રોજ ૨૭ માહ ૧૧ શેહનશાહી ૧૨૬૪ યજદજરદી (તા૦ ૮ મી આગશટ ૧૮૯૫) ને દીને ૪૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન બનાજી બેહદીન લીમજી—અતરેનાં બનાજી ખાંનદાંનનો પાયો નાખનાર. એવણ ઇ૦ સ૦ ૧૬૯૦ માં સુરતની પાસેનાં ભગવા દાંડી ગામમાંથી અતરે આવી વ્યાપાર કરવા લાગા હતા, અને કોટમાંની પુરાંની બનાજીની દરેમેહર બંધાવી તે તા૦ ૨૫ મી જુન ૧૭૦૯ ને દીને પરઠાવી હતી. અતરે પારસીઓની પેહલવેહલી પંચાત એવણના વખતમાં સ્થાપ્યામાં આવી હતી, અને તેના વડા અકાબર એવણને ઠેરવ્યાથી "દાવર" ના એલકાબથી ઓળખાતા હતા. એવણ રોજ ૨૦ માહ ૧૦ શેહનશાહી ૧૧૦૩ યજદજરદી (તા૦ ૩૦ મી જુલાઇ ૧૭૩૪) ને દીને ૮૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન દાદી બેહદીન નોશરવાંન—(મોટા દાદીશેઠ પોતે) એવણ અતરેના એક માતબર વ્યાપારી, વાહાણવતી તથા જાગીરદાર હતા. ઇ૦ સ૦ ૧૭૮૦ માં મુલ્લાં કાઉશ રૂસ્તમ જલાલ ઇરાનથી અતરે આવ્યા બાદ એવણે પેહલવેહલો મુંબઇમાં ઇરાંની રોજ માહ પઢવો શરૂ કીધો હતો, અને પોતાની સંફમાં અતરેના થોડાક પારસીઓને પણ શામેલ કરી પેહલવેહલા મુકતાદ પણ એજ રોજ માહ પ્રમાણે એક માસ આગમજ માડયા હતા. તે બાદ કદમી તરીકા મુજબ મુંબઇમાં પેહલવેહલા આતશબેહરાંમ બનાવી તે તા૦ ૨૯ મી સપટેમબર ૧૭૮૩ ને દીને પરઠાવ્યા હતા. ઇ૦ સ૦ ૧૭૯૦ ના સડતાલાના દુકાલ વખતે એવણે ગુજરાતથી આવતા શેંહકડો જરથોસ્તીઓની પરવરસી કર્યા ઉપરાંત બીજી જ્ઞાતવાલાં પણ લગભગ ૨૦૦૦) માણસોને દરરોજ ખોરાક પોંહચતો કીધો હતો. પોતાનાં તથા પોતાનાં કુટુંબનાં રવાંનોને અવલમંજલ પોંહચાડવા માટે એવણે વાલકેશરની હેઠાણમાં પોતાની જગો ઉપર એક નાધલું દોખમું બંધાવી તે તા૦ ૨૨ મી આપરેલ ૧૭૯૮ ને દીને પરઠાવ્યું હતું, અને તે પછી એક

વર્ષે રોજ ૧ માહ ૮ કદમી ૧૧૬૮ યજદજરદી (તા૦ ૭ મી આપરેલ ૧૭૯૯) ને દીને ૬૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન ફ્રરાંમ બેહદીન કાઊશ—(શેઠ ફ્રરાંમજી કાવશજી બનાજી) એવણ પણ અતરેના એક માતબર વ્યાપારી, વાહણવતી અને જાગીરદાર, તથા પારસીની કોમના એક બુજર્ગ વડા અકાબર, આગેવાંન શેહેરી, અને લોકનું ભલું કરનાર પરમાર્થી ગ્રહસ્થ હતા. ઇ૦ સ૦ ૧૮૨૪ માં એવણે કામાટીપરા તથા તેની આસપાસના લટાઓ પરના લોકોને પાણી પોંહચતું કરવા માટે મુગભાતમાં ત્રણ જબરદસ્ત કુવાઓ ખણાવી તેમાંથી મોટા નલ વડે બે ટાંકીઓમાં પાણી પોંહચતું કીધું હતું. ઇ૦ સ૦ ૧૮૨૯ માં એવણે છાસટી મધેનાં પવાઇ વેગેરે ગામો સરકાર પાસેથી થેકે લઇ તે ગામોની ખેતીમાં પોતાના જાતી ઉદ્યોગથી ઘણો સુધારો કીધો હતો. મુંબઇ મધે ચોપાતીના ડુંગર ઉપર એવણે મોટો ખરચ કરી એક દોખમું ઇ૦ સ૦ ૧૮૩૨ માં બંધાવ્યું હતું, તથા ૧૮૩૯ માં મેદાંનને નાકેનો મોટો ધોબીતલાવ પોતાને એખલાને ખરચે નવેસરથી ઉંડો ખોડાવી પ્રજાને માટે ખોલ્લો મુકયો હતો. મુંબઇ મધે કરેલવાડીના રસ્તાપર દરીયે કીનારે કદમી તરીકા પ્રમાણે એક મોટા આતશબેહરાંમ બનાવી એવણે પોતાના ભાઇ શેઠ ખરશેદજી કાવશજી બનાજી તથા ભત્રિજા શેઠ દાદાભાઇ રૂસ્તમજી બનાજી સાથે મલી તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૪૫ ને દીને પરઠાવ્યા હતા, તથા તેના જાથુકના ખરચને માટે છાસટી મધેનાં પોતાનાં બે ગામોની પેદાયશ એલાહેદી કાઢી હતી. અતરેની બોરડ ઑફ એડયુકેશનના એવણ ૧૮૪૧ થી એક અધિકારી હતા. દરેક પ્રજા ઉપયોગી કામોમાં એવણ મોટી આગેવાંની લેતા હતા, તથા જાતે ઘણા પઢેલ કઢેલ અને સ્વતંત્ર વિચારથી ચાલનારા હતા. એવણ રોજ ૧૯ માહ ૬ કદમી ૧૨૨૦ યજદજરદી (તા૦ ૧૨ મી ફેબરવારી ૧૮૫૧) ને દીને ૮૪ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન કાઊશ બેહદીન એદલ—(શેઠ કાવશજી એદલજી બીશની) એવણ ચીનથી સારી દોલત કમાઇ આવ્યા હતા, અને ૧૮૩૮ માં મુંબઇ મધે એક નવું દોખમું બાંધવાને પારસીઓમાં ફંડ ઉભું થયું તેનું લીસ્ટ એવણ પાસે ગયાથી એવણે તે દોખમું પોતાને ખરચે બંધાવી આપવાનું માથે લઇ તે લગભગ રૂ૧૦૦૦૦૦) ને ખરચે મુંબઇ મધે સર્વેથી મોટું બંધાવી તા૦ ૭ મી મેએ ૧૮૪૪ ને દીને પોતાના બાવાનાં પુનને માટે પરઠાવ્યું હતું, જેથી એમનું નામ યાદગાર રહી ગયું છે, અને ઉપલાં લીસ્ટમાં ભરાયલા રૂ૮૯૩૮૭) ના બંગાલ બેંકના શેર લઇ તે વેળાએ પંચાતનાં ફંડ મધે જમે કરવામાં આવ્યા હતા. એવણ રોજ ૧૯ માહ ૧૦ શેહનશાહી ૧૨૨૬ યજદજરદી (તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૫૭) ને દીને ૫૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન એદલ બેહદીન બેહરાંમ—(શેઠ એદલજી બેહરાંમજી બીશની) ઉપલા શેઠના બાવા. એવણ પણ ચીનનો વ્યાપાર કરતા હતા, તથા સુરત મધે

નાનપરામાં પોતાના ભાઇ શેઠ રતનજી બેહરાંમજી બીશની સાથે મલી આદરાંનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૪ મી જાનેવારી ૧૮૩૮ ને દીને પરઠાવી હતી. ઉપલું મુંબઇનું મોટું દાખ્મું એવણનાં પુતને મારે બંધાયું હતું. એવણ રોજ ૫ માહ ૧૦ શેહનશાહી ૧૨૦૮ યજદજરદી (તા૦ ૧ લી જુલાઇ ૧૮૩૯) ને દીને ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન એદલ બેહદીન ફ્રરાંમ—(શેઠ એદલજી ફરાંમજી આલબલેસ) એવણ અતરેના એક જાણીતા વ્યાપારી હતા. મુંબઇની પારસી પંચાતનાં તથા બીજાં ધર્મ ખાતાંઓમાં એવણે સારી મદદ કીધી હતી, તથા ઇ૦ સ૦ ૧૮૬૩ માં વરોડરા મધે એક સગડી બંધાવી હતી. એવણે પોતાનાં વશીહતનામામાં મુંબઇ મધે પારસીઓને મારે સરઅવસરે વાપડવાનું એક મકાંન બાંધવાને રૂ૧૦૦૦૦૦) ની રકમ એલાહેદી કાઢી હતી, તે મુજબ એવણના બેટાઓએ ગીરગાંમ મધે એક મોટું કુશાદે મકાંન રૂ૧૩૫૦૦૦) ને ખરચે બંધાવી "આલબલેસ બાગ" ને નામે તા૦ ૧૩ મી અકટોબર ૧૮૬૮ ને દીને ખોલ્લું મુકયું હતું. એ મકાંન જરથોસ્તીઓનું શેહાદી રાંમશની વગેરેને મારે ઘણું કામનું તથા તેનો ઉપયોગ ઘણોખરો દરરોજનો થાયછે. એવણ રોજ ૨૨ માહ ૯ શેહનશાહી ૧૨૩૪ યજદજરદી (તા૦ ૧૧ મી જુન ૧૮૬૫) ને દીને ૮૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન મેહરવાંન બેહદીન બેહરાંમ—(શેઠ મેહરવાંનજી ફરાંમજી પાંડે). એવણ પોતાના ભાઇ શેઠ બેહરાંમજી ફરાંમજી પાંડેના પાલક થયા હતા. એવણ અતરેના એક જાણીતા વ્યાપારી, મીલ એજંટ, તથા પારસી પંચાતનાં ફંડની પુંજીના એક તરસ્ટી હતા. પોતાની કોમ તરફ એઓની દીલસોજી ઘણી હતી. ૧૮૬૧ માં એવણે રૂ૧૫૦૦૦૦) નું ધર્મખાતું ઉંધાડી તેમાંના રૂ૧૨૫૦૦૦) ની ઉપજમાંથી "આશમાનની ગીરદેશથી તંગદસ્ત થાએલા ઘરેહના ગ્રહસ્થોને દર માસે અથવા દર શાલે આસરો આપવામાં વાપરવા," તથા રૂ૨૫૦૦૦)ની ઉપજમાંથી દર શાલ કદીમ તીર મહીનો ને તીર રોજે ધાહંબારની એક નેઆત કરવા તથા બીજાં ધર્મનાં કામો કરવાનો બંદોબસ્ત કીધો હતો. મુંબઇમાં વસનારા ગરીબ જરથોસ્તીઓને માંદગીની વેળાએ હવા પાણી ફેરફાર કરવા મારે એવણે વચલે કોલાબે રૂ૪૧૪૧૧૦) ને ખરચે એક સેનીટેરીયમ બંધાવી તે તા૦ ૪ થી ડીસેમબર ૧૮૬૫ ને દીને ખોલ્લું મુકયું હતું, તથા દેશાવરોથી મુંબઇ મધે કામકાજને મારે આવતા જરથોસ્તીઓને અતરે થોડા દીવસ ઉતારો લેવાને કરેલવાડી તરફ રૂ૧૧૧૪૭૪) ને ખરચે એક કુશાદે ધર્મશાલા બંધાવી તે તા૦ ૭ મી મારચ ૧૮૬૬ ને દીને ખોલ્લી મુકી હતી. આ બે મકાંનોથી જરથોસ્તીઓની અગતની હાજતો તલી છે, અને તેથી એમનું નામ યાદગાર રહી ગયુંછે. એવણ રોજ ૧૯ માહ ૭ કદમી ૧૨૪૫ યજદજરદી (તા૦ ૭ મી મારચ ૧૮૭૬) ને દીને ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન શાપુર બેહદીન શોરાબ—(શેઠ શાપુરજી શોરાબજી નાલીએરવાલા) એવણ વાહણો તથા મીલોને બરના "શીપચાંડલરી" ના અસબાબનો

વ્યાપાર કરતા હતા. મુંબઇ મધે બગરીઆ મોબેદોએ બંધાવવા ધારેલાં આતશબેહરાંમનાં કામને થકી એવણે રૂ૧૫૦૦૦) ભેટ આપ્યા હતા. એવણ રોજ ૨૦ માહ ૧૧ શેહનશાહી ૧૨૬૨ યજદજરદી (તા૦ ૧ આગશટ ૧૮૯૩) ને દીને ૬૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

મુંબઈમાં મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆવાલાં આતશબેહરાંમને લગતા મોબેદો દીએછે તે વધારે નામો.

દસ્તુર એદલ અરવદ શોરાબ—જુવો સફે ૨૨.

દસ્તુર બેહરાંમ દસ્તુર એદલ—જુવો સફે ૨૨.

દસ્તુર રૂસ્તમ ઓસ્તા બરજોર—(દસ્તુર રૂસતમજી બેહરાંમજી સંજાણા) સુરતના એક જાણીતા દસ્તુર, તથા મરહુમ દસ્તુર એદલજી દારાબજી સંજાણાના બપાવા. એવણ પોતાના કાકા બરજોરજી દાદાભાઇ સંજાણાના પાલક થયા હતા. એવણ પોતાના વખતમાં જંદ, પેહલવી, ફારસી, વગેરે ભાષાઓમાં તથા આપણી દીનઆઇનને લગતી બાબદોમાં ઘણા ખબરદાર હતા, તથા આપણા મજહબને લગતી કેટલીક કેતાબોનો ફારસીમાં તરજુમો કીધો હતો. ઇ૦ સ૦ ૧૭૭૮ માં ગુજરાતીમાં એઓને હાથની લખેલી ખોરદેહ અવસ્તાની કેતાબ ઉપરથી અતરે ગુજરાતીમાં અવસ્તાની કેતાબો છપાઇછે. એવણ રોજ ૨૩ માહ ૧૦ શેહનશાહી ૧૧૬૦ યજદજરદી (તા૦ ૩૦ મી જુલાઇ ૧૭૯૧) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર તેહમુલ અરવદ નવરોજ—(દસ્તુર તેહમુલજી નવરોજજી સંજાણા) ઉપલા દસ્તુરજીના નબીરા, તથા હાલના દસ્તુર પેશોતનજી બેહરાંમજી સંજાણાના સગા બપાવા. એવણ પણ જરથોસ્તી મજહબને લગતી બાબદો તથા ભાષાઓમાં ખબરદાર હતા. ઇ૦ સ૦ ૧૮૨૩ માં સુરત મધે શેહનશાહી આતશબેહરાંમ પરઠાયા તેની ક્રિઆ કરાવવામાં એવણે પણ પોતાના પીત્રાઇ દસ્તુર એદલજી દારાબજી સંજાણાની સાથે મદદ કીધી હતી. એવણે જાંહગીરનામાનો ગુજરાતીમાં તરજુમો કીધો હતો. એવણ રોજ ૨૪ માહ ૧૦ શેહનશાહી ૧૨૦૧ યજદજરદી (તા૦ ૨૧ મી જુલાઇ ૧૮૩૨) ને દીન ૬૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

અરવદ તેહમુરસ્પ અરવદ બહમન—(શેઠ તેહમુરશ જમશેદજી દેશાઇ નવસારીવાલા)—એવણ પોતાના ભાઇ શેઠ બહમનજી જમશેદજી દેશાઇના પાલક થયા હતા. પોતાના વડીલોના ગાયકવાડી તથા ઇંગ્રેજ સરકારના બાંએધરીના તથા બીજા જાગીર સંબંધી હકો માટે હિંદી સરકારને અરજીઓ કરવા તથા દાદ ચાહવાને એવણ મુંબઇ આવી રહયા હતા. મુંબઇનાં વાડીઆજીવાલાં આતશબેહરાંમના મુતવલીઓ સાથે એમને ઘણી મોહબત હોવાથી એ આતશબેહરાંમનાં કામકાજોમાં એઓ ઘણી મદદ કરતા હતા. એવણ રોજ ૨૦ માહ ૧૧

શેહનશાહી ૧૨૪૬ યજદજરદી (તા૦ ૫ મી આગસ્ટ ૧૮૭૭) ને દીને મુંબઇ મધે ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ હોરમજ એરવદ બહમન—(શેઠ હોરમજજી બહમનજી શેઠના) એવણ મુંબઇના એક જાણીતા વ્યાપારી તથા પારસીની પંચાએતના અફાબર હતા. ઇ૦ સ૦ ૧૮૨૬—૨૭ ની કબીશાની મોટી તકરાર વેળાએ ઠહેલી શેહનશાહી કમીટીના એવણ શેક્રેટરી હતા, તથા તે તકરારોમાં મોટો ભાગ લીધો હતો. ઇ૦ સ૦ ૧૮૩૫ માં પુણાં મધે અંજુમનના ઉધરાતનું દોખમું બંધાવવાની એવણે આગેવાંની લીધી હતી. મુંબઇનાં મરહુમ હોરમજજી વાડીઆવાલાં આતશબેહરાંમના બોએ દેનારા મોબેદોના વારાના ઇ૦ સ૦ ૧૮૩૪ થી તે ૧૮૪૯ સુધીના રૂપીઆ તેમનો વાંધો પતે ત્યાંસુધી એવણે પોતાની પાસે વ્યાજે સાચવી રાખ્યા હતા, પણ તે વાંધો એમની હૈયાતી સુધી પતયો ન હતો. આતશબેહરાંમના દસ્તુરજીઓ તરફ એમની મોટી દીલસોજી હતી. એવણ રોજ ૫ માહ ૩ શેહનશાહી ૧૨૨૩ યજદજરદી (તા૦ ૨૯ મી નવેમબર ૧૮૫૩) ને દીને ૭૧ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ હીરજી એરવદ માણેક—(શેઠ હીરજીભાઇ હોરમજજી શેઠના) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પોતાના ભાઇ શેઠ માણેકજી હોરમજજી શેઠનાના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૮૫૫ થી તે પોતાનાં મરણ સુધી ૩૩ વર્ષ વેર એવણ મુંબઇની પારસી પંચાતનાં ફંડના એક તરસ્ટી હતા, તથા પંચાતનાં કામમાં દીલભરીથી ભાગ લેતા હતા. ઉપલાં વાડીઆજીવાલાં આતશબેહરાંમના બોએના વારાના એવણના બાવાને હસ્તકનાં રૂપીઆ એવણે પણ લાંબી મુદ્દત સુધી પોતાના ભાઇની સાથે સાચવી રૂ૭૦૦૦) પરથી તે રૂ૪૨૦૦૦) સુધી વ્યાજે વધારી ૧૮૮૫ માં હાઇ કોરટે ઠેડવેલા તરસ્ટીઓને સ્વાધીન કીધા હતા. એવણ રોજ ૭ માહ ૧ શેહનશાહી ૧૨૫૮ યજદજરદી (તા૦ ૨૩ મી સપટેમબર ૧૮૮૮) ને દીને ૮૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન હોરમજ બેહદીન ખુરશેદ—જુવો સફે ૩૨.

બેહદીન બહમન બેહદીન હોરમજ—જુવો સફે ૩૩.

બેહદીન રૂસ્તમ બેહદીન હોરમજ—(શેઠ રૂસતમજી હોરમજજી વાડીઆ) એવણ પોતાના બાપ મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆની નઇઅતે ચંદનવાડી ખાતે પરઠેલાં આતશબેહરાંમનાં કામમાં પોતાના ભાઇઓની સાથે શામેલ હતા, અને રોજ ૫ માહ ૧૧ શેહનશાહી ૧૨૪૦ યજદજરદી (તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૭૧) ને દીને ૬૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન અરદેશર બેહદીન હોરમજ—(શેઠ અરદેશર હોરમજજી વાડીઆ) એવણે અતરે એક જાણીતા વ્યાપારી, વાહણવતી, જાગીરદાર, તથા નાણાંવતી તરીકે ઘણી સારી આંત તથા આબરૂ મેલવી હતી. એવણ પણ પોતાના બાપની નઇયતે ચંદનવાડી ખાતે પરઠેલા શેહનશાહી આતશબેહરાંમનાં કામમાં પોતાના ભાઇઓની સાથે શામેલ હતા. મનુષ્યનો જીવ ઉંઘડાવનારાં દરેક

ધર્મનાં કામમાં એવણે મોટી રકમો આપી હતી. પારસીઓનાં આગલા વખતનાં કેટલાંક આબરૂદાર ખાંનદાંનો જેઓ જમાનાના દોરથી તંગદસ્તીમાં આવી પડેલાં હતાં તેમનાં ગુજરાંનને માટે દરમાયા તરીકે એઓ દર માસે રૂ૩૦૦૦) સુધી ઘણીજ છુપી રીતે આપતા હતા. એવણ રોજ ૩૦ માહ ૮ શેહનશાહી ૧૨૫૧ યજદજરદી (તા૦ ૧૬ મી મેએ ૧૮૮૨) ને દીને ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન હોરમજ બેહદીન બહમન—(શેઠ હોરમજજી બહમનજી હોરમજજી વાડીઆ) એવણ એક જાણીતા વ્યાપારી હતા. ઈ૦ સ૦ ૧૮૬૨ માં પોતાના બાપનાં મરણ પછી તેમની જગોએ મરહુમ હોરમજજી વાડીઆવાલાં શેહનશાહી આતશબેહરાંમના મુતવલી હતા. એઓ ઘણા રાંક અને સાલેશ હતા, તથા રોજ ૬ માહ ૧૧ શેહનશાહી ૧૨૫૩ યજદજરદી (તા૦ ૨૦ મી જુલાઇ ૧૮૮૪) ને દીને ૫૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન નવરોજ બેહદીન જમશેદ—(શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ) એવણ ઈ૦ સ૦ ૧૮૨૧ થી અતરેની સરકારી ગોદીના વડા માસટર બીલડર, તથા ૧૮૨૩ થી મુંબઇની પારસી પંચાતના અકાબર તથા તેની પુંજીના એક તરસ્ટી હતા. એવણે બીલીમોરા તથા શીગનપોરમાં દરેમેહરો તથા ગંદેવી અને ગોરઅંદર તરફ ધર્મશાલાઓ બંધાવી હતી. પારસી પંચાતના અકાબર તરીકે એવણે કોમની ઘણી સેવા બજાવી હતી, તથા કોમમાં પણ એઓને માટે ઘણું માન હતું. એવણ ૮૬ વર્ષની બુજર્ગ ઉમરે રોજ ૯ માહ ૨ શેહનશાહી ૧૨૩૦ યજદજરદી (તા૦ ૧ લી નવેમબર ૧૮૬૦) ને દીને મરણ પામ્યા હતા.

બેહદીન કાઊશ બેહદીન જાંહગીર—(સર કાવશજી જાંહગીરજી રેડીમની, નાઇટ, સી. એસ. આઇ.) એવણ એક મોટા વ્યાપારી તથા નાણાંવતી હતા. પોતાની દોલતનો મોટો ભાગ એવણે નાતજાતનો તફાવત રાખ્યા વગર સખાવતનાં કામોમાં ખરચ્યો હતો. પ્રજાઉપયોગી કામો જેવાં કે કુવા તલાવો, ફુવારા, ધર્મશાલા વગેરેને માટે રૂ૩૦૯૦૦૦), ગરીબોને આસરો આપવામાં રૂ૨૮૩૦૦૦), હાસ્પીટલો, દવાખાંના વગેરે માટે રૂ૨૮૫૦૦૦), વિદ્યા હુનર તથા કેળવણી માટે રૂ૫૧૦૦૦૦), દુકાલ, રેલ, વગેરે આફતની વેળાએ રૂ૫૫૦૦૦), મલી એવણની જાહેરમાં કીધેલી સખાવત રૂ૧૪૪૨૦૦૦) ની તથા ખાંનગી રીતે લોકોને મદદ કીધેલી રકમ રૂ૩૦૦૦૦૦) ની થાયછે. ઈ૦ સ૦ ૧૮૬૯ માં એવણને નામદાર માહરાણી તરફથી "કમપાન્યન ઑફ ધી સ્ટાર ઑફ ઈંડીઆ" (સી. એસ. આઇ.) તથા ૧૮૭૨ માં "નાઇટહુડ" ના નામીચા ખેતાબો મલયા હતા. એવણ લાંબી મુદતની બીમારી ભોગવી રોજ ૩ માહ ૧૧ શેહનશાહી ૧૨૪૭ યજદજરદી (તા૦ ૧૯ મી જુલાઇ ૧૮૭૮) ને દીને ૬૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન માણેક બેહદીન જાંહગીર—(શેઠ માણેકજી ખરશેદજી સરાફ) એવણ પોતાના કાકાના દીકરા શેઠ જાંહગીરજી બહમનજી સરાફના પાલક થયા હતા. ૧૮૩૮ થી એવણ મુંબઇની સરકારી નોકરીમાં કસ્ટમના કલેકટરના આસીસ્ટંટ, ૧૮૪૫ થી નાધલા દીવાંની મુકદમાઓ ચુકવવાની કોરટ ઓફ

રીકવેસ્ટસના કમીશનર, તથા ૧૮૫૩ થી તે ૧૮૭૩ સુધી સમાલ કાઝ કોરટના જડ્જ હતા. ૧૮૫૬ તથા ૧૮૬૩ નાં બે વર્ષોમાં એવણુને મુંબઇના શેરીફનું માન મલ્યું હતું. ઉપલા ઓદ્ધા તથા માન પારસીઓમાં પેહલવેહલાં એવણુને મલયાં હતાં. સ્ત્રી કેળવણીના એવણ અવલથીજ હીમાયતી હતા, અને દેશી છોડીઓને ઈંગ્રેજી કેળવણી આપવાને ૧૮૬૩ માં અલેકઝાંડરા નેટીવ ગરલસ ઈંગલીશ ઇનસ્ટીટયુશન સ્થાપી તેના સેવટ સુધી પ્રમુખ હતા. એવણ રોજ ૨૦ માહ ૩ શેહનશાહી ૧૨૫૭ યજદજરદી (તા૦ ૬ થી ડીસેમબર ૧૮૮૭) ને દીને ૮૦ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન નવરોજ એહદીન કેખશરૂ—(શેઠ નવરોજજી ફરદુનજી, સી. આઇ. ઇ.) એવણ પોતાના ભાઇ શેઠ કેખશરૂ ફરદુનજીના પાલક થયા હતા. ૧૮૩૨ માં એવણ પેહલવેહલા પારસી તરીકે અતરેની એડયુકેશન શોશાઇટીમાંથી "વેસ્ટ સ્કાલર" ની પદવી મેલવી બાહેર પડયા હતા. તે બાદ ૧૮૩૫ થી સરકારી નોકરીમાં પ્રથમ એજ શાળાના એક શિક્ષક, તે પછી કાબુલ ગયલાં બ્રિતિષ એલચીખાતાંમાં દુભાશીઆ, ત્યાંથી આવી એલફીનસ્ટન કાલેજના બીજા આસીસ્ટંટ પ્રોફેસર અને તે બાદ ૧૮૪૫ થી શુપરીમ કોરટના દુભાશીઆ તરીકે રહયા હતા. એઓ જેમ પઢેલ તેમજ ઘણા કઢેલ અને સ્વતંત્ર સ્વભાવના હતા. ગુજરાતીમાં પેહલવેહલું "વીદ્દ્યાસાગર" નામનું માસીક ચોપાનયું એવણે ૧૮૪૦ માં પરવરતાવ્યું હતું. જરથોસ્તી ધર્મની સામે એજ અઇઆમમાં અતરે ખ્રિસ્ટી મીશનરીઓએ ઘણી મુજાહેમતો તથા હુમલા કીધા હતા, તે સંધાના એવણે ૧૮૪૨ થી "રેહેનુમાએ જરતોશતી" નામે માસિક ચોપાનયું દસ્તુર એદલજી દારાબજી સંજાણા સાથે મલી પરવરતાવી જવાબો આપ્યા હતા, તથા એ ધર્મની સંભાલમાં બીજું ઘણું લખાંણ કીધું હતું, તેમજ "ડીસકશન આન ધી ક્રિસચીઅન રીલીજીયન" અને બીજાં પુસ્તકો ઈંગ્રેજીમાં કાઢયાં હતાં. પારસીઓના હાલના ધારા બાંધવામાં મુખ્ય મેહનત એવણ તથા એવણના જોડયા શેઠ શોરાબજી શાપુરજી બંગાલીની હતી, અને એ ધારા બાંધવા માટે ઉભી થયલી મંડલીના એઓ બંધે જણા ઇ૦ સ૦ ૧૮૫૫ થી ૧૮૬૫ સુધી દશ વર્ષે એ કામ પુરૂં થયું ત્યાં વેર હાનરરી શેક્રેટરી હતા. જરથોસ્તીઓમાં જુદદીનોની તથા બીજી અણઘટતી રસમો ધર્મ તરીકે દાખલ થયલી તે કાહડી નખાવવાના ઉપાયો લેવાને એઓ બંધે તથા શેઠ દાદાભાઇ નવરોજજીની આગેવાંની હેઠલ ૧૮૫૧ માં રાહનુમાએ માજદીઅસનાં સભા ઉભી કરી તેના એવણ સેવટ સુધી સરનશીન હતા. જરતોસ્તી છોકરીઓની નિશાલ મંડલી તથા બોમ્બે આશોશીએશન પણ એઓની મેહનતથી ઉભી થઇ હતી. પારસીઓ ઉપરાંત એવણુની સેવા આખા દેશ તરફ પણ ઘણી લંબાયલી હતી. મુંબઇ આશોશીએશનની મારફતે તથા બીજી રીતે એઓએ દેશીઓના હકો સરકાર દરબારમાં જાલવવા, તેમની ફરીઆદો સત્તાવાલાઓને પુગાડવા, વગેરે માટે અતરે તેમજ ઈંગલાંડ જઇ ઘણીક લડતો ચલાવી હતી, તેમજ મુંબઇની મ્યુનીસીપાલીટીનાં સંબંધમાં છેલ્લાં ૧૭ વર્ષ સુધી એવણે પ્રજાના પૈસા નકામા બરબાદ નહિં જાય

તે માટે માયાકુલ તકરારો ચલાવી હતી. નામદાર સરકારે એવણને ઇ૦ સ૦ ૧૮૮૪ નાં નવાં શાલને દીને "કમપાન્યન ઑફ ધી ઈંડીઅન એમપાએર" (સી. આઈ. ઇ.) નો ખેતાબ આપ્યો હતો, તથા અતરેની પ્રજાના લોકો અને વર્ત્તમાનપત્રોવાલાઓએ એવણનું નામ વાજબીની રાહે "ત્રીબ્યુન ઑફ ધી પીપલ" કરી આપ્યું હતું. એવણનું મરણ રોજ ૫ માહ ૧ શેહનશાહી ૧૨૫૫ યજદજરદી (તા૦ ૨૨ મી સપટેમબર ૧૮૮૫) ને દીને ૬૯ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન શોરાબ બેહદીન શાપુર—(શેઠ શોરાબજી શાપુરજી બંગાલી, સી. આઈ. ઇ.) એવણ એક પરોપકારી તથા પરગજુ પારસી ગ્રહસ્થ તથા અતરેની રૈયતના હજારો લોકના જાની તથા વિશ્વાશુ દોસ્ત, હજારોને પોતાની નેક બુદ્ધિ અને સલાહનો લાભ આપનાર, અને શેંકડોને પોતાની પરવરસી કરવાનું સાધન કરી આપનાર હતા. જગત મીત્ર તથા જગત પ્રેમી નામનાં માહવરી ચોપાનયાં એવણે પરવરતાવ્યાં હતાં, તથા તે મધે લખેલી જરથોસ્તીઓને અગતની આગલાં ઇરાનની પુરાતમ હાલત તથા બાંધકામો વગેરેની બાબદો વાંચ્યાથી તેનું જ્ઞાન આપણા લોકોમાં પેહલવેહલું જણાયું હતું. મુંબઇ સમાચાર તથા રાસ્ત ગોફ્તાર પત્રોનું તેમજ સ્ત્રી બોધનું અધીપતીપણું પણ એવણે કેટલીક મુદત સુધી મુફ્ત ચલાવ્યું હતું. ૧૮૫૮ માં એવણે જરથોસ્તી લોકોનાં ધર્મ પુસ્તકો તથા એ પુસ્તકોની ભાષા અને પુરાતમપણાં વિષે ઇનામનો એક રેસાલો લખ્યો હતો, અને જેમાં એવણે કરેલી ઘણીક સુચનાઓ અમલમાં આવી હતી. એવણ પણ જેમ પઢેલ તેમજ ઘણા કઢેલ અને સ્વતંત્ર સ્વભાવના હતા. પારસીઓના હાલના ધારા બાંધવામાં મુખ્ય મેહનત એવણ તથા એવણના ઉપલા જોડયા શેઠ નવરોજજી ફરદુનજીની હતી, અને એ ધારા બાંધવા માટે ઉભી થાયલી મંડલીના એઓ બંધે જણા ૧૮૫૫ થી ૧૮૬૫ સુધી દશ વર્ષે એ કામ પુરૂં થયું ત્યાંવેર હાનરરી શેક્રેટરી હતા. જરથોસ્તીઓમાં જુદદીનોની તથા બીજી અણઘટતી રસમો ધર્મ તરીકે દાખલ થયલી તે કાહડી નખાવવાના ઉપાયો લેવાને એઓ બંધે તથા શેઠ દાદાભાઇ નવરોજજીની આગેવાંની હેઠલ ૧૮૫૧ માં રાહનુમાએ માજદીઅસનાં સભા, તેમજ જરથોસ્તી છોકરીઓની નિશાલ મંડલી પણ એઓ બંધેની મેહનતથી ૧૮૫૮ માં ઉભી થાઇ હતી. મરહુમ સર જમશેદજીવાલી જંદ પેહલવી મદરેસાના એવણ ૧૫) વર્ષ સુધી હાનરરી ઉપરી હતા. ૧૮૮૩ માં ઈંગલાંડથી તબીબી ઘટતી કેળવણી અને અનુભવ ધરાવનારી ઓરત ડાકટરોને મુંબઇ મધે વૈદાંનો ધંધો ચલાવવા બોલાવવા માટે એવણે આગેવાંની લઇ એક ફંડ કીધું હતું. મુંબઇ બેંક તથા મુંબઇની મ્યુનીસીપાલીટીનો નાણાં સંબંધી વહીવટ બરાબર નહિં ચાલવાને લીધે તે વિષે એવણે ઘણી માયાકુલ લડતો ચલાવી હતી, તથા મ્યુનીસીપાલીટીના નાણાં સંબંધી વહીવટની તપાસ કરવાને સરકારે ૧૮૭૦ માં ચાર અમલદારોની નેમેલી કમીટીના, તેમજ ૧૮૮૫ માં આબકારી કાયદાના વહીવટની તપાસ કરવા નેમેલાં કમીશનના, તથા ૧૮૯૦ માં હિંદુસ્થાંનનાં કારખાનાંઓને લગતા ધારામાં ફેરફાર કરવાને વડી સરકારે નેમેલાં કમીશનના

એઓ અધિકારી હતા. ૧૮૭૮ થી ૧૮૮૦ સુધી એવણ મુંબઇના નામદાર ગવરનરની લેજીસલેટીવ કૌનસીલના અધિકારી નેમાયા હતા, તથા ૧૮૮૧ માં નામદાર સરકારે એવણને "કમપાન્યન ઑફ ધી ઈંડીઅન એમપાએર" (સી. આઇ. ઇ.) નો ખેતાબ આપ્યો હતો, તથા એજ શાલના મુંબઇના શેરીફ નેમી માન આપ્યું હતું. જરથોસ્તી છોકરીઓની નિશાલ મંડલી હસ્તક પોતાનાં માતાજી બાઇ ભીખાઇજીનાં નામથી કોટ ખાતાંની નિશાલને માટે એક મોટું મકાન એવણે રૂ૬૬૭૮૭) ને ખરચે બંધાવી આપ્યું હતું. એવણનું મરણ રોજ ૨૦ માહ ૭ શેહનશાહી ૧૨૬૨ યજદજરદી (તા૦ ૩ જી આપરેલ ૧૮૯૩) ને દીને ૬૩ વર્ષની ઉમરે નીપજર્યું હતું.

બેહદીન નોશરવાંન બેહદીન બેહરાંમ—(શેઠ નશરવાંનજી બેહરાંમજી શેક્રેટરી) એવણ મુંબઇની પારસી પંચાતનાં ફંડના ઇ૦ સ૦ ૧૮૫૮ થી તે પોતાનાં મરણ સુધી ૩૪) વર્ષ વેર શેક્રેટરી હતા, અને પંચાતનાં ફંડનો વહીવટ ઘણી ઇમાનદારીથી ચલાવી કોમની કેટલીક સેવા બજાવી હતી. થોડીક મીનીટનાં ઘેલાપણામાં એવણે દરીયામાં ડુબી આપઘાત કીધો હતો. એવણનું મરણ રોજ ૧૬ માહ ૯ શેહનશાહી ૧૨૬૨ યજદજરદી (તા૦ ૨૯ મી મેએ ૧૮૯૩) ને દીને ૫૮ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન ખુરશેદ બેહદીન માણેક—(શેઠ ખરશેદજી માણેકજી ખરશેદજી જમશેદજી જીજીભાઇ) સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટના એકપુરા દીકરા, તથા બારોનેટસીના ખેતાબના વારસ. એ એક ભવિષની સરશ આશા આપનારો ચંચલ બેટો હતો, અને તદન નોજવાંન ૧૫) વર્ષની ઉમરે રોજ ૧૬ માહ ૧૧ શેહનશાહી ૧૨૬૨ યજદજરદી (તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૯૩) ને દીને મરણ પામ્યા હતા.

મુંબઈમાં મરહુમ દાદીશેઠનાં આતશબેહરાંમને લગતા કદમી પંથના મોબેદો દીએછે તે વધારે નામો.

દસ્તુર કાઊશ અરવદ રૂસ્તમ—(મુલ્લાં કાઉશ રૂસ્તમ જલાલ) એવણ અતરેનાં મુલ્લાંફીરોજનાં ખાનદાંનના વડવા તથા મુંબઇનાં કદમી પંથના પેહલા વડા દસ્તુર હતા. એવણ ભરૂચના વતની, તથા ફારસી, અવસ્તા, પેહલવી, અને આરબી ભાષા સારી પેઠે જાણતા હતા. ઇ૦ સ૦ ૧૭૬૭ માં જયારે સુરતમાં રોજ માહના તફાવત વિષેની તકરાર ઘણી જોસમાં ચાલતી હતી ત્યારે ત્યાંના નામીચા શેઠ ધનજીશાહ મનજીશાહે એવણને સઘળી પ્રકારે લાએક જાણી તે વિષેની તેહકીક કરવાને ઇરાન મોકલ્યા હતા. તે વખતે પોતાના ૮ વર્ષની વયના બેટા મુલ્લાંફીરોજને પણ સાથે લઇ એવણ તા૦ ૨૯ મી મારચ ૧૭૬૮ ને દીને ઇરાંન ગયા હતા. ત્યાં યઝદ, કેરમાંન, ઇસ્ફહાન, શીરાજ, રૂમ વગેરે મુલકોમાં મુસાફરીઓ

કીધી, તથા પોતે કરવા ગયલું કામ સમાધાન ઉતારી પાછા ૧૨ વર્ષે એટલે ઇ૦ સ૦ ૧૭૮૦ ની તા૦ ૯ મી ફેબરવારીને દીને સુરત મધે આવી પોંહતા હતા. આ વેળાએ શેઠ ધનજીશાહ મનજીશાહ મુંબઇ ગયલા હોવાથી એવણ અતરે આવ્યા, અને શેઠ દાદીભાઇ નોશરવાંનજી સાથે પીછાંણ થવાથી તેવણે અતરે કદમી તરીકા પ્રમાણે એવણનાં ઉપરીપણા હેઠલ તા૦ ૨૯ મી સપટેમબર ૧૭૮૩ ને દીને આતશબેહરાંમ પરડાવ્યા હતા, તથા તેજ દાહડેથી કદમી અંજુમનના વડા દસ્તુરનો ઓહ્દો એવણને મલ્યો હતો. એ પછી અતરેથી કાંઇ કારણસર પોતાનો દસ્તુરનો ઓહ્દો પોતાના દીકરા મુલ્લાં ફીરોજજીને સોંપી એવણ ઇ૦ સ૦ ૧૭૯૪ માં હૈદરાબાદ ગયા હતા, અને ત્યાંજ રોજ ૨૧ માહ ૬ કદમી ૧૧૭૧ યજદજરદી (તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૦૨) ને દીને ૬૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર ફીરોઝ દસ્તુર કાઊશ—(મુલ્લાં ફીરોઝ બીન મુલ્લાં કાઉશ) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ ૮ વર્ષની ઉમરે પોતાના બાપની સાથે ઇ૦ સ૦ ૧૭૬૮ માં ઇરાંન ગયા હતા. ત્યાં યઝદ શેહરમાં તા૦ ૮ મી નવેમબર ૧૭૭૧ ને દીને મરાતેબ થયા હતા. તે પછી ત્યાં ફારસી તથા આરબી ભાષાની પુખ્ત કેળવણી લઇ ઇ૦ સ૦ ૧૭૮૦ માં બાપની સાથે પાછા સુરત થઇને મુંબઇ આવ્યા હતા. અતરે આવી ઇ૦ સ૦ ૧૭૮૬ માં એવણે પોતાની તથા પોતાના બાપની ઇરાન ખાતેની મુસાફરીનો હેવાલ ફારસીમાં "દીને ખેરદે મનજુમે" નામની કેતાબના આકારમાં લખ્યો હતો. તે બાદ મુલ્લાં કાઉશના ઇ૦ સ૦ ૧૭૯૪ માં હૈદરાબાદ જવાથી મુંબઇના કદમી પંથના વડા દસ્તુરનો ઓહ્દો એવણને મલ્યો હતો. એવણે પોતાનો આખો જનમારો પુસ્તકો લખવામાં કાઢયો હતો. મુંબઇના ગવરનર જોનાઢન ડંકનને એવણ રૂ૧૦૦) ને દરમાયે ફારસી શિખાડવા જતા હતા, તથા તેની સાથે "દસાતીર" કેતાબનો તરજુમો એવણે ઇંગ્રેજીમાં કરવા માંડયો હતો, અને તેના ત્રણ ભાગ પુરા થાય તેટલામાં તે નામદાર હાકેમ ઇ૦ સ૦ ૧૮૧૧ માં મરણ પામવાથી બાકીનો ભાગ અધુરો રહી ગયો હતો, જે એવણે મી૦ વીલ્યમ અરસ્કીન પાસે તમામ કરાવી ઇ૦ સ૦ ૧૮૧૯ માં છપાવી પ્રગટ કીધો હતો. એવણે ગવરનર ડંકનના વખતથીજ જેમ ફેરદોસી શાએરે ઇરાનનાં પુરાતમ રાજ્યની તવારીખ ફારસી બેતોમાં શાહનામાંમાં લખીછે તેજ મુજબ અને તેજ કાવ્ય રચનાથી ઇંગ્રેજોની હિંદુસ્થાન મધેની ફતેહ અને તવારીખ ફારસી બેતોમાં "જારજનામાં" ને નામે રચવાનું શરૂ કીધું હતું. આ નામું બનાવવાને એવણે સરકારના આસરાની અરજ કર્યાથી ઇ૦ સ૦ ૧૮૨૪ ની તા૦ ૧ લી અકટોબરથી એવણને સરકારે દર મહીને રૂ૪૦૦) નો મુસારો એવણની જીંદગી લગણ બાંધી આપ્યો હતો. એ કામ એવણ મરણ પામ્યા ત્યાંલગણ પુરૂં નહિ થવાથી એવણનાં મરણ બાદ તે એવણના ભત્રિજા તથા ગાદીના વારસ દસ્તુર રૂસતમજી કેકોબાદજીએ ઇ૦ સ૦ ૧૮૩૭ માં ત્રણ પુસ્તકોમાં છપાવી બાહેર પાડયું હતું, તથા નામદાર માહરાણી વિકટોરીયાને તે અર્પણ કર્યું હતું. ઉપલાં દસાતીર અને

જારજનામાં સિવાય એવણે બીજાં ૨૯ પુસ્તકો જુદે જુદે વખતે લખ્યાંછે. ઇ૦ સ૦ ૧૮૨૬—૨૭ માં મુંબઇમાં કબીશાને લગતી તકરારમાં કદમીઓ તરફના મુખ્ય આગેવાંન તથા તકરાર ચલાવનાર એવણ હતા. એવણે પોતાનાં મરણ અગાઉ પોતાનું કીમતદાર કેતાબખાનું જે મધે ફારસી, આરબી, તુરકી, નજુમની, તથા જંદ, પાજંદ, પેહલવી, અને ઇંગ્રેજીની કેતાબો હતી તે પોતાને હાથે લખીને કદમી અંજુમનના સાહેબોના સ્વાધીનમાં આપી હતી જે તે તેમનાં નામે સર્વે કોમના લોકોને વાંચવા થકી જાહેરમાં રાખવું. તે મુજબ તે "મુલ્લાં ફીરોજ કેતાબખાનાં" નાં નામથી સર્વે લોકોને વાંચવાને માટે ખોલ્લું રાખ્યુંછે, તથા એવણનાં નામની યાદગારીને માટે અતરેના જરથોસ્તીઓએ "મુલ્લાં ફીરોજ મદરેસા" નામની જરથોસ્તીઓના છોકરાઓને જંદ, પેહલવી, અને ફારસી શિખાડવાની એક મદરેસા ઇ૦ સ૦ ૧૮૫૪ થી સ્થાપીછે. એવણ રોજ ૭ માહ ૨ કદમી ૧૨૦૦ યજદજરદી (તા૦ ૮ મી અકટોબર ૧૮૩૦) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર રૂસ્તમ એરવદ કેકોબાદ—(દસ્તુર રૂસતમજી કેકોબાદજી મુલ્લાં ફીરોજના) ઉપલા દસ્તુરજીના ભત્રિજા. ઇ૦ સ૦ ૧૮૩૦ માં મુલ્લાં ફીરોજજીનાં મરણથી એવણના વડા ભાઇ દસ્તુર મનોચેહરજી કેકોબાદજીને કદમી અંજુમને પોતાના વડા દસ્તુર હેડાવ્યા હતા, પણ તેવણે ચીનથી અતરે આવી તે ઓહ્દો લેવાને ના પાડયાથી કદમી અંજુમને એવણને પોતાના વડા દસ્તુર નેમ્યા હતા. મરહુમ મુલ્લાં ફીરોજજીનું બનાવેલું "જારજનામું" એવણે ઇ૦ સ૦ ૧૮૩૭ માં ત્રણ મોટાં દફતરોમાં બાહેર પાડી નામદાર માહરાણી વિકટોરીઆને અર્પણ કર્યું હતું. ઇ૦ સ૦ ૧૮૪૬ માં એવણે ગુલજારે હાલ, ૧૮૪૭ માં આદર ખોરેહ, અને ૧૮૫૨ માં અખવાંને સફા નામનાં ત્રણ પુસ્તકો બાહેર પાડયાં હતાં. એવણ રોજ ૩૦ માહ ૮ કદમી ૧૨૨૩ યજદજરદી (તા૦ ૨૩ મી આપરેલ ૧૮૫૪) ને દીને ૬૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર અરદેશર દસ્તુર રૂસ્તમ—(દસ્તુર અરદેશર રૂસતમજી મુલ્લાં ફીરોજના) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણને ઇ૦ સ૦ ૧૮૫૪ માં પોતાના બાપનાં મરણથી મુંબઇ ખાતેની કદમી અંજુમને પોતાના વડા દસ્તુર નેમ્યા હતા. મુલ્લાંફીરોજ મદરેસાની એજ શાલમાં શરૂઆત થઇ ત્યારથી તે ઇ૦ સ૦ ૧૮૬૩ સુધી એવણ તેમાં જંદ પેહલવીના શીક્ષાગુરૂ હતા. ૧૮૬૧ માં એવણે ગુજરાતી ભાષામાં કદમી ખોરદેહ અવસ્તાની માએનીની એક કેતાબ છપાવી બાહેર પાડી હતી. એવણ રોજ ૧૩ માહ ૫ કદમી ૧૨૩૩ યજદજરદી (તા૦ ૪ થી જાનેવારી ૧૮૬૪) ને દીને ૫૨) વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર શોરાબ દસ્તુર ફીરોઝ—(દસ્તુર શોરાબજી રૂસતમજી મુલ્લાં-ફીરોજના) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના બાપના કાકા મુલ્લાં ફીરોઝ

બીન મુલ્લાં કાઉશના પાલક થયા હતા. એવણને ઈ૦ સ૦ ૧૮૬૪ માં પોતાના ઉપલા ભાઈનાં મરણથી મુંબઈ ખાતેની કદમી અંજુમને પોતાના વડા દસ્તુર નેમ્યા હતા. અંજુમનના દસ્તુર થયા આગમજ એઓ લશ્કરી તથા સનદી ખાતાંના ઈંગ્રેજ અમલદારોને ફારસી જુબાનની તાલીમ આપતા હતા. એ ઉપરાંત એવણ ૧૮૪૨ થી તે ૧૮૬૧ સુધી મુલ્લાંફીરોજ કેતાબખાંનાના પુસ્તક અધિકારી તથા ૧૮૫૭—૫૮ માં મુલ્લાંફીરોજ મદરેસાના તેમજ ૧૮૫૬ થી તે ૧૮૬૪ સુધી ઈરાન દેશના રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવાનાં ધર્મખાતાંના શેક્રેટરી હતા. એવણ રોજ ૯ માહ ૪ કદમી ૧૨૫૩ યજદજરદી (તા૦ ૨૬ મી નવેમબર ૧૮૮૩) ને દીને ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન દાદી બેહદીન નોશરવાંન—જુવો સફે ૩૭.

બેહદીન અરદેશર બેહદીન દાદી—(શેઠ અરદેશર દાદીભાઈ) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પોતાના બાપની માફક આગલા વખતમાં એક મોટા વ્યાપારી, વાહણવટી, તથા જાગીરદાર હતા. મુંબઈમાં કોરટેકોટ એવણે પોતાના બાપની નઈઅતે આદરાંનની એક દરેમેહર કદમી તરીકા મુજબ તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૦૩ ને દીને પરઠાવી હતી. ૧૮૦૫ માં એવણે વસાઈની પેલીમેર દંતોરા ગામમાં એક મોટી ધર્મશાલા બંધાવી હતી. ૧૮૦૬ માં છાસટી તરફ કનેરી, મલાર, તુલસી, માગાથાંન, દઈસર, એરૂ તથા એકસર નામનાં સાત ગામો એવણે દર વર્ષે સરકારમાં થોકો ભરવાની કબુલાતે પોતાની હારનબી–રો તરફની જગા આપી તેના બદલામાં લીધાં હતાં. ઈ૦ સ૦ ૧૮૦૫—૬ માં વાચ્ય હિંદુસ્થાનમાં પડેલા દુકાલની વખતે એવણે ઘણાક મહિના સુધી દરરોજ ચાર પાંચ હજાર માણસોને પોતાને ખરચે ખોરાક પુરો પાડયો હતો. ૧૮૦૮ માં ઈરાન મધે "મુબારકા" ગામમાં એવણે પોતાને ખરચે આદરાનની એક દરેમેહર બંધાવી આપી હતી. એવણ મરણ પામ્યા તે વેળાએ કેહછે કે સચકાર કાઢતી વેળાએ મુંબઈનો ગવરનર જોનાઢન ડંકન એવણનાં ઘરની સામેનાં સેંટ થામસનાં મોટાં દેવલમાં આવી ઉભો હતો, અને તેના હોકમથી જેવું એવણનું રવાંન ઘરમાંથી બાહેર કાઢયું ત્યારથી તે દેવલવાળો આખો મોહલો પસાર કરી ગયું ત્યાં લગણ ગમગીનીનો ઘંટ વગાડવામાં આવ્યો હતો. એવણનું મરણ રોજ ૨૬ માહ ૧૦ કદમી ૧૧૭૯ યજદજરદી (તા૦ ૨૯ મી જુન ૧૮૧૦) ને દીને ૫૪ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન ખુરશેદ બેહદીન હોરમજ—(શેઠ ખરશેદજી અરદેશર દાદીશેઠ) ઉપલા શેઠીયાના વડા દીકરા. એવણ પોતાના કાકા શેઠ હોરમજજી દાદીભાઈ નશરવાંનજીના પાલક થયા હતા. એવણ પણ પોતાના બાપની માફક એક મોટા વ્યાપારી, વાહણવટી તથા જાગીરદાર હતા. પોતાના બાપ તથા બપાવાનાં ધર્મનાં મકાનોના એવણ મુતવલી હતા, અને રોજ ૨૯ માહ ૧૨ કદમી ૧૨૨૦ યજદજરદી (તા૦ ૨૧ મી આગશટ ૧૮૫૧) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન જાંહગીર બેહદીન અરદેશર—(શેઠ જાંગીરજી અરદેશર દાદીશેઠ) ઉપલા શેઠીયાના ભાઇ. એવણ પણ પોતાના બાપની માફક પોતાના ઉપલા ભાઇની સાથે એક મોટા વ્યાપારી, વાહણવટી તથા જાગીરદાર હતા. પોતાના બાપ તથા બપાવાનાં ધર્મનાં મકાનોના એવણ પણ ભાઇની સાથે મુતવલી હતા, અને રોજ ૮ માહ ૧ કદમી ૧૧૯૮ યજદજરદી (તા૦ ૯ મી સપટેમબર ૧૮૨૮) ને દીને ૪૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન અરદેશર બેહદીન ખુરશેદ—(શેઠ અરદેશર ખરશેદજી દાદીશેઠ) ઉપલા શેઠીયાના ભત્રિજા. એવણ પણ કેટલુંક સુધી અતરે એક મોટા વ્યાપારી તથા જાગીરદાર હતા. પોતાના વડીલોનાં ધર્મનાં મકાનોના એવણ ઇ૦ સ૦ ૧૮૫૧ થી મુતવલી હતા, અને રોજ ૧૦ માહ ૧૨ કદમી ૧૨૪૩ યજદજરદી (તા૦ ૨૭ મી જુલાઇ ૧૮૭૪) ને દીને ૫૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન ફ્રરાંમ બેહદીન કાઊશ—જુવો સફે ૩૮.

બેહદીન ખુરશેદ બેહદીન કાઊશ—(શેઠ ખરશેદજી કાવશજી બનાજી) એવણ આગલા વખતમાં એક મોટા વ્યાપારી, વાહણવટી તથા જાગીરદાર હતા. ઇ૦ સ૦ ૧૮૩૦ માં છાસટી માહેલાં ગોરગામ, માજાસ, પાહડી, પોઇશર, મોધરા, વોશીરવા, અને બાનદોલી નામનાં સાત ગામો એવણે પ્રથમમાં સરકાર પાસેથી થોકે અને તે બાદ વેચાંણ કરી લીધાં હતાં. ઇ૦ સ૦ ૧૮૩૫ માં ચોપાટી મધે દોખમાંઓના ડુંગરની હેઠલની ડુંગરવાડીની પોતાની જગો કે જયાં હાલમાં આંધલા પાંગલા જરથોસ્તીઓની ધર્મશાલા છે તે એવણે પંચાતને ધર્મ ખાતે આપી હતી. મુંબઇમાં કરેલવાડી તરફ તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૪૫ ને દીને પોતાના બાવા મરહુમ શેઠ કાવશજી બેહરાંમજી બનાજીનાં નામથી પરઠાવેલાં કદમી આતશબેહરાંમના ખરચમાં એવણે પણ મોટી રકમ આપી હતી. એવણ રોજ ૮ માહ ૪ કદમી ૧૨૧૭ યજદજરદી (તા૦ ૪ થી ડીસેમબર ૧૮૪૭) ને દીને ૫૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન રૂસતમ બેહદીન કાઊશ—(શેઠ રૂસતમજી કાવશજી બનાજી) ઉપલા શેઠીયાના ભાઇ. એવણ પેહલવેહલા ઇ૦ સ૦ ૧૮૧૨ માં અતરેથી કલકતે વ્યાપારને માટે ગયા હતા, અને ૧૮૧૭ થી તે પોતાનાં મરણ સુધી ત્યાંજ જાધુકનો વાસો લીધો હતો. કલકતા તથા ચીનમાં એવણનો બોહલો વ્યાપાર ચાલતો હતો, તથા એવણની પેહડીનાં ૨૭) વાહણો હતાં. કલકતામાં રૂની ગાંસડીઓ દાબવાના સ્કરૂ તેમજ ગુલી પાકવવાનાં તથા કાગજ બનાવવાનાં કારખાંનાંઓ એવણે કાઢયાં હતાં. ત્યાં પારસીઓને માટે આદરાંનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૬ મી સપટેમબર ૧૮૩૯ ને દીને પરઠાવી હતી. કલકતામાં એવણ દરેક પ્રજા ઉપયોગી કામમાં મોટી આગેવાની લેતા હતા, તથા ત્યાંની પ્રજામાં તેમજ સરકાર દરબારમાં મોટું માન અને દરજ્જો ધરાવતા હતા. એવણનું મરણ કલકતામાંજ રોજ ૨૨ માહ ૮ કદમી ૧૨૨૧ યજદજરદી (તા૦ ૧૫ મી એપરેલ ૧૮૫૨) ને દીને ૬૦ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન મેહરવાંન બેહદીન બેહરાંમ—જુવો સફે ૩૯.

બેહદીન દાદા બેહદીન હોરમજ—(શેઠ દાદાભાઇ હોરમજજી કામાજી) એવણ અતરેના એક મોટા વ્યાપારી તથા ઘણા ધર્મી દીલના ચૂસ્ત એતેકાદવાલા હતા. પોતાના ચાલતા વખતમાં એઓ ગરીબોને ઘણા મદદગાર હતા. એવણનું મરણ રોજ ૭ માહ ૪ કદમી ૧૨૪૬ યજદજરદી (તા૦ ૨૫ મી નવેમબર ૧૮૭૬) ને દીને ૬૮ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન ખુરશેદ બેહદીન નોશરવાંન—(શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજી) એવણ પણ અતરેના એક મોટા વ્યાપારી હતા, તથા ઘણાંક વ્યાપાર રોજગારને લગતાં જાંઇટ સ્ટાક ખાતાંઓ એવણે ઉભાં કીધાં હતાં. વ્યાપાર ઉપરાંત દરેક પ્રજા ઉપ્યોગી તથા પોતાની કોમને લગતાં કામોમાં તથા ધર્મખાતાંઓ ચલાવવામાં એવણ ઘણો મોટો ભાગ લેતા હતા. આપણા પારસીઓને લગતાં ઘણાંક ધર્મ ખાતાંઓ એવણની કોશેશથી બરપા થયાં હતાં, અને તે સંધાંમાં એવણ પોતાની હૈયાતીની છેલ્લી ઘડી સુધી શામેલ હતા. બધાં મલી ૧૮) ધર્મખાતાંઓના એવણ ખજાંનચી હતા. ૧૮૬૩ માં વેઆરા સુનઘડ તથા ૧૮૬૬ માં તારાપોરનાં દોખમાંઓ બંધાવવાની એવણે આગેવાંની લીધી હતી. મરહુમ દાદીશેઠનાં આતશબેહરાંમ વગેરે ધર્મખાતાંઓના તથા મરહુમ કાવશજી બેહરાંમજી બનાજીવાલાં આતશબેહરાંમને લગતાં ઘાહંબાર ફંડના એવણ તરસ્ટી હતા. એવણની યાદગારી રાખવા માટે અતરે તથા દેશાવરોના જરથોસ્તીઓએ મલી એવણનાં નામનું ગરીબ જરથોસ્તી વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવાનું એક ફંડ ઉભું કીધું હતું. એવણ રોજ ૯ માહ ૬ કદમી ૧૨૫૪ યજદજરદી (તા૦ ૨૪ મી જાનેવારી ૧૮૮૫) ને દીને ૬૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન ફ્રરાંમ બેહદીન નોશરવાંન—(શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલ) એવણ પણ અતરે એક મોટા વ્યાપારી તથા ઉપલાજ શેઠીયાની માફક દરેક પ્રજા ઉપ્યોગી તથા પોતાની કોમને લગતાં કામો તથા ધર્મખાતાંઓ ચલાવવામાં મોટો ભાગ લેતા હતા. ઇ૦ સ૦ ૧૮૬૬ થી ૧૮૬૮ સુધી એવણ મુંબઇના નામદાર ગવરનરની લેજીસલેટીવ કૌનસીલના અધિકારી નેમાયા હતા. પારસીઓને માટે ધારા બાંધનારી સભાના ૧૮૫૯ થી તેમજ જરથોસ્તી છોકરીઓની નિશાલ મંડલી ઇ૦ સ૦ ૧૮૫૮ માં ઉભી થાઇ ત્યારથી એવણ એ બંને ખાતાંના સરનશીન હતા. એજ મુજબ મુંબઇની પારસી પંચાતનાં ફંડનાં ૧૮૭૬ થી તથા કદમી ઘાહંબાર ફંડના ૧૮૪૦ થી તરસ્ટી હતા. ૧૮૩૭ માં એવણે છાસટી માહેલું "અનીક" ગામ સરકાર પાસેથી થોકે લીધું હતું. મનગાંમ મધે એવણે આદરાંનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૭ મી નવેમબર ૧૮૪૫ ને દીને પરઠાવી હતી. ૧૮૫૯ માં સેતારા જીલ્લાનાં મેઘા ગામમાં તથા ૧૮૬૪ માં માહબલેશરમાં અને ૧૮૬૬ માં પાહડી ગામમાં એવણે ધર્મશાલાઓ બંધાવી હતી. એજ મુજબ ૧૮૫૯ થી ખેતવાડીના લટા ઉપર પોતાને ખરચે એક એંગલો વર્નાક્યુલર સ્કુલ સ્થાપી હતી. એવણ ૮૮ વર્ષની બુજર્ગ ઉમરે રોજ ૭ માહ ૮ કદમી ૧૨૬૧ યજદજરદી (તા૦ ૨૧ મી મારચ ૧૮૯૨) ને દીને મરણ પામ્યા હતા.

મુંબઈમાં મરહુમ શેઠ કાવશજી બેહરાંમજી બનાજીવાલાં આતશબેહરાંમને લગતા કદમી પંથના મોબેદો દીએછે તે વધારે નામો·

દસ્તુર બેજન એરવદ રૂસ્તમ—(દસ્તુર બેજનજી રૂસતમજી) એવણ પ્રથમમાં પોતાના બેશી મરહુમ મુલ્લાં ફીરોજજીના હાથ હેઠલ મોબેદીનું કામ કરતા હતા. તે પછી ઇ૦ સ૦ ૧૮૪૫ માં મરહુમ શેઠ કાવશજી બેહરાંમજી બનાજીની નઈઅતે પરઠાયલાં કદમી આતશબેહરાંમના એવણને દસ્તુર નેમ્યા હતા. એવણ રોજ ૬ માહ ૧૨ કદમી ૧૨૨૩ યજદજરદી (તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૫૪) ને દીને ૭૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર ફ્રરાંમ દસ્તુર બેજન—(દસ્તુર ફરાંમજી બેજનજી) ઉપલા દસ્તુરજીના વડા દીકરા. એવણ ઇ૦ સ૦ ૧૮૫૪ માં પોતાના બાપનાં મરણ પછી ઉપલાં આતશબેહરાંમના દસ્તુર નેમાયા હતા, તથા રોજ ૪ માહ ૧૧ કદમી ૧૨૫૪ યજદજરદી (તા૦ ૧૮મી જુન ૧૮૮૫) ને દીને ૬૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ ડોશા એરવદ ફ્રરાંમ—(એ૦ ડોશાભાઇ ફરાંમજી મનગાંમવાલા) એવણ મનગાંમની મરહુમ શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલની દરેમેહરના પંથકી, તથા મુંબઇના કદમી ટોળાના એક જાણીતા મોબેદ હતા. એવણનું મરણ રોજ ૫ માહ ૫ કદમી ૧૨૩૯ યજદજરદી (તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૬૯) ને દીને ૭૬ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન કાઊશ બેહદીન બેહરાંમ—(શેઠ કાવશજી બેહરાંમજી બનાજી) મરહુમ શેઠ ફરાંમજી કાવશજી બનાજીના બાવા. એવણ પણ અતરે એક વ્યાપારી હતા. એવણનાં મરણ પછી એવણનાં પુનને માટે એવણના બે દીકરાઓ શેઠો ફરાંમજી તથા ખરશેદજી કાવશજી બનાજી, અને નબીરા શેઠ દાદાભાઇ રૂસતમજી બનાજીએ ગીરગાંમના રસ્તા ઉપર કરેલવાડી તરફ કદમી તરીકા મુજબ આતશબેહરાંમ બનાવી તે તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૪૫ ને દીને પરઠાવ્યા હતા. એવણ રોજ ૧૭ માહ ૪ કદમી ૧૨૦૪ યજદજરદી (તા૦ ૧૬ મી ડીસેમબર ૧૮૩૪) ને દીને ૯૦ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન ફ્રરાંમ બેહદીન કાઊશ—જુવો સફે ૩૮.

બેહદીન ખુરશેદ બેહદીન કાઊશ—જુવો સફે ૪૯.

બેહદીન રૂસ્તમ બેહદીન કાઊશ—જુવો સફે ૪૯.

બેહદીન દાદા બેહદીન રૂસ્તમ—(શેઠ દાદાભાઇ રૂસતમજી બનાજી) ઉપલા શેઠીયાના દીકરા. એવણ આગલા વખતમાં અતરે તથા ચીન અને કલકતા ખાતે એક મોટા વ્યાપારી તથા વાહણવટી હતા. મુંબઇમાં કરેલવાડી તરફ તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૪૫ ને દીને પોતાના બપાવા મરહુમ શેઠ કાવશજી બેહરાંમજી બનાજીનાં નામથી પરઠાવેલાં કદમી આતશબેહરાંમના ખરચમાં એવણે પણ મોટી રકમ આપી હતી, તથા એ આતશબેહરાંમના એક મુતવલી, અને તેને લગતાં ધાહંબાર ફંડના એક તરસ્ટી હતા. એવણ રોજ ૨૫ માહ ૭ કદમી ૧૨૫૯

યઝદજરદી (તા૦ ૧૦ મી મારચ ૧૮૯૦) ને દીને ૭૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન માણેક બેહદીન રૂસ્તમ—(શેઠ માણેકજી રૂસતમજી બનાજી) ઉપલા શેઠીયાના ભાઈ. એવણ પણ આગલા વખતમાં કલકતા તથા ચીન ખાતે એક મોટા વ્યાપારી તથા વાહણવટી હતા. ૧૮૩૭ થી એવણ કલકતા મધે જાયુક રહેલા હતા, અને ત્યાં મોટો મોભો તથા વગ ધરાવતા હતા, અને તે વગથી આપણી કોમનાં દરેક વડી સરકાર દરબારને લગતાં કામકાજોમાં જાતી મેહનત લેતા હતા. એવણ કલકતાના હાનરરી માજીસ્ત્રેટ તથા ૧૮૭૦ થી ઈરાનના તે તરફના કૉનસલ તરીકે નેમાયા હતા. અતરેનાં મરહુમ શેઠ કાવશજી બેહરાંમજી બનાજીવાલાં આતશબેહરાંમના એઓ એક તરસ્ટી હતા, તથા રોજ ૭ માહ ૫ કદમી ૧૨૬૧ યઝદજરદી (તા૦ ૨૨ મી ડીસેમબર ૧૮૯૧) ને દીને ૭૬ વર્ષની ઉમરે કલકતામાંજ મરણ પામ્યા હતા.

બેહદીન શોરાબ બેહદીન પેશોતન—(શેઠ શોરાબજી પેશતનજી ફરાંમજી) મરહુમ શેઠ ફરાંમજી કાવશજી બનાજીના નબીરા. એવણ પણ આગલા વખતમાં એક મોટા વ્યાપારી તથા જાહેર કામોમાં ભાગ લેનાર હતા. પોતાના મરહુમ બપાવાનાં નામની ફરાંમજી કાવશજી ઇનસ્ટીટયુટ બાંધવામાં એવણે રૂ૫૬૦૦૦) ની રકમ આપી હતી, તથા ૧૮૬૩ માં એકીવાર પોતાના કેટલાક કુટુંબીઓ તથા દોસ્ત આશનાઓ અને પેહડીનાં માણસોને રૂ૨૩૫૦૦૦) ની રકમ વેંહચી આપી હતી. મરહુમ શેઠ કાવશજી બેહરાંમજી બનાજીવાલાં કદમી આતશ-બેહરાંમના એવણ એક મુતવલી તથા તેને લગતાં ધાહંબાર ફંડના એક તરસ્ટી હતા, અને રોજ ૯ માહ ૧૦ કદમી ૧૨૫૭ યઝદજરદી (તા૦ ૨૩ મી મેએ ૧૮૮૮) ને દીને ૬૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

મુંબઈમાં મીનોચેહરહોમજીના સાથવાલા મોબેદો દીએછે તે વધારે નામો.

એરવદ મીનોચેહર એરવદ હોમજી—મીનોચેહરહોમજીનાં મોબેદી કુટુંબના વડવા. એવણ નવસારીનાં ભગરીઆ મોબેદોનાં "બજાં" નાં વંશના હતા. ઈ૦ સ૦ ૧૬૮૬ માં નવસારી મધે ભગરીઆ તથા સંજાણા મોબેદો તથા ત્યાંના બેહદીનો વચ્ચે અંધીઆરૂપણાંના હક વિષે એક મોટી મારામારી તથા ખુનાંમરકી થાઇ હતી. આ ઉપરથી ત્યાંના બેહદીનો ધણા ઉશ્કેરાયા, અને તેઓએ એજ વખતે એવણને પોતાની પક્ષમાં લઈ એવણના ભગરીઆ મોબેદોથી છુટા પાડી એક જુદી દરેમેહર એવણનાં પોતાનાં ઘરમાંજ ઠેઠાવી આપી, અને ત્યાં એવણ તથા જે કોઇ મોબેદ એવણને મલતા થાય તેમની પાસે પોતાને ત્યાંની સર્વે દીન ધર્મની ક્રિઆ કરાવવાનો બંદોબસ્ત કીધો હતો. આ વખતે એવણ સાથે બીજા કોઇ મોબેદો શામેલ થયા હતા નહિં, પણ પછી થોડુંકમાં એ૦ દાદા-

ચાંનજી, એ૦ મેહરજીરાંનજી કકરીઆ, એ૦ માણેક પેશોતન રબાડી, અને એ૦ કાઉશ જામાસ્પ ભાઇજી પોતાના બેટાઓ સાથે છુટા પડી એવણુ સાથે શામેલ થયા હતા. એ રીતે થોડાંક વર્ષમાં એ મીનોચેહરહોમજીના સાથમાં મોબેદોની સારી સંખીઆ થાઇ, અને હાલ સુધી તેઓ ભગરીઆ મોબેદોથી છુટાજ કામ ચલાવેછે.

એરવદ દાદા એરવદ ચાંદજી—દાદાચાંદજીનાં મોબેદી કુટુંબના વડવા. એવણ પણ ઉપલી મોટી મારામારી પછી ભગરીઆ મોબેદોથી છુટા પડી પોતાના સાત બેટાઓની સાથે એ૦ મીનોચેહરહોમજીના સાથમાં શામેલ થયા હતા, અને રોજ ૨ માહ ૩ શેહનશાહી ૧૦૯૧ યજદજરદી (તા૦ ૨૮ મી ડીસેમબર ૧૭૨૧) ને દીને મરણ પામ્યા હતા.

એરવદ માણેક એરવદ પેશોતન—રબાડીનાં મોબેદી કુટુંબના વડવા. એવણ પણ ઉપલી મોટી મારામારી પછી ભગરીઆ મોબેદોથી છુટા પડી પોતાના બે બેટાઓની સાથે એ૦ મીનોચેહરહોમજીના સાથમાં શામેલ થયા હતા, અને રોજ ૩૦ માહ ૭ શેહનશાહી ૧૦૬૫ યજદજરદી (તા૦ ૧૯ મી મેએ ૧૬૯૬) ને દીને મરણ પામ્યા હતા.

એરવદ મેહરજી એરવદ રાંનજી—(એ૦ મેહરજી ચાંદજી કકરીઆ) કકરીઆનાં મોબેદી કુટુંબના વડવા. એવણ પોતાના કાકા એ૦ રાંનજી પદમના પાલક થયા હતા. તથા ઉપલી મોટી મારામારી પછી ભગરીઆ મોબેદોથી છુટા પડી પોતાના ચાર બેટાઓની સાથે એ૦ મીનોચેહરહોમજીના સાથમાં શામેલ થયા હતા, અને રોજ ૨૫ માહ ૯ શેહનશાહી ૧૦૬૦ યજદજરદી (તા૦ ૧૫ મી જુલાઇ ૧૬૯૧) ને દીને મરણ પામ્યા હતા.

એરવદ જામાસ્પ એરવદ ભાઇજી—વલસાડના દસ્તુરજીને મોહલેના મોબેદોના વડવા. એવણના નાધલા દીકરા એ૦ કાઉશજી કે જેવણ નવસારી મધે પોતાના મમાવા એ૦ અસપંદીઆરજી રાંનજીના પાલક થયા હતા, અને ભંડારીનાં મોબેદી કુટુંબના વડવા હતા, તેવણ ઉપલી મોટી મારામારી પછી ભગરીઆ મોબેદોથી છુટા પડી પોતાના ત્રણ બેટાઓની સાથે એ૦ મીનોચેહરહોમજીના સાથમાં શામેલ થયા હતા, અને એવણ પોતે પણ નવસારીના મોબેદોથી છુટા પડેલા હતા. એવણ રોજ ૨૮ માહ ૧૧ શેહનશાહી ૧૦૬૮ યજદજરદી (તા૦ ૧૪ મી સપટેમબર ૧૬૯૯) ને દીને મરણ પામ્યા હતા.

એરવદ દારાબ એરવદ બહમન—(એરવદ દાદાભાઇ બહમનજી કકરીઆ) એવણ ફારસી, જંદ, વગેરે પઢેલા તથા તેના સરશ અક્ષર લખનાર હતા. મુંબઇ મધે એઓનું મોટું પંથક હતું, તથા પોતાના સાથવાલા મોબેદોના એઓ એક મુખ્ય ગણાતા હતા. એવણનું મરણ રોજ ૧૧ માહ ૪ શેહનશાહી ૧૨૨૨ યજદજરદી (તા૦ ૪ થી જાનેવારી ૧૮૫૩) ને દીને ૬૫ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એરવદ બરજોર એરવદ બેહરાંમ—(એ૦ બરજોરજી બેહરાંમજી કકરીઆ) એવણ નવસારીની મલેસર ફલીઆની મરહુમ સર જમશેદજી જીજીભાઇવાલી

દરેમેહરના વડા પંથકી હતા, અને રોજ ૧૩ માહ ૬ શેહનશાહી ૧૨૨૩ યજદ-જરદી (તા૦ ૭ મી મારચ ૧૮૫૪) ને દીને ૮૫ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ બરજોર એરવદ બહમન—(એ૦ બરજોરજી બહમનજી મીનોચેહર હોમજીના) એવણે ઇ૦ સ૦ ૧૮૫૨ માં સુરત મધેનાં તથા ૧૮૫૪ માં નવસારી મધેના મીનોચેહરહોમજીના સાથવાલા મોબેદોનાં ધર્મખાતાંનાં ફંડો મુંબઇમાં ઉભાં કરવાની આગેવાંની લીધી હતી, તથા તેના સેવટ સુધી તરસ્ટી હતા. એ સાથના મોબેદોની એવણ સદા અતરે કુમક કરનારા હતા. એવણ રોજ ૧ માહ ૬ શેહનશાહી ૧૨૪૮ યજદજરદી (તા૦ ૧૭ મી ફેબરવારી ૧૮૭૯) ને દીને ૮૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ પાહલણ એરવદ રતન—(એ૦ પાહલણજી રતનજી દાદાચાંનજીના) એવણ પણ ઉપલાંજ ફંડોના તરસ્ટી, તથા તારદેવની મરહુમ શેઠ બેહરાંમજી કાવશજી બાટલીવાલાની દરેમેહરના પંથકી, તથા પોતાના સાથના મોબેદોની હમેશાં કુમક કરનારા હતા. એવણ રોજ ૨૬ માહ ૪ શેહનશાહી ૧૨૫૩ યજદજરદી (તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૮૪) ને દીને ૭૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ રૂસતમ એરવદ રતન—(એ૦ રૂસતમજી રતનજી દાદાચાંનજીના) ઉપલા એરવદના ભાઇ. એવણ પણ પોતાના ભાઇની પછી ઉપલાં ફંડોના તરસ્ટી હતા, તથા અતરે એક સ્કુલ ચલાવતા હતા. ઇ૦ સ૦ ૧૮૬૨ માં એવણે સર જમશેદજી જીજીભાઇ ત્રાન્સલેશન ફંડ તરફથી "જરથોસ્તી બચ્ચાંઓને વાસ્તે ધર્મ નીતિ"ની એક ચોપડી રચવા માટે રૂ૧૫૦)નું ઇનામ મેળવ્યું હતું. એવણનું મરણ રોજ ૨૭ માહ ૩ શેહનશાહી ૧૨૫૬ યજદજરદી (તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૮૬) ને દીને ૬૭ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

દસ્તુર ફરાંમ એરવદ રૂસ્તમ—(દસ્તુર ફરાંમજી અસપંદીઆરજી રબાડી) એવણ પોતાના ભાઇ એ૦ રૂસતમજી અસપંદીઆરજી રબાડીના પાલક થયા હતા. એઓ સુરત મધે રૂસ્તમપરાના એક જાણીતા દસ્તુર હતા. જંદ પેહલવી ભાષાઓમાં એવણ ખબરદાર હોવાથી ઇ૦ સ૦ ૧૮૨૪ માં શેઠ ફરાંમજી કાવશજી બનાજીએ એવણને અતરે તેડાવી વંદીદાદ, ઇજશની તથા વીસપરદનો ગુજરાતીમાં એવણ પાસે તરજુમો કરાવ્યો હતો, તથા તે માટે મોટી રકમનું ઇનામ આપ્યું હતું. એ ઉપરાંત ૧૮૩૧ માં એવણે પારસીઓના હિંદુસ્થાનમાં આવ્યા વિષેની વીગતનું "હાદેસાનામું" નામે પુસ્તક છપાવી બાહેર પાડયું હતું. એવણ રોજ ૧૭ માહ ૩ શેહનશાહી ૧૨૦૪ યજદજરદી (તા૦ ૧૬ મી ડીસેમબર ૧૮૩૪) ને દીને ૫૬ વર્ષની ઉમરે સુરત મધે મરણ પામ્યા હતા.

દસ્તુર અસ્પંદયાર દસ્તુર ફરાંમ—(દસ્તુર અસ્પંદયારજી ફરાંમજી રબાડી) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ આગલા વખતમાં મુંબઇ મધે એક જાહેર લખનાર હતા. ૧૮૪૧ માં એવણે "હાદીએ ગોમરેહાંન" તથા ૧૮૪૯ માં

"ઈનજશને બા માએની" ની ચોપડીઓ તથા એજ શાલના આગશટ માસમાં સમાચાર દરપણનું રોજીંદું ગુજરાતી પત્ર બે ભાગયાઓ સાથે કાઢવા માડયું હતું. એવણ પણ ઉપલાં મીનોચેહર હોમજીના સાથવાલા મોબેદોનાં ફંડના એક તરસ્ટી હતા, અને રોજ ૧ માહ ૨ શેહનશાહી ૧૨૫૪ યજદજરદી (તા૦ ૧૮ મી અકટોબર ૧૮૮૪) ને દીને ૭૫ વર્ષની ઉમરે સુરત મધે મરણ પામ્યા હતા.

બેહદીન કાઊશ બેહદીન માણેક—(શેઠ કાવશજી માણેકજી આશબરનર) એવણ આગલા વખતના એક જાણીતા જાગીરદાર હતા. ઈ૦ સ૦ ૧૮૧૭ માં એવણે છાસટી મધેનું ભાંડુપનું ગામ મી૦ લ્યુક આશબરનર પાસે વેચાતું લઇ તે ગામમાં ઘણાક સુધારા કીધા હતા. ખેતવાડી મધે આદરાંનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૭ મી મેએ ૧૮૩૨ ને દીને પરઠાવી હતી, તથા તે દરેમેહરમાં કદમીની સાથે મીનોચેહર હોમજીના સાથવાલા મોબેદોને પણ વાપડવાને હિંધોલા બનાવ્યા હતા, જેથી એ લટાનું તેમનું પંથક સચવાયું હતું. એવણ રોજ ૧૧ માહ ૫ કદમી ૧૨૨૧ યજદજરદી (તા૦ ૫ મી જાનેવારી ૧૮૫૨) ને દીને ૭૩ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન ખુરશેદ બેહદીન કાઊશ—(શેઠ ખરશેદજી કાવશજી આશબરનર) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પણ પોતાના બાપની માફક ભાંડુપ ગામના માલેક, તથા ઉપલી દરેમેહરના મુતવલી હતા. મીનોચેહર હોમજીના સાથવાલા મોબેદોને તેઓનાં ધર્મનાં ફંડોમાં તથા બીજી ઘણીક મદદ એવણે કીધી હતી. એવણ રોજ ૨૧ માહ ૬ કદમી ૧૨૪૪ યજદજરદી (તા૦ ૮ મી ફેબરવારી ૧૮૭૫) ને દીને ૬૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન બેહરાંમ બેહદીન કાઊશ—(શેઠ બેહરાંમજી કાવશજી બાટલીવાલા) એવણ અતરેના એક જાણીતા વ્યાપારી હતા. એવણનાં પુનને માટે એવણની પુંજીમાંથી એવણનાં વીધવા બાઇ ચાંદનબાઈએ મુંબઇ મધે તારદેવ ખાતે આદરાંનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૦ મી જાનેવારી ૧૮૬૫ ને દીને પરઠાવી હતી, તથા તેનું પંથક મીનોચેહર હોમજીના સાથવાલા મોબેદોને આપ્યું હતું. એવણ રોજ ૭ માહ ૧ શેહનશાહી ૧૨૩૨ યજદજરદી (તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૬૨) ને દીને ૭૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

નવસારીનાં પંથકને લગતા ભગર સાથના મોબેદો નવસારીમાં દીએછે તે વધારે નામો.

દસ્તુર શેરાબ દસ્તુર કાઊશ—(દસ્તુર શેરાબજી કાઉશજી મેહરજી રાંણાના) નવસારીવાલા મરહુમ દસ્તુર કાઉશજી શેરાબજી મેહરજીરાંણાના દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૮૨૨ માં નવસારીની અંજુમને ત્યાંના નાયબે-દસ્તુર ઠેડવ્યા હતા. એવણનું મરણ રોજ ૪ માહ ૩ શેહનશાહી ૧૨૧૬ યજદજરદી (તા૦ ૩૦ મી નવેમબર ૧૮૪૬) ને દીને ૬૪ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

દસ્તુર દારાબ દસ્તુર કાઊશ—(દસ્તુર દારાબજી કાઉશજી મેહરજી રાંણાના) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ ઇ૦ સ૦ ૧૮૪૬ માં પોતાના ઉપલા ભાઇનાં મરણ પછી નવસારીના નાયબે-દસ્તુર નેમાયા હતા, અને રોજ ૧૯ માહ ૧૧ શેહનશાહી ૧૨૨૭ યજદજરદી (તા૦ ૯ મી આગશટ ૧૮૫૮) ને દીને ૭૩ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર કેરશાસ્પ દસ્તુર ફ્રરાંમરોજ—(દસ્તુર કેરશાસ્પજી ફરાંમજી મેહરજી રાંણાના) નવસારીવાલા મરહુમ દસ્તુર ફરાંમજી શોરાબજી મેહરજીરાંણાના દીકરા. એવણ નવસારીના એક બુજર્ગ તથા માહીતગાર દસ્તુર હતા, અને રોજ ૧૯ માહ ૪ શેહનશાહી ૧૨૩૨ યજદજરદી (તા૦ ૧૦ મી જાનેવારી ૧૮૬૩) ને દીને ૭૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર શાપુર દસ્તુર શોરાબ—(દસ્તુર શાપુરજી શોરાબજી મેહરજી રાંણાના) દસ્તુર શોરાબજી કાઉશજી મેહરજીરાંણાના વડા દીકરા. એવણ પોતાના પિત્રાઇ દસ્તુર દારાબજી કાઉશજી મેહરજીરાંણાની પછી નવસારીના નાયબે-દસ્તુર નેમાયા હતા, અને રોજ ૧૩ માહ ૬ શેહનશાહી ૧૨૫૫ યજદજરદી (તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૬) ને દીને ૮૩ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ રૂસ્તમ દસ્તુર કેકોબાદ—(દસ્તુર રૂસતમજી કેકોબાદજી મેહરજી-રાંણાના) દસ્તુર કેકોબાદજી રૂસતમજી મેહરજીરાંણાના દીકરા. એવણ પોતાના ભાઇ દસ્તુર માહીઆરજી કેકોબાદજીનાં મરણ પછી તેમના ગાદીવારસ હાલના દસ્તુર દારાબજીની નાધલી ઉમરને લીધે કેટલુંક સુધી તેમનો વહીવટ ચલાવ્યો હતો, અને રોજ ૭ માહ ૧૧ શેહનશાહી ૧૨૫૦ યજદજરદી (તા૦ ૨૨ મી જુલાઇ ૧૮૮૧) ને દીને ૪૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર ખુરશેદ દસ્તુર બરજોર—(દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ-પાહલણના) એવણ પોતાના બાપની પછી ઇ૦ સ૦ ૧૮૧૯ થી સુરત ખાતે રૂસ્તમપરાના દસ્તુરનો ઓહ્દો ચલાવતા હતા, તથા ત્યાંના ભગર સાથના મોબેદો તથા તેઓને લગતા બેહદીનોનાં રવાંનોને અવલમંજલ પોંહચાડવાનાં, તથા ધાહંબાર વગેરે ફંડના તરસ્ટી હતા. એવણ રોજ ૨ માહ ૫ શેહનશાહી ૧૨૪૧ યજદજરદી (તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૭૨) ને દીને ૬૭ વર્ષની ઉમરે સુરત મધે મરણ પામ્યા હતા.

દસ્તુર દારાબ દસ્તુર ખુરશેદ—(દસ્તુર દારાબજી ખુરશેદજી દારાબ-પાહલણના) એવણ પોતાના બાપની પછી ઇ૦ સ૦ ૧૮૭૨ થી સુરત ખાતે રૂસ્તમ-પરાના દસ્તુરનો ઓહ્દો ચલાવતા હતા, તથા ઉપલાંજ ફંડોના પોતાના બાપની જગોપર તરસ્ટી ઠડયા હતા. એવણ રોજ ૧ માહ ૯ શેહનશાહી ૧૨૬૪ યજદ-જરદી (તા૦ ૧૪ મી મેએ ૧૮૯૫) ને દીને ૬૪ વર્ષની ઉમરે સુરત મધે મરણ પામ્યા હતા.

એરવદ રૂસ્તમ એરવદ મીનોચેહર—(શેઠ રૂસતમજી મનચેરજી દેસાઇ) નવસારીવાલા દેસાઇ મનચેરજી ખરશેદજીના વડા દીકરા. એવણને આનંદરાવ

ગાયકવાડે તા૦ ૧ લી ડીસેમ્બર ૧૮૧૦ ને દીને એક પત્ર લખી દેસાઇગરાંનો વહીવટ પોતાના વડીલોની માફક ભોગવવાને એક સનદ કરી આપી હતી, તથા "કોલાશરૂ" નામે રૂ૧૦૦૦) ની વાર્ષિક ઉપજવાલું એક ગામ ઇનામમાં આપ્યું હતું. નવસારીની જરથોસ્તી અંજુમનના એવણ પોતાના બાપનાં મરણ પછી વડા અકાબર હતા. એવણનું મરણ રોજ ૧૦ માહ ૧૧ શેહનશાહી ૧૧૯૦ યજદજરદી (તા૦ ૯ મી આગસ્ટ ૧૮૨૧) ને દીને ૬૪ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એરવદ નવરોજ એરવદ મીનોચેહર—(શેઠ નવરોજજી મનચેરજી દેસાઇ) ઉપલા દેસાઇજીના ભાઇ. એવણ પોતાના બાપના વખતમાં ગાયકવાડ સરકાર તરફથી પ્રગણે ગંદેવી, કોશ, અનાવલ વગેરે માહલોમાં મામલતદારીનો ઓહ્દો ચલાવતા હતા. ઇ૦ સ૦ ૧૮૦૧ માં ઇંગ્રેજ સરકારે સુરત લીધા પછી ત્યાંનાં ચોરેઆસી વગેરે પરગણાંઓમાં એઓએ જુદે જુદે વખતે ઇંગ્રેજોની તરફથી મામલતદારી કીધી હતી. તે પછી ઇ૦ સ૦ ૧૮૧૦ માં બાપનાં મરણ બાદ પોતાના ભાઇઓની સાથે તેમનાં દેશાઇગરાંનો વહીવટ ચલાવતા હતા. ૧૮૧૧ માં એવણને ગાયકવાડ સરકાર તરફથી પાલખીમાં બેશી ફરવાનો એક પરવાંનો આપ્યામાં આવ્યો હતો, અને તે માટે દર વર્ષે રૂ૧૦૦૦) નો લવાજમ પણ બાંધી આપ્યો હતો. એવણે નવસારીમાં કેટલાંક ધર્મનાં કામો કે જે પોતે કરતા હતા, તે પોતાની પાછલ ચાલુ રાખવાને માટે "કાકરીઆ" નામનો વજીફો એલાહેદો કાઢી રાખ્યો હતો. એવણ રોજ ૨૪ માહ ૬ શેહનશાહી ૧૧૮૮ યજદજરદી (તા૦ ૨૭ મી મારચ ૧૮૧૯) ને દીને ૫૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ જમશેદ એરવદ મીનોચેહર—(શેઠ જમશેદજી મનચેરજી દેસાઇ) ઉપલા દેસાઇજીના ભાઇ. એવણ પણ વરોડરાના ગાયકવાડ સરકારની નોકરીમાં મોટાં માનપાન સાથે હતા, અને નવસારીના જરથોસ્તીઓની સદા હાકમ દરબારમાં કુમક કરનારા હતા. એવણ રોજ ૪ માહ ૨ શેહનશાહી ૧૨૧૧ યજદજરદી (તા૦ ૧ લી નવેમબર ૧૮૪૧) ને દીને ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ ખુરશેદ એરવદ રૂસ્તમ—(શેઠ ખરશેદજી રૂસતમજી દેસાઇ) દેસાઇ રૂસતમજી મનચેરજીના વડા દીકરા. એવણ નવસારી મધે પોતાનાં કુટુંબના વડા દેસાઇ તથા પારસીઓના આગેવાંન અકાબર હતા, અને રોજ ૯ માહ ૮ શેહનશાહી ૧૨૨૪ યજદજરદી (તા૦ ૨ જી મેએ ૧૮૫૫) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ હોરમજ એરવદ તેહમુલ—(શેઠ હોરમજજી રૂસતમજી દેસાઇ) ઉપલા દેસાઇજીના ભાઇ. એવણ પોતાના સસરા શેઠ તેહમુલજી રૂસતમજી દેસાઇના પાલક થયા હતા. નવસારીની અંજુમનના એવણ પોતાના ઉપલા ભાઇની પછી આગેવાંન અકાબર હતા, તથા અંજુમનનાં કામોમાં ઘણી મદદ કીધી હતી. એવણ રોજ ૨૬ માહ ૧૧ શેહનશાહી ૧૨૨૭ યજદજરદી (તા૦ ૧૬ મી આગસ્ટ ૧૮૫૮) ને દીને ૬૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ જામાસ્પ એરતા જાંહગીર—(શેઠ જામાસપજી ખરશેદજી દેસાઇ) ઉપલા દેસાઇજીના ભત્રિજા. એવણુ પોતાના ભાઇ શેઠ જાંહગીરજી ખરશેદજી દેસાઇના પાલક થયા હતા. એવણુ ગાયકવાડ સરકારની નોકરીમાં મોટાં માન સાથે હતા, તથા ત્યાંથી પાલખીનું ઇનામ પણ મેલવ્યું હતું. નવસારીની અંજુમનને એવણે ઘણીક મદદ કીધી હતી. એવણુ રોજ ૧૧ માહ ૮ શેહેનશાહી ૧૨૪૪ યજદજરદી (તા૦ ૨૯ મી આપરેલ ૧૮૭૫) ને દીને ૫૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ તેહમુરશ એરવદ બહમન—જુવો સફે ૪૦.

એરવદ બરજોર એરવદ નવરોજ—(શેઠ બરજોરજી નવરોજજી દેસાઇ) એવણુ પોતાના મમાવાની "વેવલ" ગામની દેસાઇગરી ચલાવતા હતા, તથા નવસારીની જરથોસ્તી અંજુમનના વડા અકાબર હતા. ગાયકવાડ સરકાર તરફથી એમને પાલખી અને છતરી મસાલનું માન હતું. એવણુ રોજ ૨૫ માહ ૨ શેહનશાહી ૧૨૫૩ યજદજરદી (તા૦ ૧૨ મી નવેમબર ૧૮૮૩) ને દીને ૭૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ મીનોચેહર એરવદ હોરમજ—(શેઠ મનચેરજી હોરમજજી દેસાઇ) દેસાઇ હોરમજજી રૂસતમજીના દીકરા. એવણુ પોતાના પિત્રાઇ શેઠ બરજોરજી નવરોજજી દેસાઇની પછી નવસારીની જરથોસ્તી અંજુમનના વડા અકાબર નેમાયા હતા, તથા ફકત છ માસ તે અધિકાર ભોગવી રોજ ૪ માહ ૮ શેહનશાહી ૧૨૫૩ યજદજરદી (તા૦ ૧૯ મી આપરેલ ૧૮૮૪) ને દીને ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ જામાસ્પ એરવદ તેહમુલ—(શેઠ જામાસપજી તેહમુલજી દેસાઇ) નવસારીવાળા પોલીઆ દેસાઇ તેહમુલજી જીવણજીના દીકરા. એવણુ નવસારીની અંજુમનના એક અકાબર હતા, અને રોજ ૨૪ માહ ૯ શેહનશાહી ૧૧૯૯ યજદજરદી (તા૦ ૨૨ મી જુન ૧૮૩૦) ને દીને ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ તેહમુલ એરવદ જામાસ્પ—(શેઠ તેહમુલજી જામાસપજી દેસાઇ) ઉપલા દેસાઇજીના દીકરા. એવણુ પ્રથમમાં નવસારી કસબાના મામલતદાર હતા, અને તે બાદ ૧૮૩૦ માં પોતાના બાપનાં મરણ પછી નવસારીની અંજુમનના એક અકાબર હતા. એવણુ ઘણોખરો વખત વરોડરા ખાતેજ રેહતા હતા, અને રોજ ૪ માહ ૨ શેહનશાહી ૧૨૨૪ યજદજરદી (તા૦ ૨૯ મી અકટોબર ૧૮૫૪) ને દીને ૫૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ બહમન એરવદ એદલ—(શેઠ બહમનજી દારાબજી દેસાઇ) ઉપલા દેસાઇજીના પિત્રાઇ. એવણુ પોતાના કાકા શેઠ એદલજી બરજોરજી દેસાઇના પાલક થયા હતા. નવસારીની જરથોસ્તો અંજુમનના એવણુ ઇ૦ સ૦ ૧૮૫૪ થી એક અકાબર હતા, અને રોજ ૧૫ માહ ૨ શેહનશાહી ૧૨૫૮ યજદજરદી (તા૦ ૩૧ મી અકટોબર ૧૮૮૮) ને દીને ૭૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ હોરમજ એરવદ બરજોર—(શેઠ હોરમજજી બરજોરજી કપટાંન) એવણ અતરેના એક જાણીતા વ્યાપારી હતા. પોતાનાં જન્મ વતન ગંદેવીમાં એવણે કુવા, શગડી, તથા દરીયે કીનારે ભણુવા સારૂં એક બંગલી; તથા નવસારીમાં દોખ્મમાં ભણી જવાનો રસ્તો બંધાવી આપ્યો હતો, તેમજ ગંદેવી તથા નવસારીમાં કેટલાંક ધર્મનાં કામો કરવાને પોતાની હૈયાતીમાં રૂ૩૩૦૦૦) નું એક ધર્મખાતું કાઢ્યું હતું, જેમાં એવણનાં વીધવા બાઇ રતનબાઇએ રૂ૭૩૦૦) ઉમેરી તે રૂ૪૦૩૦૦) નું કીધું હતું. એવણ ગાથા ૧ લો શેહનશાહી ૧૨૪૪ યજદજરદી (તા૦ ૧૫ મી સપટેમબર ૧૮૭૫) ને દીને ૫૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરતા દાદા એરવદ માણેક—(શેઠ દાદાભાઇ માણેકજી શેઠના) મરહુમ શેઠ માણેકજી નવરોજજી શેઠનાના જમાઇ તથા પાલક. એવણે ઇ૦ સ૦ ૧૭૫૯થી સુરત ખાતે રહી ત્યાંની મરહુમ શેઠ માણેકજીની પેહડીનો વહીવટ ચલાવ્યો હતો. નવસારીનાં આતશબેહરાંમના ખરચને સારૂં એવણે તે કશબામાં ચોપાતી તરફ ૭) વીંઘા તથા ચાપરાભાઇ તરફ ૨૦) વીંઘા જમીન બખશીંદા કીધી હતી. એવણ રોજ ૨૬ માહ ૬ શેહનશાહી ૧૧૫૪ યજદજરદી (તા૦ ૫ મી આપરેલ ૧૭૮૫) ને દીને ૪૭) વર્ષની ઉમરે મુંબઇ મધે મરણ પામ્યા હતા.

બેહદીન નોશરવાંન બેહદીન માણેક—(શેઠ નશરવાંનજી માણેકજી વાડીઆ) એવણ આગલા વખતમાં એક મોટા વ્યાપારી, વાહણવતી, તથા ફ્રેંચ સરકારના અતરેના આડતીઆ હતા. ઇ૦ સ૦ ૧૭૯૦ ના ગુજરાતના "સડતાલા" ના ભયંકાર દુકાલની વખતે એવણે શેઠો પેશતનજી બહમનજી વાડીઆ તથા દાદીભાઇ નોશરવાંનજીની સાથે મલી અતરે આવતા શેંહકડો લાચાર જરથોસ્તીઓની દશ મહિના લગણ પરવરશી કીધી હતી. તે ઉપરાંત દેશાવરો ખાતે ગરીબોને વેંહચી આપવાને હજારો ગુણ અનાજ એવણે જુદો મોકલ્યો હતો. નવસારીનાં આતશબેહરાંમની ઇમારત જુની થવાથી તે એવણે દેશાઇ મનચેરજી ખુરશેદજીની સાથે મલી નવેસરથી ઇ૦ સ૦ ૧૮૧૦ માં બંધાવી હતી. એવણનું મરણ રોજ ૨ માહ ૯ શેહનશાહી ૧૧૮૩ યજદજરદી (તા૦ ૪ થી જુન ૧૮૧૪) ને દીને ૬૪ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન હોરમજ બેહદીન એદલ—(શેઠ હોરમજજી મનચેરજી ભાભા) એવણ પોતાના કોઇ બેશી શેઠ એદલજીના પાલક થયા હતા. મુંબઇ મધે એવણ પસતાકીઆ, તેમજ ગોર, અનાજ, વગેરેનો મોટો રોજગાર ચલાવતા હતા. એવણે નવસારીમાં પોતાને ખરચે ૧૯૫) પાવીનું એક દોખ્મું બંધાવી તે તા૦ ૬ થી મારચ ૧૮૨૩ ને દીને પરઠાવ્યું હતું. એવણનું મરણ રોજ ૧૪ માહ ૭ શેહનશાહી ૧૧૯૭ યજદજરદી (તા૦ ૧૩ મી આપરેલ ૧૮૨૮) ને દીને ૫૨ વર્ષની ઉમરે મુંબઇ મધે નીપજ્યું હતું.

નવસારીમાં મીનોચેહરહોમજીની સાથવાલા મોબેદો દીએછે તે વધારે નામ.

બેહદીન રતન બેહદીન એદલ—(શેઠ રતનજી એદલજી બાટલીવાલા) એવણ મુંબઈના એક મોટા વ્યાપારી તથા વાહણવતી તેમજ છુપી સખાવતો તથા ધર્મનાં કામો કરવામાં પ્રખ્યાત હતા, અને પોતાનાં જન્મ વતન નવસારી મધે મલેસર ફલીએ પાણીના કુવા તથા બીજાં ધર્મદાનનાં કામો કર્યાં હતાં. એવણનું મરણ રોજ ૧૨ માહ ૭ શેહનશાહી ૧૨૪૨ યજદજરદી (તા૦ ૩૧ મી મારચ ૧૮૭૩) ને દીને ૬૮ વર્ષની ઉમરે નીપજયું હતું.

ઉદવાડા પંથકને લગતા મોબેદો દીએછે તે વધારે નામો.

દસ્તુર ભીખા દસ્તુર રૂસતમ—(દસ્તુર ભીખાજી રૂસતમજી ઉદવારેવાલા) ઉદવારેના પેહલવેહલા વડા દસ્તુર. સંજાણમાં પરહેલાં પેહલવેહલાં આતશબેહરાંમને નવસારીથી બે વર્ષ વલસાડમાં રાખી ઇ૦ સ૦ ૧૭૪૨ માં ઉદવારે લઇ આવ્યા, ત્યારે તેની સાથે બે વડા ધર્મગુરૂઓ તેમાં એક એવણ તથા બીજા દસ્તુર રૂસતમજી શેહરીઆરજી હતા. એ પછી એઓ બંધેને ત્યાંની અંજુમને પોતાના વડા દસ્તુરો ઠેડવ્યા હતા. એવણ રોજ ૨૧ માહ ૧૨ શેહનશાહી ૧૧૨૬ યજદજરદી (તા૦ ૪ થી અકટોબર ૧૭૫૭) ને દીને ૫૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર બેહરાંમ એરવદ હોરમજ—(દસ્તુર બેહરાંમજી રૂસતમજી ઉદવારેવાલા) ઉપલા દસ્તુરજીના ભાઈ. એવણ પોતાના ભત્રિજા એ૦ હોરમજજી ભીખાજી દસ્તુરના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૭૫૭ માં એવણને પોતાના ઉપલા ભાઈની જગોપર ઉદવાડાની અંજુમને વડા દસ્તુર નેમ્યા હતા. એવણ રોજ ૧૬ માહ ૮ શેહનશાહી ૧૧૫૪ યજદજરદી (તા૦ ૨૫ મી મેએ ૧૭૮૫) ને દીને ૬૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર દારાબ દસ્તુર બેહરાંમ—(દસ્તુર દારાબજી બેહરાંમજી ઉદવારેવાલા) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણને ઇ૦ સ૦ ૧૭૮૫ માં પોતાના બાપનાં મરણ બાદ ઉદવાડાની અંજુમને પોતાના વડા દસ્તુર ઠેડવ્યા હતા. તે ઓહ્દો ૭૦) વર્ષની અતી લાંબી મુદત સુધી એવણે ભોગવ્યો હતો. એવણનું મરણ રોજ ૧૭ માહ ૨ શેહનશાહી ૧૨૨૫ યજદજરદી (તા૦ ૧૧ મી નવેમબર ૧૮૫૫) ને દીને ૮૯ વર્ષની ઉમરે નીપજયું હતું.

દસ્તુર મીનોચેહર એરવદ કાઉશ—(દસ્તુર મીનોચેહરજી દારાબજી ઉદવારેવાલા) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના ભાઈ એ૦ કાઉશજી દારાબજીના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૮૫૫ માં એવણને પોતાના બાપની

જગોપર ઉદવાડાની અંજુમને વડા દસ્તુર નેમ્યા હતા. એવણ રોજ ૨૪ માહ ૫ શેહનશાહી ૧૨૪૬ યજદજરદી (તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૭૭) ને દીને ૬૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર રૂસતમ દસ્તુર શેહરીયાર—(દસ્તુર રૂસતમજી શેહરીયારજી ઉદવારેના) ઉદવારેવાલાં "મીરજાં" નાં ખાંનદાંનના વડવા. સંજાણમાં પરઠેલા પેહલવેહલા આતશબેહરાંમને નવસારીથી બે વર્ષ વલસાડમાં રાખી ઇ૦ સ૦ ૧૭૪૨ માં ઉદવારે લઇ આવ્યા, ત્યારે તેની સાથે બે વડા ધર્મગુરૂઓ તેમાં એક એવણ તથા બીજા દસ્તુર બીખાજી રૂસતમજી હતા. એ પછી ઉદવારે ઠરીઠાંમ થયા પછી એઓ બંધેને ત્યાંની અંજુમને પોતાના વડા દસ્તુરો ઠેડવ્યા હતા. એવણ રોજ ૨૮ માહ ૭ શેહનશાહી ૧૧૩૧ યજદજરદી (તા૦ ૧૩ મી મેએ ૧૭૬૨) ને દીને ૭૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર બરજોર દસ્તુર રૂસ્તમ—(દસ્તુર બરજોરજી રૂસતમજી ઉદવારેવાલા) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણને ઇ૦ સ૦ ૧૭૬૨ માં પોતાના બાપનાં મરણથી તેમની જગોપર ઉદવારામાં દસ્તુર ઠેડવ્યા હતા. એવણનું મરણ રોજ ૨૦ માહ ૧૦ શેહનશાહી ૧૧૬૦ યજદજરદી (તા૦ ૨૭ મી જુલાઇ ૧૭૯૧) ને દીને ૫૫ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

દસ્તુર નવરોજ દસ્તુર શેહરીયાર—(દસ્તુર નવરોજજી શેહરીઆરજી ઉદવારેવાલા) ઉપલા દસ્તુરજીના કાકા. એવણે સંજાણા મોબેદો તથા તેમનાં આતશબેહરાંમને લગતાં કામકાજોમાં છેલ્લા દાહેકામાં ઘણી મેહનત લીધી હતી. એવણનું મરણ રોજ ૩૦ માહ ૩ શેહનશાહી ૧૧૧૩ યજદજરદી (તા૦ ૧૯ મી જાનેવારી ૧૭૪૪) ને દીને ૪૬ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

દસ્તુર કાઊશ દસ્તુર નવરોજ—(દસ્તુર કાઉશજી રૂસતમજી મીરજાં ખુશરોબેગ) ઉદવારેવાળા ઉપલા દસ્તુર રૂસતમજી શેહરીયારજીના ત્રીજા દીકરા. એવણ પોતાના કાકા ઉપલા દસ્તુર નવરોજજી શેહરીયારજીના પાલક થયા હતા. એવણ ઇ૦ સ૦ ૧૭૪૧ માં દીલ્લી ગયા હતા, જ્યાં એમને પાદશાહની દરબારમાં ઓળખાંણ થઇ, અને રાજ્યને લગતું કાંઇ કામકાજ કરી આપવાથી પાદશાહે એમને "મીરજાં ખુશરોબેગ" નો એલકાબ તથા જાગીર અને કેટલુંક ઇનામ આપ્યું હતું. આ ઉપરથી એવણનું કુટુંબ આજ સુધી "મીરજાં" ની અટકથી ઓળખાએછે. એવણનું મરણ રોજ ૨૧ માહ ૧ શેહનશાહી ૧૧૫૧ યજદજરદી (તા૦ ૨ જી નવેમબર ૧૭૮૧) ને દીને ૬૫ વર્ષની ઉમરે સુરત મધે નીપજ્યું હતું.

દસ્તુર તેહમુલ દસ્તુર કાઊશ—(દસ્તુર તેહમુલજી કાઉશજી મીરજાં) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણને ઇ૦ સ૦ ૧૭૯૧ માં પોતાના કાકા દસ્તુર બરજોરજી રૂસતમજીનાં મરણથી તેમની જગોએ ઉદવાડેના દસ્તુર ઠેડવ્યા હતા. એઓમાં જરથોસ્તી દીનઆઇનને લગતી માહીતગારી તથા ફારસી અને પેહલવી ભાષાઓનું ગ્નાન હતું. તે સાથે એવો બંદુક, તલવાર, વીગેરે હથિયારો સારી રીતે વાપરી જાણનારા, તેમજ એક સુનંદા ઘોડેસ્વાર હતા. એવણ રોજ ૧૮ માહ ૧૦

શેહનશાહી ૧૧૯૦ યજદજરદી (તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૨૧) ને દીને ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર રૂસતમ દસ્તુર તેહમુલ—(દસ્તુર રૂસતમજી તેહમુલજી મીરજા) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણને ઇ૦ સ૦ ૧૮૨૧ માં પોતાના બાપનાં મરણથી તેમની જગોપર ઉદવારેના દસ્તુર ઠેડવ્યા હતા. એવણનું મરણ રોજ ૧૯ માહ ૯ શેહનશાહી ૧૨૦૮ યજદજરદી (તા૦ ૧૫ મી જુન ૧૮૩૯) ને દીને ૫૫ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

દસ્તુર બરજોર એરવદ તેહમુલ—(દસ્તુર બરજોરજી રૂસતમજી મીરજા) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના ભાઇ એ૦ તેહમુલજી રૂસતમજી મીરજાંના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૮૩૯ માં એવણને પોતાના બાપની જગોપર ઉદવારેના દસ્તુર ઠેડવ્યા હતા. એવણનું મરણ ૩૦ માહ ૩ શેહનશાહી ૧૨૪૯ યજદજરદી (તા૦ ૧૮ મી ડીસેમબર ૧૮૭૯) ને દીને ૫૯ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

દસ્તુર બરજોર એરવદ કામદીન—(દસ્તુર બરજોર કામદીન કેકોબાદ) એવણ સંજાણનાં પુરાતમ આતશબેહરાંમ સાથે નવસારીમાં વસેલા હતા, અને ફારસી તથા પેહલવીમાં ખબરદાર હતા. ઘણીક ઇરાનથી આવેલી રેવાયતોના સાર એવણે ફારસીમાં રચ્યા હતા. એવણ ઇ૦ સ૦ ૧૬૨૫ થી તે ૧૬૭૦ સુધી નવસારીમાં હૈયાત હોયલા દીસેછે.

દસ્તુર મીનોચેહર દસ્તુર બરજોર—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ ઉદવાડાનાં મીરજાં ખાંનદાંનના એક અસલ વડીલ હતા, અને બાપની માફક ઘણીક બાબદોમાં માહીતગાર હતા. એવણ નવસારી મધે મરણ પામ્યા હતા.

એરવદ બેહરાંમ એરવદ ભીખા—(શેઠ બેહરાંમજી ભીખાજી ભરડા) એવણ ઉદવાડાના એક આગેવાંન અકાબર હતા, તથા ઇ૦ સ૦ ૧૮૧૫ થી દમણ મધે વ્યાપાર કરવા જઇ વાસો કીધો હતો. માંડવીના રાજા તરફથી એવણને ઉદવારા મધે કેટલીક જમીન ઇનામમાં આપવામાં આવી હતી. એવણનું મરણ રોજ ૧૦ માહ ૯ શેહનશાહી ૧૨૦૧ યજદજરદી (તા૦ ૭ મી જુન ૧૮૩૨) ને દીને ૭૨ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એરવદ કાઊશ એરવદ બરજોર—(શેઠ કાવશજી બેહરાંમજી દમણવાલા) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પોતાના પિત્રાઇ એ૦ બરજોરજી રૂસતમજી દાદાભાઇના પાલક થયા હતા. એવણ પણ પોતાના બાપની માફક ઉદવાડાના વડા અકાબર હતા, તથા ત્યાં ઘણાંક ધર્મનાં કામો કર્યા ઉપરાંત દમણની આસપાસનાં ગામોમાં પણ કેટલાક કુવા, તલાવો, વગેરે ખોદાવ્યા હતા. માંડવી તથા ધરમપોરના રાજાઓ સાથે એઓને ધીરધાર, વગેરેનો સંબંધ કાએમ હતો. દમણને તાબેનાં સઘળાં પોરટુગીજ સરકારને હસ્તકનાં ગામોનો તેમજ પારડીનાં ગામનો ખુશકી તથા તરીની જગાતનો ઇજારો એવણે રાખેલો હતો. ઇ૦ સ૦ ૧૮૨૮ માં પોરટુગલના રાજા ડો મીંગલની તરફથી એવણને એક રૂપાંનો આંદ ભેટ મલ્યો હતો. એવણનું

મરણ રોજ ૧૩ માહ ૧૦ શેહનશાહી ૧૨૨૩ યજદજરદી (તા૦ ૫ મી જુલાઇ ૧૮૫૪) ને દીને ૬૩ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એરવદ માણેક એરવદ રૂસતમ—(શેઠ માણેકજી કાવશજી દમણવાલા) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પોતાના ભાઇ શેઠ રૂસતમજી કાવશજી દમણવાલાના પાલક થયા હતા. એવણ પણ પોતાના બાપની માફક ઉદવાડાના વડા અકાબર હતા, તથા ઉદવાડા અને તેની આસપાસનાં ગામોના જરથોસ્તીઓને દરેક કામમાં એઓની મદદ અને કુમક હતી. ધરમપોરનાં રાજ્યના એવણ એક દીવાન જેવા હતા, અને એ રાજ્યની ઉત્તમ સેવાના બદલામાં રાજા તરફથી ચાર ગામો એવણને ઇનામમાં મળ્યાં હતાં. ઉદવાડામાં ધર્મનું દવાખાનું ૧૮૬૭ માં સ્થાપવાને એવણે મુખ્ય આગેવાંની લઇ તેના વપડાસને માટે પોતાનું ઘર મુફત આપ્યું હતું. એવણનું મરણ રોજ ૨૪ માહ ૫ શેહનશાહી ૧૨૫૯ યજદજરદી (તા૦ ૭ મી ફેબરવારી ૧૮૯૦) ને દીને ૬૨ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એરવદ એજદીઆર એરવદ દાદા—(એ૦ એજદીઆરજી બેહરાંમજી ભરડા.) ઉપલા શેઠીયાના કાકા. એવણ પોતાના પિત્રાઇ એ૦ દાદાભાઇ રૂસતમજી દાદાભાઇના પાલક થયા હતા. ઉદવાડાની જરથોસ્તી અંજુમનના એવણ એક આગેવાંન અકાબર હતા, અને રોજ ૧૮ માહ ૨ શેહનશાહી ૧૨૩૩ યજદજરદી (તા૦ ૧૦ મી નવેમબર ૧૮૬૩) ને દીને ૬૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ પેશોતન એરવદ એજદીઆર—(એ૦ પેશતનજી એજદીઆરજી ભરડા) ઉપલા અકાબરના દીકરા. એવણ પણ પોતાના બાપની પછી ઉદવાડાની અંજુમનના એક આગેવાંન અકાબર હતા, અને રોજ ૨૬ માહ ૫ શેહનશાહી ૧૨૫૩ યજદજરદી (તા૦ ૧૧ મી ફેબરવારી ૧૮૮૪) ને દીને ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન ચાંગા બેહદીન આશા—એવણ નવસારીના પંદરમી સદીના એક તવંગર બેહદીન હતા. એવણે ત્યાં ઘણા ધર્મો કીધા હતા, તથા બેહદીનો ઉપરની ખંડની માફ કરાવી હતી. સંજાણમાં પરઠેલા પેહલવેહલા આતશબેહરાંમ લૂટારાઓની ધાકને લીધે બાહરોતના પાહડ તથા વાંસડાનાં જંગલમાં સંતાડેલા હતા તે એવણ આગેવાંની કરી તેની સાથે આવેલા મોબેદોને સમજાવી તથા તેઓ સાથે જોઇતા બંદોબસ્તો કરી વાંસડેથી નવસારી લાવ્યા હતા. ઇ૦ સ૦ ૧૪૭૮ માં એવણે આગેવાંની લઇ બેહદીન નરીમાંન હોશંગ નામના ભરૂચના એક ખબરદાર તથા હીમતવાંન જરથોસ્તીને પેહલવેહલો ઇરાન તરફ ત્યાંનાં દસ્તુર મોબેદો તથા કાબેલોને પુછી આવવાને કેટલાક જરથોસ્તી ધર્મ તથા ક્રિઆઓને લગતા સવાલો આપી મોકલ્યો હતો. તે વખતે એઓ આખા ગુજરાતના આગેવાંન ગણાતા હતા.

બેહદીન મીનોચેહર બેહદીન બહમન—(શેઠ મનચેરજી બહમનજી નારગોલના) સંજાણવાલાં પેહલવેહલાં આતશબેહરાંમને ઇ૦ સ૦ ૧૭૪૨ માં

ઉદવાડે લઇ ગયા તે વેળાએ તેને માટે એવણે એક નાધલું મકાંન હાલ જ્યાં એ આતશબેહરાંમ સાહેબની દરગાહ છે ત્યાં બાંધી આપ્યું હતું.

બેહદીન બહમન બેહદીન માણેક—(શેઠ બહમનજી માણેકજી નારગોલના) ઉપલા શેઠના બાવા. એવણનાં પુનને માટે ઉપલું મકાંન બંધાવી આપ્યું હતું.

બેહદીન ભીખા બેહદીન એદલ—(શેઠ ભીખાજી એદલજી) એવણ સુરતના વતની હતા, અને પોતાની ટુક પુંજીમાંથી ઉદવાડા ખાતે આતશબેહરાંમને માટે ઇમારત બંધાવી આપી હતી, તથા જરથોસ્તી મજહબને લગતી કેટલીક અસલ કેતાબોની પોતાને ખરચે નકલો કરાવી હતી. એવણ ઔરંગાબાદ મધે રોજ ૨૬ માહ ૩ શેહનશાહી ૧૧૪૯ યજદજરદી (તા૦ ૭ મી જાનેવારી ૧૭૮૦) ને દીને મરણ પામ્યા હતા.

બેહદીન એદલ બેહદીન નોશરવાંન—(શેઠ એદલજી નશરવાંનજી) ઉપલા શેઠના બાવા. એવણનાં પુનને માટે ઉપલું આતશબેહરાંમનું મકાન એવણના દીકરાએ બંધાવી આપ્યું હતું.

બેહદીન દાદા બેહદીન પેશોતન—(શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ) એવણ આગલા વખતમાં અતરેના એક મોટા વ્યાપારી, વાહણવતી તથા જાગીરદાર હતા. એક વખત એવણની પેહડી લાખંડનો કોલ્લો તથા એઓની મીલકત અરધી મુંબઇમાં ગણાતી હતી. એવણે ૮૫ વર્ષની જીંદગી ગુજારી તેમાં પેહલાં ૧૮ વર્ષ બાળ વય, લાડ, અને કેળવણી લેવામાં; બીજાં ૩૨ વર્ષ જાહોજલાલી, દબદબો, તવંગરી, અને શેઠાઇ ભોગવવામાં; અને છેલ્લાં ૩૫ વર્ષ ગરીબાઇ, માંદગી, અને અંધાપામાં ગુજારયાં હતાં. એવણની જીંદગીપરથી આ ફાંની દુનીઆંના દોર તથા જમાનાના તરેહવાર ફેરફારો વિષે માણસજાતને ઘણુંક શિખવાનું છે. ઇ૦ સ૦ ૧૮૨૪ માં એવણે કીમની ખાડી ઉપર એક પુલ બંધાર્યો હતો. ઉદવાડાનાં પુરાતમ આતશબેહરાંમની ઇમારત ઘણી જુની થવાથી એવણે પોતાના ભાઇ શેઠ મનચેરજીની સાથે મલી તે નવેસરથી મોટી બંધાવી તા૦ ૨૭ મી મારચ ૧૮૩૦ ને દીને ઇજાવી હતી, તથા એ આતશબેહરાંમ સાહેબનો ખરચ ઘણું સુધી પોતે ચલાવ્યો હતો. પરેલ મધે પોતાના લાલબાગમાં આદરાંનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૬ મી આગશટ ૧૮૩૪ ને દીને પરઠાવી હતી. ૧૮૩૬ માં એવણે વસાઇ મધે એક ધર્મશાલા બંધાવી હતી. ૧૮૪૪ ના જુન માસમાં સુરત મધે સઇયદ પરામાં તથા ૧૮૪૬ ના ફેબરવારી માસમાં ભેશાંન ગામમાં એવણે દરેમેહરો બંધાવી પરઠાવી હતી. એ સિવાય પોતાના ચાલતા વખતમાં એવણે ઘણી સખાવતો કીધી હતી. એવણનું મરણ રોજ ૫ માહ ૧૧ શેહનશાહી ૧૨૫૪ યજદજરદી (તા૦ ૧૯ મી જુલાઇ ૧૮૮૫) ને દીને ૮૫ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન મીનોચેહર બેહદીન પેશોતન—(શેઠ મનચેરજી પેશતનજી વાડીઆ) ઉપલા શેઠીયાના ભાઇ. એવણ પણ ઇ૦ સ૦ ૧૮૩૪ થી પોતાના ઉપલા ભાઇની સાથેજ વ્યાપાર વનજમાં ભાગયા હતા. શેઠ દાદાભાઇએ જે ઉપલાં ધર્મનાં

મકાનો વગેરે બંધાવ્યાં તેમાં એવણુની પણ શરાકત હતી. દરેક જાહેર બાબદો તથા બનાવોની ખબર અંતર અને નોંધ રાખવાનો એવણને મહાવેરો હતો. એવણ રોજ ૧૪ માહ ૧૧ શેહનશાહી ૧૨૪૬ યજદજરદી (તા૦ ૩૦ મી જુલાઇ ૧૮૭૭) ને દીને ૬૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન પેશોતન બેહદીન બહમન—(શેઠ પેશતનજી બહમનજી વાડીઆ) એવણ પોતાના વખતમાં એક સાહસીક વ્યાપારી, હીમતવાંન શેહરી, તથા ઉદાર ગ્રહસ્થ તરીકે જાણીતા હતા. ઇ૦ સ૦ ૧૭૯૦ ના ગુજરાત ભણીના "સડતાલા" ના ભયંકાર દુકાલની વખતે એવણે શેઠ નશરવાંનજી માણેકજી વાડીઆ તથા શેઠ દાદીભાઇ નોશરવાંનજીની સાથે મળી અતરે આવતા શેંહકડો લાચાર જરથોસ્તીઓની દશ મહિના લગણ પરવરશી કીધી હતી. ઇ૦ સ૦ ૧૭૮૮ માં એવણે ઉદવારાની પાસેનાં પારડી ગામમાં એક ધર્મશાળા બંધાવી હતી, તથા ૧૭૯૦ માં ચોપાતીનાં દોખમાં ઉપર જવાના ડુંગરનો રસ્તો જે ઘણો ડીકટ હતો તે ઉપર સીહીડીઓ બંધાવી હતી. અકલેસરમાં એવણે એક દોખમું બંધાવી તે તા૦ ૨૪ મી મારચ ૧૮૧૦ ને દીને પરઠાવ્યું હતું. ૧૮૧૨ માં પોતાનાં મરહુમ બેટી શુનાબાઇનાં પુનને માટે રૂ૨૦૦૦૦) ની કીમતનું એક ઘર ધર્મ ખાતે આપ્યું હતું. એવણનાં પુનને માટે ઉપલા એવણના વારસોએ ઉદવાડાનાં આતશબેહરાંમનું મકાન ૧૮૩૦ માં બંધાવી આપ્યું હતું. એવણ રોજ ૨૦ માહ ૧૧ શેહનશાહી ૧૧૮૫ યજદજરદી (તા૦ ૨૦ મી આગશટ ૧૮૧૬) ને દીને ૫૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન પેશોતન બેહદીન ખુરશેદ—(મોદી પેશતનજી ખુરશેદજી ખંબાતવાલા) એવણને ઇ૦ સ૦ ૧૮૧૫ માં પોતાના કાકા મરહુમ શેઠ ખુરશેદજી જમશેદજી મોદીનાં પુણાં મધે મરણ પછી તેમની તે તરફની મીલકત તથા પેશવાઇ તરફથી ઇનામમાં મલેલાં રાલેજ ગામનો કબજો મલ્યો હતો. તે પછી મુંબઇ આવી એવણે ચીનનો વ્યાપાર કરવા માડયો હતો. પોતાનાં જન્મવતન ખંબાત મધે એવણે એક દોખમું બંધાવી તે તા૦ ૨૯ મી આપરેલ ૧૮૨૬ ને દીને પરઠાવ્યું હતું, તથા એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૩ મી જાનેવારી ૧૮૪૪ ને દીને ઇજાવી હતી, તેમજ ઉદવાડા મધે એક દોખમું બંધાવી તે તા૦ ૨૮ મી આપરેલ ૧૮૩૦ ને દીને પરઠાવ્યું હતું. એવણ રોજ ૧૭ માહ ૧૧ શેહનશાહી ૧૨૧૯ યજદજરદી (તા૦ ૯ મી આગશટ ૧૮૫૦) ને દીને ખંબાત મધે ૬૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન માણેક બેહદીન નવરોજ—(શેઠ માણેકજી નવરોજજી વાડીઆ) એવણ ઇ૦ સ૦ ૧૮૨૮ માં પોતાના બાપનાં મરણ બાદ પોતાના કાકા શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆ સાથે મોટો રોજગાર તથા ફ્રેંચ સરકારની આડતનું કામ ચલાવતા હતા. સુરત મધે નાનપરામાં પાલીઆ મોહલામાંની જમશેદ જાઇઆવાલી દરેમેહર પુરાણી થવાથી તે એવણે નવેસરથી બંધાવી તા૦ ૧૧ મી જુન ૧૮૩૭ ને દીને પરઠાવી હતી. એવણનાં વીધવા બાઇ મોટલાંબાઇએ

ઉદવાડાનાં પુરાતમ આતશબેહેરામનું નવું મકાંન એવણનાં પુણને સારૂં બંધાવી તા૦ ૩૧ મી અકટોબર ૧૮૯૪ ને દીને ઇજાવ્યું હતું. એવણ રોજ ૧૬ માહ ૨ શેહનશાહી ૧૨૦૭ યજદજરદી (તા૦ ૧૪ મી નવેમબર ૧૮૩૭) ને દીને ૨૮ વર્ષની જવાન વયે મરણ પામ્યા હતા.

બેહદીન નવરોજ બેહદીન નોશરવાંન—(શેઠ નવરોજજી નશરવાંનજી વાડીઆ) ઉપલા શેઠયાના બાવા. એવણ પોતાના ભાઇ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆની સાથે અતરે એક મોટા વ્યાપારી તથા ફ્રેંચ સરકારના આડતીઆ હતા. એવણનાં પુનને માટે એવણનાં વહુબાઇ મોટલાંબાઇએ ઉદવાડાના આતશબેહરાંમને લગતી બરશનુમખાનાંની દરેમેહર બંધાવી તા૦ ૨૫ મી મેએ ૧૮૯૫ ને દીને ઇજાવી હતી. એવણ રોજ ૧૨ માહ ૯ શેહનશાહી ૧૧૯૭ યજદજરદી (તા૦ ૧૦ મી જુન ૧૮૨૮) ને દીને ૩૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન વીકા બેહદીન મેહરજી—(શેઠ વીકાજી મેહરજી) એવણે પોતાના ભાઇ શેઠ પેશતનજી મેહરજીની સાથે પ્રથમમાં ઈંગ્રેજ સરકારનાં ઉત્તર તથા દખ્ખણ કોકણ ભણીનાં ગામોના ખુશકી અને તરીની જગાતના તેમજ પુણાં, અહમદનગર, શોલાપુર અને ખાનદેશ જીલ્લાના ખુશકીના ઇજારા ઇ૦ સ૦ ૧૮૩૬ સુધી ચલાવ્યા હતા. આ અરસામાં સંજાણ, ઉમરગામ, બાનગંગા, કેવલીમાહીમ, દાંનડા, વડગાંમ, ખપોલી, પુણાં, શોલાપુર, આકોલા, વગેરે જગઓપર એઓએ ઉતારૂઓને માટે ધર્મશાલાઓ બંધાવી હતી; તથા જગેજગ કુવા તેમજ બાનગંગાની પોતાની ધર્મશાલાની પાસે એક મોટો તલાવ ખણાવી તેમાં સાત મૈલ દુરની એક નદીમાંથી વચ્ચે ધરણો બાંધી પાણી લેતું કરી તે તરફની રૈયતને એ બાબેતું સુખ કરી આપ્યું હતું. એ અને એવાંજ બીજાં પરમારથી કામોને માટે ઈંગ્રેજ સરકારે એવણને ૧૮૨૯ માં કોકણમાં આવેલું "પરનાલી" નામે ગામ ઇનામમાં આપ્યું હતું. મુંબઇ મધે પણ એઓ ચીનનો મોટો વ્યાપાર ચલાવતા હતા. ૧૮૩૫ માં એઓ બંધે ભાઇઓનો પગપેસારો નીજાંમ હેદરાબાદ ખાતે થયો હતો, અને ત્યાં હેદરાબાદ, ઔરંગાબાદ, ખાંનગામ, બાલાપોર, ઉમરાવતી, ઇલચપોર, વગેરે ઠેકાંણાઓ પર સરાફી પેહડીઓ સ્થાપી, તથા નીજાંમ સરકારને પણ જોઇતું નાણું તે પેહડીઓમાંથી ધીરયા ઉપરાંત એ સરકારને ઇસ્ટ ઈંડીઆ કંપની સાથે થાયલા કોલકરાર મુજબ ત્યાં રાખેલાં "કંનટીજેંટ" લશ્કર માટે દર માસે રૂ૩૨૫૦૦૦) નો લવાજમો પણ એઓ હસ્તકથીજ ભરાતો હતો. નીજાંમ સરકારને ધીરેલાં નાણાંની જામીનગીરીમાં એવણને હસ્તક કેટલાક તાલુકાઓ કે જેમની ઉપજ દર વર્ષે રૂ૨૧૦૦૦૦૦) ની હતી તેનાં મેહશુલનો વહીવટ સોંપેલો હતો. એઓની પેહડીનું સઘળું નાણું નીજાંમ સરકાર ઉપરનાં માગતાંમાં પેસી જવાથી ૧૮૪૮ માં વહીવટ બંધ કરી હેદરાબાદ ખાતેજ એકાંત જીંદગી ગુજારી હતી. એવણે પોતાનાં જન્મવતન તારાપોર મધે તા૦ ૯ મી જુન ૧૮૨૦ ને દીને એક દરેમેહર બંધાવી પરઠાવી હતી, તેમજ પોતાના ભાઇ શેઠ પેશતનજીની સાથે મલી બાલાપોર ગામ મધે તા૦ ૧૮ મી મારચ ૧૮૩૯ ને દીને એક દરેમેહર તથા તા૦ ૨૫ મી મારચ

૧૮૩૯ ને દીને એક દોખમું, તેમજ દખણ હેદરાબાદ ખાતે પણ તા૦ ૩ જી સપટેમબર ૧૮૩૯ ને દીને એક દરેમેહર તથા તા૦ ૧૯ મી અકટોબર ૧૮૩૯ ને દીને એક દોખમું, તેમજ શોલાપુર મધે તા૦ ૨ જી ફેબરવારી ૧૮૪૩ ને દીને એક દોખમું તથા તા૦ ૨ જી ફેબરવારી ૧૮૪૫ ને દીને એક દરેમેહર, તેમજ ઔરંગાબાદમાં તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૪૩ ને દીને એક દોખમું, તથા સીકંદરાબાદમાં તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૪૭ ને દીને એક દરેમેહર બંધાવી પરઠાવ્યાં હતાં. ઉદવાડાનાં આતશબેહરાંમ તથા ત્યાંના ગરીબ લોકો ઉપર એમની અસલથીજ દીલસોજી હતી. એવણનું મરણ હેદરાબાદ મધે રોજ ૬ માહ ૮ શેહનશાહી ૧૨૨૩ યજદજરદી (તા૦ ૨૯ મી આપરેલ ૧૮૫૪) ને દીને ૭૩ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એહદીન પેશોતન એહદીન મેહરજી—(શેઠ પેશતનજી મેહરજી) ઉપલા શેઠીયાના ભાઇ. એવણ પણ શરૂઆતથીજ પોતાના ઉપલા ભાઇની સાથે તેમનાં સર્વે કામોમાં લાગયા હતા. શેઠ વીકાજીએ જે ઉપલાં ધર્મનાં મકાનો વગેરે બંધાવ્યાં તેમાં એવણની પણ શરાકત હતી. ઇ૦ સ૦ ૧૮૪૦ માં એવણે હેદરાબાદમાં પોતાને નામનો સુરજમુખી આકારનો રૂપાંનો સિક્કો કે જે "પેશતનશાહી સિક્કા" ને નામે ઓળખાતો હતો તે ચાલુ કીધો હતો. એવણ રોજ ૨૫ માહ ૫ શેહનશાહી ૧૨૨૨ યજદજરદી (તા૦ ૧૭ મી ફેબરવારી ૧૮૫૩) ને દીને ૫૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન સાકરબાઈ એહદીન દીનશાહજી—(લેડી સાકરબાઇ દીનશાહજી પીટીટ) એવણ એક અસરાફ તથા સખી દીલનાં બાનુ હતાં, અને પોતાની કોમમાં ઘણીક છુપી સખાવતો કર્યા ઉપરાંત જાહેર સખાવતોમાં પણ એમનો દીલગુરડો મોટો હતો. અતરેની એમનાં નામની જાનવરોની હાસ્પીટાલ, તથા ઇરાનીઓનાં તેમજ પારસી પંચાતનાં ફંડોને એમનો વારંવાર ટેકો હતો. પોતાની વૃદ્ધ વય છતાં એવણે બે વખત લાગત પોતાના ખાવંદની સાથે ઠેઠ કલકતા સુધીની મુસાફરી કીધી હતી. ઉદવાડાનાં આતશબેહરાંમ સાહેબ તથા ત્યાંના ગરીબ લોકો તરફ એવણની ઘણી દયાલુ લાગણી હતી. એવણનાં પુનને માટે એવણના ખાવંદે ઉદવાડાની અંજુમનની અરજ ઉપરથી એક દરેમેહર બંધાવી તે તા૦ ૩ જી જુન ૧૮૯૧ ને દીને પરઠાવી હતી. એવણ રોજ ૨૦ માહ ૬ શેહનશાહી ૧૨૫૯ યજદજરદી (તા૦ ૫ મી મારચ ૧૮૯૦) ને દીને ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યાં હતાં.

એહદીન બહમન એહદીન માણેક—(શેઠ બહમનજી માણેકજી ચોકસી) એવણ ચોકસીનો ધંધો કરતા હતા. ઉદવાડાનાં આતશબેહરાંમ સાહેબનાં મકાનની એવણે મરામત કરાવી હતી, તથા એ પવિત્ર કેબલા તરફ એઓ ઘણી જાંન ફેશાંની કરતા હતા. એવણ રોજ ૪ માહ ૯ શેહનશાહી ૧૨૪૬ યજદજરદી (તા૦ ૨૧ મી મેએ ૧૮૭૭) ને દીને ૪૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

સુરતનાં શેહેર ખાતેનાં શેહનશાહી મોબેદો હીએછે તે વધારે નામો.

દસ્તુર શાપુર એરવદ કેકોબાદ—એવણ સુરતના આગલા વખતના એક દસ્તુર થઇ ગયાછે. એવણના સને બરાબર માલમ પડતો નથી.

દસ્તુર અસપંદયાર એરવદ બહમન—એવણ પણ સુરતના આગલા વખતના એક દસ્તુર થઇ ગયાછે, અને ઇ૦ સ૦ ૧૬૨૫ થી તે ૧૬૪૦ સુધી હૈયાત હતા એવું જણાયછે. ઇરાનથી આવેલી એ વખતની રેવાયતોમાં એવણનું નામ સુરતના દસ્તુર તરીકે પેહલાં લખાયલુંછે.

દસ્તુર બેહરાંમ એરવદ ફરાંમરોજ—એવણ સુરતના જાણીતા દસ્તુર હતા, અને આજથી આસરે ૨૦૦) વર્ષની વાતપર થઇ ગયાછે. સુરતવાલા મરહુમ મનચેરજી શેઠ, દસ્તુર કાઉશજી રૂસતમજી તથા મોબેદ ફરદુનજી મરજબાંનજી એઓના વંશના હતા.

દસ્તુર જમશેદ દસ્તુર બેહરાંમ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પણ પોતાના બાપની જગાપર સુરતના દસ્તુર હતા.

દસ્તુર ભીખા દસ્તુર જમશેદ—ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બાપની પછી સુરતના વડા દસ્તુર નેમાયા હતા. એઓને ત્યાંના હાકમ દરબાર વગેરેમાં ઘણું સારૂં માન હતું. એવણ ઇ૦ સ૦ ૧૭૪૦ થી તે ૧૭૭૦ સુધી હૈયાત હતા એવું જણાયછે.

દસ્તુર રૂસતમ એરવદ હોરમજ—ઉપલા દસ્તુરજીના જમાઇ. એવણ પોતાના સસરાની પછી તેમની જગોએ સુરતના વડા દસ્તુર નેમાયા હતા.

દસ્તુર કાઊસ દસ્તુર રૂસતમ—(દસ્તુર કાઉશજી રૂસતમજી સુરતવાલા) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના બાપની પછી સુરતના શેહનશાહી પારસીઓના દસ્તુર ઠરયા હતા. ઇંગ્રેજ સરકારે સુરત શેહરનો અમલ પોતાને હસ્તક લીધા પછી ત્રણ મહીને એટલે તા૦ ૭ મી જુલાઇ ૧૮૦૦ ને દીને મુંબઇના ગવરનર જોનાથન દંકને એવણને એક સનદ આપી ત્યાંના તમાંમ પારસીઓના વડા દસ્તુર ગણી સરકાર તરફથી તા૦ ૧ લી જુલાઇ ૧૮૦૦ થી રૂ૫૦) નો દરમાયો બાંધી આપ્યો હતો, તથા તે સનદમાં એવો બંદોબસ્ત કીધો હતો કે એવણે પારસીઓમાં ધર્મ સંબંધી વાએજીઓ કરી સંભલાવવી, અને તેઓ સુલેહસંપથી તથા સરકાર તરફ વફાદારીથી ચાલે એવા તેમને બોધો આપવા, તથા કોઇબી વખતે સરકાર પારસીઓની રાહરસમ વગેરેને લગતા કાંઇ ખોલાસા ઇનસાફને માટે પુછે તો એવણે પ્રમાણિકપણેથી તેના જવાબ આપવા. એ બંદોબસ્ત મુજબ એવણે બાર વર્ષ વેર દસ્તુરી ચલાવી હતી. એવણનું મરણ રોજ ૧૫ માહ ૧૧ શેહનશાહી ૧૧૮૧ યજદજરદી (તા૦ ૧૬ મી આગશટ ૧૮૧૨) ને દીને ૬૦ વર્ષની ઉમરે નીપજયું હતું.

દસ્તુર દારાબ એરવદ બહમન—(દસ્તુર દાદાભાઇ રૂસતમજી સુરતવાલા) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના એક બીજા ભાઇ એ૦ બહમનજી

રૂસ્તમજીના પાલક થયા હતા. ઈ૦ સ૦ ૧૮૧૨ માં એવણને ઉપલા દસ્તુર કાઉશજીનાં મરણથી, તેવણના એકજ દીકરા દસ્તુર બરજોરજી જન્મથી મુગાબેહરા હોવાને લીધે તેમની જગાપર સુરતની શેહનશાહી જરથોસ્તી અંજુમનના દસ્તુર ઠેડવ્યા હતા. એવણ રોજ ૭ માહ ૩ શેહનશાહી ૧૧૯૨ યજદજરદી (તા૦ ૯ મી ડીસેમબર ૧૮૨૨) ને દીને ૫૯ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર બરજોર દસ્તુર કાઊશ—(દસ્તુર બરજોરજી કાઉશજી સુરતવાલા) ઉપલા દસ્તુરજીના ભત્રિજા. એવણ જન્મથી મુગા બેહરા હતા, પણ બાપ પ્રખ્યાત દસ્તુર હોવાથી એમને પણ મુવા પછી દસ્તુરનો એલકાબ આપ્યો હતો. એવણ રોજ ૭ માહ ૫ શેહનશાહી ૧૨૧૯ યજદજરદી (તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૫૦) ને દીને ૫૧ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર જમશેદ દસ્તુર બરજોર—(દસ્તુર જમશેદજી બરજોરજી સુરતવાલા) ઉપલા મુગા દસ્તુરજીના દીકરા. એવણ ઉમરે પુગા પછી સુરતની જરથોસ્તી અંજુમને ઈ૦ સ૦ ૧૮૩૬ માં એક લેખ કરી એવણ તથા ઉપલા દસ્તુર દાદાભાઈના બેટા દસ્તુર કેખશરૂને બંધેને સુરતની દસ્તુરીના સરખા હક આપ્યા હતા. એવણ નવસારી જઈ ત્યાં જરથોસ્તી મજહબને લગતી તાલીમ તથા જંદ પેહલવી ભાષા શિખ્યા હતા, અને અતરે તથા સુરતમાં એ ભાષા શિખાડવાના વર્ગો ઉઘાડયા હતા. એવણનું મરણ રોજ ૨૧ માહ ૧૨ શેહનશાહી ૧૨૨૪ યજદજરદી (તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૫૫) ને દીને ૩૯ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

દસ્તુર કેખશરૂ એરવદ મીનોચેહર—(દસ્તુર કેખશરૂ દાદાભાઈ સુરતવાલા) ઉપલા દસ્તુર દાદાભાઈ રૂસતમજીના દીકરા. એવણ પોતાના ભાઈ એ૦ મીનોચેહરજી દાદાભાઈના પાલક થયા હતા. એવણને ઈ૦ સ૦ ૧૮૨૧ માં પોતાના બાપનાં મરણથી સુરતના શેહનશાહી જરથોસ્તીઓના વડા દસ્તુર નેમ્યા હતા. ૧૮૨૩ માં સુરત મધે મરહુમ શેઠ દાદાભાઈ નશરવાંનજી મોદીની નઈઅતે પરઠાએલાં શેહનશાહી આતશબેહરાંમની પેહલી બોઈ એવણે દીધી હતી. તે પછી સુરતની દસ્તુરી બાબે એઓ તથા એઓના કાકાના દીકરાના દીકરા મજકુર દસ્તુર જમશેદજી બરજોરજી વચ્ચે વાંધો ઉઠયો, જેથી સુરતની તે વેળાની પંચાતના અકાબરોએ બંધે દસ્તુરો વચ્ચે તા૦ ૨ જી સપટેમબર ૧૮૩૮ ને દીને એક દસ્તાવેજ કરાવી સુરતની દસ્તુરીના તમામ હકો પર બંધેનો સરખો હીસ્સો રાખ્યો હતો. એવણ રોજ ૨૫ માહ ૪ શેહનશાહી ૧૨૩૭ યજદજરદી (તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૬૮) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ મીનોચેહર એરવદ ખુરશેદ—(શેઠ મનચેરજી ખરશેદજી શેઠના) એવણ આગલા વખતના સુરતના એક નામીચા તથા આગેવાંન શેઠીયા હતા. ત્યાંના નવાબ વગેરે દરબારીઓમાં એવણનો મોટો વગ વસીલો થવાથી એવણે સુરતમાં ઘણાંક કીમતી કામો બજાવ્યાં હતાં. સુરતમાં શેહનશાહી કદમીઓની મોટી મારામારી તથા તકરારો વેળાએ એવણે શેહનશાહીઓ તરફથી આગેવાંની લીધી હતી. એવણે સુરત મધે સીધીવાડ આગલ જરથોસ્તીઓને સર અવસરે વાપડવાને

એક મોટી ધર્મશાલા બંધાવી તે તા૦ ૨૩ મી અકટોબર ૧૭૬૧ ને દીને ત્યાંની અંજુમનને સ્વાધીન કીધી હતી, તથા ઉમરવાડા (કાંકરાખાડી) માં એક મોટું ૪૭૬ પાવીનું દોખમું અંજુમનના ઉધરાતથી ઇ૦ સ૦ ૧૭૭૧ માં બંધાવવાની આગેવાંની લઇ તેમાં પોતે મોટી રકમ આપી હતી. સંજાણની પાસે આવેલાં નારગોલ ગામમાં એવણે ઇ૦ સ૦ ૧૭૬૭ માં એક દોખમું બંધાવ્યું હતું. વળી એવણે સુરત મધે સાતવલા, સચીન, લાન્જપોર તથા ફરાંમપોરા અને સલાવતપરામાં પાણીના કુવા તથા અબાડાઓ બંધાવ્યા હતા. એ સિવાય બીજી ઘણીક સખાવતો એવણે કીધી હતી, તથા ગરીબો ઉપર ગુજરતા જુલમો પોતાના સરકાર સાથના લાગવગથી ટાલયા હતા. એવણનું મરણ રોજ ૬ માહ ૪ શેહનશાહી ૧૧૫૩ યજદજરદી (તા૦ ૧૬ મી જાનેવારી ૧૭૮૪) ને દીને ૭૦ વર્ષની ઉમરે નીપજયું હતું.

એરવદ એદલ એરવદ કાઊશ—(શેઠ એદલજી કાઉશજી શેઠના) ઉપલા શેઠીયાના ભત્રીજા. એવણ ઘણા દીનદાર તથા પોતાની કોમને લગતાં કામોમાં હમેશાં ધીઆંન આપતા હતા. સુરત મધે ઘણાંક ધર્મનાં મોટાં કામો એવણનાં ઉપરીપણાં હેઠલ થયાં હતાં. ત્યાંનાં દોખમાં આગલ જવાના રસ્તા ઉપર શરહાની ભાગલના મોરચા બાહેર એક મોટો પાક્કો પૂલ ત્રણ કમાંનનો એવણે પોતાને ખરચે ઇ૦ સ૦ ૧૮૨૫ માં બંધાવ્યો હતો, તેમજ મોજે વેશુ ગામમાં એક મોટો તલાવ એજ વર્ષમાં બંધાવ્યો હતો. સુરત મધે નાનપરામાં એક દરેમેહર પણ એવણે બંધાવેલી કેહવાયછે. એવણનું મરણ રોજ ૮ માહ ૩ શેહનશાહી ૧૨૦૯ યજદજરદી (તા૦ ૬ થી ડીસેમ્બર ૧૮૩૯) ને દીને ૮૭ વર્ષની બુજર્ગ ઉમરે નીપજયું હતું.

એરવદ બહમન એરવદ મીનોચેહર—(શેઠ બહમનજી મનચેરજી ભાવનગરી) સુરતના એક આગલા જાણીતા શેઠીયા તથા અકાબર. એવણ સુરત મધે મોટો વ્યાપાર તથા સચીનના નવાબની આડત ચલાવતા હતા. ઇ૦ સ૦ ૧૮૨૭ માં સુરત મધે નવું દોખમું બંધાયું તેમાં એવણે રૂ૧૦૦૦૦) આપ્યા હતા. ગંદેવી ગામના ગરીબ જરથોસ્તીઓ પરનો ગાયકવાડ સરકારનો વેરો એવણ કેટલુંક સુધી પોતાની તરફથી આપતા હતા. ૧૮૩૭ ની સુરતની મોટી આગ તથા રેલની વખતે એઓએ ગરીબ ગુરબાંઓને અનાજ વસ્ત્ર વગેરેની અત્યંત મદદ કરી હતી. એવણનું મરણ રોજ ૨૦ માહ ૭ શેહનશાહી ૧૨૧૬ યજદજરદી (તા૦ ૧૫ મી એપરેલ ૧૮૪૭) ને દીને ૫૪ વર્ષની ઉમરે નીપજયું હતું.

એરવદ જામાસ્પ એરવદ બહમન—(શેઠ જામાસ્પજી બહમનજી ભાવનગરી) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પણ પોતાના બાપની માફક સુરતના એક આગેવાંન અકાબર તથા પ્રજા ઉપ્યોગી કામોમાં ભાગ લેનાર હતા. એવણનું મરણ રોજ ૧૫ માહ ૭ શેહનશાહી ૧૨૪૬ યજદજરદી (તા૦ ૨ જી આપરેલ ૧૮૭૭) ને દીને ૬૫ વર્ષની ઉમરે નીપજયું હતું.

ઓસ્તા મેહરવાંન ઓસ્તા જમશેદ—(શેઠ મેહરવાંનજી હોરમજજી ફરેજરના) એવણ પોતાના ભાઇ શેઠ જમશેદજી હોરમજજી દરબારીના પાલક થયા હતા. એઓ ગુજરાતનાં કમરશીયલ ખાતાંમાં નેટીવ એજંટ હતા, તથા તેના

સંબંધમાં કીમતી નોકરીઓ માટે સરકાર તરફથી બે વાર ખેલાત ભેટ મલ્યા હતા. ભરૂચ તથા અંકલેસર મધે એવણે મુસાફરોના ઉતારા કીજે ઈ૦ સ૦ ૧૮૩૫ તથા ૧૮૪૭ માં મોટી ધર્મશાલાઓ, તથા સુરત મધે નાનપરામાં આગબોટના ઉતારૂઓને માટે એક મોટો પુશતો રૂ૨૦૦૦૦) ખરચીને આએજ શાલમાં બંધાવ્યો હતો. એ ઉપરાંત સુરતની કેટલીક જુની દરેમેહરો તથા ધર્મશાલાઓની પોતાને ખરચે મરામત કરાવી હતી. એવણનું મરણ રોજ ૧ માહ ૮ શેહનશાહી ૧૨૨૬ યજદજરદી (તા૦ ૨૩ મી આપરેલ ૧૮૫૭) ને દીને ૭૧ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એરતા બરજોર એરતા મેહરવાંન—(ખાંનબાહદુર બરજોરજી મેહરવાંનજી ફરેજરના) એવણ પણ પોતાના બાપની માફક સુરતના એક આગેવાંન શેહરી તથા અકાબર હતા. ઈ૦ સ૦ ૧૮૫૭—૫૮ ના બળવા વખતે એઓએ સરકારનાં લશ્કર ખાતાંને મદદ કરેલી તે સેવા બદલ એમને એક સોનાંનો ચાંદ સરકારે ભેટ આપ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૭૦ માં એવણે સુરત મધે નવાપરાંના રસ્તા આગલ રૂ૧૫૦૦૦) ને ખરચે એક ઉંચો ઘડીઆલ સાથનો ટાવર તથા ત્યાંના જાહેર બાગમાં લોકોની બેઠક માટે રૂ૮૦૦૦) ને ખરચે પ્રામીનેડ બંધાવી આપી હતી. આ ઉપરથી એજ શાલના સપટેમબર માસમાં એવણને સરકારે "ખાંનબાહદુર" નો ખેતાબ આપ્યો હતો. ભરૂચ મધે એવણે પોતાના બાપવાલી કોટ મધેની મેહરવાંન બાગ તથા કાંઠા ઉપરની ધર્મશાલા ઈ૦ સ૦ ૧૮૮૧ માં નવેસરથી ફરી સમરાવી ત્યાંની અંજુમનને સ્વાધીન કીધી હતી. એવણ રોજ ૯ માહ ૧૨ શેહનશાહી ૧૨૫૦ યજદજરદી (તા૦ ૨૩ મી આગશટ ૧૮૮૧) ને દીને ૬૪ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન દાદા બેહદીન નોશરવાંન—(શેઠ દાદાભાઈ નશરવાંનજી મોદી) એવણ આગલા વખતમાં મુંબઈ મધે એક માતબર વ્યાપારી હતા, અને પોતે કાંઈ ફરજંદ ન હોવાથી એવણનાં મરણ પછી એવણનાં વીધવા બાઈ જાઈજીએ એવણની પુંજીમાંથી સુરત મધે શેહનશાહી જરથોસ્તીઓને માટે એક આતશબેહરાંમ બનાવી તે તા૦ ૧૯ મી નવેમબર ૧૮૨૩ ને દીને પરઠાવ્યાં હતાં. એવણનું મરણ રોજ ૧૧ માહ ૧૨ શેહનશાહી ૧૧૭૯ યજદજરદી (તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૧૦) ને દીને ૫૦ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન જાઈ બેહદીન દાદા—(બાઈ જાઈજી તે શેઠ દાદાભાઈ નશરવાંનજી મોદીનાં વીધવા) ઉપલા શેઠીયાનાં વીધવા. એવણે ઉપર મુજબ પોતાના ખાવંદની પુંજીમાંથી તેમની ઇછા મુજબ સુરતમાં આતશબેહરાંમ પરઠાવ્યા હતા, અને તેના જાથુકના ખરચને માટે રૂ૧૫૦૦૦) ની રકમ જુદી કાઢી હતી. એવણનું મરણ રોજ ૪ માહ ૭ શેહનશાહી ૧૧૯૩ યજદજરદી (તા૦ ૪ થી આપરેલ ૧૮૨૪) ને દીને ૬૦ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન નાના બેહદીન પુંજીઆ—(શેઠ નાનાભાઈ પુંજીઆ) એવણ સુરતના પારસીઓના વડા અકાબર હતા, તેમજ તેઓના ઘરસંસારી કજીયાઓ ચુકવતા તથા પંચાતને લગતો વહીવટ ચલાવતા હતા. સુરત મધે એવણે પોતાને

ખરચે એક દોખમું બંધાવવા માડયું હતું, પણ તે તૈયાર થાય એટલામાં એવણનુ મરણ નીપજવાથી ત્યાંના જુનાં દોખમાંમાં એવણનાં રવાંનને બે માસ લગણ ઉપર તથા નીચે પથરો મુકી રાખી મેલ્યું હતું, અને દોખમું તૈયાર થયા પછી તેમાં તે મુકવામાં આવ્યું હતું. એવણનું મરણ રોજ ૧ માહ ૩ શેહનશાહી ૧૦૩૬ યજદજરદી (તા૦ ૯ મી જાનેવારી ૧૬૬૭) ને દીને નીપજયું હતું.

એહદીન ડોશા એહદીન કાઊશ—(શેઠ ડોશાભાઇ કાઉશજી મોદી) એવણ પણ સુરતના પારસીઓના વડા અકાબર હતા, તેમજ તેઓના ઘરસંસારી કજીયાઓ ચુકવતા તથા પંચાતને લગતો વહીવટ ચલાવતા હતા. એવણ રોજ ૨૦ માહ ૭ શેહનશાહી ૧૧૭૫ યજદજરદી (તા૦ ૨૫ મી આપરેલ ૧૮૦૬) ને દીને ૫૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન ખુરશેદ એહદીન ડોશા—(શેઠ ખુરશેદજી ડોશાભાઇ મોદી) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પણ પોતાના બાપની પછી સુરતના પારસીઓના વડા અકાબર હતા. તા૦ ૭ મી મેએ ૧૮૦૬ ને દીને એવણને ઇંગ્રેજ સરકાર તરફથી પણ એક દરબાર ભરી સુરતના ચીફ મી૦ એન. ક્રોએ પારસીઓના વડા અકાબર તરીકે બાહલ રાખ્યા હતા. એવણ રોજ ૨૯ માહ ૯ શેહનશાહી ૧૧૯૬ યજદજરદી (તા૦ ૨૮ મી જુન ૧૮૨૭) ને દીને ૫૮ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન રૂસ્તમ એહદીન ખુરશેદ—(ખાંનબાહદુર રૂસતમજી ખુરશેદજી મોદી) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પણ પોતાના બાપની પછી સુરતના પારસીઓના વડા અકાબર હતા. તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૩૧ ને દીને મુંબઇના તે વખતના કામચલાઉ ગવરનર હાનરેબલ મી૦ રોમરે એક દરબાર ભરી એવણને એક ખેલાત ભેટ આપ્યો હતો. એવણ પોતાનાં નામની આગમજ દાવરનો ખેતાબ વાપડતા હતા, પણ તે બાબે આગલા વખતમાં ઘણી ચકચાર ચાલી હતી. પારસીઓના ધારા બાંધતી વખતે એવણે કેટલોક ભાગ લીધો હતો, તથા તે ધારા બાબે પુછપરછ કરવાને નેમાયલાં સરકારી કમીશનના એવણ એક અધિકારી હતા. ઇંગ્રેજ સરકારે ઇ૦ સ૦ ૧૮૭૭ માં એવણને ખાંનબાહદુરનો ખેતાબ તથા ગુજરાત ભણી કાંઇ જાગીર ભેટ આપી હતી. એવણનું મરણ રોજ ૧૮ માહ ૭ શેહનશાહી ૧૨૬૩ યજદજરદી (તા૦ ૧ લી આપરેલ ૧૮૯૪) ને દીને નીપજયું હતું.

એહદીન ફીરોજશાહ એહદીન ધનજીશાહ—(ખાંનસાહેબ ફીરોજશાહ ધનજીશાહ.) એવણ ઇ૦ સ૦ ૧૮૨૨ થી મુંબઇના ગવરનરના સુરત જીલ્લાને લગતાં ગામો વાંસડા, ધરમપોર, વગેરેના નેટીવ એજંટ હતા. એવણની કીમતી નોકરીઓ માટે નામદાર ગવરનર માઉન્ટ સ્ટુઅરટ એલફીનસ્ટનના હોકમથી સુરતના જડજ મી૦ રોમરે તા૦ ૯ મી અકટોબર ૧૮૨૨ ને દીને એક દરબાર ભરી સરકાર તરફથી એવણને ખેલાત તથા જાગીર તરીકે છ ગામો કે જેમની વાર્ષિક પેદાશ રૂ૧૨૦૦૦) ની હતી તે બખશેશ આપ્યાં હતાં. તેમજ વાંસડાના રાજા તથા માંડવીના રાજા તરફથી એકકાં ગામ ભેટ મલ્યાં હતાં. ઇ૦ સ૦ ૧૮૨૫ માં એવણને સુરત જીલ્લાનાં પ્રીનસીપાલ સદર અમીનનો તથા ૧૮૩૨ માં ત્યાંના

નેટીવ જડજનો ઓહદો મલ્યો હતો, તે પોતાનાં મરણ લગણ પુર જાહોજલાલી સાથે બજાવ્યો હતો. સુરત મધે કણપીઠને નાકેનું કદમીનું પુરાતમ આદરાન ઘણું જુનું થવાથી તે એવણે ૧૮૨૩ માં પોતાને ખરચે નવેસરથી બંધાવ્યું હતું. એવણનું મરણ રોજ ૨૫ માહ ૧૦ કદમી ૧૨૧૨ યજદજરદી (તા૦ ૨૦ મી જુન ૧૮૪૩) ને દીને ૫૭ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન અરદેશર બેહદીન ફ્રીરોજશાહ—(ખાંનસાહેબ અરદેશર ધનજીશાહ બાહદુર) એવણ પોતાના ઉપલા ભાઇના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૮૨૦ માં એવણને સુરતનાં પરાંની તથા ૧૮૨૧ માં શેહરની કોટવાલીના ઓહદા મલ્યા હતા. તા૦ ૯ મી અકટોબર ૧૮૨૨ ને દીને મુંબઇ સરકારના હોકમથી જડજ મી૦ રોમરે એક દરબાર ભરી એવણને એક સરપાવ તથા સાજદાર ઘોડો ભેટ કીધો હતો. ૧૮૨૫ માં એવણને મુંબઇના ગવરનરના સુરત જીલ્લાને લગતાં નાહનાં દેશી રાજ્યોના નેટીવ એજંટ નેમ્યા હતા. એવણની કોટવાલીના વખતમાં સુરત શેહેર તથા તેની આસેપાસેનાં ગામોમાં જે ગરાશીયા, ભીલ, પીંઢારા અને ચોરોનો અત્યંત ઉપદ્રવ હતો તે એવણની કુનેહ, ચંચલાઇ અને બાહદુરીથી તદન ટલી ગયો, અને લોકો બેદેહેશત રેહવા લાગાં હતાં. આવી એમની કીમતી નોકરીઓને માટે નામદાર સરકાર તરફથી તા૦ ૧૮ મી જાનેવારી ૧૮૨૬ ને દીને સુરત ખાતેના ઇંગ્રેજી એજંટે જાહેર દરબાર ભરી એવણને એક ખેલાત તથા પાલકી ભેટ કીધી હતી. આ પ્રસંગે સુરતના ૮૦૦) મુખ્ય રેહવાસીઓની સહીનો એક પત્ર ઇંગ્રેજી એજંટ ઉપર આવ્યો હતો, જેમાં તેઓએ પોતાના બાહદુર કોટવાલની નામદાર સરકારે આવી ઉત્તમ રીતે કદર પીછાંણી તે માટે પોતાનો સંતોષ તથા ખુશાલી જણાવી હતી. મુંબઇનો નામદાર ગવરનર સર જાન માલકમ ઇ૦ સ૦ ૧૮૨૯ માં સુરત ગયો તે વેળાએ તેણે તા૦ ૨૨ મી ડીસેંમબરે એક જાહેર દરબાર ભરી એવણને કીમતી ખેલાત તથા "બાહાદુર" નો ખેતાબ અને સોનેરી સાજ સાથનો એક ઘોડો તથા રૂ૩૦૦૦) ની વાર્ષિક પેદાશવાલાં ચાર ગામો જાગીર તરીકે ભેટ આપ્યાં હતાં. તા૦ ૧૪ મી ડીસેંમબર ૧૮૩૦ ને દીને સુરતના જુડીશીયલ કમીશનર મી૦ જેમસ સઢરલાંડે ગવરનર માલકમના હોકમથી એક જાહેર દરબાર ભરી એવણને એક સોનાંનો ચાંદ ભેટ આપ્યો હતો. ૧૮૩૨ થી એવણને સુરતના નેટીવ પ્રીનસીપાલ કમીશનર તથા ૧૮૪૩ થી પ્રીનસીપાલ સદર અમીનના ઓહદા મલ્યા હતા. ૧૮૪૬ના અકટોબર માસમાં એવણે પોતાનો ઓહદો છોડી પેનશન લીધું હતું. એવણની ૩૫) વર્ષની કીમતી નોકરીઓના બદલામાં સરકારના હોકમથી છેલ્લું માન આપવાને તા૦ ૧૨ મી ફેબરવારી ૧૮૪૯ ને દીને સુરતના જડજ મી૦ અનદરૂસે અદાલતવાલાં મકાનમાં એક દરબાર ભરી એવણનો સરકાર તરફથી ઉપકાર માનયો હતો. એ પછી એવણે એકાંત જીંદગી ગુજારી હતી. સુરતનાં પારસી પંચાતનાં ધર્મનાં ફંડના એવણ વડા માનેજર હતા. એવણનું મરણ રોજ ૨૩ માહ ૫ શેહનશાહી ૧૨૨૫ યજદજરદી (તા૦ ૧૫ મી ફેબરવારી ૧૮૫૬) ને દીને ૬૦ વર્ષની ઉમરે નીપજયું હતું.

સુરતના નાનપરા ખાતેના શેહનશાહી મોબેદો દીએછે તે વધારે નામો.

બેહદીન જમશેદ બેહદીન જાઈઆ—એવણ સુરતના એક ગરીબ વતની હતા, અને નાનપરામાં પાલીઆ મોહલામાં પોતાનાં ઘરના બે ગાલા મેલવી એક દરેમેહર બંધાવી હતી.

બેહદીન જાઈઆ બેહદીન નાગન—ઉપલા ગ્રહસ્થના બાવા. એવણનાં પુતને માટે ઉપલી દરેમેહર બંધાવવામાં આવી હતી.

બેહદીન માણેક બેહદીન નવરોજ—જુવો સફે ૬૫.

બેહદીન એદલ બેહદીન બેહરામ—જુઓ સફે ૩૮.

બેહદીન કાઊસ બેહદીન એદલ—જુઓ સફે ૩૮.

બેહદીન કાઊસ બેહદીન પુંજીઆ—(હકીમ કાવશજી રૂસતમજી તમના) એવણ પોતાના ભાઇ શેઠ પુંજીઆજી રૂસતમજીના પાલક થયા હતા. એઓ સુરત મધે એક જાણીતા હકીમ હતા, તથા નવાબ, બખશી, અને મોટા ઇંગ્રેજ અમલદારોમાં સારો વગ ધરાવતા હતા. એવણ ગરીબોની દવાદારૂ મફત કરી તેઓ પાસથી કશી ચીજની તહમા રાખતાતા નહી, જે ઉપરથી એમને તહમનાની અટકથી લોક ઓળખતા હતા. સુરતના પારસીઓમાં એવણ એક આગેવાંન અકાબર હતા. એવણની નઇઅતે એવણની પુંજીમાંથી એવણના ભાણેજ શેઠ પાલણજી કાવશજી અહુગરે સુરત મધે નાનપરામાં એક મોટી ધર્મશાલા બંધાવી તે તા૦ ૨૬ મી જુલાઇ ૧૮૧૯ ને દીને એવણની છમસીને દાહડે ખોલ્લી મુકી હતી. એવણનું મરણ રોજ ૨૫ માહ ૪ શેહનશાહી ૧૧૮૮ યજદજરદી (તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૧૯) ને દીને ૫૮ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન બેજન બેહદીન પેશોતન—(ખાંનસાહેબ બેજનજી પાલણજી કોટવાલ) એવણ પોતાના બાપના મામા શેઠ પેશતનજી રૂસતમજી તમનાના પાલક થયા હતા. એઓ ઇ૦ સ૦ ૧૮૪૧ થી સુરતનાં કસટમ ખાતાંના ઇનસ્પેકટર તથા ૧૮૪૬ થી મરહુમ ખાંનસાહેબ અરદેસર ધનજીશાહ બાહદુરની જગોએ ત્યાંના કોટવાલ નેમાયા હતા. સુરતમાં દરેક પ્રજા ઉપયોગી કામમાં એવણ ભાગ લેતા હતા, તથા ત્યાંની પારસી પંચાતના એક અકાબર અને મીતહારપણાંના એક ચુસ્ત હીમાયતી હતા. એવણનું મરણ રોજ ૨૦ માહ ૧ શેહનશાહી ૧૨૨૦ યજદજરદી (તા૦ ૧૬ મી અકટોબર ૧૮૫૦) ને દીને ૪૩ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

સુરતના કદમી પંથના મોબેદો દીઅછે તે વધારે નામો.

દસ્તુર ફીરોઝ દસ્તુર કાઊશ—જુવો સફે ૪૬.

દસ્તુર કાઊશ એરવદ રૂસ્તમ—જુવો સફે ૪૫.

દસ્તુર દારાબ ઓસ્તા શેરાબ—(દસ્તુર દારાબજી શેરાબજી કુમાના) સુરતનાં કદમી પંથના એક પેહલા દસ્તુર. એવણ "કુમાના દાદાદારૂ" નાં નામથી ઓળખાતા હતા. ઈ૦ સ૦ ૧૭૨૧ માં ઈરાનથી સુરત ખાતે આવેલા દસ્તુર જામાસ્પ (વીલાયતી) પાસે એવણ જંદ પેહલવી શિખ્યા હતા. તે પછી ઈરાંન તથા હિંદુસ્થાંનના જરથોસ્તીઓ વચ્ચેના એક મહીનાના તફાવતની તકરારો મજકુર જામાસ્પના શિખવ્યા ઉપરથી એવણે સુરતમાં છેડી હતી. જરથોસ્તી ધર્મનો અભીઆસ યુરોપમાં પેહલવેહલો દાખલ કરનાર મો૦ આકવીટલ ડુ પેરોંને એવણે જંદ પેહલવી શિખવી હતી, તથા તેને વંદીદાદનો પેહલવીમાંથી ફ્રેન્ચમાં તરજુમો કરવાને મદદ કીધી હતી. સુરતમાં ઈ૦ સ૦ ૧૭૪૫ માં જે પેહલવેહલા પારસીઓ કદમી થયા તેઓને ત્યાંની દીનઆઇનની ક્રિઆઓ કરવાનું કામ એવણે તથા દસ્તુર કાઉશ ફરેદુન મુનજમીએ માથે લીધું હતું. જેથી હિંદુસ્થાનમાં કદમી ટોળાની પેહલી મોબેદી કરનાર એઓ બે સાહેબો ગણાયછે. એવણનું મરણ રોજ ૨ માહ ૧૨ કદમી ૧૧૪૧ યજદજરદી (તા૦ ૧૨ મી આગશટ ૧૭૭૨) ને દીને ૭૫) વર્ષની ઉમરે નીપજયું હતું.

દસ્તુર રૂસ્તમ દસ્તુર દારાબ—(દસ્તુર રૂસતમજી દારાબજી કુમાના) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૭૨ માં પોતાના બાપનાં મરણથી સુરતના કદમી પારસીઓના વડા દસ્તુર ઠેડવ્યા હતા. એવણનું મરણ રોજ ૨૯ માહ ૫ કદમી ૧૧૬૫ યજદજરદી (તા૦ ૫ મી ફેબરવારી ૧૭૯૬) ને દીને ૫૫) વર્ષની ઉમરે નીપજયું હતું.

દસ્તુર શેરાબ એરવદ અસપંદીઆર—(દસ્તુર શેરાબજી રૂસતમજી કુમાના) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ પોતાના સસરા એ૦ અસપંદીઆરજી ગુસતાદજીના પાલક થયા હતા. ઈ૦ સ૦ ૧૭૯૬ માં એવણને પોતાના બાપનાં મરણથી સુરતના કદમી પારસીઓના વડા દસ્તુર ઠેડવ્યા હતા. ઈ૦ સ૦ ૧૮૨૩ માં સુરત મધે શેઠ પેશતનજી કાલાભાઈ વકીલે પરઠાવેલાં કદમી આતશબેહરાંમની ક્રિઆ એવણનાં ઉપરીપણાં હેઠલ થાઈ હતી. સુરતના કદમી જરથોસ્તીઓમાં એવણ ઘણું માન ધરાવતા હતા. એવણનું મરણ રોજ ૮ મો માહ ૬ ઠો કદમી ૧૧૯૭ યજદજરદી (તા૦ ૭ મી ફેબરવારી ૧૮૨૮) ને દીને ૬૭ વર્ષની ઉમરે નીપજયું હતું.

દસ્તુર હોશંગ દસ્તુર રૂસતમ—(દસ્તુર હોશંગજી રૂસતમજી કુમાના) ઉપલા દસ્તુરજીના ભાઈ. એવણને ઈ૦ સ૦ ૧૮૨૮ માં પોતાના ઉપલા ભાઈનાં મરણથી સુરતના કદમી જરથોસ્તીઓના વડા દસ્તુર ઠેડવ્યા હતા. એવણ રોજ

૨૨ માહ ૧૦ કદમી ૧૨૧૧ યજદજરદી (તા૦ ૧૭ મી જુન ૧૮૪૨) ને દીને ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર મોબેદ એરવદ બહમન—(દસ્તુર મોબેદજી શોરાબજી કુમાના) ઉપલા દસ્તુરજીના ભત્રિજા. એવણ પોતાના ભાઈ એ૦ બહમનજી શોરાબજી કુમાના પાલક થયા હતા. ઈ૦ સ૦ ૧૮૪૨ માં એવણને પોતાના ઉપલા કાકાનાં મરણથી સુરતના કદમી જરથોસ્તીઓના વડા દસ્તુર ઠેડવ્યા હતા. એવણ રોજ ૨૮ મો માહા ૮ મો કદમી ૧૨૨૬ યજદજરદી (તા૦ ૨૦ મી આપરેલ ૧૮૫૭) ને દીને ૬૨) વર્ષની ઉમરે મરણ પામયા હતા.

દસ્તુર જાંહગીર દસ્તુર શોરાબ—(દસ્તુર જાંગીરજી શોરાબજી કુમાના) ઉપલા દસ્તુરજીના ભાઈ. એવણને ઈ૦ સ૦ ૧૮૫૭ માં પોતાના ઉપલા ભાઈનાં મરણથી સુરતના કદમી જરથોસ્તીઓના વડા દસ્તુર ઠેડવ્યા હતા. તે ઓહ્દો ફકત ૧।।। વર્ષ ભોગવી એવણ રોજ ૯ મો માહા ૫ મો કદમી ૧૨૨૮ યજદજરદી (તા૦ ૧ લી જાનેવારી ૧૮૫૯) ને દીને ૬૦) વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર રૂસ્તમ એરવદ નવરોજ—(દસ્તુર રૂસતમજી મોબેદજી કુમાના) ઉપલા દસ્તુરજીના ભત્રિજા. એવણ પોતાના બીજા કાકા એ૦ નવરોજજી શોરાબજી કુમાના પાલક થયા હતા. એવણને ઈ૦ સ૦ ૧૮૫૯ માં પોતાના ઉપલા કાકાનાં મરણથી સુરતના કદમી જરથોસ્તીઓના વડા દસ્તુર ઠેડવ્યા હતા. એ આગમજ એઓએ ઘણાં વર્ષ સુધી કલકતાની દરેમેહરમાં મોબેદી કીધી હતી. એવણ રોજ ૭ માહ ૬ કદમી ૧૨૫૯ યજદજરદી (તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૯૦) ને દીને ૭૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ શોરાબ એરવદ જમશેદ—(આ૦ શોરાબજી જમશેદજી નાલાદારૂ) એવણ સુરતનાં કદમી પંથના એક જાણીતા તથા ખબરદાર મોબેદ હતા. શેઠ અરદેશર દાદીભાઈએ ઈ૦ સ૦ ૧૮૦૩ માં મુંબઈમાં કોટેકોટ પરઠાવેલી પોતાની આદરાનની દરેમેહરના વડા પંથકી તરીકે એવણને સુરતથી બોલાવી રાખ્યા હતા. અતરે ૨૦ વર્ષ રહી ૧૮૨૩ માં સુરત ખાતે શેઠ પેશતનજી કાલાભાઈ વકીલવાલાં કદમી આતશબેહરાંમની ક્રિઆને માટે એવણ ત્યાં ગયા હતા, અને બાકીની જીંદગી ત્યાંજ ગુજારી હતી. ધર્મ સંબંધી બાબદોમાં એવણ સારી પેઠે માહીતગાર હોવાથી સુરત તથા મુંબઈના કદમીઓ એવણ તરફ ઘણું માન ધરાવતા હતા. એવણનું મરણ રોજ ૨૯ માહ ૨ કદમી ૧૨૦૦ યજદજરદી (તા૦ ૩૦ મી અકટોબર ૧૮૩૦) ને દીને ૭૦ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એરવદ શાપુર એરવદ દારાબ—(આ૦ શાપુરજી નશરવાંનજી નાલાદારૂ) ઉપલા એરવદના ભત્રિજા. એવણ પોતાના ભાઈ એ૦ દારાબજી નશરવાંનજી નાલાદારૂના પાલક થયા હતા. સુરત મધે એવણ કદમી ટોળાના એક જાણીતા મોબેદ હતા, અને રોજ ૩૦ માહ ૪ કદમી ૧૨૧૮ યજદજરદી (તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૪૮) ને દીને ૭૧ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન પેશોતન એહદીન મેહરવાંન—(શેઠ પેશતનજી કાલાભાઇ વકીલ) એવણ પોતાના ભાઇ શેઠ મેહરવાંનજી કાલાભાઇના પાલક થયા હતા. સુરત મધે ત્યાંની અદાલતમાં વકીલાતનું કામ કરતા હતા, તથા સર્વે ગ્નાતના લોકોમાં એક પંકાયલા વકીલ તરીકે જાણીતા હતા. જાતે ઘણાં ચંચલ હોવાથી તે ધંધામાં એવણે એક મોટી પુંજી મેલવી હતી. સુરત મધે એવણે પોતાને ખરચે કદમી તરીકા મુજબ આતશબેહરાંમ બનાવી તે તા૦ ૫ મી ડીસેંબર ૧૮૨૩ ને દીને પરડાવ્યા હતા, જેથી એવણનું નામ ત્યાં યાદગાર રહી ગયું છે. એવણ રોજ ૮ માહ ૫ કદમી ૧૧૯૯ યજદજરદી (તા૦ ૭ મી જાનેવારી ૧૮૩૦) ને દીને ૫૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એહદીન રૂસતમ એહદીન પેશોતન—(શેઠ રૂસતમજી પેશતનજી કાલાભાઇ) ઉપલા શેઠીયાના દીકરા. એવણ સુરત મધે વ્યાપાર કરતા હતા, તથા સારી કેળવણી પામેલા ગણાતા હતા. પોતાના બાપનાં ઉપલાં આતશબેહરાંમના એવણ એક મુતવલી હતા, અને ૨૮ વર્ષની જવાંન વયે મુંબઇ મધે રોજ ૨૭ માહ ૧૧ કદમી ૧૨૦૧ યજદજરદી (તા૦ ૨૪ મી જુલાઇ ૧૮૩૨) ને દીને મરણ પામ્યા હતા.

એહદીન નોશરવાંન એહદીન પેશોતન—(શેઠ નશરવાંનજી પેશતનજી વકીલ) ઉપલા શેઠીયાના ભાઇ. એવણ સુરતમાં પ્રથમ વકીલાત અને તે પછી વ્યાપાર કરતા હતા. સુરતના એવણ એક આગેવાંન શેહરી તથા અકાબર હતા, અને પારસીની પંચાતના એક માનેજર તથા પોતાના બાપનાં ઉપલાં આતશબેહરાંમના એક મુતવલી હતા. એવણનું મરણ રોજ ૧૨ માહ ૭ કદમી ૧૨૩૮ યજદજરદી (તા૦ ૨૭ મારચ ૧૮૬૯) ને દીને ૬૨ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એહદીન રતન એહદીન પેશોતન—(શેઠ રતનશાહ પેશતનજી વકીલ) ઉપલા શેઠીયાના ભાઇ. એવણ પણ સુરતમાં એક જાણીતા વ્યાપારી તથા આગેવાંન ગ્રહસ્થ હતા. પોતાના બાપનાં ઉપલાં આતશબેહરાંમના તથા સુરતના કદમી જરથોસ્તીઓના ધાહંબાર, બાજ જશન, વગેરેનાં ફંડોના એક મુતવલી તથા માનેજર હતા. એવણનું મરણ રોજ ૧ માહ ૧૦ કદમી ૧૨૪૪ યજદજરદી (તા૦ ૧૯ મી મેએ ૧૮૭૫) ને દીને ૬૫ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એહદીન મોટા એહદીન પેશોતન—(શેઠ મોટાભાઇ પેશતનજી વકીલ) ઉપલા શેઠીયાના ભાઇ. એવણ સુરતમાં એક જાણીતા વ્યાપારી તથા આગેવાંન ગ્રહસ્થ હતા. પોતાના બાપનાં ઉપલાં આતશબેહરાંમના તથા સુરતના કદમી જરથોસ્તીઓના ધાહંબાર, બાજ જશન, વગેરેનાં ફંડોના એવણ એક મુતવલી તથા માનેજર હતા. એવણનું મરણ રોજ ૧૭ માહ ૬ કદમી ૧૨૫૭ યજદજરદી (તા૦ ૧ લી ફેબરવારી ૧૮૮૮) ને દીને ૭૦ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

એહદીન ધનજીશાહ એહદીન મનજીશાહ—(શેઠ ધનજીશાહ મનજીશાહ) એવણ સુરતના એક મોટા વ્યાપારી, વાહણવતી, જાગીરદાર, તથા ત્યાંના કદમી પંથના વડા આગેવાંન હતા. સુરત માંહેલી કદમી શેહનશાહીઓની મોટી તકરારોમાં એવણ કદમીઓની તરફના મોટા આગેવાંન હતા, તથા ભરૂચથી એ૦

(પછવાડેથી મુલ્લાં) કાઉશ રૂસતમ જલાલને તેડાવી મંગાવી ઇરાન ખાતે પોતાને ખરચે મોકલ્યા હતા. મુંબઇમાં પણ ઇ૦ સ૦ ૧૭૮૦ માં એવણે આવી કદમી ટોળાનો પાયો નાખ્યો હતો, તથા હીયાં એક દરેમેહર પણ બંધાવી હતી. એવણનું મરણ રોજ ૭ માહ ૧૨ કદમી ૧૧૫૬ યજદજરદી (તા૦ ૧૪ મી આગશટ ૧૭૮૭) ને દીને સુરત મધે ૭૫ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન ધનજીશાહ બેહદીન બરજોર—(શેઠ ધનજીશાહ બરજોરજી બેહરેમંદ ખાન) એવણને ઇ૦ સ૦ ૧૮૦૦ માં જ્યારે ઇંગ્રેજ સરકારે સુરત શેહર નવાબ પાસેથી લીધું ત્યારે તેની આસપાસનાં સચીન, વાંસડા, માડવી, ધરમપોર, વગેરેનાં નાનાં રાજ્યોના નેટીવ એજંટ તરીકે નેમ્યા હતા. તે ઓદ્ધાઓ એવણે ઘણીજ બાહોશીથી ચલાવ્યા હતા, અને પોતાના ઓદ્ધાની ફરજો બજાવતાંજ બોઢાન ગામમાં મુસલમાનોને હાથે માર્યા ગયા હતા. એવણના માર્યા જવાથી ઇંગ્રેજી સત્તાવાળાઓ ઘણા દલગીર થયા, અને એમનાં વીધવાને તેમની હૈયાતી સુધી દર વર્ષે રૂ૩૦૦૦) નું પેનશન આપ્યું હતું. સુરતના કદમી પારસીઓના એવણ એક આગેવાન અકાબર હતા, અને રોજ ૧૫ માહ ૫ કદમી ૧૧૭૯ યજદજરદી (તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૧૦) ને દીને ૪૦ વર્ષની ઉમરે માર્યા ગયા હતા.

બેહદીન ફ્રીરોજશાહ બેહદીન ધનજીશાહ—જુવો સફે ૭૨.

બેહદીન અરદેશર બેહદીન ફ્રીરોજશાહ—જુવો સફે ૭૩.

સુરતનાં રૂસ્તમપરાના ભગર સાંથના મોબેદો દીએછે તે વધારે નામો.

એરવદ હોરમજ એરવદ રૂસ્તમ—(શેઠ હોરમજી ફ્રેરશાસપજી ધાલા) એવણ પોતાના ખેશી શેઠ રૂસતમજી ધાલાના પાલક થયા હતા. એવણ સુરત મધે રૂસ્તમપરામાં રેશમી કાપડ બનાવવાનો મોટો રોજગાર કરતા હતા, અને ત્યાંની જરથોસ્તી અંજુમનને ઘણી વાર મદદ કીધી હતી. રૂસ્તમપરામાં આજ સુધી એવણનાં નામનો દેહ મહીનાનો ધાહંબાર થાયછે. એવણનું મરણ રોજ ૨૧ માહ ૧૦ શેહનશાહી ૧૨૩૦ યજદજરદી (તા૦ ૧૧ મી જુલાઇ ૧૮૬૧) ને દીને ૫૮ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

ઓસ્તા એદલ એરવદ દાદા—(શેઠ એદલજી દાદાભાઇ સુખીઆ) એવણ મુંબઇમાં એક જાણીતા લીલાંઉવાલા હતા, અને મરણ વખતે એક સારી પુંજી મેલી ગયા હતા, જે મધેથી તેમના દીકરાઓએ સુરત મધે રૂસ્તમપરામાં દેસાઇજીની દરેમેહરને લગતું એક મકાંન ત્યાંના જરથોસ્તીઓને સર અવસરે વાપડવા માટે બંધાવી તા૦ ૩૦ મી અકટોબર ૧૮૬૩ ને દીને ઇજાવી ભગરીઆ મોબેદોની અંજુમનને સ્વાધીન કીધું હતું. એવણ રોજ ૭ માહ ૮ શેહનશાહી ૧૨૩૦ યજદજરદી (તા૦ ૨૮ મી આપરેલ ૧૮૬૧) ને દીને ૬૪ વર્ષની ઉમરે મુંબઇ મધે મરણ પામ્યા હતા.

એરતા હોરમજ એરતા ફરાંમ—(શેઠ હોરમજજી શાપુરજી પાવરી) એવણ પોતાના ભાઇ શેઠ ફરાંમજી શાપુરજી પાવરીના પાલક થયા હતા. એવણ મુંબઇના પારસીઓમાં લગન તથા બીજા સર અવસરોની મેનીજ માથે લેનાર તથા સર્વેને જાણીતા હતા. સુરત મધે રૂસ્તમપરામાં એવણે ૧૮૬૧ માં એક નશાખાંનું બંધાવ્યું હતું, તથા ૧૮૬૨ માં તે તરફનાં જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોંહચાડવાનું ફંડ સ્થાપવામાં પોતે આગેવાંની લઇ તેના સેવટ સુધી એક તરસ્ટી હતા. એવણ રોજ ૧૧ માહ ૧ શેહનશાહી ૧૨૫૮ યજદજરદી (તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૮૮) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ જમશેદ એરવદ માણેક—(એ૦ જમશેદજી માણેકજી ઉનવાલા) એવણે જરથોસ્તી મજહબને લગતી કેતાબોનો એક સારો સંગ્રહ કરેલો હતો, તથા જુની પુરાંણી બાબદોથી સારી પેઠે માહીતગાર હતા. સુરત મધે નાનપરામાં એવણે ભગર સાથના મોબેદોને માટે એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૫ મી મેએ ૧૮૭૦ ને દીને ઇજાવી હતી. એવણ રોજ ૧૦ માહ ૧૧ શેહનશાહી ૧૨૫૬ યજદજરદી (તા૦ ૨૪ મી જુલાઇ ૧૮૮૭) ને દીને ૯૦ વર્ષની બુજર્ગ ઉમરે મરણ પામ્યા હતા.

એરવદ માણેક એરવદ હોરમજ—(એ૦ માણેકજી હોરમજજી પરબેજ) એવણ રેલવે તથા બીજાં મોટાં બાંધકામોનાં કંત્રાકટર હતા. સુરત મધે ભગર સાથના મોબેદોને માટે ત્યાંના દોખ્મમાંની સામે એવણે એક શગડી બંધાવી તે તા૦ ૧૨ મી મારચ ૧૮૮૪ ને દીને ઇજાવી હતી, તથા ૧૮૮૭ માં મુંબઇમાં ભગરીઆઓની નવી દરેમેહરમાં હીધોલાની જગાનો એક ભાગ પોતાને ખરચે બંધાવી આપ્યો હતો. એવણનું મરણ રોજ ૨ માહ ૬ શેહનશાહી ૧૨૫૭ યજદજરદી (તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૮) ને દીને પુણાં મધે ૭૬ વર્ષની ઉમરે નીપજયું હતું.

સુરતમાં મનોચેહર હોમજીના સાથવાલા મોબેદો દીએછે તે વધારે નામો.

એરવદ ભીખા દસ્તુર ફરાંમ—(એ૦ બચાભાઇ ફરાંમજી રબાડી) દસ્તુર ફરાંમજી અસપંદીઆરજી રબાડીના બીજા દીકરા. એવણનું જન્મ નામ ભીખાજી હતું. એવણે જરથોસ્તી મજહબને લગતી બે ત્રણ ચોપડીઓ ગુજરાતીમાં રચી પ્રગટ કીધી હતી, તથા મીનોચેહર હોમજીનાં સાથનાં સુરતનાં ધર્મખાતાંના તે તરફના માનેજર હતા. એવણનું મરણ રોજ ૯ મો માહ ૫ મો શેહનશાહી ૧૨૫૧ યજદજરદી (તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૮૨) ને દીને ૬૫) વર્ષની ઉમરે નીપજયું હતું.

એરવદ પેશોતન એરવદ કાઊશ—(એ૦ પેશતનજી કાવશજી રબાડી) એવણ મુંબઇ મધે લાંબી મુદત સુધી જામે જમશેદ પત્રના રીપોરટર હોવાથી સર્વે લોકને જાણીતા હતા. જરથોસ્તી મજહબને લગતી એવણે પણ કેટલીક ચોપડીઓ ગુજરાતીમાં રચી પ્રગટ કીધી હતી, તથા મીનોચેહર હોમજીના સાથનાં સુરતનાં ધર્મખાતાંના અતરે એક તરસ્ટી હતા. એવણનું મરણ રોજ ૧૫ માહ ૧ શેહનશાહી ૧૨૫૭ યજદજરદી (તા૦ ૨ જી અકટોબર ૧૮૮૭) ને દીને ૬૫ વર્ષની ઉમરે નીપજ્યું હતું.

બેહદીન ખુરશેદ બેહદીન બહમન—(શેઠ ખરશેદજી બહમનજી શેઠના) એવણ અતરે ચીનના એક વ્યાપારી તથા ઘણા ધરમાતુ લાગણીના હતા. સુરત મધે ભરથાંણાનાં દોખ્મઓની સાંમે એવણે પોતાના પિત્રાઇઓ સાથે મલી ૧૮૫૯ માં એક શગડી બંધાવી હતી, તથા રૂસ્તમપરાના જરથોસ્તીઓને લગતાં ફંડોમાં ઘણીવાર મદદ કરી એ લટાના મોબેદો તથા ગરીબ બેહદીનો તરફ દીલસોજી બતાવતા હતા. એવણનું મરણ રોજ ૨૬ માહ ૮ શેહનશાહી ૧૨૫૮ યજદજરદી (તા૦ ૧૦ મી મેએ ૧૮૮૯)ને દીને ૮૦ વર્ષની બુજર્ગ ઉમરે નીપજ્યું હતું.

ભરૂચનાં પંથકને લગતા મોબેદો દીએછે તે વધારે નામો.

દસ્તુર કામદીન એરવદ કાઊશ—(દસ્તુર કામદીનજી ફરકુનજી ભરૂચવાલા) ભરૂચના વડા દસ્તુર. એવણ પોતાના કાકા એ૦ કાઉશજી જમશેદજીના પાલક થયા હતા. એઓ ઘણા પઢેલા તથા ખબરદાર હતા. સુરત તથા ભરૂચમાં કદમી શેહનશાહીઓની તકરારોમાં એવણે શેહનશાહીઓ તરફથી મોટો ભાગ લીધો હતો. ભરૂચમાં બાહેરકોટ હાથીબાર આગલ એવણે એક દરેમેહર ઇ૦ સ૦ ૧૭૭૭ માં બંધાવી હતી. એવણ રોજ ૧૧ માહ ૧૧ શેહનશાહી ૧૧૫૦ યજદજરદી (તા૦ ૧૯ મી આગશટ ૧૭૮૧) ને દીને ૫૦ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર અસપંદયાર દસ્તુર કામદીન—જુવો સફે ૨૨.

દસ્તુર કાઊશ દસ્તુર અસપંદયાર—(દસ્તુર કાઉશજી અસપંદયારજી કામદીનજી) ઉપલા દસ્તુરજીના દીકરા. એવણ ઇ૦ સ૦ ૧૮૨૬ માં પોતાના બાપનાં મરણ પછી તેમની જગોપર ભરૂચના વડા દસ્તુર તથા ઇંગ્રેજ સરકાર તરફથી મુનસફના ઓહ્દા ઉપર નેમાયા હતા. તે પછી ઇ૦ સ૦ ૧૮૩૨ માં ભરૂચના નેટીવ પ્રીનસીપાલ કમીશનર થયા હતા. એવણના બાપનાં મરણ વખતે કબીશાની જે તકરાર તેવણ અને મરહુમ મુલ્લાંફીરોજ વચ્ચે ચાલતી હતી, તે બાપનાં મરણ બાદ એવણે ચલાવી હતી. એવણ રોજ ૯ માહ ૧૧ શેહનશાહી ૧૨૦૬ યજદજરદી (તા૦ ૪ થી આગશટ ૧૮૩૭) ને દીને ૬૧ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર પેશોતન એરવદ કાકા—(દસ્તુર પેશોતનજી અસપંદીઆરજી કામદીનજી) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના મમાવા એ૦ કાકાજી નવરોજજીના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૮૩૭ માં એવણ પોતાના ઉપલા ભાઇનાં મરણ બાદ તેમની જગોએ ભરૂચના વડા દસ્તુર ઠડયા હતા; તેમજ ભરૂચ, જંબુસર, વગેરે ઠેકાંણે પેહલા વર્ગના મુનસફ તરીકે ૧૭ વર્ષ ઓહ્દો ચલાવી ૧૮૫૪ માં પેનશન લીધું હતું. ભરૂચની પારસી પંચાતનાં ધર્મખાતાંના એવણ એક મુખ્ય અકાબર હતા, અને રોજ ૨૧ માહ ૬ શેહનશાહી ૧૨૩૦ યજદજરદી (તા૦ ૧૩ મી મારચ ૧૮૬૧) ને દીને ૭૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર મીનોચેહર દસ્તુર કાઊસ—(દસ્તુર મીનોચેહરજી અસપંદયારજી કામદીનજી) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પોતાના ભાઇ દસ્તુર કાઉશજી અસપંદયારજી કામદીનજીના પાલક થયા હતા. ઇ૦ સ૦ ૧૮૬૧ માં એવણ પોતાના ઉપલા ભાઇ દસ્તુર પેશોતનજીની જગોએ ભરૂચના વડા દસ્તુર ઠડયા હતા, અને તે ઓહ્દો ૭॥ વર્ષ ભોગવી રોજ ૧ માહ ૧૨ શેહનશાહી ૧૨૩૭ યજદજરદી (તા૦ ૧૮ મી આગશટ ૧૮૬૮) ને દીને ૭૨ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર શોરાબ દસ્તુર પેશોતન—(દસ્તુર શોરાબજી પેશોતનજી કામદીનજી) ઉપલા દસ્તુરજીના ભત્રિજા. એવણે મુનસફની પરીક્ષા પસાર કીધી હતી તથા ભરૂચની અદાલતમાં સનદી વકીલનું કામ ચલાવતા હતા. ઇ૦ સ૦ ૧૮૬૮ માં એવણ પોતાના ઉપલા કાકાનાં મરણથી તેમની જગોએ ભરૂચના વડા દસ્તુર ઠડયા હતા, અને તે ઓહ્દો ફક્ત ૨॥ વર્ષ ભોગવી રોજ ૩૦ માહ ૭ શેહનશાહી ૧૨૪૦ યજદજરદી (તા૦ ૧૯ મી આપરેલ ૧૮૭૧) ને દીને ૫૫ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

દસ્તુર દીનશાહ દસ્તુર પેશોતન—(દસ્તુર દીનશાહજી પેશોતનજી કામદીનજી) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ સરકારી નોકરીમાં ૧૮૫૪ થી મુનસફ, ૧૮૬૨ થી સદર અમીન, અને ૧૮૬૯ થી ફરસ્ટ કલાસ સબ જડજ હતા; અને તે ઓહ્દાઓ સુરત, અમદાવાદ, અને ભરૂચ ખાતે ભોગવી ૧૮૭૮ માં પેનશન લીધું હતું. ૧૮૭૧ માં એવણ પોતાના ઉપલા ભાઇનાં મરણથી તેમની જગોએ ભરૂચના વડા દસ્તુર ઠડયા હતા, તથા સરકારે ત્યાંના એક હાનરરી માજીસ્ટ્રેટ પણ ઠેડવેલા હતા. એવણનું મરણ રોજ ૨૭ માહ ૨ શેહનશાહી ૧૨૬૧ યજદજરદી (તા૦ ૧૨ મી નવેમબર ૧૮૯૧) ને દીને ૬૮ વર્ષની ઉમરે નીપજયું હતું.

દસ્તુર બેહરાંમ દસ્તુર ફરેદુન—એવણ ભરૂચના એક ખબરદાર મોબેદ હતા, અને ત્યાં પાંચ તાએતી ખુબ કરવાનું મંડાન એવણથી થયું હતું. એવણનાં મરણનો વખત ચોકસ માલમ પડતો નથી.

એરવદ દોશા એરવદ શોરાબ—જુવો સફે ૨૮.

ઓસ્તા મેહરવાંન ઓસ્તા જમશેદ—જુવો સફે ૭૦.

ઓસ્તા બરજોર ઓસ્તા મેહરવાંન—જુવો સફે ૭૧.

ગરેથમાંની કામા બેહદીન હોમા—(શેઠ કામાજી હોમાજી ભરૂચના) એવણ ભરૂચના એક ગરીબ વણકર હતા. કેહછે કે વણવાની મજુરી બાબદ કોઈ મુસલમાંન શઇયદની સાથે તકરાર થવાને લીધે તેણે ઝનુનમાં આવી તે વેળાના ભરૂચના નવાબ હામદ બેગની સરકારમાં એવણ ઉપર બોહતાંન મેલી ફરીઆદ કીધી કે આએ પારસીએ મને કુફર કહયો. આથી નવાબે પોતાના કાજી તથા મોલવી પાસેથી શેહરાના કાએદા પ્રમાણેનો ફતવો લઇ ઇનસાફ કીધો કે એ પારસી અગર પોતાનો ધર્મ તજીને ઇસલાંમી દીન કબુલ કરે તો એનો ગુનાહ માફ કરી છોડી મેલવો, અને જો તેમ નહિં કબુલ કરે તો શરેહના ધારા મુજબ તલવારથી એને કતલ કરવાનો સવાબ છે. આવા ઇનસાફથી એવણે પોતાના ધર્મથી વટલીને જીવેઆ કરતાં પોતાની દીન ઉપર જીવ આપવાનું બેહતર વિચારી તલવારની અણી હેઠલ ગયા. આથી ભરૂચના અથોરનાંનો ધર્મ ઉપર જીવ આપનાર તરીકે એવણનું નામ જરથોસ્તી મજહબને લગતી જાહેર ક્રિઆઓમાં ગરેથમાંની કામા બેહદીન હોમા કરી દીએછે. એવણ રોજ ૭ માહ ૨ શેહનશાહી ૧૦૭૨ યજદજરદી (તા૦ ૮ મી ડીસેમબર ૧૭૦૨) ને દીને ૬૪ વર્ષની ઉમરે કતલ થયા હતા.

બેહદીન હોમા બેહદીન જમશેદ—(શેઠ હોમાજી જમશેદજી ભરૂચવાલા) એવણ ભરૂચમાં પસતાકીઆનો ધંધો કરતા હતા. ઇ૦ સ૦ ૧૭૮૨—૮૩ માં ભરૂચમાં કબીશાને લગતો જે મોટો જઘડો ચાલતો હતો તે વખતે કેહછે કે એવણપર બેનબાઇ નામની એક હમેલદાર ઓરત—કે જે કદમી એતેકાદ ઉપર ઘણી ચુસ્ત હતી, અને લોકોને કદમી થવાને ઘણી બોહોસ કર્યા કરતી હતી, તેણીને લાત મારવાથી તેણીનાં પેટમાંથી બચ્ચું પડી જવાનું તથા તેણીને મારી નાખવાનું તોહમત મેલવામાં આવ્યું હતું, અને તેની તપાસને માટે ભરૂચના હાકમે એવણને મુંબઇ ઇંગ્રેજી અદાલતમાં ઇનસાફને માટે મોકલ્યા હતા, જ્યાં એવણને ફાંસીની સજા મલી હતી, અને મુંબઇમાંજ જુનાં બોરીબંદરનાં સ્ટેશન આગલ આવેલા ફાંસીના તલાવ આગલ એમને ફાંસી દઇ મારી નાખવામાં આવ્યા હતા. એવણ પોતાના ધર્મને માટે માર્યા ગયા તેથી ઘણાક જરથોસ્તીઓ એવણની નઇઅતે દર શાલ બાજ દરૂન કરેછે, અને કેટલાકો તો એમને નામે વંદીદાદ ઇજશની કરાવવાની માનતા પણ કરેછે. એવણનું નામ મુંબઇ, સુરત, ગોદાવરાં તથા દરેક પંથકમાં લેવાયછે. એવણ રોજ ૨૨ મો માહ ૧૦ મો શેહનશાહી ૧૧૫૨ યજદજરદી (તા૦ ૩૧ મી જુલાઇ ૧૭૮૩) ને દીને ફાંસી ગયા હતા.

બેહદીન બહમનશાહ બેહદીન દોરાબ—(શેઠ બહમનશાહ બેહરાંમજી વકીલ) એવણ પોતાના કાકા શેઠ દોરાબજી જમશેદજીના પાલક થયા હતા. એઓ ભરૂચના એક સનદી વકીલ તથા ત્યાંની પારસી પંચાતના એક મુખ્ય અકાબર હતા. ૧૮૫૭ નાં ભરૂચનાં હુલડ વખતે એવણે પોતાના હમજાતીઓની સારી

સેવા બજાવી હતી. ભરૂચમાં દરેક પ્રજાઉપ્યોગી કામમાં એવણ સારી આગેવાંની લેતા હતા. એવણનું મરણ રોજ ૧૧ મો માહ ૧૨ મો શેહનશાહી ૧૨૩૯ યજદજરદી (તા૦ ૨૮ મી આગશટ ૧૮૭૦) ને દીને ૬૫ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન રૂસતમ બેહદીન શેરાબ—(ખાંનબાહદુર રૂસતમજી શેરાબજી દલાલ) એવણ ભરૂચના એક પ્રખ્યાત વ્યાપારી તથા ત્યાંની જરથોસ્તી અંજુમનના વડા અકાબર હતા. નામદાર સરકારે એવણને ઇ૦ સ૦ ૧૮૭૮ માં ખાંનબાહદુરનો ખેતાબ આપ્યો હતો. એવણ રોજ ૧૫ મો માહ ૧૨ મો શેહનશાહી ૧૨૪૮ યજદજરદી (તા૦ ૩૦ મી આગશટ ૧૮૭૯) ને દીને ૭૬ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન મીનોચેહર બેહદીન શેરાબ—(શેઠ મનચેરજી શેરાબજી દલાલ) ઉપલા શેઠીયાના ભાઇ. એવણ પણ ભરૂચના એક પ્રખ્યાત વ્યાપારી તથા ત્યાંની જરથોસ્તી અંજુમનના વડા અકાબર હતા. એવણનું મરણ રોજ ૧ માહ ૩ શેહનશાહી ૧૨૫૬ યજદજરદી (તા૦ ૧૭ મી નવેમબર ૧૮૮૬) ને દીને ૮૧ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન શેરાબ બેહદીન હોરમજ—(શેઠ શેરાબજી હોરમજજી વખારીઆ) એવણ ભરૂચના એક જાણીતા શેહરી તથા રેલવે કંત્રાકટર હતા. ભરૂચ મધે પોતાના મરહુમ ભાઇનાં નામથી "જમશેદ બાગ" નામનું પારસી મુસાફરોના ઉતારાનું એક કુશાદે મકાંન તથા બાપનાં નામથી એક દરેમેહર ઇ૦ સ૦ ૧૮૮૩ માં એવણે બંધાવ્યાં હતાં. એવણનું મરણ રોજ ૨૨ માહ ૩ શેહનશાહી ૧૨૫૯ યજદજરદી (તા૦ ૭ મી ડીસેમબર ૧૮૮૯) ને દીને ૬૨ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન જમશેદ બેહદીન હોરમજ—(શેઠ જમશેદજી હોરમજજી વખારીઆ) એવણ પણ ભરૂચના એક જાણીતા શેહરી, વ્યાપારી, તથા કંત્રાકટર હતા. એવણનાં નામથી ભરૂચ મધે ઉપલું "જમશેદ બાગ" નું મકાંન બંધાયલું છે. એવણ રોજ ૨૭ માહ ૬ શેહનશાહી ૧૨૪૮ યજદજરદી (તા૦ ૧૫ મી મારચ ૧૮૭૯) ને દીને ૫૫ વર્ષની ઉમરે મુંબઇ મધે મરણ પામ્યા હતા.

બેહદીન હોરમજ બેહદીન માણેક—(શેઠ હોરમજજી બેહરાંમજી વખારીઆ) ઉપલા બે શેઠીયાઓના બાવા. એવણ પોતાના ભાઇ શેઠ માણેકજી બેહરાંમજી વખારીઆના પાલક થયા હતા. એવણ પણ ભરૂચના એક વ્યાપારી હતા. એવણનાં નામથી ભરૂચ મધે ઉપલા જમશેદ બાગને લગતી દરેમેહર બંધાઇછે. એવણ ગાથા ૧ લો શેહનશાહી ૧૨૪૦ યજદજરદી (તા૦ ૧૭ મી સપટેમબર ૧૮૭૧) ને દીને ૭૩ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

બેહદીન નવરોજ બેહદીન કેખશ્રૂ—જુવો સફે ૪૩.

બેહદીન જીવા બેહદીન જશુ—(શેઠ જીવાજી જશુભાઇ ભરૂચા) એવણ નાહની વયમાં ભરૂચથી અતરે આવ્યા હતા, અને સર્વે જરથોસ્તીઓમાં પરોટાઇ

ગયા હતા. ભરૂચના પારસીઓ સંબંધી મુંબઇમાં હરકાંઇબી કામની આગેવાંની એવણ લેતા હતા, તથા ત્યાંની પંચાતનાં ફંડમાં પણ મોટી મદદ કરતા હતા. એવણ રોજ ૧૯ માહ ૧ શેહનશાહી ૧૨૫૨ યજદજરદી (તા૦ ૭ મી અકટોબર ૧૮૮૨) ને દીને ૮૦ વર્ષની બુજર્ગ ઉમરે મુંબઇમાં મરણ પામ્યા હતા.

ગોદાવરાં પંથકને લગતા મોબેદો દીએછે, તે વધારે નામો.

દસ્તુર કામદીન દસ્તુર પદમ—એવણ ભરૂચના આગલા વખતના એક નામીચા તથા પહેલા દસ્તુર હતા. પાદશાહ અકબરને જરથોસ્તી ધર્મને લગતી સમજણો આપવાને ઇરાંનથી દસ્તુર અરદેશર નોશરવાંન કેરમાંની દીલ્લી ખાતે આવ્યો હતો તેની ઉપર એવણે કાગજો લખી દીનઆઇનને લગતા સવાલો પુછાવ્યા હતા. ભરૂચવાલા પ્રખ્યાત દસ્તુર અસપંદયારજી કામદીનજીના તથા મુંબઇવાલા પ્રખ્યાત દસ્તુર મુલ્લાં ફીરોજના એવણ સાતમાં વડવા હતા, અને ઇ૦ સ૦ ૧૫૭૭ થી ૧૬૪૦ સુધી હયાત હતા એવું જણાયછે. ગોદાવરાં પંથક-વાલાઓ અસલથી ભરૂચના દસ્તુરોની સલાહ લેતા હતા.

દસ્તુર માવંદાદ દસ્તુર પદમ—ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણ પણ ભરૂચના એક ખબરદાર દસ્તુર હતા.

દસ્તુર પદમ ઓસ્તા રાંમ—(દસ્તુર પદમ રાંમીયાર) ઉપલા દસ્તુરજીના બાવા. એવણ પણ ભરૂચના એક ખબરદાર દસ્તુર હતા, અને ઇ૦ સ૦ ૧૫૬૦ થી ૧૫૭૫ સુધી હૈયાત હતા એવું જણાયછે. એવણના બાવાને હીયાં ઉસ્તાદ રાંમને બદલે હું ધારૂંછું કે ભુલથી ઓસ્તા રાંમ કરી ગોદાવરા મોબેદો બોલેછે. કાંએકે મુલ્લાં કાઉશે પોતાને હાથે ફારસીમાં લખેલી પોતાની વંશાવળીમાં એમના માટે લખેછે કે "સઘળા મોબેદો અને હેરબદોનો ઉસ્તાદ અને હિંદુસથાંનના તમાંમ હેરબદોને ઉરવીસગાહને લગતું કામ શીખવનાર અને આ સરજમીનનાં દરેક શેહરમાં મોબેદીનાં કામનો રેવાજ આપનાર ઉસ્તાદે બુજોરગવાર નામદાર ઉસ્તાદ રાંમીયાર એબને હેરબદ કહાનાંન."

દસ્તુર માવંદાદ દસ્તુર શાપુર—એવણ ભરૂચના ઇયા સુરતના ઇયા ગોદાવરાં પંથના કોઇ દસ્તુર હતા તે કેહવાઇ શકાતું નથી. સુરતમાં નાનપરા ખાતે પણ એઓનું નામ કોઇ કોઇ દીએછે.

દસ્તુર પાહલણ એરવદ પેશોતન—(દસ્તુર પાલણજી પેશુજી ગોદાવરા-વાલા) એવણ પ્રથમમાં સુઆલી ગામના રેહવાસી હતા, અને ઇ૦ સ૦ ૧૮૨૨ માં મુંબઇ આવ્યા હતા. ૧૮૨૭ માં મુંબઇની પારસી પંચાત તરફથી ગોદાવરા મોબેદોને કીજે કોટમાં જે દરેમેહર પરઠાવવામાં આવી હતી તેના તથા ગોદાવરાં પંથકને લગતા અતરે વસનારા મોબેદોના એવણને દસ્તુર ઠેડવવામાં આવ્યા હતા. એવણનું મરણ રોજ ૨૨ માહ ૩ શેહનશાહી ૧૨૧૯ યજદજરદી (તા૦ ૧૭ મી ડીસેમબર ૧૮૪૯) ને દીને ૭૨ વર્ષની ઉમરે નીપજયું હતું.

દસ્તુર શોરાબ એરવદ પેશોતન—(દસ્તુર શોરાબજી પેશુજી ગોદાવરાવાલા) ઉપલા દસ્તુરજીના ભાઇ. એવણને ઇ૦ સ૦ ૧૮૪૯ માં ઉપલા પોતાના ભાઇની પછી મુંબઇની ગોદાવરાં પંથકની દરેમેહર તથા તે પંથકને લગતા અતરે વસનારા મોબેદોના દસ્તુર ઠેડવ્યા હતા. એવણનું મરણ રોજ ૧૬ માહ ૧૧ શેહનશાહી ૧૨૩૪ યજદજરદી (તા૦ ૪ થી આગશટ ૧૮૬૫) ને દીને ૭૫ વર્ષની ઉમરે નીપજયું હતું.

એરવદ પેશોતન એરવદ ખોરશેદ—ગોદાવરાં પંથના મોબેદોના એક વડવા. એવણ અસલ અકલેસરમાં રેહતા હતા, ત્યાંથી ઇ૦ સ૦ ૧૬૧૬ માં એવણ તથા એ૦ મેહરજી શહીંઆરને અંજુમને મલી ગામ સુમાલી તથા મરવતના બેહદીનોનું દીનઆઇનનું કામ કરવાને મોકલ્યા, તથા તેઓ સાથે એવો બંદોબસ્ત કીધો કે એલાવની કીમ નદીથી તે સુરતની તાપી નદી સુધીનાં ગામોના પારસી-ઓની મરણ જીવણની ક્રિઆનું સઘળું કામ તેઓ કરે, અને તેના બદલામાં વરસોદના ચોકસ રૂપીઆ અકલેસરવાલાઓને આપે. એઓના વંશો સુમાલી, માંડવી, વગેરેમાં મોબેદી કરેછે.

એરવદ મેહરજી એરવદ શહીંઆર—ગોદાવરાં પંથના મોબેદોના એક વડવા. એવણ અસલ અકલેસરમાં રેહતા હતા, ત્યાંથી ઇ૦ સ૦ ૧૬૧૬ માં અંજુમને મલી એવણને ઉપલા એ૦ પેશોતન ખોરશેદ સાથે ગામ સુમાલી તથા મરવતના બેહદીનોનું દીનઆઇનનું કામ કરવા ઉપલાજ બંદોબસ્તથી મોકલ્યા હતા.

એરવદ લીમજી એરવદ મેહરજી—ઉપલા મોબેદના દીકરા. ઇ૦ સ૦ ૧૬૫૩ માં એવણ તથા એવણના ત્રણ ભાગયાઓ એ૦ પેશોતન ખોરશેદ, એ૦ નરીમાંન રાંમ, તથા એ૦ અસપંદયાર ચાંદાએ એવો બંદોબસ્ત કીધો હતો કે એઓ પેહલા બે જણા સુમાલીમાં રહી તથા છેલ્લા બે જણા ટેણાંમાં રહી પોતપોતાનાં ગાંમડાંઓને લગતાં ઠેકાંણાંના બેહદીનોમાં ફરી તેમને ઘરનું દીન-આઇનનું કામકાજ કરે તથા અવારનવાર ફેરો ખાઇ રોજ દીશો કહી આવે. એવણ ઇ૦ સ૦ ૧૭૦૭ સુધી હૈયાત હતા એવું જણાયછે. એઓના વંશો સુમાલી, ભાઠા, અરાજણ, રાંડેલ, ભેશાંન, વગેરેમાં મોબેદી કરેછે.

એરવદ નરીમાંન એરવદ રાંમ—ગોદાવરાં પંથના મોબેદોના એક વડવા. એવણ અસલ અકલેસરમાં રેહતા હતા. ત્યાંથી અંજુમને ઉપલા પેહલા મોકલેલા બે મોબેદો એ૦ પેશોતન ખોરશેદ અને એ૦ મેહરજી શહીંઆરની પછી એવણ તથા એ૦ અસપંદયાર ચાંદાંને ગામ સુમાલી તથા મરવતના બેહદીનોનું દીનઆઇનનું કામ કરવા ઉપલાજ બંદોબસ્તથી મોકલ્યા હતા. ઇ૦ સ૦ ૧૬૫૩ માં એઓ ચારેએ જે બંદોબસ્તો કીધા હતા તેની રૂહે એઓ ટેણાંમાંજ રહયા હતા. એઓના વંશો અકલેસર, એલાવ, અમરોલી વગેરેમાં મોબેદી કરેછે.

એરવદ અસપંદયાર એરવદ ચાંદા—ગોદાવરાં પંથના મોબેદોના એક વડવા. એવણ અસલ અકલેસરમાં રેહતા હતા. ત્યાંથી અંજુમને ઉપલા પેહલા મોકલેલા બે મોબેદો એ૦ પેશોતન ખોરશેદ અને એ૦ મેહરજી શહીંઆરની

પછી એવણુ તથા ઉપલા એરવદ નરીમાંન રાંમને ગામ સુમાલી તથા મરવતના બેહદીનોનું દીનઆઇનનું કામ કરવા ઉપલાજ બંદોબસ્તથી મોકલ્યા હતા. ઇ૦ સ૦ ૧૬૫૩ માં એઓ આરેએ જે બંદોબસ્તો કીધા હતા તેની રૂહે એઓ રેણાં-માંજ રહયા હતા. એઓના વંશો ઇછાપોર, સુમાલી, કરંજ, ભગવા, વગેરેમાં મોબેદી કરેછે.

બેહદીન રતન બેહદીન માણેક—(શેઠ રતનજી માણેકજી એંટી) એવણુ સુરતના એક નામીચા વ્યાપારી તથા આગેવાંન શેઠીયા હતા. ગોદાવરાં પંથકનાં સુમાલી ગામમાં એવણે એક દોખમું બંધાવી તે તા૦ ૨૩ મી નવેમબર ૧૮૦૩ ને દીને પરઠાવ્યું હતું, તથા તેજ વર્ષમાં સુરત મધે શઇયદપુરી ભાગલ આગલ જરથો-સ્તીઓના સરઅવસરના વપડાસને માટે એક મોટી ધર્મશાળા બંધાવી હતી. એવણુ પોતાની પાછલ પચીસ લાખ રૂપીઆની એક મોટી પુંજી મેલી ગયા હતા. એવણનું મરણ રોજ ૨૭ માહ ૧ શેહનશાહી ૧૧૭૪ યજદજરદી (તા૦ ૩ જી નવેમબર ૧૮૦૪) ને દીને ૭૧ વર્ષની ઉમરે નીપજયું હતું.

પુણાં તથા દખણનાં પંથકને લગતા મોબેદો દીએછે તે વધારે નામો.

દસ્તુર જામાસ્પ એરવદ રૂસતમ—જુવો સફે ૨૧.

દસ્તુર નોશરવાન દસ્તુર જામાસ્પ—જુવો સફે ૨૧.

દસ્તુર બેહરાંમ દસ્તુર જામાસ્પ—(દસ્તુર બેહરાંમજી જામાસપજી જામાસ્પઆશાના) એવણુ પ્રથમમાં હેદરાબાદ નીજાંમ સરકારની નોકરીમાં કસટમ ખાતાંના શુપરીટેંડંટ હતા. તે પછી પેનશન મેલવી ઇ૦ સ૦ ૧૮૭૫ થી હેદરાબાદના દસ્તુર નેમાયા હતા. ઉરદુ કવિતાનું એક પ્રગટ થવા વગરનું પુસ્તક એવણે રચેલું છે. એવણુ રોજ ૪ માહ ૭ શેહનશાહી ૧૨૬૪ યજદજરદી (તા૦ ૧૮ મી મારચ ૧૮૯૫) ને દીને ૬૭ વર્ષની ઉમરે મરણ પામ્યા હતા.

મોબેદ હોરમજદયાર દસ્તુર જામાસ્પ—(દસ્તુર હોરમજજી જામાસ-પજી જામાસ્પઆશાના) છેલ્લા બે દસ્તુરોના ભાઇ. એવણુ પ્રથમ મઉમાં પંથક ચલાવતા હતા, તથા ૧૮૪૬ માં ત્યાંની દરેમેહર એવણનાં ઉપરીપણાં હેઠલ પરઠાઇ હતી. એ બાદ ૧૮૪૭ થી હેદરાબાદનું પંથક ચલાવતા હતા. એવણનું મરણ રોજ ૨૪ માહ ૭ શેહનશાહી ૧૨૪૪ યજદજરદી (તા૦ ૧૨ મી આપરેલ ૧૮૭૫) ને દીને ૫૫ વર્ષની ઉમરે પુણાં મધે નીપજયું હતું.

બેહદીન વીકા બેહદીન મેહરજી—જુવો સફે ૬૬.

બેહદીન પેશોતન બેહદીન મેહરજી—જુવો સફે ૬૭.

બેહદીન શેરાબ બેહદીન રતન—(શેઠ શેરાબજી રતનજી પટેલ) એવણુ દખણુ ભણીનો વ્યાપાર કરતા હતા, તથા તે માટે ઇ૦ સ૦ ૧૮૧૯ થી પુણાં ખાતે

મથક કરી રહયા હતા. પુણાં મધે એવણે પેહલવેહલી એક દરેમેહર તા૦ ૬ થી આગશટ ૧૮૨૪ ને દીને પરઠાવી હતી, તથા તેમાં તા૦ ૧૫ મી જુન ૧૮૪૩ ને દીને આદરાંન પરઠાવ્યા હતા, તેમજ તા૦ ૨૯ મી આપરેલ ૧૮૨૫ ને દીને એક દોખમું બંધાવી પરઠાવ્યું હતું. પુણાં મધે શીવપુરી પેંઠમાંથી ગણેશપેંઠ જવાના માર્ગમાં "નાગજીરી" ની ખાડી ઉપર એવણે એક પુલ બંધાવી તે તા૦ ૧ લી જાનેવારી ૧૮૨૭ ને દીને ખોલ્લો મુકયો હતો. પુણાં મધે એવણની ઘણીક જાગીરો હતી, જેમાં હીરાબાગ મુખ્ય હતી. નામદાર સરકાર તરફથી એવણને ઈ૦ સ૦ ૧૮૩૦ માં ત્રિજા વર્ગના દખણના સરદારનું માન મલ્યું હતું. એવણનું મરણ રોજ ૧૩ માહ ૧૨ શેહનશાહી ૧૨૨૧ યજદજરદી (તા૦ ૩ જી સપટેમબર ૧૮૫૨) ને દીને ૬૯ વર્ષની ઉમરે નીપજયું હતું.

બેહદીન હોરમજ બેહદીન શોરાબ—(શેઠ હોરમજજી શોરાબજી તાડીવાળા) એવણ એક કંત્રાકટર હતા. પુણાનાં રેલવે સ્ટેશનની નજદીક એવણે જરથોસ્તી મુસાફરોના ઉતારાને માટે એક મોટી ધર્મશાલા બંધાવી તે તા૦ ૧૦ મી અકટોબર ૧૮૬૯ ને દીને ખોલ્લી મુકી હતી. એવણ રોજ ૪ માહ ૫ શેહનશાહી ૧૨૬૨ યજદજરદી (તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૯૩) ને દીને ૬૫ વર્ષની ઉમરે પુણા મધે મરણ પામ્યા હતા.

દસ્તુર તેહમુલ એરવદ મીનોચેહર— જુવો સફે ૨૩.

એરવદ પેશોતન એરવદ શોરાબ—(ખાંનબાહદુર પેશતનજી શોરાબજી પુણાંવાલા) એવણ પુણાંના એક આગેવાંન શેહરી, અકાબર તથા વ્યાપારી હતા. નામદાર સરકારનું મેલ કંત્રાકટનું કામ એઓ ઈ૦ સ૦ ૧૮૩૬ થી કરતા હતા. ૧૮૫૭—૫૮ ના બળવા વખતે સત્તાવાળાઓના સંદેશાઓ પુગાડવામાં ઘણી બાહોશી વાપડવાથી નામદાર સરકારે એવણને ૧૮૫૯ માં રૂ૧૦૦૦૦) ની રકમ ભેટ આપી હતી, તથા હિંદુસ્થાંનની સરકારે એવણ તથા એવણની હૈયાતી પછી એવણના દીકરા શેઠ પદમજીને ખાંનબાહદુરનો ખેતાબ તથા એક સોનાંનો ચાંદ ભેટ આપ્યો હતો. આ વેળાએ પુણાં તથા મુંબઈના જરથોસ્તીઓએ પોતાની કોમના એક અથોરનાંનને સરકાર તરફથી પેહલવેહલું માન મલ્યું તેની યાદગારીમાં રૂ૮૫૦૦) ની રકમ ઉભી કીધી હતી, જેમાં બીજા રૂ૬૫૦૦) એવણે ઉમેરી રૂ૧૫૦૦૦) ની રકમ સરકારના સ્વાધીનમાં આપી તેની ઉપજમાંથી પુણાં મધે એવણનાં નામનું એક ધર્મનું દવાખાનું ચાલુ કીધુંછે. એવણે પુણાં મધે ભવાની પેંઠમાં ઈ૦ સ૦ ૧૮૫૮ માં, અહમદનગર મધે ૧૮૫૯ અને અરાજન મધે ૧૮૬૧ માં મુસાફરોના ઉતારાને માટે ધર્મશાલાઓ બંધાવી હતી, તથા મુંબઈની પારસી પંચાતનાં ફંડના તરસ્ટીઓ હસ્તક રૂ૩૯૦૦૦) ની રકમ તેનાં વ્યાજમાંથી પુણાં મધે કેટલાંક ધર્મનાં કામો કરવાનો બંદોબસ્ત કરી આપી હતી. એવણનું મરણ પુણાં મધે રોજ ૨ જો માહ ૪ થો શેહનશાહી ૧૨૩૧ યજદજરદી (તા૦ ૨૪ મી ડીજેમબર ૧૮૬૧) ને દીને ૭૧ વર્ષની ઉમરે નીપજયું હતું.

ઓસ્તા પદમ એરવદ પેશોતન—(સરદાર ખાંનબાહદુર પદમજી પેશતનજી) ઉપલા શેઠીયાના દીકરા. એવણ પણ પોતાના બાપની માફક પુણાંના એક આગેવાંન શેહરી, અકાબર તથા વ્યાપારી હતા. ઈ૦ સ૦ ૧૮૩૬ થી એવણ પણ પોતાના બાપની સાથે તેમનાં ઉપલાં મેલ કંત્રાકટનાં કામોમાં શામેલ હતા, અને નામદાર સરકારે એઓને પણ એમના બાપની સાથેજ ખાંનબાહદુરનો ખેતાબ તથા સોનાંનો ચાંદ ભેટ આપ્યો હતો. ૧૮૭૨ માં નામદાર સરકારે એવણને દખણના પેહલા વર્ગના સરદારનું માન આપ્યું હતું, તથા ૧૮૭૪ થી તે ૧૮૭૬ સુધી એવણ મુંબઈના નામદાર ગવરનરની લેજીસલેટીવ કૌનસીલના એક અધીકારી નેમાયા હતા. ૧૮૯૨ માં પુણાંના કેનટોનમેંટમાં કદમી જરથોસ્તીઓ થકી એક દરેમેહર બંધાવવાને એવણે પોતાની રૂ૧૦૦૦૦) ની કીમતની જમીન મુફત આપી હતી. એ સિવાય પુણાં મધે જરથોસ્તીઓને લગતાં ધર્મનાં કામોમાં ખરચવાને મુંબઈની પંચાતનાં ફંડમાં એવણે મોટી રકમ આપી હતી. એવણનું મરણ રોજ ૮ મો માહ ૧૧ મો શેહનશાહી ૧૨૬૩ યજદજરદી (તા૦ ૨૦ મી જુલાઈ ૧૮૯૪) ને દીને પુણાં મધે ૭૫ વર્ષની ઉમરે નીપજયું હતું.

"એદર યાદ બાદ અનોશેહ રવાંન રવાંની."